



# ગાંધી ગૌરવ




## ‘ગાંધી જન્મશતાબ્દિ વર્ષ’ નિમિત્તે રચેલ
## મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત મહાકાવ્ય

## - યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*

e-book

| | |
|---|---|
| Title | : Gandhi Gaurav |
| Language | : Gujarati |
| Version | : 2.0 |
| Pages | : 312 |
| Created | : April 12, 2008. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. Your comments are welcome.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બાગને સૌરભ ધરીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બાગને સલિલ ધરીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બાગને જ્યોતિ ધરીએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બનીને બાગને યાત્રા કરાવે

યોગેશ્વરના આશિષ

## આમુખ

મહાત્મા ગાંધીજીને આપણે ભૂલી ગયા છીએ એમ કહેનારાઓને ગાંધીજીની આત્મશક્તિનો ખ્યાલ નથી એમ કહેવું જોઈએ. ગાંધીજીની પ્રતિભા એટલી વિરાટ અને ઓજસ્વી હતી કે તે દ્વારા માનવજીવનના દરેક પાસા-વૈયક્તિક, સામાજિક, રાજકીય, આર્થિક, આધિભૌતિક-પર પ્રકાશ પડ્યો અને જનસમાજમાં નવી સમજ તથા નવી ચેતના જનમ્યાં. માત્ર ભારતના જ નહીં, સમગ્ર માનવજીવન પર તેમના જીવન અને કાર્યની જે અસર થઈ છે તે કોઈ રીતે લુપ્ત થઈ શકે નહીં. બુદ્ધ, ઈશુ, સોક્રેટીસ, કોન્ફ્યુશિયસ કે મહંમદ પયગંબરના સંદેશને સ્થળકાળની મર્યાદાઓ રહી છે કે ગાંધીજીના જીવનસંદેશને રહે ?

મહાત્મા ગાંધીજીના જીવનસંદેશનો પાયો સત્ય હોવાથી અને તેમણે માનવજીવનના મૂળભૂત ચિરંતન તત્વો અને સત્યોને પુનઃપ્રતિપાદિત કર્યાં તેથી એની અસર માનવહ્દય સોંસરી નીકળે એવી વેધક થઈ.

ગાંધીજીના મહાન જીવન અને કવનને સમજવા અને પોતાની અનુભૂતિ મુજબ અભિવ્યક્તિ આપવા અનેક સાહિત્યકારોએ, વિચારકોએ અને તત્વજ્ઞોએ પ્રયાસ કર્યા છે, કોઈએ ગદ્યમાં તો કોઈએ પદ્યમાં. કોઈએ તેમને અવતારી પુરુષ તરીક તો કોઈએ સમાજસુધારક તરીકે, કોઈએ સામાન્ય માનવીમાંથી ઉત્ક્રાંતિ પામી મહાવિભૂતિ બનનારને તો કોઈએ ભારતની સ્વતંત્રતાને મૂર્તિમંત કરનારને, કોઈએ મનોવિશ્લેષણની દૃષ્ટિએ તો કોઈએ માનવતાની પુનઃપ્રતિષ્ઠા કરનારને આલેખ્યા છે.

શ્રી યોગેશ્વરે 'ગાંધીગૌરવ' ગાથામાં સત્યના ઉપાસક અને માનવના આત્માને ઢંઢોળનાર ગાંધીજીનું આલેખન કર્યું છે. તેમનું પદ્ય સરળ અને પ્રસાદયુક્ત છે, કવિતાનું સંકલન સુગઠિત છે અને ભાષા સાદી અને નિરાડંબરી છતાં અભિવ્યક્તિપૂર્ણ છે તેથી વાચકોને રસપ્રદ નીવડશે એમ ધારું છું.

**- મોરારજી દેસાઈ**
૫, દુપ્લે રોડ,
નવી દિલ્હી.
ઈસાઈ નવું વર્ષ ૧૯૭૦.

* * * * *

## ગૌરવનું ગૌરવ

શ્રી યોગેશ્વરજી સાથે હજી પ્રત્યક્ષ પરિચય નથી થયો. જોકે હમણાં હમણાં હું એકબે વાર મસૂરી જઈ આવ્યો છું. પણ એમનાં પ્રવચનો સાંભળવા જે લોકો ત્યાં ભેગા થાય છે એમને મોઢે એમના શાસ્ત્રાધ્યયન વિષે તેમજ ભક્તિ અને વ્યવહારજ્ઞાન વિશે વિશેષ સાંભળ્યું છે.

એમણે પ્રેમપૂર્વક પોતાની ચોપડી '**श्रेय और साधना**' મોકલી તેમાં એમનો જીવનક્રમ, એમની યાત્રાઓ અને એમની સાધના વિશે ઠીક ઠીક જાણવાનું મળ્યું.

હવે એમણે ગાંધી જન્મશતાબ્દી પરત્વેના પોતાના ફાળા તરીકે કાવ્યમય 'ગાંધીગૌરવ' લખ્યું છે તેને માટે મારી પાસેથી પ્રસ્તાવના માંગી. મેં પ્રાંજલપણે જણાવ્યું કે, 'કવિતા એ મારું ક્ષેત્ર નથી. સારાં સારાં કાવ્યોનો અધ્યયનપૂર્વક આસ્વાદ મેં લીધો નથી એમ નથી, છતાં છંદબદ્ધ સાહિત્યમાં મારી ચાંચ બૂડતી નથી એવો મારો અનુભવ છે. તેથી કોઈ કાવ્ય વિશે પ્રસ્તાવના કે આમુખ લખતા મને સંકોચ રહે છે.'

હું તો મારી સાચી વસ્તુસ્થિતિ જણાવું છું. લોકો એને સજ્જનોચિત નમ્રતા માને છે અને મારી મુશ્કેલીને ધ્યાનમાં લઈ શકતા જ નથી. યોગેશ્વરજીની ઈચ્છાને માન આપી એમના 'ગાંધીગૌરવ'નું બે શબ્દમાં ગૌરવ કરવા માટે હવે પ્રવૃત્ત થયો છું.

ઉંમર પરત્વે સાંભળવાની શક્તિ ઓછી થવાથી લોકસંપર્ક ઓછો થયો છે એ એક દુઃખ છે. પણ હમણાં હમણાં અનુભવ થયો છે કે આંખ પણ ઠીક ઠીક થાકી છે. હસ્તલિખિત વંચાતું નથી. છાપેલી ચોપડીઓ વાંચતા મુશ્કેલી નથી એટલી હજી કુદરતની કૃપા છે.

'ગાંધીગૌરવ'નું હસ્તલિખિત વાંચતા ઠીક ઠીક તાણ અનુભવવી પડી. પણ એ આખો ગ્રંથ સંસ્કૃત છંદોમાં લખેલો હોવાથી અને સંસ્કૃત છંદો પ્રત્યે મારો ખાસ પક્ષપાત હોવાથી ધીમે ધીમે પદ્યપ્રવાહમાં હું તણાવા લાગ્યો. અને થોડા પરિચય પછી કવિતાનો ખ્યાલ ધ્યાનમાં આવવા પણ લાગ્યો.

મેં ઉપર કહ્યું જ છે કે કવિતા મારું ક્ષેત્ર નથી. બર્નાર્ડ શો ની પેઠે કહી શકું કે 'ગદ્ય બહાર પગ ન મૂકવાનું ડહાપણ મારામાં છે.' છતાં કાવ્યોનો આસ્વાદ લેવાનું સદભાગ્ય સ્વીકારવું જ પડે છે.

'ગાંધીગૌરવ'માં મુખ્ય વસ્તુ ધ્યાનમાં એ આવે છે તે એ કે શ્રી યોગેશ્વરે ગાંધીજીના જીવનમાંથી પ્રેરક પ્રસંગો જ પસંદ કર્યા છે. આખું જીવનચરિત્ર કવિતામાં ગૂંથી કાઢવાનો પ્રયત્ન એમણે કર્યો નથી. જે જે વસ્તુ એમને રોચક ને પ્રબોધક લાગી અથવા સાહિત્યની ભાષામાં કહું તો 'ચમત્કૃતિજનક' લાગી એ જ એમણે લીધી છે. અમુક પ્રસંગમાં ગાંધીજીની વ્યવહારકુશળતા પ્રકટ થતી હોય, બીજા કોઈ પ્રસંગમાં એમની આર્યસંસ્કારિતા પ્રકટ થતી હોય, કોક ઠેકાણે ગાંધીજીના જીવનનું લોકોત્તર વીરોચિત ચારિત્ર્ય ચળકતું હોય, તો કોક ઠેકાણે એમની માનવહિતની ઈંતેજારી આપણને દીક્ષા અપાતી હોય એવા પ્રસંગો પસંદ કરીને એમણે પોતાની વાણી પવિત્ર કરવાની આ તક ઝડપી છે. યોગેશ્વરજી પોતે સાધક હોઈ ગાંધીજીની જીવનસાધના સમજતાં એમને મુશ્કેલી પડી નથી. અને તેથી આ ગાંધીગૌરવ કાવ્ય કેવળ આસ્વાદ્ય નથી પણ બોધક અને પ્રેરક છે.

હું નથી માનતો કે કાવ્યગ્રંથને ગદ્યવચનોના પુરસ્કારની કોઈ આવશ્યકતા હોય છે એટલે યોગેશ્વરજીની ઈચ્છાને અનુકૂળ થવા પૂરતા આ બે શબ્દ લખીને વાચકને ભલામણ કરું છું કે એક જીવનસાધકે યુગપુરુષ ગાંધીજી વિશે લખેલા આ કાવ્યમાં સીધો પ્રવેશ કરી આ કાવ્યનો, એના લેખક કવિનો અને એના વિષયભૂત મહાત્માજીનો ત્રિવિધ પરિચય પ્રાપ્ત કરે.

**- કાકા કાલેલકર**
જ્ઞાનેશ્વર પુણ્યતિથિ
૧૭-૧૧-૧૯૬૮

* * * * *

## પ્રાસંગિક

'ગાંધીગૌરવ'ની આ કૃતિને સાહિત્યરસિક જનતા સમક્ષ રજૂ કરતાં મને એક પ્રકારનો અવર્ણનીય આનંદ થઈ રહ્યો છે. એક કરવા યોગ્ય, ઉત્તમ અને અગત્યના કાર્યને કર્યાનો સંતોષ હું સહજ રીતે જ અનુભવી રહ્યો છું.

આવી કૃતિને માટે કલમ ચલાવવાની ઈચ્છા ઘણાં લાંબા વખતથી હતી. ગાંધીજીનું શરીર શાંત થયું તે પછી બીજે જ વરસે તે માટે ભાવના થયેલી. તેને પરિણામે થોડીક તૈયારી પણ કરેલી. પરંતુ તે પછી વરસ પર વરસ વીતતાં ગયાં છતાં એ કામ આગળ વધી ના જ શક્યું. ઈ. સ. ૧૯૬૦માં એક વ્યવસ્થિત લેખનપ્રયાસ કરેલો પરંતુ તેમાં સંશોધન અને સંવર્ધનની ઘણી આવશ્યકતા હતી. તે છેક આટલે વખતે સંપૂર્ણ કરી શક્યો છું ને પ્રસિદ્ધિમાં મૂકી રહ્યો છું.

'ગાંધીગૌરવ'માં ગાંધીજીનું સળંગ કે સવિસ્તર જીવનચરિત્ર નથી લખાયું. તેમના જીવનચરિત્રને સળંગ રીતે લખવાની મારી ઈચ્છા હતી જ નહીં. તેમના પોતાના તરફથી તૈયાર થયેલું આત્મકથાનું સાહિત્ય પણ સુપ્રસિદ્ધ છે. એટલે એને કવિતારૂપે રજૂ કરવામાં બહુ રસ ના લાગ્યો. એમના જીવનને કવિતામાં એક બીજી જ રીતે, કહો કે વિશેષ રીતે, રજૂ કરવાની મારી ભાવના હતી.

મારી દૃષ્ટિએ ગાંધીજીના જીવનનું એક વિશેષ ધ્યેય હતું. એમના સમગ્ર જીવન પાછળ એક ખાસ હેતુ કામ કરી રહ્યો હતો. એની પૂર્તિ માટે જ એ આ પૃથ્વી પર પ્રકટ થયેલા. એમના જીવનમાં એમને સુયોગ્ય સમયે એ વાતની પ્રતીતિ થઈ. એ માટે એમણે ભારેમાં ભારે, નિરંતર મહેનત કરી, ને એ માટે કુરબાન પણ થયા. એ હેતુ હતો ભારતની સ્વતંત્રતાનો, કરોડો દેશબાંધવોની મુક્તિનો, નવજાગૃતિનો તથા સંસારને શાંતિ ને માનવતાનો સંદેશ આપવાનો. એ ઉત્તમ હેતુની સિદ્ધિ માટે જ એમનું જીવન અથવા શરીરધારણ હતું.

બીજી મહત્વની વાત એ પણ છે કે ભારતની સ્વતંત્રતા બને તેટલી શાંતિમય અથવા અહિંસક સાધનથી મળે એ આવશ્યક હતું. વિશ્વની શાંતિ માટે ભારતે હવે પછી જે ભાગ ભજવવાનો હતો, તેને માટે, તેની પૂર્વભૂમિકારૂપે, એ પણ આવશ્યક હતું. એ રીતે ગાંધીજીના જીવન પાછળ એક વિશેષ આદર્શ કામ કરી રહ્યો હતો. એ આદર્શને નજર સામે રાખીને જ મેં 'ગાંધીગૌરવ'ની રચના કરી છે.

કેટલાક લોકો એમ માને છે કે ગાંધીજી કેવળ રાષ્ટ્રીય નેતા હતા, એમનું કાર્ય સીમિત હતું, અને એમનો પુરુષાર્થ ભારત પૂરતો જ મર્યાદિત હતો. પણ એ માન્યતા બરાબર નથી. ગાંધીજી કેવળ ભારતના નહીં પણ સમસ્ત વિશ્વના હતા. એમના કામની અસર ભારત બહાર બધે જ થઈ છે. દુનિયાના મોટાભાગના દેશોમાં એમના પ્રત્યે જે પ્રેમ અને આદરની લાગણી છે એના પરથી એ પુરવાર થાય છે. એમનું મુખ્ય કાર્યક્ષેત્ર ભારત હોવાં છતાં એમની દૃષ્ટિ સંકુચિત કે સીમિત જરાય ન હતી. એમના હૃદયમાં સારાયે સંસારને સ્થાન હતું. માટે જ એ ભારતમાં જન્મીને, રહીને કે કામ કરીને પણ સારાય સંસારના થઈ ગયા છે. એ જ ભાવથી મેં એમની કવિતા કરી છે : એકાદ નાના કે મોટા રાષ્ટ્રીય નેતા તરીકે નહી પરંતુ એક મહાન વિશ્વમાનવ તરીકે, જયોતિર્ધરરૂપે.

ગાંધીશતાબ્દીના અગત્યના અવસર પર એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષને આ કૃતિની અનુરાગભરી અંજલિ આપી શકું છું એ હકીકત ઓછી આનંદદાયક નથી લાગતી. આશા છે કે સાહિત્યરસિક જનતાને આ કવિતાકૃતિ ગમશે, આનંદ આપશે, ને જરૂરી પ્રેરણા પૂરી પાડશે.

વિદ્વાનો ને વિવેચકો આ કૃતિને ગુણગ્રાહી નજરે જોશે એમ ઈચ્છું છું.

ગાંધીજીના લોકોપયોગી જીવનનું ગુણગાન ગદ્ય કે પદ્યમાં જેટલું પણ કરવામાં આવે એટલું ઓછું છે. માનવજીવનને માટે એ સદાને માટે પ્રેરક, પ્રકાશપ્રદાયક અને સુખમય થવાનો સંભવ છે. આજના સંક્રાંતિકાળમાં નીતિ, સદાચાર, નિઃસ્વાર્થ સેવાભાવ, એકતા, માનવતા અને શુદ્ધિનાં પરિબળોનો હ્રાસ થતો જાય છે, ત્યારે એવું ગુણસંકીર્તન વિશેષ અગત્યનું અને આશીર્વાદરૂપ છે, એમાં શંકા નથી. પ્રજાને એ પ્રેરણા આપે એ આવશ્યક છે. એ ગુણસંકીર્તન ગદ્યમાં કે પદ્યમાં ગમે તે સ્વરૂપમાં પણ ઉપયોગી અથવા ઉપકારક જ થઈ પડવાનું.

સાહિત્ય વિશે ગાંધીજીની દૃષ્ટિ એકદમ અનોખી હતી. એ સાહિત્યને સરળ, લોકભોગ્ય બનાવવાનો આગ્રહ રાખતા તથા માનવમંગલનું મહત્વનું સાધન સમજતા. સરળતા સાહિત્યનો દુર્ગુણ નથી પરંતુ ગુણ છે; દૂષણ નથી કિન્તુ ભૂષણ છે; એવી એમની ભાવના હતી. એમના સંબંધી રચાયેલી આ કવિતાકૃતિમાં એ ભાવનાનું થોડુંક પણ પ્રતિબિંબ પડ્યું હશે તો મને ગમશે, મારો શ્રમ સાર્થક ઠરશે.

પોતાના પ્રખર પ્રવૃત્તિરત જીવનમાંથી, પોતાનો મહામૂલ્યવાન સમય કાઢીને, આ કૃતિની પ્રસ્તાવના લખી આપવા બદલ કાકાસાહેબ કાલેલકરનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. એમણે એ રીતે જે ઔદાર્ય દાખવ્યું અથવા અનુગ્રહ વરસાવ્યો એ અવિસ્મરણીય બની રહેશે.

ભારતના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન માનનીય શ્રી મોરારજીભાઈએ પોતાના બહુમૂલ્ય સમયમાંથી થોડોક સમય કાઢીને આ ગ્રંથ વિશે જે લખ્યું છે તેને માટે તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**- યોગેશ્વર**

* * * * *

**અનુક્રમ**


૧. અંજલિ
૨. પ્રણામ
3. માતૃભૂમિ
૪. વરણી
૫. જન્મ
૬. માતાનું ગીત - હાલરડું
૭. પ્રસંગત્રય
૮. ક્રાન્તિપ્રસંગ
૯. દક્ષિણ આફ્રિકામાં
૧૦. પવિત્રતાનો પ્રસંગ
૧૧. હુમલો અને ક્ષમા
૧૨. પ્રેમનો વિજય
૧૩. જાહેર દ્રવ્યની ચિંતા
૧૪. અંગ્રેજી-પોશાકનો ત્યાગ
૧૫. કર્તવ્યપ્રેમ
૧૬. ભેટનો ત્યાગ
૧૭. વકીલમાંથી લોકનેતા
૧૮. સેવાપ્રસંગ
૧૯. કાલીમંદિરમાં
૨૦. ચંપારણ અને આગળ
૨૧. સેવાનો સંકલ્પ
૨૨. મુક્તિની ભાવના
૨૩. અનુગ્રહનો પ્રસંગ
૨૪. સર્પની ઘટના-૧
૨૫. સર્પની ઘટના-૨
૨૬. નવાં શસ્ત્રો
૨૭. કસ્તૂરબાનો સાથ
૨૮. સ્વદેશીનો મંત્ર
૨૯. વસ્ત્રોનો સંકલ્પ
30. ગોળમેજીનો અસ્વીકાર
3૧. સંપૂર્ણ સ્વરાજની માગણી
3૨. ભીષ્મપ્રતિજ્ઞા
33. દાંડીકૂચ ને ગોળમેજી
3૪. વીંછીની ઘટના
3૫. હરિજનોને માટે ઉપવાસ
3૬. ઉપવાસ પ્રસંગ
3૭. તર્પણ
3૮. વૃદ્ધાની આહૂતિ
3૯. પત્રકારની મુલાકાત
૪૦. યુદ્ધકાળનો સંદેશ
૪૧. સોનેટત્રય
૪૨. સુધામય સ્મિત
૪3. માનવતાનાં પુરસ્કર્તા
૪૪. વારસદારની જાહેરાત
૪૫. 'ભારત છોડો'
૪૬. જેલમાં પ્રાર્થના
૪૭. કસ્તૂરબાનું મૃત્યુ
૪૮. સુધા પહેલાંનું ઝેર
૪૯. નોઆખલી નજીક
૫૦. સ્વતંત્રતાની સિદ્ધિ
૫૧. પ્રશસ્તિ
૫૨. સોનેટઅષ્ટક
૫3. સંન્યાસની સમસ્યા
૫૪. અશાંતિના દિવસ
૫૫. વાર્તાલાપ
૫૬. ભવિષ્યનો સંકેત
૫૭. મહાપ્રયાણ
૫૮. અંજલિ
૫૯. આહુતિ
૬૦. મરણોત્તર સ્થિતિ
૬૧. કોણ અપરાધી ?
૬૨. ભૂદાનની ભાગીરથી
૬3. શ્રદ્ધાવાણી
૬૪. અમર આશા
૬૫. પૂર્ણાહુતિ
૬૬. ઉપસંહાર
૬૭. શતાબ્દી પ્રસંગે


* * * * *

## ૧. અંજલિ

### * પ્રારંભ *

પૃથ્વી મહાન કવિતા પરમાત્મ કેરી
આ નિત્યનૂતન રસાળ વળી અનેરી
અર્પે યુગોયુગ થકી રસ માનવીને,
એનો ચરાચર હસે મધુપ્રેમ પીને.

એની કરાય ઉપમા કવિશ્રેષ્ઠની કે
સામાન્ય કોક કવિની કૃતિથી કદી ના,
સૌંદર્યથી સભર ગૂઢ અનંત કેવી
એ છે વિરાટ અતિઅદભૂત સ્વપ્ન જેવી.

આશ્ચર્યથી ચકિત સાક્ષરને કરી દે
રંગેરસે અબુધ ને બુધને ભરી દે;
એનો પમાય નવ પાર ઉકેલ એનો
કોઈકને જ મળતો રસ આત્મ કેરો.

વાર્ધક્યવ્યાધિગણ સ્પર્શ કરી શકે ના
એને કરાળતમ કાળ ગ્રસી શકે ના,
ગાતી સદા યશ મહાકવિનો ઉરેથી,
વાતો રહસ્યમય માનવને કહેતી.

એને પ્રણામ નિજ અંતરથી કરીને
એનો પવિત્ર યશ પ્રાણમહીં ભરીને
બીજી મહાન કવિતા પ્રભુની બતાવું
સંક્ષેપમાં જ શુભ વર્ણન એ પતાવું.

પૃથ્વીમહીં પુરુષની કૃતિ શ્રેષ્ઠ સૌથી,
એનો અનંત મહિમા નવ વર્ણવાય,
એ કાવ્ય માનવશરીર તણું નિહાળી
સાચે જ વિસ્મય થતો સુખ તેમ થાય.

એવી શકાય કૃતિ અન્ય થકી કરી ના;

સ્ફુલ્લિંગ લક્ષ પણ સૂર્ય બરાબરી ના
કો દી કરે, કુસુમ કાગળનાં અનેરાં
સૌ સત્ય પુષ્પરસ સૌરભને ધરે ના.

એ માનવીકૃતિ મહીં અતિશ્રેષ્ઠ જેવી
સોહી રહી કૃતિ મહાપુરુષો તણી શી,
આહ્લાદ જે જગતને સુખશાંતિ અર્પે
સાકાર મૂર્ત મધુતા પ્રભુભાવના શી !

પૃથ્વી મહાન પણ માનવથી વિશેષે
સોહાય સાર્થક ઠરે રસરંગ દેતી,
દૈવી મહાપુરુષથી દીસતી અનેરી,
ઉચ્છવાસ શ્રેષ્ઠજનમાં કદીકાળ લેતી.

પૃથ્વી મહાન કવિતા પરમાત્મ કેરી
એમાં મહાપુરુષની કવિતા અનેરી,
એને પ્રણામ અતિ આદરથી કરું છું,
ભાવો તણી અમૃત-અંજલિ આ ધરું છું.

## * ગુણનિધાન ગાંધી *

છે શબ્દ ભાગવતમાં મધુરા કહેલા:
જે આત્મલીન કૃતકૃત્ય કૃતાર્થ જ્ઞાને
વિજ્ઞાનથી પરમબંધનમુક્ત પૂર્ણ
યોગીન્દ્ર બ્રહ્મવિદ બ્રહ્મસ્વરૂપ તેયે

ગાતા ગુણો હરિતણા દિનરાત પ્રેમે
મીઠા અતૃપ્તમનથી બડભાગ જેવા
છોડી સમાધિ શુચિસ્નેહસરે નહાતાં
એવા વિશેષ હરિ અર્ણવ શા ગુણોના.

દૈવી સમાધિસુખસાગરમાં સદાયે
આત્મા નિમજ્જન કરે અણમોલ જેના
બ્રહ્માંડમાં પરબ્રહ્મ તણી વિલોકે

આભા છબી મધુરતા રસચેતનાને

પ્રેરાય તેય કરવા કવિતા પ્રશસ્તિ
ગાંધીય છે ગુણનિધાન મહાન એવા.

**∗ કૃતકૃત્ય માનવ ∗**

થાય પરમસિદ્ધિ પતિસમા જગે માનવો
અસંખ્ય અવકાશથી પ્રકટ જેમણે કૈં કર્યા
પદાર્થ, મનના તરંગ ઘટનારહસ્યો વળી
સમસ્ત ભવિતવ્યભૂતક્રમનાં ઉકેલ્યાં મહા,

કર્યું સહજ પંચભૂતશાસન અનંત બ્રહ્માંડના
અધીશ્વર બની વિહાર નિજ જિંદગીમાં કર્યો,
અપાર અણિમાદિ સિદ્ધિસુખ જેમને સાંપડ્યું,
પ્રશસ્ય કૃતકૃત્ય સિદ્ધવર સર્વ એ માનવો.

પરંતુ મનપ્રાણઈન્દ્રિયસ્વભાવને નાથતાં
સમસ્ત વસુધા મહીં પ્રભુપ્રકાશને પેખતાં
અહં મમતણાં અનંત દૃઢબંધનો ભેદતાં
ધરી સકળ જિંદગી મનુજ ને પરબ્રહ્મના

પવિત્ર ચરણો મહીં સુકૃતયજ્ઞ જેણે કર્યા
દીસે અધિક ઉચ્ચ સાર્થ સુપ્રકાશ એ પ્રાણના.

* * * * *

## ૨. પ્રણામ

પ્રણામ જગમાત શી શુચિ સરસ્વતી માતને
પ્રસન્ન બનતાં ઉરે કવિત અજ્ઞ કેરા કરે
નિશીથ સમ ચારુ જે પ્રકટ પ્રેરણાને ધરે,
ધરે લલિતલોચન લોચન કૃપાસુધા વર્ષતાં,
નવી નજર દે, સમસ્ત જડ ગ્રંથિઓ ભેદતાં
કરે સફળ જિંદગી, નવલ જન્મ દે જાતને !

*

અતીત યુગના મહાન ઋષિને નમસ્કાર હો !
ભરેલ કરુણા થકી પરમપ્રેમપાવિત્ર્યથી;
શુભાશિષ વહાવતા જગતપે સદા એમની,
તમિસ્રમહીં રેલતાં પરમતેજનાં રશ્મિને;
પ્રદર્શિત પથે કરે શુચિ પ્રયાણ કો પાંથ તો
બને મધુર મુક્ત, દિવ્ય ઋષિને નમસ્કાર હો !

*

પ્રણામ કવિપૂર્વના અમૃતલોકયાત્રી થઈ
બન્યા અમર જે લભ્યા પરમસત્યને જીવને !
પવિત્ર પગલાં મૂકી જલધિના કિનારે ગયા,
અનેક જનના પ્રદર્શક પથો તણા જે થયા;
પ્રણામ જગના વિશાળ જડ બાગમાં રેલતાં
રસો મધુર દિવ્ય જે દિગદિગંત માળી બન્યાં !

*

પ્રણામ શત એમને ચરણ દેવદેવી સમા
લઈ જગતપ્રેમની સમિધ આહુતિ આપતાં
કર્યું સફળ જેમણે શ્વસન શુશ્રૂષાયજ્ઞથી;
કર્યું પુનિત જેમણે પ્રભુપ્રકાશનું દર્શન
ચરાચર મહીં, ગણ્યા મનુજદેવતાઓ બધા
ઉપાસ્ય, શિવ જેમના વચન સંગ ને સ્પર્શન.

*

પ્રણામ ગુરુદેવને હૃદયમંદિરે રાજતા,
સનાતન અનાદિ જે યુગયુગો થકી રેલતા

પ્રકાશ, મધુ પ્રેરણા નવલ લોકયાત્રા તણી;
સમસ્ત ગુરુતા તમિસ્ત્ર અતિઘોર અજ્ઞાનનાં

કરે ખતમ, જ્ઞાનના શુચિ પ્રકાશને પાથરી
કરે સફળ જિંદગી કઠિન ક્લેશને કાપતા.
નવાં નયન દે, નવીન શ્રવણો, નવી ચેતના,
નવીન મન પ્રાણ ને નવલ સત્ય પ્રજ્ઞા ધરે;

અનુગ્રહ થકી વળી પરમસત્ય જેના જડે,
પ્રણામ શત પદ્મશા ચરણમાં સદા એમના.
અનાદિગુરુ એ અખૂટ નિજ આત્મભંડારનો
મને કણ જ આપશે, કણ જ એ ખરે અર્પશે

પ્રશાંતિ, જગને વળી નવલ પ્રેરણાની પ્રભા;
પ્રણામ શત કે સહસ્ત્ર ગુરુ સિંધુ શા સ્નેહના !

*

વાલ્મિકી વ્યાસ જેવો સૌ કવિઓની કૃપા ચહું,
અભીપ્સા સેવું એ સર્વે પ્રાજ્ઞોની રજમાં રહું.
શુભાશિષ સદા કાજે એમની વરસી રહે,
પ્રકાશપ્રેરણા અર્પે, વાણીની જાહ્નવી વહે.

કરે કૃતાર્થ એ કૈંને સ્વલ્પયે રસ અર્પતાં,
અનુગ્રહ સમી મારે બને મંગલ વાણ આ.

*

પ્રણામ ધરતી કેરા ચરણોમાં વળી કરું
માતારૂપે સ્તવી જેને વેદના ઋષિઓ ગયા,
ઉઘાડી લોચનો દૈવી મધુરાં પદ્મના સમાં
મહામાનવ કૈં જેની ગોદમાં ઉછર્યા રમ્યા;

નમું ભારત માતાને દેવો ને પરમાત્મયે
અવતાર લઈ આવ્યા જેની ગોદે પવિત્ર તે.

મંત્ર સંસ્કૃતિના જેણે ધર્યા માનવજાતને,
આદિકાળ મહીં શોધ્યા રહસ્યો જિંદગી તણાં,

શ્રેયપ્રેય તણાં જીત્યાં શિખરોને વિરાટ ને
મહિમાથી ભરેલી એ વિશ્વની માતને નમું.

ઊઘડ્યાં નેત્ર મારાં એ માતાની ગોદમાં વળી
ચેતના મેળવી એનું કરી પીયૂષપાન મેં;
એના શાશ્વત સંદેશા લીધા જીવનમાં વણી,
વર્ણવું કેમ વાણીમાં મારા એ બડભાગને ?

વૈવિધ્યમાં વહે જેના એકતાનાદ આત્મમાં,
મને ગૌરવ છે એને માટે, એને પ્રણામ છે !
કષ્ટો સહ્યાં, સહ્યા ઘા, ને વિપત્તિ વેદના સહી,
મૃતપ્રાય બની તોયે સદા માટે નથી મરી

અનેરી ચેતના જેની, ચેતના અર્પતી રહી,
પચરંગી પ્રવાહોમાં જેનો પ્રાણ રહ્યો વહી;
દિવ્ય શાશ્વત છે જૂની જેની સંસ્કૃતિ વિશ્વમાં,
મને આદર છે એને માટે, એને પ્રણામ હા !

*

પ્રણામ સ્થિતપ્રજ્ઞ સુજનને જગે જીવતા
ગુણજ્ઞ બનતાં કરે પરમહંસ શા સારને
સદા ગ્રહણ ને પ્રશસ્તિ શુભ સ્વલ્પ કેરી, ધરે
સુવાસ નિજસંગની અવરને અનેરી ખરે.

સહસ્ત્ર વદને કરે શુભતણી પ્રશંસા અને
સહસ્ત્ર શ્રવણે સુણે રજ સમા ગુણો અન્યના,
સહસ્ત્ર કરથી કરે સૂરજ જેમ સેવા સદા,
સહસ્ત્ર નયને પ્રકાશ પ્રભુનો બધે પેખતા.

તજી સતત સ્વાર્થને શુભ જ સાધતા સર્વનું
ગણી પરમ વંદ્ય એ સુજનને સ્મરું આજ હું.

*

પ્રણામ જડ કે અસંત જન અજ્ઞને જ જુએ
સદાય પરદોષને, ગુણ તણી ઉપેક્ષા કરે,

અહંરત કર્યા કરે શુભ તણીયે નિંદા, ઉરે,
મુખે, નયનવાણમાં વિષવરાળ જેને વહે;

સહસ્ત્ર નયને જુએ સ્વગુણને સુણે ને સ્તવે
સહસ્ત્ર શ્રવણમુખે ધુવડ જેમ જીવી જગે
પ્રકાશ નવ પેખતા તિમિરમાં રમે સર્વદા,
પસંદ કરતા નહીં સુજનશાંતિઉત્થાનને.

સુણી શુભ જતા જલી, અશુભદર્શને નાચતા,
લગાર સુખસ્વાર્થ કાજ હિત અન્યનું ટાળતા,
નિરર્થક જ અન્યને સતત તેમ રંજાડતા,
મહત્વ ગુણવાનને વધુ ઉદાત્તતા આપતા.

પ્રસન્ન બનતાં મને સ્વજન માનતાં કાર્યમાં
થશે મદદરૂપ એ મધુમયી અપેક્ષા કરું,
પ્રણામ શુચિ સંતને સુજનને કરું લાખ તો
પ્રણામ શત એમને, હૃદય એમનાંયે હરું !

*

પ્રણામ જડચેતનાત્મક સમસ્ત સંસારને,
અસાર મુનિપંડિતો સજગ જેહને જાણતાં
નિવૃત રસને કરે રત બને પરબ્રહ્મમાં
સમાધિસુખના નિમજ્જન કરી સુધાસિંધુમાં.

અસારસમ સારશ્રેષ્ઠ જગમાં મહામાનવો,
ઉદાત્ત શુભભાવના શુચિપ્રવૃત્તિ સેવા તણી,
અને મનુજપ્રાણની વિવિધ ઉર્મિ માંગલ્યની
રહ્યાં સ્મરણ જેમનાં મનુજને ધરી પ્રેરણા,

વિનષ્ટ બનતાં નહીં અમર કાળભંડાર તે
પ્રણામ કરું કાળને, પુરુષ કાળના નાથને.

*

બ્રહ્મા રચે જગતને બનતાં વિધાતા
દે જન્મ નૂતન પદાર્થ તથા બળોને,

માળી બની રસ સનાતન વિષ્ણુ રેલે
સ્નેહે ચરાચર મહીં નિજ રક્ષવાને

ઉદ્યાન ઉત્સુક રહે કરુણા કરીને;
ને કાળના પતિ રસેશ્વર રુદ્ર અંતે
સંહારરાસ રમતા જગમાં અખંડ;
એ દેવતાત્રયઅનુગ્રહ હો અનંત !

બ્રહ્મા બની જન રચે સુવિચારસૃષ્ટિ,
પોષે થઈ પરમવિષ્ણુ રસાળ રેલી
સત્કર્મનાં સલિલ અક્ષય રાખવાને
એને અખંડ પુરુષાર્થ કરે ઉમંગે,

કિલ્મિષ રુદ્ર બનતાં મળક્લેશ કાપે;
લાગે પ્રણમ્ય જનમાં ત્રિપુટી રહેલી.

* * * * *

## ૩. માતૃભૂમિ

આ માતૃભૂમિ મુજ શાશ્વત પ્રાણપ્યારી
અત્યંત મંગલ પવિત્ર ત્રિલોકન્યારી,
વૈંકુઠભૂમિ જનની શુચિદેવતાની,
પ્રાકટ્યધામ પ્રભુનું જગની વિધાત્રી.

આ પારણું સુખદ શૈશવનું મ્હારું,
ક્રીડાસ્થલી મધુર યૌવનની પ્રમત્ત;
વાર્ધક્યનું વિમળ શ્રેષ્ઠ વિરામસ્થાન,
કૈવલ્ય મૃત્યુપળ કેરું પ્રશાંતિધામ.

જનમ્યો રમ્યો મધુ સજી સુખશાંતિ કેરી
સૃષ્ટિ વિશાળ હૃદયે મુજ માતનાં મેં
આ સ્તોત્ર જીવન તણું જગવ્યું વહાવ્યું,
માંગલ્યમૂર્તિ જનની પ્રિય છે મને એ.

આરાધ્ય દેવ શિવશંકર સત્ય શ્રેષ્ઠ
ગૌરીગણેશ શુચિ સન્મતિ સારતત્વ;
સીતા-ઉમા-દ્રુપદની તનયા-અહલ્યા
પૂજ્ય પ્રકાશગતિવર્ધક રામકૃષ્ણ.

ને વ્યાસ-શંકર-તથાગત-વર્ધમાન
નક્ષત્ર નાનક કબીર સમાન માનાં
રેલે પ્રકાશ ષટદર્શનવેદશાસ્ત્રો,
એના જ પ્રેમરસથી મુજ પુષ્ટ ગાત્રો.

ગંગા પ્રશાંત યમુના મધુ નર્મદાશી
ગાતી અસંખ્ય સરિતા નિજપ્રેમગાન,
રેલે હિમાલય સમા ગિરિરાજ રશ્મિ
શાં દેશગૌરવ તણાં શુચિ સભ્યતાનાં !

*

આ માતૃભૂમિ મુજ મંગલના કરોડો
લોકો સુસાક્ષર નિરક્ષર પ્રાજ્ઞ અજ્ઞ

દુર્દિનહીન મધુમંગલ રાયરંક
ઉત્થાનને પથ જતાં પડનાર પંક,

હર્મ્યે વસે વિજન તેમજ ઝૂંપડીમાં
માણે મહોત્સવ હસે રડતાં વળી કૈં
સ્વર્ગે તથા નરકમાં નિજ જિંદગીના
એ સર્વ છે સ્વજન એક જ અંગ માનાં.

*

ના આસુરી બળપ્રયોગ વિલાસિતા ને
સ્વચ્છંદ સ્વાર્થરત જીવનની અભીપ્સા
આદર્શ જીવન તણો મહિમા મનાયો
સેવા વિકાસ મનસંયમ સંપદામાં.

*

જેણે કુદૃષ્ટિ જગતે ન કરી કદીયે,
ના શસ્ત્રથી હડપવા પરભૂમિ યત્નો
સ્વપ્ને કર્યાં, રગ ભર્યાં ઋત ને અહિંસા,
એ ભૂમિને નમન કોટિક કાં કરું ના ?

જેણે પ્રશાંતિમય આસનપે વિરાજી
આત્મા તણી પરમખોજ કરી પુરાણે
અર્પ્યા ચતુર્વિધ મહાપુરષાર્થ કેરા
મંત્રો મનુષ્યકુળને હિતના અનેરા.

અધ્યાત્મનાં સુખદશાશ્વત રશ્મિ રેલ્યાં
અજ્ઞાનના થર નિરંતર ભેદવાને,
એનો અનંત મહિમા નવ શારદાયે
ગાઈ શકે કવન પૂર્ણપણે કદાયે.

*

આ માતૃભૂમિ મધુસંસ્કૃતિમાત ન્યારી
શ્રેયસ્કરી સુખમયી વસુધાવિધાત્રી
છે જન્મભૂમિ સહુની, ચિરકાળ એની
જયોત્સના રહો ઝગમગી નવપ્રાણ રેલી:

સંરક્ષવા સુખમયી કરવા યશસ્વી
માહાત્મયગૌરવ વળી ધરવા અનેરું
એનું સદૈવ મુખ ઉજ્જવલ રાખવાને
મારું સમસ્ત સમિધા ધન થાઓ પ્યારું !

* * * * *

## ૪. વરણી

તાપછાયા સમાં જે છે એક તેમ અભિન્ન તે
બ્રહ્મબ્રહ્માંડને વંદુ, કરો કલ્યાણ સૌનું એ !
સૂર્ય ને કિરણો જેવાં ભિન્ન જે ના થઈ શકે,
ફૂલફોરમના જેવાં એકરૂપ સદાય તે.

તત્વવેત્તા કહે એવું નદી ને નીરના સમાં
સંયુક્ત છે સદાયે એ ગંધ તેમ જમીન શાં.
દિવ્યદૃષ્ટિ વિના કિન્તુ એવું દર્શન થાય ના,
ભેદભાવ થકી સાચે પર પૂર્ણ થવાય ના.

વિવેકાંજનથી જ્યારે અંજાઈ આંખ જાય આ,
રાગદ્વેષ મટે જન્મે તેમ પાવિત્ર્ય પ્રાણમાં,
ત્યારે બ્રહ્માંડમાં લીલા બ્રહ્મની સ્પષ્ટ ભાસતી,
અવિદ્યાની બધી સેના જ્યારે સત્વર નાસતી.

બ્રહ્માંડ બ્રહ્મનું દીસે પછી સાકાર રૂપ આ,
શંકા શમે મટે ક્લેશો, તૂટે તાર અશાંતિના.
બ્રહ્મબ્રહ્માંડને એવા વંદીને કવિતા કરું
સ્વાન્તઃસુખતણી આશે ભાવોના અર્ઘ્યને ધરું.

ગીત ગાયાં ઘણાંયે મેં પ્રભુના ને નિસર્ગનાં,
સિદ્ધોનાં દેવદેવીનાં પ્રેમભક્તિવિસર્ગનાં.
દેશને કાજ જે વીરે કરેલી જિંદગી ફના,
વદને સ્મિત રાખીને વેઠેલા ઘા વળી ઘણા.

એની કથા કહું આજે, એને અંજલિ કે ધરું,
પ્રશસ્તિ પ્રેરણાભીની એહની પ્રેમથી કરું.
અનુગ્રહ થકી દૈવી એ પ્રતાપી પુરુષના
થશે સફળ મારો ને યશસ્વી પૂર્ણ યત્ન આ.

નથી શક્તિ તથા ભક્તિ, જુક્તિયે કાવ્યની નથી,
નથી સારથિ તોયે આ રથ કેરો થયો રથી.

સુદુસ્તર છતાં આશા તરવા સિંધુને કરી,
મનોરથ તણી માળા વ્યોમને માપવા ધરી

મનમાં શિશુએ જાણે; કિન્તુ મન ન માનતું,
ગાવા ગુણ તણી ગાથા પોતાનો ધર્મ જાણતું.

*

તપેલી અંતરાત્મામાં દેવી ભારતદેશની,
સિદ્ધલોકે પહોંચીને મ્લાન કંગાળ વેશની,
દીન અશ્રુછલી આંખે ખિન્ન વાણી રહી વદી,
સિદ્ધેશ્વરો, મહાયોગી, મુક્તાત્માઓ, જુઓ ઘડી,

દશા મારી થઈ કેવી કાયા પ્રતિ જુઓ જરી,
શુશ્રૂષા ના થશે સારી ચેતના તો જશે મરી.
વિશ્વસંસ્કૃતિની જૂની જનની; માનવી તણો
મહિમા મધુ મેં ગાયો ઋચામાં વેદની ઘણો.

મહિમા એ મટ્યો આજે માનવી દાનવી થયો,
યુદ્ધઘેલો પ્રંપચી કે રક્તનો તરસ્યો બન્યો.
અસ્તવ્યસ્ત થઈ છું હું, મુક્તિનો મહિમા કવ્યો
મેં જ, બદ્ધ છતાં મારો દેહ બંધનથી થયો.

અસંખ્ય બંધ બંધાયા વીંટાઈ મુજને વળ્યા,
શાંતિસમૃદ્ધિના સ્વપ્નાં તોય મારાં નથી મર્યાં.
એટલે જ અહીં આવી પોકારું આર્તનાદથી,
તમે છો સિદ્ધ મુક્તાત્મા, જાગો આતુર સાદથી.

મારી જ ગોદમાં પામ્યા તમે મુક્તિતણી કળા,
ઉગારો મુજને આજે ઊગરે તો બધી ધરા.
તોડો બંધન તો મીઠો મુક્તિનો શ્વાસ હું લઉં,
સુખીસમૃદ્ધ સૃષ્ટિની શાંતિદાત્રી વળી થઉં.

જયકાર કરું વિશ્વે ફરી માનવતા તણો,
આકાંક્ષા એ જ આત્મામાં, કોડ એ મુજને ઘણો.
થોડી વાર તજીને આ ભોગ વૈકુંઠ સ્વર્ગના

દિવ્યલોક તણા આવો કરોડો દીન મધ્યમાં.

ફૂંકો ચેતન તે સૌમાં જડતા તેમની હરો,
મહીમાંગલ્યને માટે મહર્ષિ, કરુણા કરો.
વેદના ત્યાં રહી વ્યાપી, સિદ્ધો વાતે વળી વળ્યા,
કોઈ વદ્યા મહાત્મા કૈં પાછા છે વિશ્વથી ફર્યા;

કૃષ્ણ શંકર ને રામ અષો નાનક શા ગયા,
છતાંય માનવી કેરા અનોખા આત્મ ના થયા.
એકને વિષ આપ્યું ને અવજ્ઞા અન્યની કરી,
વધસ્તંભ ધર્યા કોને, નિંદા ઘોર કરી વળી.

પયગંબર ધર્માત્મા હજારો વિશ્વમાં ગયા,
છતાં માનવ એનો એ, ફેરા ફોગટ શા થયા.
એવા જગતમાં જનમ્યે લાભ શો સાંપડે કહો,
ગુલાબી પંથ છાંડીને કંટકોને કદી ચહો ?

સુખશાંતિ ભરેલા આ તજીને દિવ્ય લોકને
વસુધામાં વધાવે કો વ્યર્થ સંતાપશોકને ?

*

કહ્યું રામ અને કૃષ્ણે જન્મીને જગમાં અમે
ગુલાબોની કરી આશા કિન્તુ કંટક સાંપડ્યા,
છાયા સ્વલ્પ હતી, તાપો વધારે તાપવા મળ્યા,
હજુ રાવણ ને કંસો શિશુપાલો નથી ટળ્યા.

બુદ્ધ બોલ્યા : સદાચારે સૌને સ્નાન કરાવવા,
મહાપ્રસ્થાન મેં કીધું નવા પાઠ ભણાવવા,
સમસ્ત વસુધાને ને તપસ્યા આકરી કરી,
છતાં સત્ય કહેવા દો વિજયશ્રી નથી વરી.

માનવી પંકમાં પેદા થનારા પદ્મના સમો
પંકમુક્ત નથી કો દી થયો તેમ થશે નહીં;
લાધ્યું સત્ય જ એ અંતે જીવનાનુભવે મને,
આકાંક્ષા ના ઉરે મારા પુનર્જન્મ તણી રહી.

ઈશુએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું : માનવી મહીં
પ્રકાશ મેં પિતા કેરો પેખ્યો ને પેખવા ધર્યો
સંદેશ અજ્ઞ આત્માને, કિન્તુ મારાં જ ભાંડુએ
અવમાન કર્યું મારું, વધસ્તંભ પરે મને

લટકાવી વળી દીધો; અને આજેય મંત્ર સૌ
મારા ભૂલી ગયા લોકો, વેદના એ મને થતી,
સ્મૃતિઓ મનથી મારા ઘડી ના અળગી જતી,
અવતાર તણી ઈચ્છા મારા મન થકી મટી.

સુકરાત વદ્યા, પ્યાલો વિષનો મુજને ધર્યો,
કૃતઘ્ની દુનિયા એવી, મોહ મારો બધો મર્યો.
અષો નાનક ને સુર તુલસી શકંરે કહ્યું :
અમને કરુણા થાયે પૃથ્વીની પ્રાર્થના સુણી,

પરંતુ કરવા થોડી થાય વિશ્રાંતિ ચાહના,
પોકાર છે પુરાણા સૌ સૃષ્ટિના શોકઆહના.
કાઢ્યા ઉદગાર કૈં એવા અનેકે દિવ્યલોકમાં,
અભિવૃદ્ધિ થઈ એથી દેવીના ગાઢ શોકમાં.

*

એક જ્ઞાની મહાયોગી ભક્ત પૂર્ણ પવિત્ર એ
સુણી બોલ્યા, રહ્યો એવો ક્રમ સંસારનો ભલે,
આપણે આપણો ધર્મ ના ઘટે ત્યાગવો કદી,
નગુણાં બનતાં બાલો, માતા તેવી નથી થતી.

કાપે છે વૃક્ષને લોકો ફળકાષ્ટ ધરે છતાં,
બગાડે સરિતા તોયે નીર ખાલી નથી થતાં.
અવજ્ઞાથી ઘવાઈને સૂર્ય છોડે પ્રકાશવું ?
ધરિત્રીયે પ્રહારોથી છોડી દે જગ ધારવું ?

ભલે જવા ન ચાહો કો પૃથ્વીની પ્રેરણા બની,
સંવેદના દયાભક્તિ રોમરોમ મહીં વણી
તૈયાર છું જવા માટે સ્મિતપૂર્વક આજ હું,

હોય કંટક અંગારા પૃથ્વીમાં લાખ તોય શું ?

ક્રંદનો ધરતી કેરાં સુણાયે મુજથી નહીં,
સુખશાંતિ નહીં પામે આત્મા મારો અહીં રહી.

ચઢાવે વધસ્તંભે છો, ગોળી મારે ભલે મને,
અજ્ઞ લોકો ભલે નિંદે વિષથી પ્રાણને હણે,
યજ્ઞભાવે ફરી પાછો પૃથ્વીમાં પ્રકટી રહું,
સાર્થક્ય જિંદગી કેરું જીવીને જગતે લહું.

માનવીને બતાવીને મહિમા ધરતી તણો
ધરી માનવતા કેરા મંત્રો આહ્‌લાદ ને ઘણો
પાછો આવીશ આ લોકે સેવાયજ્ઞ કરી લઈ,
માતાની આંખથી અશ્રુ હજારો જાય છે વહી,

જોઈ શકાય મારાથી અશ્રુ એ ઉરનાં નહીં,
વેદના એહની મારા દિલડાને રહી દહી.

પ્રયત્નો કૈં કર્યાં એને સિદ્ધોએ સમજાવવા,
સંકલ્પ છોડવા માટે વારંવાર મનાવવા,
છતાંયે સમજ્યો ના એ ત્યારે સંતોષ માતને
થયો એને નિહાળીને, દુઃખી ભારત માતને.

વદ્યો એ : ના જ દર્શાવો કોઈ ઉત્સાહ જન્મવા
વેદના માતની ઊંડી હળવી કરવા વળી,
ત્યારે ઘટે ન ભોગોમાં મ્હાલવું મુજને અહીં,
પેખતાં પરની પીડા પીગળે પ્રાણ શેં નહીં ?

કરો વિશ્રાંતિ, કંટાળ્યા થાક્યા સંસારથી તમે,
મને ના કલાંતિ, સેવાનાં કર્તવ્યો મુજને ગમે.

મૂળભૂત રહેલી જે ભાવના સુપ્તરૂપમાં
માનવીમનમાં એમાં મને વિશ્વાસ છે રહ્યો,
હતાશા ના વર્યો વિશ્વે, રસહીન નથી થયો
જગાવું ભાવનાને એ ફરી મૂર્તસ્વરૂપમાં.

*

અભિનંદન આપ્યાં એ કોઈએ સંતને પછી,
પ્રશંસા કરવા લાગ્યા કોઈ મીઠું રહી હસી.
સર્વસંમતિથી અંતે સિદ્ધોએ એકઠા મળી,
જ્ઞાની એ ભક્તયોગીની જન્મવા વરણી કરી.

વસુધાને થઈ શાંતિ, મ્લાન ભારત માતનું
ખીલ્યું મુખ, શશીતેજે પ્રકટ્યું પદ્મ રાતનું.

વદ્યા સિદ્ધો કરી એના ભાલે તિલક પ્રેમથી :
યુગાવતાર પૃથ્વીના આગામી છો તમે બનો,
તમારો પંથ હો સાફ શિવ સાફલ્યથી ભર્યો,
લાભ પ્રાકટ્યનો દૈવી સત્કર્મો કરતાં લહો.

કંટકો પુષ્પ જેવા હો માર્ગમાં મળતા બધા,
જ્વાળા વિરોધ કષ્ટો ને ચિંતા ઘોરવ્યથા તણી
બનો દાહક આત્માને નહીં ઘાતક, સાધક
સહાયક થઈ ન્યારું કરો જીવન સાર્થક.

હળાહળ ન હો ક્યાંયે લેશ પુણ્યપ્રવાસમાં
મળો અમૃતની ધારા માળાઓ વિજયો તણી,
સંતાપ હો નહીં, છાયા ધરો શીતળ સર્વદા,
કઠોર ગિરિમાળાને ઓળંગી નિજધ્યેયના
સુમેરુશૃંગપે અંતે પહોંચો એ જ કામના;
ફળો સૌ કામના પાછા પધારો પુણ્યલોકમાં.

પગલે પગલે પદ્મો પ્રકટો પંકની મહીં,
રેલો અંધારમાં દૈવી આત્મા આલોકરશ્મિને,
ચળો ના, ન ડગો સ્વપ્ને ધ્યેય સત્ય થકી કદા,
વહાવો ચેતના ધારા વસુધામાં નવી હવા.

માંગલ્ય માનવી કેરું સાધી સંસારમાં ભરો
ઐક્યના મધુરા મંત્રો, માનવીપ્રેમમુક્તિના
સંગીતસ્વરને છેડી જગાવો નવપ્રાણને,

સંજીવની બની અર્પો નવજીવન આત્મને.

શાંત ઉદગારને સંતે કાઢ્યા પ્રજ્ઞાપ્રકાશથી
પરિપ્લાવિત માતાને શાંતિઆનંદ અર્પતા :
જાણું છું જગમાં દૈવી સંપદા એકલી નથી,
ગંગા ને યમુના જેવી આસુરી સંગમાં રમે;

શુભાશુભ અને સત્યાસત્યે આવૃત્ત વિશ્વમાં
ત્રિગુણાત્મિકા રમે રંગે રાસ પ્રકૃતિ આદિથી,
તાપ સાથે રહે છાયા, દિનની સાથ રાતની
લીલા થતી હંમેશાની, સુધા ને વિષ વાસતાં,

ગુલાબો કંટકો સાથે પ્રકટે પદ્મ પંકમાં
રેલતાં રસ, અંધારા અભ્રથી સૂર્ય ખીલતો.
સ્વર્ગ સંગે જ દેખાતી નિશાની નરકો તણી
ભરતી ઓટથી યુક્ત જોડલી જન્મમૃત્યુની.

વિરોધાભાસ વિશ્વે છે સ્વાભાવિક યુગો થકી,
મને ભીતિ નથી એથી વિચાર્યે લેશ લાગતી;
કામના એટલી છે કે ભિન્ન સૌ દ્વંદ્વની મહીં
વસતાં શાંતિ ને શ્રદ્ધા ગુમાવું આત્મની નહીં;

વિવેકધનને રાખું સદા અક્ષય વર્ષતી
વિપત્તિવેદનાઓને સહવા શક્તિ સાંપડે,
પ્રલોભનો ચળાવે ના ડગાવે ભયસ્થાનની
ભૂતાવળો નહીં લેશે; એ જ આશિષ દો મને.

પ્રસન્ન હિંદમાતાએ શુભાશિષ ધરી કહ્યું:
દુઃખ મારું સુણી શબ્દો સ્નેહના હળવું થયું,
પ્રતીક્ષા કરતાં આશા સાથે દિન વિતાવતાં
જીવીશ જગમાં પાછી જન્મ દૈવી વધાવતાં;

મનુષ્યજાતિ માગે છે આજે એક મહાગુરુ,
રિક્ત સ્થાન તણી પૂર્તિ કરી કાર્ય કરો શરૂ.

* * * * *

## ૫. જન્મ

કોઈક તેજભર મંગલ શુભ તારો
આવ્યો ધરા પર તજી નિજ વ્યોમ માળો,
કોઈક વાદળ હઠ્યું, વિધુ ને પ્રકાશ્યો,
પૃથ્વી તણો પુનિત પ્રાણ પ્રસન્ન હાસ્યો.

કુંજ તેમ નિકુંજોમાં થયાં કોકિલ કૂજનો,
મંત્રમુગ્ધ થયાં એથી જાણે કે માનવીમનો.
ચપલા ચમકી ઊઠી, ટોળલે વાદળો વળ્યાં;
કેકા કરી કલાપીએ કોના સંદેશ આ ધર્યા ?

વર્ષા વળી મધુર મંગલ અપ્સરા શી
ગૂંથી શુભાશિષ તણી કમનીય માળા
આહ્લાદપૂર્વક જુઓ ઊતરી ધરાપે
ઢાળી યુગોયુગ તણી નિજ પ્રેમધારા.

દોડે સમીરલહરી પરિચારિકા-શી,
ગેબી થતી ગગનમાં ઘનગર્જના હા !
કોઈ મહાપુરુષ કે નૃપદેવતાનું
શું સર્વ સ્વાગત કરી હૃદયે રહ્યાં આ ?

લક્ષણો લાગતાં દૈવી ઘટના ઘટવા તણાં,
દૂર અર્ણવયે ગાયે ઊછળે મસ્ત મર્મમાં.
રાત્રી વીતી ગઈ પદ્મ પ્રકટ્યું ને પ્રભાતનું,
સૌન્દર્ય એહનું ભાસ્યું અનોખું છેક આજનું.

સૌન્દર્ય અદભૂત ન કેમ જણાયે એનું,
આજે વિશેષ પળ પાવન પર્વવેળા,
એથી જ આભધરતી હૃદયે છવાયો
આહ્લાદ; આ પરમ મંગલ પર્વવેળા.

ધીરે વહો પવન, વિહંગ બોલો
મંદ સ્વરે, રવિ તણાં રમણીય રશ્મિ !

થોડાંક કોમળ બનો, મધુ આંખ ખોલો
ઓ પદ્મ ને સુમન, શાંત બનો સમષ્ટિ !

પાસે કોક પંખીએ વધાઈ પ્રેમથી કહી,
થયો મોહનનો જન્મ, શાંતિ સર્વ સ્થળે લહી.
મહોત્સવ મહી માણે મનમાં મગ્ન શી બની,
પામે પ્રસન્નતા પ્રાણે પુરાણી વેદના વણી.

*

સિદ્ધશ્વરો સરસ સૂક્ષ્મ રૂપ ધારી
જન્મેલ એ નીરખવા શિશુને પધાર્યા,
દેવો અસંખ્ય મુનિઓ નિજનેત્રલ્હાવો
લેવા કૃતાર્થ કરવા નિજ આત્મ આવ્યા.

આપ્યા શુભાશિષ કરી મધુપુષ્પવૃષ્ટિ,
સન્માનતાં પરમલોકમુનીંદ્રને એ;
મુક્તો તણા મધુમનોરથ પૂરનારો
જાણ્યો પવિત્ર પ્રભુદૂત મહાન એને.

ગંધર્વ યક્ષગણ કિન્નર ત્યાં પધારી
લાગ્યા પ્રશસ્તિ કરવા મહિમા વિચારી,
સૌએ કહ્યું વિભુવિભૂતિ ભલે પધારી
લેવા સમસ્ત જગને વિષથી ઉગારી.

સુદામા કૃષ્ણના સાથી પ્રકટ્યા જ્યાં પુરા વળી
હરિના નરસી ભક્તે જગાવ્યા પ્રેમના ધ્વનિ,
ધન્ય એ ધરતી પાછી શુભાગમનથી થઈ
એક વૈષ્ણવના, એને સંતુષ્ટિ સાંપડી રહી.

ધરા સૌરાષ્ટ્રની ધન્ય ભૂમિ ભારતની વળી
એક જ્યોતિર્ધરે એની જન્મવા વરણી કરી;
પરંપરા પ્રતાપી જે પુરુષોની હતી મટી,
માહાત્મ્ય એ થકી એનું ગયેલું સ્વલ્પ શું ઘટી;

ઉઘાડ્યાં લોચનો દૈવી એ મહામાનવે હવે,

મહિમાને લભી પાછી ધરા એ દાઝતી દવે.

એકાદ વાર ક્ષણ સાંપડતી યુગોમાં
એવી પ્રસન્ન શુચિ મંગલ મૂલ્યવાન,
પ્રાકટ્યથી જ પ્રકટે પળમાં જ જેના
સંપૂર્ણ સર્જનમહીં નવદિવ્યપ્રાણ.

પ્રાકટ્ય એ તરત દિવ્ય વધાવવાને
સાનંદ તત્પર થઈ સઘળીય સૃષ્ટિ;
ને માત ભારત તણી કૃતકામ લાગી
સિદ્ધો સમેત કરવા મધુગીતવૃષ્ટિ.

સિદ્ધેશ્વર તમે સાચે મુક્તાત્મા પ્રભુદૂત શા
પ્રાર્થના સાંભળી મારી પધાર્યા પૃથ્વી પરે;
હરવા સંકટો મારાં ધરવા નવચેતના,
સત્કારું સ્નેહથી આજે વધાવું ધન્ય શા સ્વરે.

આદિ દેવ કહ્યા જેને પુરાણે પુરુષોત્તમ,
પ્રતિનિધિ તમે તેના સૃષ્ટિ કેરા શુભોત્તમ.
ધર્મસંસ્થાપના માટે સ્વેચ્છાથી પ્રકટો તમે,
માનવીમનને પ્રેરો ઉર્ધ્વગામી કરો, કરો
આલોકિત વળી આખી અવની આત્મતેજથી,
સંરક્ષક બનો સાચા નવજીવનને ધરો.

ધન્ય છે કુળ ને ધન્ય માતા તેમ પિતા વળી
કૃતાર્થ પૂર્વજો આજે તમારા જિંદગી ધરી
તેમ કૃતાર્થ છે એથી આખોયે મૃત્યુલોક આ,
તમે તારક છો તેના સહાયક પિતા સખા.

અન્યાય ને અધર્મોની હવે હોળી થશે ખરી,
આંતકો અવની કેરાં સર્વે સત્વર નાસશે,
અનીતિનાં રહેશે ના ઘોર આવરણો જરી,
સચરાચર પામીને નવું ચેતન હાસશે.

આજે થયાં સફળ લોચન મ્લાન મારાં,
સંતાપ અંતર તણા સઘળા શમ્યા ને,
આશા ફળી, સુખદ ભાવિ તણાં હજારો
સ્વપ્નાં થયાં પ્રકટ રૂપ મહીં તમારા.

હો કાર્ય મંગલ સદા સઘળાં તમારા
વર્ષાવનાર વસુધા પર શાંતિવૃષ્ટિ,
માહાત્મ્ય માનવ તણું જગનું વધારો,
અર્પો સ્વમાનભર નિર્મળ નવ્ય દૃષ્ટિ !

*

આશીર્વાદ દઈ એવા અનેકો શિશુને રહ્યા,
બ્રહ્માંડના બધા જાણે સદભાવો એકઠા થયા.
સંસારમાં નિહાળેલાં શૈશવો કૈંક એમણે,
પ્રાકટ્ય દિવ્ય આત્માનાં એવા અદભૂત કો હશે.

ઉઘાડી લોચનો મીઠાં કર્યો સંકેત મોહને,
કૃતાર્થ છું તમારા સૌ શુભાશિષ લભ્યા થકી,
સર્વોત્તમ બન્યો આજે લ્હાવો આ મુજ જીવને,
કરીશ પૂર્ણ આશાને તમારી જગમાં નકી.

ધરી પાર્થિવ કાયાને સ્થૂલ પિંજરમાં પડ્યો,
છતાંયે લેશ આત્માને નથી બંધનનો નડ્યો,
મને ખબર છે ક્યાંથી કયા જીવનકાર્યની
સંસિદ્ધિકાજ જનમ્યો છું, કાર્ય એ સિદ્ધ ના થશે
પ્રયત્નો ત્યાં સુધી મારા સઘળાયે થયે જશે
વહેતી સરિતા જેવા એ દિશામાં વહ્યે જશે.

સંતૃપ્ત માત જગની મુનિ સૌ થયા એ
સંકેત મોહન તણો મધુરો સુણીને,
ત્યાં પૂર્વની વિસ્મૃતિ પડદો પડ્યાથી
સામાન્ય કોક શિશુ જેમ રડી રહ્યા એ.

* * * * *

## ૬. માતાનું ગીત - હાલરડું

*** ૧ ***

જન્મમાત્ર પામ્યાથી જગમાં ઉજ્જવળ કોઈ થાય નહીં,
જન્મ જ આ જગમાં કોઈનો ઉત્સવહેતુ મનાય નહીં.
અસંખ્ય જન્મે જીવ પળેપળ ઉત્સવ કિન્તુ કોણ કરે ?
વિશાળ વિશ્વમહીં અંજલિયે એ સઘળાને કોણ ધરે ?

મર્ત્યલોકનો મહાન મહિમા, જીવન અમૂલખ શ્રેષ્ઠ કહ્યું;
માનવરૂપે પ્રકટ થવામાં સૌભાગ્ય કહે પ્રાજ્ઞ રહ્યું.
પરંતુ જન્મ લભીને માનવ દાનવ-સરખા કર્મ કરે,
વ્યર્થ ગુમાવે જીવનને તે હણે અન્યને સ્વયં મરે.

માનવ દાનવ થાય બને કે માનવ સાચા અર્થ મહીં,
દેવતા સમો બને બનાવે આશીર્વાદ-સમાન મહી:
બે જ શક્યતા આ જીવનની પ્રગતિ કરે કે પતનપથે
પગલાં ભરે વધે આગળ કે પાછળ હાથ હજાર હઠે.

બીજાને કાજે જે જીવ્યા, ન્યાય નીતિ ચાલે ચાલ્યા.
દ્રવ્યા રડ્યા કોઈને કાજે ચિંતાદર્દ મહીં મહાલ્યા:
પરિશ્રમ કરી પૂર્ણ અન્યને પ્રકાશ અર્પ્યો સત્વ ધર્યું,
જેમના થકી આંતકભર્યું આ અવનીનું ભાગ્ય ફર્યું:

એમના કર્યાં ઉત્સવ લોકે જીવન એ વરદાન થયાં;
સ્મારક કર્યાં મનાવ્યાં પર્વો, એ જીવનને ધન્ય કહ્યાં.

એવું હજો સફળ જીવન બાલ તારું,
જેનો મહોત્સવ કરે જનતા બધીયે,
દેવોય દર્શન કરે કૃતકૃત્યતાથી,
જેનો ઘટે નવ મરે મહિમા કદીયે.

પ્રેમી પવિત્ર બળવાન પરોપકારી,
પ્રજ્ઞાભર્યું પ્રગતિના પંથનું વિહારી;
ગંગાથકી મધુર ચંદ્ર થકીય ચારુ,

એવું હજો સફળ જીવન બાલ તારું !

શીલેભર્યું સરસ સંયમથી સજેલું  
ને સત્યની પરમજ્યોતિ થકી જડેલું,  
શ્રદ્ધા દયા અભયથી રઢિયાળું ન્યારું,  
એવું હજો સફળ જીવન બાલ તારું !

અંધારમાં પરમ પાથરતું પ્રકાશ,  
દુર્દિનદુઃખદવમાં ધરનાર હાશ;  
અન્યાય લેશ સ્વપને નવ સાંખનારું,  
એવું હજો સફળ જીવન બાલ, તારું !

આસક્તિથી રહિત નિર્મમ દીનબંધુ,  
સ્નેહી અનાથજનનું શુચિ સ્નેહસિંધુ;  
મૃત્યુ થકી ન મરનાર, ન હારનારું,  
એવું હજો સફળ જીવન બાલ તારું !

એવા એવા નવલ ઉરના ભાવ ગીતે વહાવી  
માતા ગાયે નિજ ભવનને સ્વર્ગ જેવું સજાવી;  
એને ક્યાંથી ખબર જગને જ્યોતિ જે તારનારી  
ઝૂલે છે તે શિશુસ્વરૂપમાં પારણે આજ આવી !

*

માતા હતી નિયમ ધાર્મિક પાળનારી,  
ભારે વ્રતો પણ નિરંતર ધારનારી,  
પાવિત્ર્યમૂર્તિ મધુમંગલ ગંગ જેવી  
માતા મળે સરળ કોક જ ધન્ય એવી.

એનાં વ્રતો સફળતા પર સૌ પહોંચ્યા,  
ત્યારે મહાપુરુષ જન્મ લઈ રહ્યા ત્યાં;  
કોઈ સરોવર મહીં જ્યમ પદ્મ જાગે  
એથી સરોવર તથા પ્રિય પદ્મ લાગે,  
એકેકથી ઉભય સુંદર એમ લાગ્યાં,  
સૌભાગ્ય તેમજ લભ્યાં વર દેવમાંગ્યાં.

માંગલ્યમંડિત મહી રસપૂર્ણ જાણે
સોહી રહી સુમનસૌરભ દિવ્ય માણે
કે દીર્ઘકાળ લગ શાંત પડી સિતારી
જાગી વહી રહી સુધાભર કોક ગાને.

* ૨ *

જેના અંતરમાં અંધાર એની જ્યોત બની જા તું !

ચોરેકોર તિમિરદળ છાયાં, ના નીરખાય કશું,
કંટક કંકરથી ભર મારગ નિર્મળ ના જ તસુ;
સૂરજચંદ્રકિરણ ના સ્પર્શે, સ્પર્શ કરી જા તું !... જેના

આર્ત સ્વરે કરતાં કૈં પુકારો, રોદન કોક કરે
કોક અનાથસમાન ભમે, ના કોઈને માર્ગ મળે;
એકલદોકલ આર્તનો એવો આપ્ત બની જા તું ! ... જેના

મૂકનો સ્વર થા, પતિત જનોની પીડા ભરી લે પ્રાણ,
અશ્રુ લૂછી લે પરહિતકાજે કાયા કર કુરબાન
જન્મીને બીજા જનકાજે શ્વાસ લઈ લે તું ... જેના

એકાદ અશ્રુ લૂછી જો શકે ને આશ્રય કોઈને દે,
એકાદ પીડિત પ્રાણને પાટો પ્રેમનો બાંધી લે,
એકાદ બંધન તોડે તો સાર્થક જીવન શું ! ... જેના

એકાકી કર કૂચ ભલેને, સત્યને ના કદી છોડ,
વેઠે વિપત્તિવ્યથા તોય જીવન સ્નેહના સૂત્રે જોડ;
કર્તવ્યથી વિમુખ કદી ના, આકાંક્ષા સેવું હું ... જેના

* 3 *

કોમળ કુસુમ કળાત્મક કોઈ અમૃતલોકથી આવ્યું,
સૌરભ રેલી રહ્યું ઉપવને નવલ રંગને લાવ્યું.
એક સિતારી સ્વર્ગલોકથી સૂરભરેલી આવી,
અભિનવ સંગીતસ્વરે જગમાં ચેતન રહી જગાવી.

એક અમીની પ્યાલી જાણે અમરધામથી આવી,
મર્ત્યલોકનાં સમસ્ત સોમલ રહી રસે પલટાવી.
શાશ્વત સરિતા શુદ્ધ સ્નેહની પૃથ્વીપડળે પ્રકટી.
સ્નાનપાનથી કૃતાર્થ કરવા આ અવનીમાં અટકી.

એક જ્યોત જાજવલ્યમાન કો જુદા જગતથી ચાલી,
પાથરવાને પ્રકાશ પ્રેમળ, તમિસ્ત્ર કરવા ખાલી.
મંગલમંદિરદેવ પધાર્યા દિવ્યલોકના કોઈ,
મહિમામંડિત મહી બનાવી મલ મંદિરના ધોઈ.

* * * * *

## ૭. પ્રસંગત્રય

### * ૧. અહિંસાના અંકુર *

પવિત્રતમ દાન શૈશવ અમૂલ્ય દેવોતણું,
સુદુર્લભ અસીમશક્તિપદ માનવીલોકનું
પ્રભાત શુચિ, ખીલતા પરિમલે ભર્યા પદ્મશું,
પ્રસન્નમુખ બીજના રસછલ્યા શરચ્ચન્દ્રનું.

પ્રશાંત મધુસ્ત્રોત કો વિમળ વ્યોમથી ઊતર્યું;
અલૌકિક અનેરું કે કુસુમ પૂર્ણ માધુર્યથી
રસે પરમમાર્દવે, અમૃતલોકના સ્વપ્નનું
વિસર્જન, પ્રતીક પ્રેમ અણિશુદ્ધ પાવિત્ર્યનું.

સનાતન પ્રસન્ન ગીતસ્વર પાવની પંક્તિ કે
કૃતાર્થ કવિની વિરાટ કવિતા તણી, ચેતના-
તણો પૃથિવીમાં પડ્યો અવનવીન સ્ફુલ્લિંગ કો,
સુધામય મહાન બિંદુ, નવજિંદગીની પ્રભા.

અનંત ઋજુતા તથા સફળતા થકી સોહતું
સદા શરદની લઈ પ્રકટતું અનોખી છટા
અમોઘ વર જેમ શૈશવ સમર્પતાં સૃષ્ટિને
નવીન રસ ને ઉમંગ અભિલાષ કે ચેતના

અમાપ પરિતોષથી હૃદયને નચાવી રહો;
નવા સૂરજના મનોરથ સદા ઘડીને બને
કૃતાર્થ જન એહની મધુર કળા દેખતાં
ઘડીક જગવી રહે સુભગ સ્વપ્નસૃષ્ટિ મને.

રસે છલેલ સ્મૃતિ બાલ્યકાળની
અમીર કે નિત્ય ગરીબને થતી,
હો પ્રાજ્ઞ કે અજ્ઞ છતાંય પ્રેરણા-
પ્રકાશદાત્રી અદકી બની જતી.

ગાંધી તણા સુંદર બાલ્યકાળના

પ્રસંગ બેથી ત્રણ ચારુ કાવ્યમાં
કરી લઉં અંકિત, એ પ્રસંગો
ભવિષ્યની સૂચક સાધનાના

છે બીજ જેવા વટવૃક્ષકેરા
કે પુષ્પની સૌરભ શા અનેરા.
એથી જ દૈવી મધુમક્ષિકા બની
ગાંધી રહેલા મધુસૃષ્ટિને કરી.

*

બંધુ ને સુહૃદો સાથે ક્રીડાઓ કરતા ઘણી,
ખાદ્ય વસ્તુ માતાપિતા પાસેથી હોય સાંપડી
વહેંચી તે સદા ખાતા સ્વાર્થવૃત્તિ તજી દઈ
વિરોધશત્રુતાભાવે દેખતા અન્યને નહીં.

તોડવા પત્ર ના કોઈ પુષ્પને તોડવા જતાં
વિચાર કરતા ડાળી ઘોર ભોગવશે વ્યથા,
ચૂંટે જો અંગ કોઈ તો દર્દ કેવુંક થાય છે,
તેમ દર્દ થતું સૌને, પ્રતીકો સર્વ સ્નેહનાં.

એકવાર સમીસાંજે સંધ્યાની સુરતા સમા
ગુલાબી વદને માળા અશ્રુની આંખમાં લઈ
પ્રવેશી ઘરમાં મીઠાં મધુમંડિત શાં છતાં
વેદનાપૂર્ણ વચનો મોહને માતને કહ્યાં :

વૃક્ષે ચઢી રમતા અમે સૌ
ત્યારે મને રુષ્ટ વડીલબંધુએ
પાડ્યો ધરાપે અપરાધ એનો
મહાન નિષ્કારણ છેક છે તે.

માર્યો તમાચો મુજને કપોલે
એની મને થાય વ્યથા સ્મરીને
પ્રસંગ એ ખેદ અનંત થાય,
ઊઠી રહી અંતર ઘોર લ્હાય.

કરવાની મને હોય એમાં ના ફરિયાદ કૈં;
વડીલબંધુએ માર્યો તને તો તુંય એહને
મારીને બદલો એનો લઈ લે જલદી હવે:
મારવો મારતાને એ છે સિદ્ધાંત સદા જગે.

અનંતકાળથી ચાલ્યો આવતો વ્યવહાર એ
મનાય યોગ્ય, શાસ્ત્રોએ આપ્યો એ ઉપદેશને.
માતાના સાંભળી શબ્દો મોહને શાંતિથી કહ્યું:
વ્યવહાર મને એવો રુચતો લવલેશ ના.

શિખામણ લગારે ના વળી ઉત્તમ લાગતી,
અયોગ્ય વચનો લાગે શાસ્ત્રના ઉપદેશનાં.
વડીલબંધુ કે બીજા કોઈને કેમ મારવો ?
શમે પ્રભાવ શી રીતે નાખ્યે સ્ફુલ્લિંગ આગનો ?

આદેશ બદલાનો કે હિંસાનો મુજને નથી
આદર્શ દીસતો; જીવે જગમાં સર્વ સ્નેહથી
એથી વિશેષ સારું ના કાંઈયે લાગતું મને,
શ્વાસ સર્વ સ્થળે લે સૌ સદાયે સંપશાંતિથી.

મારે મને કદીયે ના એવો આદેશ આપ તું
વડીલ બંધુને એમાં લાગે કૈં ના અયોગ્ય શું.

સુણી રહી વિસ્મયસાથ માતા
ઉદગારને મોહનના રસેભર્યા
વિવેકભીના ઉરથી ઉઠેલા
વિદ્વાનને યોગ્ય રહસ્યથી છલ્યા.

કોણે તને શ્રેષ્ઠ વિવેક આપ્યો
કોણે જગાવી ઉરમાં સિતારી
સદભાવનાની મધુરા વિચારની
દૃષ્ટિ સમર્પી અણમોલ ન્યારી ?

માતા તણા શબ્દ સુણી જણાવ્યું

મીઠા સ્વરે મંગલપ્રાણ મોહને;
વિચાર સ્વાભાવિક આવતા એ,
શિક્ષા મળી ના હજુ ક્યાંયથી મને.

પ્રસન્ન માતા મનમાં વદી કે
ભવિષ્યમાં બાળક પ્રાજ્ઞ આ થશે,
ધારી મહત્તા જનને નવા નવા
કલ્યાણમંત્રો સુખના સુણાવશે.

સિદ્ધાર્થ શા અહિંસાના પુરસ્કર્તા ભવિષ્યમાં
કારુણ્યમૂર્તિ ને પ્રેમી થશે મોહન શ્રેષ્ઠ આ
જનેતાને પડે એની જાણ ક્યાંથી ? છતાં થયું,
નથી સામાન્ય આત્માએ તન પુત્રરૂપે ધર્યું.

## * ૨. સત્યપ્રિયતા *

પ્રવાહ શુચિસત્યના મધુરમંત્ર કેરો જગે
કર્યો પ્રકટ ભાવિમાં પુનિતપ્રાણથી મોહને,
હતો પરમ સૂક્ષ્મ બિંદુરૂપ ધારતાં શૈશવે
નિરંતર વહી રહ્યો પ્રથમથી જ એ જીવને.

પ્રતીતિ એહની નાની ઘટના પરથી થતી;
બિંદુમાં શક્યતા ભાસે સીમારહિત સિંધુની.

એક વાર બધા મિત્રે લીલા મંદિરની રચી
ઝૂલે ઝુલાવવા માટે ઈચ્છા શ્રીપ્રભુને કરી,
એક મંદિરની સાચી પ્રતિમાને ઉઠાવવા
સાહસભેર ઉત્સાહે પ્રેરાઈ યોજના ઘડી.

ચોરીની યોજના લેશે રુચી મોહનને નહીં,
વિરોધ એહનો કિન્તુ ગયો બહુમતે વહી.

લક્ષ્મીનારાયણ મંદિરમાં વિરાજમાન સિંહાસનપે
હતી કૈંક ઠાકોરમૂર્તિઓ સુંદર આહલાદક સર્વે,

એમાંથી બેત્રણ મૂર્તિને ઉઠાવવા બીડું ઝડપ્યું
બેત્રણ મિત્રે, દુસ્સાહસ એ લાગ્યું અવનવીન સઘળું.

ચારપાંચ પ્રવેશીને સાથીએ શાંત મંદિરે
મધ્યાહ્ન સમયે લીધી પ્રતિમા વસ્ત્રમાં બધી,
ખખડાટ સુણી કિન્તુ પૂજારીએ ઉઠી જઈ
પડકાર કર્યો, નાઠા બાળકો ભીત સૌ થઈ.

દોડતી વખતે નાખી પ્રતિમા એક બાળકે.
માર્ગે આનંદબાબાના શુચિ મંદિરપ્રાંગણે;
નાસી ગયા બધા મિત્રો છુપાઈ ઘરમાં રહ્યા,
અધિકાંશ હતા સાથી ગાંધીના પરિવારના.

પૂજારીની વાત સુણી વડીલે
સૌ બાળકોને ધમકી દઈને
પૂછ્યું બધી મંદિરમૂર્તિ માટે;
બોલ્યા બધાયે શિશુ શાંતિ સાથે,

ગયા અમે મંદિર ખોલવાને
પરંતુ લીધી પ્રતિમા ન એકે;
દોષી ઠરાવે અમને પૂજારી
શંકા અમસ્તી કરતાં બધીયે.

પૂછ્યું મોહનને અંતે, એણે સત્ય બધું કહ્યું,
વડીલમનનું ત્યારે સમાધાન થઈ ગયું,
અભિનંદનને પાત્ર માન્યો મોહન એમણે;
પૂજારીએ ફરી પાછી મેળવી સર્વ મૂર્તિને.

*

પ્રવાહ શુચિસત્યના મધુરમંત્ર કેરો જગે
વહ્યો અવનવીન જે અમરતા ધરી ભાવિમાં,
હતો પરમ સૂક્ષ્મ બિંદુરૂપ અતંરાત્મે ખરે
નિરંતર વહી જતો પ્રથમથી જ એ જીવને.

## * 3. પિતાની વાણી *

થયો સમય કાળના ગહન ખેલ કેરો છતાં
ડર્યા નવ જરાય મોહન તણા પિતા, ઈશનાં
પવિત્ર ચરણો તણા સ્મરણ ધારણા ધ્યાનમાં
વિશેષ રસથી પ્રબુદ્ધ મનને લગાવી રહ્યા.

હતા દિવસ એ પ્રસન્ન કૃતકૃત્યના છતાં
રહ્યો વિષમ અંતકાળ નવ દૂર જાણે જરા;
વિચિત્ર જગની વિચિત્ર પરિપૂર્ણ લીલા કરી
વિદાય બનવું ફરી સફર પંથ અજ્ઞાતની

પડે મનુજને, બધે નિયમ એ પ્રવર્તી રહ્યો
કરી સ્મૃતિ વિષાદથી અબુધનાં ભરાતાં ઉરો;
પરંતુ બુધ તો સદાય પથને ગ્રહી શ્રેયનો
કરે સફળ જિંદગી વસવસો તજીને બધો.

*

કબા ગાંધી કહેવાતા પિતા મોહનદાસના,
શુભિના લક્ષણો જોઈ કર્યું જાહેર એકદા
એમણે સ્વજનોને, આ સઘળું કુળ તારશે
માત્ર મોહન સત્કર્મો થકી પૂર્ણ ઉજાળશે;

આત્મા મારો કહે એવું મિથ્યા કો'દી થશે નહીં,
ચિંતા ચિત્ત મહીં મારા ભાવિની ના કશી રહી.
પ્રસન્ન સ્વજનો શબ્દો સાંભળી સ્નેહના રહ્યા;
કહેલાં વચનો મીઠાં પિતાએ પૂર્ણ પ્યારમાં

હતી પ્રતીતિ ક્યાં કિન્તુ એમને કે ભવિષ્યમાં
કુળને જ નહીં આખી વસુધાને ઉજાળશે
અનેરો પુત્ર પોતાનો તારશે કૈંક આત્મને
પયગંબરની પેઠે પ્રકટાવી પ્રકાશને !

*

થયો સમય કાળના ગહન ખેલનો આખરે;

ડર્યા નવ જરાય મોહન તણા પિતા, ઈશના
પવિત્ર ચરણો મહીં મન બધું લગાડી રહ્યા;
બન્યાં અમર એમનાં વચન અર્પતાં પ્રેરણા.

* * * * *

## ૮. ક્રાન્તિપ્રસંગ

મહત્તા સર્વ ગાંધીની કેમ વર્ણવવી કહો,
સમસ્ત સિંધુને કેમ મપાયે જો કદી ચહો ?
સરિતાસ્વાદને પંખી શક્તિ મુજબ માણતું,
સ્વલ્પ પાણી ગ્રહીનેયે ધન્યતાને પ્રમાણતું.

તૃષા તૃપ્ત થતી તેની, આનંદે અંતરે વળી;
ગાંધીગંગ થકી એવો સ્વાદ સ્વલ્પ રહું ધરી.
કિશોરકાળની નાની ઘટનાની થતી સ્મૃતિ,
બીજમાં વૃક્ષની પેઠે ઘટના ગૂઢ એ હતી.

મતિભ્રમ થવાથી કે સંગદોષપ્રભાવથી
માંસાહારી થયા ગાંધી સદબુદ્ધિના અભાવથી.
કુસંગથી કહોને શું જિંદગીમાં બને નહીં ?
સ્ફુલ્લિંગની બની જાયે જ્વાળા સમીર સંગથી.

દુર્ગુણી માંસભક્ષી કો' ભાઈની મિત્રતા મળી,
રહ્યા કરજ એ ભાઈ પચીસેક તણું કરી.
ચિંતા ભય થકી ગાંધી અતિ બેચેનશા બન્યા,
કિન્તુ કરજમુક્તિના માર્ગ ના એમને મળ્યા.

ઉપાય પણ છેવટે સરસ હાથ લાગી ગયો,
અતીવ સુખ અર્પતો શુભ વિચાર એનો થયો,
મટી ભય ગયો મટી સફળ ઘોર ચિંતા વળી,
પ્રસાર મનને વિચારકણિકા રહી એ ધરી.

બંધુને હાથે હતું સોનાકડું ભારે,
થયા તેને કાપવા તૈયાર તે ત્યારે;
માત્ર તોલાભર કપાયે કરજ સર્વ ટળે,
ગુપ્ત ઘટના રહે તેમજ હેતુ એમ સરે.

વિચારીને એમ મૂકી અમલમાં એને
કરજ વાળ્યું, કિન્તુ સેવ્યું સત્યને જેણે

યુવક એ ગાંધી તણા મનમાં વિચાર થયા,
વિપથગામી આપણે તો થઈ છેક ગયા !

પ્રતિજ્ઞા અસ્તેયની એ ઘડીએ જ કરી
રહ્યા અંતર અશ્રુપાતે દીર્ઘકાળ ભરી;
પ્રકટ કરવા ચહ્યું સઘળું પિતાની પાસે;
લખી ચિઠ્ઠી પછી પ્રાયશ્ચિતની આશે.

હાથોહાથ ધરી ચિઠ્ઠી દોષના એકરારની,
શિક્ષાની માગણી કીધી એમાં એ અપરાધની.

ભવિષ્યમાં ભૂલ ન થાય એની
સાચી પ્રતિજ્ઞા પણ એ મહીં કરી,
વિનંતિ ના વ્યગ્ર થવા પિતાને
કરી જરા ઊર્મિલ અક્ષરે વળી.

વાંચી બધાં એ વચનો પિતાને
કેવી અનોખી ઉર ભાવના થઈ;
પુષ્પો સમાં આંસુ રહ્યા નિહાળી
ગાંધી ખરે વિસ્મય પામતા રહી.

પિતાજી રુગ્ણ ફાડીને ચિઠ્ઠી સૂઈ ગયા ફરી,
વદ્યા વાક્ય નહીં એકે, વ્યથા અંતરમાં ભરી.

ગાંધી બની આર્ત અતીવ એમનો
રડી રહ્યાં પુષ્કળ પ્રેમ જોઈ,
રડે નહીં કેમ ? દ્રવી રહેત જો
પડેલ ત્યાં પથ્થર હોત કોઈ.

વ્યાખ્યાન સદગ્રંથ શિખામણો વળી
આખ્યાનયે નિષ્ફળ શાં થતાં જ્યાં
કોઈક કાળે અતિધન્ય પ્રાણે,
એકાદ બે આંસુ ફળી રહે ત્યાં.

પ્રભાવ પાડે સ્વર શાંત મૌનના,

રસ્તો કરે ઉત્કટ ગૂઢ લાગણી,
એકાદ દૃષ્ટિ, સ્વર, સ્પર્શ સ્નેહનો
સૃષ્ટિ કરે, ત્યાં રસપ્રેમત્યાગની.

આમૂલ ને મંગલ ક્રાન્તિ એ સૌ
કરી રહે જીવનમાં અમી ભરે,
કઠોર ના દંડપ્રથા કરી શકે
સુધાર એવો શુભ કાયમી કરે.

શક્તિ અહિંસા શુચિસ્નેહ મૌનની
અચિંત્ય ને છેક અમૂલ જેવી,
ક્ષમા તણી ઔષધિ દિવ્ય સાચે
સંજીવની એક અનન્ય એવી.

ગાંધીની જિંદગી માંહી ક્રાંતિ એ દિવસે કરી,
નવીન ભાવનાદૃષ્ટિ એ પ્રસંગ થકી મળી.

પરિવર્તન એ દૈવી પણ પૂર્ણ રહી ધરી,
લાગી ના કાલિમા એવી જરા જીવનને ફરી.

પ્રેમાળ એ પિતા માટે પ્રાણે પ્રેમ વધી રહ્યો,
પ્રસંગ એ પિતાનેયે સ્નેહસંતોષનો થયો.

લક્ષણો ઉચ્ચ આત્માનાં ભિન્ન શૈશવથી દીસે,
ભિન્ન ભાવવિચારોના એનામાં અંકુરો વસે.

ખીલે કળી સૂર્યપ્રકાશ પામી
સુવાસ સ્વાભાવિક કિન્તુ લાવે,
મહાજનો એમ વિકાસ પામે,
વિશેષતા સત્વ સમેત આવે.

સૂર્યોદય પહેલાં આ ઉષા પ્રાચી દિશે હસે,
સંપન્ન એમ એ લાગે શૈશવે નવલા રસે.

* * * * *

## ૯. દક્ષિણ આફ્રિકામાં

કોટિ ક્રીડા કહો કેમ કરી કૌમાર્યની કહું,
અસીમ અબ્ધિને પંખી પેઠે પાર કરી રહું.
એમની જિંદગી કૈંયે આલેખી ઈતિહાસમાં
કથાને વર્ણવી પોતે પોતાની અવકાશમાં.

વિશેષ લક્ષણો ન્યારાં ઉચ્ચ આરંભથી ભળ્યાં
આત્મામાં, કાળની સાથે ક્રમથી વધતાં રહ્યાં.
ચંદ્રમાની કળા જેવી વધે પ્રત્યેક રાતમાં,
આદિત્યનાં સરે રશ્મિ જેવી રીતે પ્રભાતમાં,

ક્રમે પ્રબળતા ધારે, તેમ સદગુણ એમના
બળવાન બન્યા નિત્ય અંકુરો શુદ્ધ ભાવના.
સત્યનો પ્રેમ સંનિષ્ઠા સત્યની મૃદુતા ક્ષમા,
અસ્તેય ને દયાસેવા; લેશ ના માનની તમા,

ધીરતા મિત્રતા મૌની શત્રુતાભાવના નહીં,
અન્યના હિતની ચિંતા, રતિ ના સ્વાર્થવૃત્તિની.
નીતિન્યાય તથા ધર્મે પ્રીતિ સદભાવના વળી
શ્રદ્ધા ઈશ્વરમાં ભક્તિ, દ્વેષભાવ નહીં જરી.

ભય ના સ્વલ્પ કોઈનો, શાંતિ સંપ વિવેકનો
પક્ષપાત સદા પ્રેમ પ્રતિજ્ઞા વ્રતટેકનો.
એકરાર જરા જેવી ભૂલનો કરતાં કદી
સંકોચ લેશ ના, ઈચ્છા કરવા દૂર સૌ ક્ષતિ

પવિત્ર પ્રાર્થના પ્રેમ સાદાઈ શુચિતા તથા
અહિંસા સમતા શ્રદ્ધા શ્રમ સ્વાશ્રય નમ્રતા:
એ બધા અન્ય ને એવા ગુણતારક સોહતા,
એક ચંદ્રસમીપે સૌ છેક નિસ્તેજ ભાસતા.

અંતરાકાશમાં દૈવી ચંદ્રોદય સમું થયું
માનવીપ્રેમપ્રાકટ્ય હંમેશા વધતું રહ્યું.

માનવીહિતની ચિંતા ઈચ્છા ઉત્કર્ષની મહા,
બદ્ધ શોષિત ને દુઃખી અપમાનિત આત્મને

માટે સંવેદના પ્રાણે એમના અદકી હતી,
છેલ્લા શ્વાસ લગી મીઠી સરિતા સરખી વહી.
આનંદિત બની એથી આકર્ષાઈ કથા કરું
ભરયૌવનની ન્યારી અમૃતાંજલિને ધરું.

*

બારિસ્ટર બન્યા ગાંધી વિલાયત મહીં રહી,
આરંભના ગયાં વર્ષો ઘણાં અભ્યાસમાં વહી.
શંકાશીલ કુટુંબીએ કરાવ્યું શુદ્ધિકર્મને
પ્રાયશ્ચિતરૂપે પાછા પધાર્યા દેશ તે સમે.

પ્રસ્થાન પહેલાં પ્રેમે પ્રતિજ્ઞાઓ કરાયલી
માતા સમક્ષ તે સર્વે ઢાલ શી એમની બની
સુરક્ષા કરતા રોજે રહી ત્યાં પરદેશમાં
મદિરાપાન ને માંસ પરસ્ત્રીત્યાગની મહા.

પ્રજ્ઞાપ્રદીપિકા ન્યારી બની જાગ્રત અંતરે
સહોદરા સમી પ્રેરી રહી શાશ્વત સત્પથે.

*

કેસ પ્રસંગે સહસા વિદેશે
પાછા ગયા દક્ષિણ આફ્રિકામાં;
સ્વર્ણાક્ષરે અંકિત સૌ બની ગયા
પ્રસંગ ત્યાં પાવન જિંદગીમાં.

અનુભવો કટુ ઘોર ત્યાં
વિવિધ અંતરને મથતા મળ્યા;
અવનવીન પરિસ્થિતિ પેખતાં
પરમ પ્રાણ મહીં પ્રકટી વ્યથા.

અસંખ્ય નાનાવિધ દેશલોકમાં
કુસંપ પેખ્યો પરદેશમાં ત્યાં,

દશા નિહાળી અતિ દીનહીન શી
રડી રહ્યા કોમળપ્રાણ ગાંધી.

કુલી કહેતા સહુ ગૌર લોકો
ને અર્પતા ત્રાસ અનંત એમને,
રેલ્વે મહીં અન્ય સ્થળે બતાવતા
ધિક્કાર વિદ્વેષ અસહ્ય ભેદને.

હતી પ્રથમ વર્ગની ટિકિટ તોયે ના એમને
જગા પ્રથમ વર્ગમાં સુખદ રેલમાંહી મળી,
ચડ્યા અધિક કિન્તુ કાળલગ ના વિરાજી શક્યા,
ઉતારી આખરે પાડ્યા અપમાન મહા કરી.

લાગણી એમની કેવી ઘવાઈ તે ક્ષણે રહી;
ટાંગાએ ભેદની ભારે કથા અન્ય દિને કહી.

મોતથી પણ માઠી એ યાતના ભેદભાવની
જગવી સુપ્ત આત્માને ભેદી પૂર્ણપણે ગઈ.
લડવા ન્યાયને માટે સુરક્ષા કરવા તથા
સ્થાપી મંડળ પોતાના દેશવાસી તણું રહ્યા.

મૂલ્ય માનવતા કેરૂં રહેલું લવલેશ ના
ધિક્કારમદની છાયા ઢળેલી એ પ્રદેશમાં
માનવી માનવી સામે ધારતો વૃત્તિ આસુરી,
સહીને માનવી કષ્ટો અપમાન રહ્યા વસી.

રંગભેદ તણી બાંધી દીવાલો અજ્ઞ માનવી
કૂપમંડૂકની પેઠે સ્વયં કેદ ગયા બની.
મૂળ ભારતવાસીઓ જાણે વિવશ શા બન્યા,
આત્મગૌરવના ભાવો લુપ્તપ્રાય થઈ ગયા.

પરિસ્થિતિ વિલોકતાં વિકટ સર્વ હિંદી તણી
વ્યથા અનુભવી રહ્યા અસહ મૂક ગાંધી ઘણી,
મનુષ્ય પશુથીય હીન વસતા વિપત્તિ મહીં

ગુલામ સમ આત્મને સતત ગૂંગળાવી દઈ.

મનુષ્ય કેરા અધિકારથી બધા
બની રહ્યા વંચિત એ યુગો થકી,
જનમ્યા બની માનવ કિન્તુ સાંપડ્યું
મનુષ્યનું ગૌરવ ના વિદેશમાં.

હત્યા થતી નિર્દય આત્મ કેરી
પદેપદે સર્વસ્થળે સદાયે;
બની ગયા વિહ્વળ વેદનાથી
ગાંધી અવસ્થા અવલોકતાં એ.

*

મતાધિકારને પામે લોક ભારતના નહીં
તે માટે યોજના રાજ્યે કરેલી બિલની મહીં
પ્રતિકાર કરી ગાંધી ઘોર એ બિલનો રહ્યા,
એકત્ર દેશવાસીઓ એમની પડખે થયા.

છેદી નિર્માલ્યતા ક્લૈબ્ય લઘુતાગ્રંથિ લોકની
અહિંસા સત્યના ન્યારા અર્પી મંગલ મંત્રને
આંદોલન જગવ્યાં ત્યાં ન્યાય ખાતર એમણે
ખોઈ સ્વમાનને રે'વું સ્વમાની શુભ ના ગણે.

પાછા ભારતમાં આવી પ્રવાસો આકરા કરી
વાકેફ રાષ્ટ્રનેતાને કરતાં યાતના થકી
સહાનુભૂતિ સર્વેની જગવી એમણે અહીં
જનતા લાગણી સાથે ઇતિહાસ સુણી રહી.

સ્વદેશમાં સ્વલ્પ જ કાળમાં એ
પામ્યા પ્રસિદ્ધિયશ બાલસૂર્ય શા,
સંદેશ આકસ્મિક ત્યાં જ સાંપડ્યો
નાતાલ સપ્રેમ પુનઃ પહોંચ્યા.

અર્પી રહ્યા મંગલ માર્ગદર્શનને
પ્રકાશ સંજીવન નવ્ય પ્રેરણા

અંધાર માહીં અટવાયલાંને
આધાર સામર્થ્ય અનંત ચેતના.

રોષે ભરાઈ પણ ગૌર લોકો
અપૂર્વ શી જાગૃતિથી પ્રજાની
નિંદી રહ્યા દાખવતાં અવજ્ઞા
દોષ ગણી દુશ્મન ઘોર એમને

પ્રજા તણા ને સરકાર કેરા,
કરી રહ્યા સર્પ સમા પ્રતીક્ષા
સ્વક્રોધને ઠાલવવા સુયોજી
ઉપાયે વિદ્વેષભર્યા અનોખા.

પ્રચાર મિથ્યા કરતાં વિષેભર્યો
પ્રસંગ ઊભો કટુ એમણે કર્યો;
કરે નહીં શું કમભાગ માનવી
વિદ્વેષના વિકૃત વહ્નિને વર્યો ?

વધારનારી પણ એ મહત્તા
ગાંધીતણી ઘાતક યોજના થઈ,
ભાગીરથીમાં ભળતા પ્રવાહો
બગાડતા નિર્મળ નીરને નહીં.

મહાસફર ચાલતી યુગયુગો થકી શાંતિની
સમુન્નતિ પ્રકાશની પરમ પ્રેમપાવિત્ર્યની
મહામધુરતા તણી સતત પૂર્ણસ્વાતંત્ર્યની
અહિંસક સમાજની અવનવીન સંવાદની.

મહાસફર ચાલતી : મનુજ દ્વંદ્વયુદ્ધો કરે
અનર્થ દુઃખ દૈન્ય શોષણ અશાંતિ સંતાપ ને
વિભિન્ન વિષબંધ સાથ જગના ઉષઃકાળથી,
પરાજય લભે કદી વિજય, નિત્ય વિશ્વે ફરે.

મહાસફરમાં અસંખ્ય અવતારશા માનવી

મળ્યા જગતને મહાન કૃતકૃત્ય જ્યોતિર્ધરો
સદા પથ બતાવતા મનુજને રહ્યા સત્યનો
કરી પ્રકટ પાવની મધુર કર્મની જાહ્નવી.

મહાસફર પૂર્ણ ના હજુ મનુષ્યકેરી થઈ
મહા દનુજનો પ્રભાવ દીસતો ધરિત્રી મહીં
પ્રકાશ નહિ અંધકારપડળો છવાયાં બધે,
મનુષ્ય રચવા મથે સુભગ સ્વર્ગસૃષ્ટિ અહીં

અને નરકનો પ્રસાર કરવા મથે દાનવો,
મટો વિષમતા હસો પુનિતપ્રાણ ધારી મહી !

* * * * *

## ૧૦. પવિત્રતાનો પ્રસંગ

જઈ રહ્યા દક્ષિણ આફ્રિકામાં
પ્રસંગ ત્યારે મધુરો બનેલો
અતીવ નાનો ગુણમાં પરંતુ
મહાન પાવિત્ર્યરસે ભરેલો.

કલેન્દુ થકી પૂર્ણ મયંક ખીલે
ક્રમે ક્રમે અમૃતધાર ઝીલે,
બને વળી બીજ થકી જ વૃક્ષ
સંકલ્પથી સર્જનનો સમુદ્ર.

પ્રસ્થાનકાળે અતિઅલ્પ લાગતી
નદી મહાસિંધુ સ્વરૂપ ધારે,
આગે બઢી મત્ત બની તરંગે,
છે ક્ષુદ્રમાં શક્તિ રહેલ ભારે.

સ્ફુલ્લિંગ એ પાવકનો બતાવે,
સંયોગ સાધી શુભ વાયુ સાથે
પ્રચંડતામાં પલટી નિજાત્મને
પદાર્થ ભારેખમને જલાવે.

સુધામઢ્યા એક જ સ્વાતિબિંદુનો,
સુણ્યો અનેરો મહિમા અનેકે,
મુખે પડીને ઉદરે સમાઈ
અર્પે મહામૌક્તિક ધન્ય મીનને.

સામર્થ્ય ભારે પરમાણું કેરું,
પદાર્થને સર્વ મળી બનાવે,
વિનાશ ને સર્જનના વિપાકથી
સૃષ્ટિ સદા દ્વંદ્વ તણી કરાવે.

*

ઉત્સાહયુક્ત ગાંધીજી પરદેશ જઈ રહ્યા,
વિસ્તીર્ણ સિંધુને બેસી નૌકામાં નીરખ્યે જતા,

વિચારતા તરંગોથી ભરેલા ભવસિંધુને
વીચિમાળા અનોખી આ જિંદગીની અનંત ને

પ્રવાસ વિશ્વ કેરો આ હર્ષશોક થકી ભર્યો
વિરાજી તનનૌકામાં જીવાત્મા કરતો રહ્યો:

ભેખડોપર્વતો આવે, સલામત પ્રવાસ ના,
પ્રલોભનતણી ભારે હારમાળા અનંત આ
આત્માની ઊર્ધ્વયાત્રામાં કૈંક આવર્ત પંથમાં,
સમીરો છૂટતા ઝેરી વડવાનલ વ્યાપતા.

નૌકા ડગમગ ડોલે, સુકાની હામ હારતા;
હારવી ના છતાં હામ, યાત્રાને નવ છોડવી,
સઢ સંયમના ધારી, સુકાની સત્યનો કરી
ગંતવ્યસ્થાનની સાથે પ્રીત સંપૂર્ણ જોડવી;

સમીર સ્નેહનો જોઈ સાનુકૂળ પ્રયત્નનાં
પાવિત્ર્યનાં હલેસાંથી શ્રદ્ધા ધીરજ ખંત ને
ઉત્સાહ પતાકાથી કરે પુણ્યપ્રવાસને,
બને સફળ યાત્રી એ તરંગે અટવાય ના,

વરે વિજયને અંતે ભવસાગરમાં મહા
આત્મજાગૃતિનાં જેણે સજ્યાં શસ્ત્રાસ્ત્ર પ્રાણમાં.
તરંગો તર્કનાં એવાં અનેરાં ઊઠતાં જતાં
પ્રકાશ અર્પતાં દૈવી માર્ગદર્શક શાં થતાં.

*

નવીન સ્ટીમરો કેરું ઝાંઝીબાર શહેરમાં
દીર્ઘકાળ સુધી ત્યારે થતું રોકાણ માર્ગમાં.

પ્રેમી કપ્તાન ગાંધીને દુરાગ્રહ ઘણો કરી
સહેલ સારુ પોતાના મછવામાં ગયા લઈ,
હબસીનાર-વાડામાં વાસનાપૂર્તિ હેતુથી
કોટડીમાં પહોંચાડ્યા શાણી વિવિધ યુક્તિથી.

ગાંધી શક્યા ના સમજી સમગ્ર એ
પ્રસંગને, શૂન્યમનસ્ક જેવા
ઊભા રહ્યા સુંદર કોટડીમાં
આશ્ચર્યમાં મગ્ન બની ખરે ત્યાં.

નારી વિરાજેલ નિરાશ નેત્રે
રહી નિહાળી જડ માનવીને;
ચળ્યા નહીં લેશ પરંતુ ગાંધી,
ઊઠી નહીં અંતર ક્ષુદ્ર આંધી.

માતા સમી સૌ પરસ્ત્રી નિહાળતા
પ્રકાશ સૌમાં પ્રભુનો પ્રમાણતા,
બની શકે ચંચળ એમનું શે
મદેભરેલું મન અંધ કામે ?

આદેશ કપ્તાન તણો લભીને
બહાર આવ્યા શુચિપ્રાણ ગાંધી,
કૃપા થકી ઈશ્વરની જ રાખ્યું
પાવિત્ર્યને અક્ષય અગ્નિમાંથી.

પ્રતીક શા પૂર્ણ પવિત્રતાના
એકાંતની કે અનુકૂળતાની
ડગી શક્યા ના કપરી ક્ષણોમાં
એ શીલ ને સંયમવંત ગાંધી.

ધપી રહ્યા જીવનના પ્રવાસે
સદા રહી સાવધ સત્યનિષ્ઠ,
વ્યથા વિપત્તિ પ્રતિકૂળતાઓ
કરી રહી આતમને બલિષ્ઠ.

પ્રસંગ એવા ત્રણ ચાર આવ્યા
છતાં ડગ્યા ના પ્રભુભક્ત એ કદી,
કુમાર્ગગામી ન કરી શકે કો
અશુદ્ધિ, ના અંતર એમને નડી.

## ૧૧. હુમલો અને ક્ષમા

પત્ની તથા પુત્ર સમેત ગાંધી
ફરી પહોંચ્યા પરદેશ ત્યારે
ચાહ્યું વિરોધી નવ ગૌર લોકે
ઉતારવા સ્ટીમરને કિનારે.

સભા ભરી ક્રોધિત ગૌર લોકો
દઈ રહ્યા ધમકી નવી નવી,
પાછી જવા સ્ટીમરને કહેતા
પ્રલોભનો ને ભયને બતાવી.

સંજોગ ઝેરી પ્રતિકૂળ સર્વે
છવાયલા ડર્બનના શહેરમાં
વિરોધ વિદ્વેષ અનંત ત્રાસના
સંઘર્ષના ભીતિ તણા અશાંતિના.

વિદેશવાસી અતિદીન હિંદી
ને ગૌર મિત્રો અતિઅલ્પ એવા,
કરી રહેલા પ્રતિકાર હિંમતે
અંગ્રજનો શાંતિ થકી હમેંશા.

વિષાક્ત વાતાવરણે વસીને
અન્યાય સામે લડતા બધાયે
તજી નિરાશા ભય કે કુસંપને
જગાવતાં શાશ્વત ચેતનાને.

અંગ્રજ ભારે બળવાન ત્યાંના
સદભાવના તેમજ સંપવૃત્તિથી
હિંદી જનોને અતિ ત્રાસ આપતા
સહાય પામી સરકાર કેરી

અનિષ્ટકારી કટુ રંગભેદની
વિષાક્ત અત્યંત અસભ્ય નીતિથી

બની અનુપ્રાણિત કે વધારે
ઉત્તેજના દાનવ જેમ મેળવી.

આપી રહ્યા સ્ટીમર જનોને
ક્રોધે ભરાઈ ધમકી અનેક એ,
પાછા ફરો સૌ નહિ તો સમુદ્રમાં
ડુબાડશું સ્ટીમરને નિમિષમાં.

ડરી ગયા લોક સમસ્ત ત્યારે
ગાંધી રહ્યા ધૈર્ય અસીમ અર્પી
આત્મા થકી હિંમત-સ્વસ્થતાની
સંજીવની શાશ્વત દિવ્ય વર્ષી:

વ્યથા તણાં વાદળને વિખેરી
નિશ્ચિંતતાની નવજાત સૃષ્ટિ-
તણું કર્યું દાન પ્રશાંત ચિત્તે
સંક્ષુબ્ધને સત્વર પૂર્ણ પ્રીતે.

આક્ષેપ ગોરા જનના હતા કે
નાતાલમાં માત્ર વસાવવાને
બંને મહાસ્ટીમર હિંદમાંથી
લાવ્યા કરીને ષડયંત્ર ગાંધી.

આલોચના ભારતમાં રહીને
નાતાલના ગૌરજનો તણી કરી,
નિંદા કરીને સરકાર નીતિની
મિથ્યા પ્રલાપે કટુતા બધે ભરી.

હતા નિરાધાર નિતાંત બંને
આક્ષેપ ગોરા અતિ ક્રુદ્ધ લોકના
છતાં મહાજોખમને વિચારી
ડૂબી ગયા કૈં જન ઘોર શોકમાં.

ગાંધી તથા અન્ય મુસાફરોને

મળ્યાં વળી દારુણ અલ્ટીમેટમો
ને જીવના જોખમની કથાઓ
કહી રહ્યા ગૌર વિષભર્યા જનો:

છતાં ટકાવ્યું નિજસ્થૈર્ય સૌએ
ગાંધી તણા પ્રેમભર્યા પ્રયાસથી,
આશા તથા હિંમતને તજી ના,
ચળ્યાં નહીં ચિત્ત જરાય ત્રાસથી.

શ્રદ્ધા અને મક્કમતા તણો જે
આત્મા સદા શાશ્વત રંગ માણે
શકે ન કોઈ ધમકી ડરાવી
એને ચળાવી કટુ વેદના કે.

*

વિજય આખર સત્ય તણો થયો
અભય સુદૃઢતા સમતા તણો
અસુરના બળ આગળ દેવના
હૃદયનો, તમમધ્ય પ્રકાશનો:

પ્રણયનો, કટુ વેર તણો નહીં,
જડ તણો નવ, ચેતનપ્રાણનો,
અમર આશ તણો, શુચિ ધૈર્યનો,
મનુજના ગિરિસદૃશ સ્થૈર્યનો.

બાવીસ દિવસો વીત્યે મુક્તિ સ્ટીમરને મળી,
ઉતારુ ઊતર્યા સર્વે નવજીવનને ધરી.

પ્રધાનમંડળના સભ્ય તણો આપ્યો કપ્તાને સંદેશ
ઉત્તેજિત બન્યા ગૌરજનો નથી સલામત ગાંધી લેશ.
કુટુંબ સાથે આજ એમને ઉતારજો સંધ્યાકાળે,
વ્યવસ્થા થશે લઈ જવાની શહેરમાં સુંદર ત્યારે.

વકીલ ત્યાં લૉટન ગૌર આવી
વિશ્વાસ ને હિંમતથી વદ્યા કે

ગાંધી પધારે મુજસાથ શાંતિથી
ચિંતા રહેશે નવ તો પછી કશી:

બાંયેધરી ચોક્કસ સ્ટીમરોના
એજંટના શ્રેષ્ઠ વકીલરૂપે
આપી રહ્યો સત્વર આટલી હું
નિર્ભીકચિત્તે ભય છે પછી શું ?

લઈ જઉં જોખમપે મહારા
જવાબદારી સમજી યથાર્થ,
કરીશ સંપૂર્ણપણે સુરક્ષા
માની લઈને મુજને કૃતાર્થ.

ગાંધી, પધારો મુજસાથ પ્રેમે
ના જિંદગીનો ભય સેવતા તો,
નિશ્ચિંતતા હિંમત પૂર્ણ ધારી
આત્મીય માની મુજને તમારો.

પત્ની તથા પુત્ર ભલે તમારાં
ગાડીમહીં શેઠગૃહે પધારતાં,
જાહેરમાર્ગે જ પ્રયાણ આપણે
કરી રહીએ સ્મિતસાથ આ ક્ષણે.

શહેરમાં જો ભયભીત ચિત્તે
તમિસ્ત્રમાં ગુપ્તપણે પ્રવેશશો
પસંદ સ્વલ્પે પડશે મને ના,
હશે નહીં એ વ્યવહાર વીરનો.

મિથ્યા તજી સંશયને પધારો
મારી જ સાથે નગરે હવે તો,
છે છત્રછાયા પરમાત્મ કેરી
શિરે સદાયે ભય છે પછી શો ?

થશે નહીં વાળ જરીય વાંકો

વિશ્વાસ રાખો વચનો મહીં એ,
સંજોગ છે શાંત બની ગયા સૌ,
ઉત્તેજના તીવ્ર શમી ગઈ છે.

*

થયા સંમત ગાંધીજી, કપ્તાનની રજા લઈ
વિદાય બાળકોને ને પત્નીને પ્રેમથી દઈ
ઊતર્યા શાંતિથી નીચે પૂર્ણ નિર્ભયતા ધરી,
પરિસ્થિતિ હતી કિન્તુ સાનુકૂળ નહીં જરી.

નિહાળતાં નિર્ભય સંતને એ
રોષેભર્યા ઉદ્ધત કૈં યુવાનો
પોકારવા પાગલ જેમ લાગ્યા,
'ગાંધી' સ્વરોના પ્રતિઘોષ જાગ્યા.

ટોળે વળ્યા શીઘ્ર અસંખ્ય લોકો
ઉત્તેજનાના સ્વર સાંભળીને,
અશાંત વાતાવરણે નિહાળી
ગાંધી રહ્યા મારક માનવીને.

મંગાવી લૉટને રીક્ષા; ધમકી લોકની લભી
રિક્ષાવાળો ગયો નાસી મારની ઘોર ભીતિથી
વધ્યા આગળ એ બંને, ટોળુંયે વધતું ગયું,
ઉશ્કેરાટ થયો ભારે તંગ એ સ્થળ ને થયું.

કાંકરા તથા ઈંડા કેરો વરસ્યો ગાંધી પર વરસાદ;
પાઘડી ઉડાડી લોકોએ અવમાન તણા જગવી નાદ.
લાત લગાવી અસંખ્ય લોકે, તમ્મર ગાંધીને આવી,
લપડાક પડી કઠોર કેવી, હિંસક લોક ગયા ફાવી.

પોલીસના વડાની સ્ત્રી નીકળી એ જ માર્ગથી,
અનીતિ અવલોકી એ પોતાના પુરમાં થતી.

પરિચય ગાંધીનો હોવાથી ઊભી પાસ રહી આવી,
ઉશ્કેરાયા લોક વિશેષે શક્યા નહીં એથી ફાવી.

ખબર મળ્યા પોલીસો ત્યાં રક્ષા કરવાને આવ્યા,
સહીસલામત ગાંધીજીને પછી ઉતારા પર લાવ્યા.

*

શેઠ રુસ્તમજી કેરા પ્રવેશ્યા ગૃહમાં પછી
ડાક્ટરે શીઘ્ર ગાંધીનો ઉપચાર કર્યો શરૂ
શેષ કિન્તુ હતી ભાગ્યે ક્ષણો થોડી અશાંતિની
પ્રભાત પ્રકટ્યું તેથી નહીં નિશ્ચિંતતા તણું.

ટોળું ભેગું થયું પાછું રાત્રીના અંધકારમાં
શેઠના ગૃહની સામે પાડી પોકાર ક્રોધમાં
સોંપી દો શીઘ્ર ગાંધીને, સૌએ સંદેશ મોકલ્યો,
નહિ તો તમને સૌને તમારી ને દુકાનને

નિમિષમાં જ નાખીશું ભસ્મીભૂત કરી અમે:
ડર્યા રુસ્તમજી કિન્તુ ધમકીથી ન સ્વલ્પ એ.
માહિતી મળવાથી ત્યાં આવ્યા પોલીસને લઈ
સુપ્રિન્ટેન્ડેન્ટ ટોળાને રહ્યા શાંત કરી જરી.

ગૃહના દ્વારની પાસે ઊભા મેજ પરે રહ્યા,
સુરક્ષિત કરી દીધું ગૃહ એમ નિમિષમાં.
છૂપી પોલીસના લોકો ગોઠવાઈ ગયા બધે
નિયંત્રણ મહીં સર્વે રાખવા ક્રુદ્ધ લોકને.

આદેશ એમનો પામી હિંદી પોશાકને સજી
વ્યાપારીનો લઈ વેશ પોલીસે ગુપ્તતા થકી
ગાંધીજીને જણાવ્યું કે શેઠની, સ્વજનો તણી,
જાનમાલતણી સ્ત્રીની શિશુની ગૃહની વળી

સુરક્ષા ચાહતા હો તો ગુપ્ત ગોદામમાર્ગથી
ભારતીય સિપાઈનાં પહેરી વસ્ત્ર શાંતિથી
અમારા માણસો સાથે ગૃહત્યાગ કરી તમે
પહોંચો શીઘ્ર ગાડીમાં બેસી પોલીસ સ્ટેશને:

ગલીમાં જ અમારી છે ગાડી એકાંત સ્થાનમાં;

ઉપાય અન્ય એકે ના આ ભયંકર રાતમાં.
ભસ્મીભૂત કરી દેશે તોફાનીઓ મકાનને,
નુકસાન તણું ભારે કરી લો અનુમાનને.

સંજોગ સર્વે સમજી લઈને
પોશાક પોલીસ તણો પહેરી
પોલીસના રક્ષણ સાથ સ્ટેશને
ગયા પહોંચી યુગમૂર્તિ ગાંધી.

ત્યારે પૂછી રહ્યા પ્રશ્ન સુપ્રિન્ટન્ડેન્ટ ભીડને,
ચહો છો શું અને શાને માટે પોકારતા તમે ?
ગાંધીને માગતા, બોલ્યા લોકો એકસ્વરે બધા,
નિરધાર કર્યો પાકો અમે એને જલાવવા.

પ્રચાર ભારતે એણે નિરાધાર ઘણો કર્યો,
હજારો હિંદવાસીઓ સાથે પાછો અહીં ફર્યો.
પરંતુ ગૃહમાં ગાંધી નથી, કેવળ એમનો
પરિવાર જ છે એને યોગ્ય આગ લગાડવી ?

સુપ્રિન્ટેન્ડેન્ટ બોલ્યા કે તમારા દેખતાં ગયા
સલામત સ્થળે ગાંધી પરિત્યાગી મકાન આ:
ત્રણચાર સદસ્યોની મંડળી આ મકાનનું
નિરીક્ષણ કરે બીજા પ્રતીક્ષા શાંતિથી કરે

નુકસાન પહોંચાડે અન્ય માનવને નહીં
સ્વીકારી સૂચના સર્વે ટોળાએ નિરુપાયથી.
ત્રણચાર સદસ્યોએ જોઈ સર્વ મકાનને
જણાવ્યું કે નથી ગાંધી ત્યારે સાંત્વન સ્નેહના

સુપ્રિન્ટેન્ડેન્ટના શબ્દો સુણી ટોળું જતું રહ્યું,
અનંત નુકસાનીથી ગૃહ એ ઊગરી ગયું.

*

ચેમ્બરલેને તાર કર્યો કે
દોષિત કેરો દંડ કરું

કામ ચલાવી ન્યાય આપવા
પગલાં યોગ્ય સમસ્ત ભરું.

પરંતુ દંડ દેવાને ગાંધી તૈયાર ના થયા,
ક્ષમાનાં વચનો થોડાં એમણે પ્રેમથી કહ્યાં.
ઘવાયેલા ઘણા કિન્તુ કટુતા યુક્ત શબ્દ ના
કહ્યો એકે વૃથા સેવ્યો સ્વલ્પ વિદ્વેષભાવ ના.

વધસ્તંભ પરે જેમ ઈશુએ પ્રાર્થના કરી,
છાંય ના શત્રુતા કેરી લેશ અંતરમાં ફરી.
શમે ના વેરથી વેર એ વિવેક થયા પછી
વેરનો બદલો વેરે લેવા ઊર્મિ ઉઠે નહીં.

અવસ્થા એ અનેરી ને કષ્ટસાધ્ય ખરે ઘણી
થતાં પ્રાપ્ત જતા ક્લેશો વિદ્વેષો ભય સૌ ટળી.
સત્યની સાધના એવાં કોટિ કષ્ટ થકી ભરી,
ધીરવીર પ્રતાપી કો રહે સંસિદ્ધિ મેળવી.

અવમાન તથા નિંદા સામનો કરવો રહે;
અંધકાર મહીં મીઠું સ્મિત સાચવવું પડે;
પ્રવાસ સત્યનો ત્યારે પરિપૂર્ણ બને ફળે,
સાચા સાધક આત્માને સિદ્ધિ શ્રેયસ્કરી મળે.

કાયરોનું નથી કામ આ તો પાવક પંથ છે,
નિમિષમાં પમાયે ના એના ચોક્કસ અંતને.

ડરે ત્યાગ વ્યથાથી કે ચિંતા ને બલિદાનથી
પ્રવાસ એહને માટે સહેલો સત્યનો નથી.
માથા સાટે મળે વસ્તુ એટલે જ કહેલ છે,
દૃઢ નિશ્ચયવાળા ને શૂર માટે સહેલ છે.

*

ગોરાજનો સત્ય હકીકતોને
જાણી નિહાળી નતમસ્તકે રહ્યા;
દોષી ગણીને હુમલાવરોને

આલોચનાના કટુ શબ્દને કહ્યા.

ગાંધી ઠર્યા દોષવિમુક્ત આખરે
લભ્યા પ્રતિષ્ઠા બનતાં યશસ્વી,
વધી ગયો આદરભાવ એમનો
અગ્નિપરીક્ષા સરખા પ્રસંગથી.

ટોળે વળે વાદળ મેઘ ગર્જે
વિદ્યુતના હો ચમકાર લાખો
પ્રકાશતો સૂર્ય છતાંય અંતે
તમિસ્ત્ર ભેદી રસપૂર્ણ ન્યારો,

અસત્ય ના શાશ્વત સત્ય કિન્તુ
એવી જ રીતે જય આખરે લભે,
યથાર્થ સિદ્ધાંત કહ્યો મહાત્મે
ના સત્યને હાનિ થતી જરા જગે.

* * * * *

## ૧૨. પ્રેમનો વિજય

બની રહ્યા વિશ્વસનીય સાથી
ગાંધી તણા કૅલનબૅક નામે
અમીર ત્યાં જર્મન આફ્રિકામાં
કથા સુવિખ્યાત રસાળ આખી.

ફિનિક્સના આશ્રમમાં રહેતા
હતું વિરોધીદળ ઉગ્ર ત્યારે
સલામતી જીવનની હતી ના
સૂતાં છતાં વ્યોમતળે અરણ્યે.

બલિષ્ઠ રક્ષા કરતા યુવાનો
ગાંધી તણી રાત સમસ્ત જાગી,
રુચી નહીં એ સ્થિતિ શીઘ્ર એમણે
રોક્યા મહાસંરક્ષક શા યુવાનને.

સંદેશ આપ્યો શુચિ આત્મશક્તિનો
વિશ્વાસનો નિર્ભયતા તણો સૌ
પ્રસંશકોને નિજ જિંદગીથી,
છતાં મટી પૂર્ણ ન ભીતિ ભક્તની.

સદાય જોહાનિસબર્ગ માંહી
સાથે રહી કૅલનબૅક રક્ષા
કરી રહેલા મધુ મિત્રદાવે
એ સંતની છાંયસમાન ભાવે.

એ મિત્રના સુંદર કોટ માંહી
નાની રિવોલ્વોર સદા રહેતી,
દૃષ્ટિ પડી તે પર તીક્ષ્ણ એમની
ને અંતરે વિસ્મય લાગણી થઈ.

પૂછ્યું કરી સ્મિત શાંત સંતે
રસ્કિન ટોલ્સટૉય સમાન સાક્ષરે

શિક્ષા ધરી ક્યાંય રિવોલ્વરોને
ખિસ્સા મહીં વ્યર્થ જ રાખવાને ?

ત્યારે વદ્યા કૅલનબૅક પ્રેમે
ચહું તમારી કરવા સુરક્ષા
ગુંડાતણો છે ભય દીર્ઘકાળથી
મિત્રો થકી ચોક્કસ સાંભળ્યું મેં.

ગાંધી વદ્યા : આજ બની ગયો હું
નિશ્ચિંત સંપૂર્ણ, તમે જ મારી
રક્ષા તણો ભાર હવે ઉઠાવ્યો
સંસારના રક્ષક ઈશ પાસથી ?

રક્ષા કરે ઈશ્વર સર્વ જીવની
સલામતી શાશ્વત કાળથી ધરે,
શ્રદ્ધા વધે એ પરમાત્મમાં તો
ચિંતા નકામી નવ માનવી કરે.

નિશ્ચિંત જેવો વિચરું જગે હું,
ના વાળ વાંકો કદી કો થકી બને,
પદેપદે દિવ્ય થતી સુરક્ષા,
ઘેરી રહેતો ભય લેશ ના મને.

એવી થઈ ક્રાંતિ મહાન મિત્રની,
દીધી રિવોલ્વર પછી ફગાવી
એ કિન્તુ આખી ઘટના પછીથી
વિરોધ વિદ્વેષ વધી જવાથી

સાશંક સાથી સઘળા બની ગયા
કરી રહ્યા તેમ વિચાર ગાંધી.
પ્રહારની ભીતિ ઘણી વધી ગઈ
છતાં ડર્યા ના તિલમાત્ર સંત એ,

શ્રદ્ધા વિરાજી ઉરમાં અનોખી

કરી રહી નિર્ભય નિત્ય એમને.

*

એ પ્રસંગ પછી બીજો અતિ નિષ્ઠુર શો બન્યો
પ્રસંગ કલ્પનાતીત પૂર્વયોજિત દ્વેષનો.

મીર આલમ ગાંધીજીનો પ્રસંશક તથા હતો
ભક્તસદૃશ, ધંધાને કરતો નાળિયેર કે
ઘાસના તંતુની ગાદી તણા, જાતે પઠાણ ને
અસીલ એમનો લેતો સલાહ બહુ વાર એ.

પ્રશાંત જોહાનિસબર્ગ માર્ગે
જઈ રહેલા પ્રભુદૂત ગાંધી
ત્યારે કર્યો ઘાતક વાતવાતમાં
અકલ્પ્ય ભારે હુમલો પઠાણે

લાઠી લગાવી ક્ષણમાં જ મસ્તકે;
પ્રહારથી બેશુધ શા બનીને
હે રામ બોલી ધરતી પરે ત્યાં
ઢળી પડ્યા સત્વર શાંત ગાંધી.

છતાં દયા નિર્દયને થઈ ના
મીરે લભીને સહકાર મિત્રનો
કર્યા પ્રહારો અતિ ક્રૂર ચિત્તે
લાઠી તણા તેમજ લાત કેરા.

ગાંધી તણા બે સુહૃદે પ્રહારો
થોડાક ઝીલ્યા પણ માર્ગમાં ત્યાં
મચી રહ્યો શોરબકોર ભારે
ને ભીતિ જાણી નિજ જિંદગીની

પ્રહારકો એ સુણતાં જ નાઠા,
પરંતુ એકત્ર થયેલ થોડા
ગોરા જનોએ પકડી બધાને
પોલીસને હિંમતસાથ સોંપ્યા.

લોકો ઘાયલ ગાંધીને મિત્રની ઓફિસે લઈ
સંભાળથી ગયા, સ્નેહે શુશ્રૂષા એમની થઈ.
ઉઘાડી આંખ ગાંધીએ ત્યારે આતુર શા સ્વરે
પૂછ્યું ક્યાં છે ગયો મારી મીર આલમ કુદ્ધ એ ?

પાદરી મિત્ર બોલ્યા કે હિંસાના પરિણામમાં
સાથી સાથે પડ્યો છે એ આજ પોલીસહાથમાં.
છોડાવી દો તમે એને, ગાંધીએ પ્રેમથી કહ્યું
મારે ખાતર કોઈને દેવાને દુઃખ ના ચહું:

અજ્ઞાનવશ એણે જે કર્યું નિષ્ઠુર કર્મ તે.
ચળાવી ના શકે મારા દૃઢ માનવધર્મને.
કરાવ્યો એમણે તાર સરકારી વકીલને:
મીર આલમ ને એના સાથીએ હુમલો કર્યો

દોષી ના માનતો એથી એમને કદીકાળ હું,
ફોજદારી ચલાવીને દંડ એ સર્વને ધરો
આકાંક્ષા છે નહીં એવી મારા અંતરમાં જરી,
મારે ખાતર છોડી દો એમને શીઘ્ર પ્રેમથી.

ના વેરને શાંત કરાય વેરથી
છે વેરનું ઔષધ માત્ર પ્રેમ
સિદ્ધાંત એવો મનમાં વસેલો
બનાવતાં જીવન શુદ્ધ હેમ.

*

છૂટી ગયા નિર્દય એ પ્રહારકો
પરંતુ ગોરા જન ચિત્ત કેરું
થયું સમાધાન ન લેશ એ થકી,
સેવી રહ્યા આગ્રહ સર્વ દંડનો.

એટર્ની જનરલને લાંબો પત્ર લખી ગોરા લોકે
શીઘ્ર જણાવ્યું વિરોધમાં કે થયો પ્રહાર છડેચોકે
ઘરમાં ના જાહેર માર્ગમાં સાર્વજનિક અપરાધ થયો,

ગાંધીના પ્રાણમહીં પ્રકટ્યો પ્રવાહ ન્યારો પ્રેમ તણો

છતાંય અપરાધી લોકોને કરવો દંડ યથાર્થ ઘટે
ભવિષ્યમાં પુનરાવર્તન કે પ્રહાર કેરું પૂર્ણ મટે.

એ તીવ્ર આંદોલનને પ્રતાપે
પુનઃ ગિરફતાર કરી પઠાણને
એકાદ સાથી સહ કેસ માંડ્યો
સજા કરી ને ત્રણ માસ કેરી

કઠોર, કિન્તુ નવ કેસ માંહી
સાક્ષી બન્યા પ્રેમપ્રતીક ગાંધી.
કહી રહ્યા ને નિજ દેશલોકને
ના રોષ રાખે કદી હિંદુ ભાઈ

પેદા કરે ઘર્ષણદ્વેષ કે ના
મુસ્લિમ સાથે સહકારસંપથી
મીઠાશથી જીવનને ગુજારતાં
સત્યાગ્રહી ઉત્તમ સર્વથા બને.

સાજા થઈ ગયા ગાંધી ઉપચાર કર્યા પછી,
કટુતાની દિલે છાયા તિલમાત્ર નહીં વસી.
ડૉક નામક માયાળુ પાદરીએ લઈ જઈ
પોતાના ગૃહમાં ત્યારે શુશ્રૂષા સ્નેહથી કરી.

તિરસ્કાર જરીયે એ હિંદીનો કરતા નહીં,
પ્રવાહ પ્રેમનો દૈવી રહ્યો અંતરમાં વહી.
શુચિ સન્મિત્ર ગાંધીને એકદા એમણે કહ્યું :
ઈસા મસીહના કેવા માનો છો ધર્મને તમે ?

વધસ્તંભે ચઢી જેણે ક્ષમાના સત્યપ્રેમના
કાઢ્યા ઉદગાર ને જેનો પ્રેમ બ્રહ્માંડ જેટલો
હતો વિશાળ ને સીમાહીન સંશુદ્ધ સ્વર્ણશો,
એહના અનુયાયીના અંતરે શુદ્ધસ્નેહનો.

હોય અંકુર નાનો શો એમાં આશ્ચર્ય ના જરી,
સેવાની ભાવના એને વારસામાં જ છે મળી.
ગોરા લોકો ભલે થાયે વિરોધી પરિત્યાગ હું
કરી શકું તમારો ના અવજ્ઞા તોય ના કરું.

ઈસા તણા મંગલ પ્રેમમંત્રના
પ્રતીક એ મંગલપ્રાણ પાદરી
બની ગયા ધન્ય કૃતાર્થ કર્મથી
આદર્શ બીજા જનને મહા ધરી.

*

ગાંધી તણા પૂર્ણ પવિત્ર પ્રેમના
પ્રભાવથી આખર જેલથી છૂટી
મૈત્રી કરી સત્વર મીર આલમે
ગાંધી તણો ભક્ત તથા ગયો બની.

જ્વાળા શમી અંતરને જલાવતી
ના વેરથી કિન્તુ પવિત્ર પ્રેમે;
સંદેશ અર્પે મધુરો પ્રસંગ એ
ભૂલી શકે પ્રાજ્ઞજનો ન કેમે:

પરાજય થઈ જાયે જગમાં ઘોર વેરનો
જયકાર કરાયે ને નિત્ય નિર્મળ નેહનો.

* * * * *

## ૧૩. જાહેર દ્રવ્યની ચિંતા

આવ્યો ગરીબજન એક પ્રભાત કાળે,
માગી સહાય ધનની શુચિ સંત પાસે;
આપ્યા સુણી વિગત સત્વર ત્રીસ પૌંડ,
તૃપ્તિ રહ્યા અનુભવી કરુણાર્દ્ર ગાંધી.

રાતે સૂઈ નવ શક્યા પણ શાંતિ સાથે,
આવ્યો વિચાર મુજને અધિકાર કેવો
જાહેર દ્રવ્ય કરજે કદી આપવાનો;
ડંખી રહ્યો સતત આત્મ વ્યથાભરેલો.

ફાળો ફિનિક્સ હિતનો ઉઘરાવતા જે
એ ફંડથી જ કરજે સહુ પૌંડ આપ્યા;
નક્કી કર્યું ધન જમા કરવા સમસ્ત
ત્યારે જ શાંતિ પ્રસરી ઉરમાં વિદગ્ધ.

જાહેર દ્રવ્યની રક્ષાદૃષ્ટિ જો એહવી મળે
સંસ્થાના હિતની ચિંતા હમેંશા કાજ તો ટળે.

* * * * *

## ૧૪. અંગ્રેજી પોશાકનો પરિત્યાગ

સુધન્વા ભક્તની પેઠે શાંત સત્યાગ્રહી બની
સત્યાગ્રહ કઢાઈમાં પ્રેમથી પડવા છતાં
શાંતિ શીતળતા મૈત્રી સદા અક્ષુણ્ણ રાખવી
વિદ્વેષ કટુતા વાણી ભૂલેચૂકે ન ભાખવી:

યાતના કષ્ટચિંતા ને વિષાદો સર્વ શાંતિથી
ભોગવી હિંમતે લેવા ધૈર્યસ્થૈર્ય તણી કરી
સુરક્ષા કેળવી લેતાં નિત્યજાગૃત જીવને:
યોગ્યતા લેખતા ગાંધી એને સત્યાગ્રહ તણી.

સહીને શાંતિથી કષ્ટો જેલમુક્ત બની વળી
રહ્યા મંથન ગાંધીજી દીર્ઘકાળ લગી કરી.
પામ્યા માખણ શબ્દોમાં એને આમ રજૂ કર્યું:
મારા આદેશથી શું ના સત્યાગ્રહ મહીં થયું ?

સહસ્ત્રોએ સજી શ્રદ્ધા કર્યું આત્મસમર્પણ
સહ્યાં સંકટ દોડીને દાવાગ્નિમાં ચિરંતન.
આત્મીયતા જગાવી મેં એમની સાથ પ્રેમથી
ત્યાગવો વેશયે કિન્તુ સેવાની માત્ર નેમથી,

નિરક્ષર ગરીબોની વચ્ચે સામાન્ય વસ્ત્રમાં
વસું ને વિહરું જેથી રહે કોઈ દિવાલ ના
ભેદભાવ તણી મારી તથા સામાન્ય લોકની
વચ્ચે, અનુભવું ત્યારે દિવ્ય સૌરભ પ્રાણમાં.

ભલેને રાજધાનીમાં ગૌર માનવ મધ્યમાં
જવું પડે છતાં મારે અંગ્રેજી ભપકાભર્યાં
ત્યાગવાં વસ્ત્ર ને સાદાં દીનનાં વસ્ત્ર ધારવાં,
લક્ષણો છોડવાં સર્વે બહિરંગ અમીરનાં.

ગિરમીટિયાઓ હતા વિશેષે દૂર દૂર મદ્રાસ તણા
લક્ષમાં લઈ એ સર્વેને સંકલ્પ કર્યો શીઘ્ર મહા.

લુંગી ને કફનીને ધારી, ચંપલનો પણ ત્યાગ કર્યો,
મસ્તકચરણ ઉઘાડાં રાખી નૂતનભાવે પ્રાણે ભર્યો.

કોટ-પાટલૂન-નેકટાઈનો ત્યાગ કર્યો સંપૂર્ણપણે
જનતા કેરી અનુકંપાથી સંવેદનથી મુક્તમને.
ક્રાંતિ કરી જીવનમાં એવી માનવતાથી આર્ત બની,
સરવા લાગી અન્ય દિશામાં જાણે સરિતા સ્નેહ તણી.

બૅરિસ્ટરી જે વરસો કરીને
અંગ્રજવેશે સઘળે ફરેલા
સામાન્ય વેશે વિચરી રહ્યા એ;
સંકલ્પ શ્રેયાર્થ સદા મહાનના.

આત્મીયતાની જલતી સદાયે
એ સંતના અંતરમાં અનેરી
પ્રદીપિકા શાશ્વત અંધકારને
જલાવતી માનવપ્રેમ કેરી.

* * * * *

## ૧૫. કર્તવ્યપ્રેમ

કહ્યો ગહન ને અગમ્ય શુચિ ધર્મ સેવા તણો
મહાન પુરુષે, કઠોરતમ તેમ લાગે ઘણો,
સમર્પણ ચહે, ચહે બલિ નિજાત્મ કેરી કદા,
અનિત્ય જગભોગ ને વિષયકામનાથી કરી

વિમુક્ત મન અન્યના હિત તણી સ્પૃહા રાખતાં
સદાય સુખદુઃખ દર્દ સ્તુતિ તેમ આલોચના
અનાદર અનંત આદર વિપત્તિસંપત્તિમાં
રહે અચળ તે લભે જન પ્રસાદ એનો મહા.

મમત્વ તજવું રહે નિજ શરીરનું મિત્રનું
તથા સ્વજનનું, અહં પરહરી સદા પંથને
વિનમ્ર બનતાં પ્રમાદ તજતાં રહે કાપવો
બની સતત દક્ષ જાગ્રત પ્રસન્ન સત્કર્મનો

કરી પરમયજ્ઞ દિવ્ય ભરવું અમી જીવને
અસંખ્ય ભયસ્થાન ભ્રાંતિ કપરી કસોટી મહીં
રહી અડગ લક્ષ્યને નજરમાં રહે રાખવું
પ્રભાત પ્રકટી શકે પુનિત તો જ સાર્થક્યનું.

ટ્રાન્સવાલ તણી ન્યારી રાજધાની પ્રિટોરિયા-
મહીં વાર્તા ચાલી રહી સમાધાન તણી મહા
સત્યાગ્રહ સમાપ્તિની મૂલ્યવાન ખરેખરી
ગાંધી ને સ્મટ્સ વચ્ચેની, રહી સફળતા વરી.

બીમાર છે કસ્તૂરબા વધારે
છે જીવનું જોખમ શીઘ્ર આવો,
અકલ્પ્ય આકસ્મિક તાર ત્યારે
ફિનિક્સથી ખૂબ કઠોર આવ્યો.

વાંચી સન્મિત્ર એન્ડ્રૂઝે ગાંધીને સ્નેહથી કહ્યું:
ફિનિક્સમાં વિના શંકા ઘટે છે આપણે જવું,

રુગ્ણ કસ્તૂરબા કેરી શુશ્રૂષા કરવી ઘટે,
વિલંબ ક્ષણ કેરોયે કરવો યોગ્ય ના હવે.

ગાંધી વદ્યા કિન્તુ પ્રશાંત ચિત્તે,
સમસ્ત હિંદીજનના હિતાર્થ જે
વાર્તા રહી પ્રેમભરેલ ચાલી
સાફલ્યની છેક સમીપમાં તે,
પછી જઈ કેમ શકું અહીંથી
અસંખ્યના ઉજ્જવળ શાંતિ ભાવિને
દગો દઈ નિષ્ફળતા ધરીને ?
કર્તવ્યને પૂર્ણ કરું હવે તો.
વિશ્વાસ આ જીવનનો પછી શો ?

એન્ડ્રૂઝને થઈ ચિંતા, સ્મટ્સને વીનવી લઈ
સમાધાન તણી સાંજે લખાવી વિગતો બધી
ગાંધીને પહોંચાડી સૌ; ત્યારે સંપૂર્ણ શાંતિથી
વિરાજ્યા ઉભયે રાતે રેલ્વે મહીં ફિનિક્સની.

કહ્યો ગહન ને અગમ્ય શુચિ ધર્મ સેવા તણો,
મનોબળ ચહે, ચહે અડગ ધૈર્ય કર્તવ્યનો
અપાર અનુરાગ પૂર્ણ દૃઢતા વળી આત્મની,
લભે વિરલ માનવી પરમતૃપ્તિ સાફલ્યની

તિલાંજલી સમર્પવી કદીક કામનાને પડે
રહે રુદન ભરી હૃદય વેદનાઓ વડે
વ્યથાતુર થવા છતાં પરમ શાંતિ આહ્લાદથી
જગે વિચરવું ધરી સુખદ કર્મના અર્ઘ્યને.

* * * * *

## ૧૬. ભેટનો ત્યાગ

થઈ રહ્યા દક્ષિણ આફ્રિકાની
તૈયાર એ સંત વિદાય લેવા,
સાથી તણા મિત્રપ્રશંસકો સૌ
ત્યારે બન્યા શોકિત ખિન્ન જેવા.

વિયોગ ચાહે સ્વજનો તણો કો,
વિયોગની નાજુક શી પળોમાં
આહ્લાદ કોના ઉરમાં છવાય ?
સંવેદનામાં પશુયે નહાય.

દ્રવી ગયા ઉત્કટ લાગણીથી
રડી રહ્યા મૂકપણે વળી કો;
વ્યાપી રહ્યો ઊર્મિલ અંતરોમાં
નિનાદ પ્રેમીજનની વ્યથાનો.

'જરૂર જો પડે એક વર્ષમાં
તરત આવવું તો અહીં ફરી'
શરત એટલી મિત્રમંડળે
કઠિન શી છતાં સ્નેહથી કરી.

વશ થઈ અણીશુદ્ધ સ્નેહને
શરત એમણે માન્ય એ કરી;
ઉર મહીં ઊઠે સત્ય પ્રેમ તો
સફળતા રહે હેતુ સૌ વરી.

નાતાલ વાસી જન હિંદ કેરા
સ્થળે સ્થળે સ્નેહસભા કરી રહ્યા;
સન્માનપત્રો ઉપહાર અર્પી
પ્રશસ્તિના શબ્દ અનંત શા ક્હ્યા.

સદભાવનાના પ્રતિઘોષ સાચા
પડી રહ્યા સુંદર વાયુમંડળે,

હાલી ઉછર્યાં પ્રેમાળ લોકહૈયાં
ભીનાં બની સાદર શાંત ક્રંદને.

*

ભેટ સ્નેહીજનને અર્પી હીરા મૌક્તિકની વળી
સોનું ચાંદી ધર્યા અન્ય અનેકે મમતા થકી,
સોનાની ઘડિયાળો ને હીરાજડિત મુદ્રિકા
ઘરેણાં કેટલાં અર્પ્યાં ગણના કો' શકે કરી ?

ગીની પચાસનો અર્પ્યો હાર કોઈક માનવે
સ્નેહાંજલિરૂપે સેવાપુરસ્કાર કૃતજ્ઞતા
સદભાવ વ્યક્તિના ભાવે દ્રવ્ય તેમજ કેટલું
સમજાયું ન ગાંધીને ભારે વર્ષણ સ્નેહનું.

નિઃસ્વાર્થ સેવા સહુની કરી મેં
સ્વપ્નેય કોઈ બદલો ચહ્યો ના,
સંતુષ્ટિ ને શાંતિ અસીમ સાંપડી
એ છે પુરસ્કાર મળ્યો અમૂલ્ય હા !

પામ્યો વળી પ્રેમ બધી પ્રજાનો
સદભાવ ને આદર આત્મ કેરો,
સેવા તણા મંગલ ચારુ યજ્ઞે
અર્પી શક્યો આહુતિ સૂક્ષ્મ અર્ઘ્યનો

પ્રસાદ પ્રાણે દિનરાત સાંપડ્યો :
એથી અનેરી ઉપહાર-આશે
આવ્યો નહીં આ પરદેશમાં હું
ના જિંદગીમાં કદી શ્વાસને લઉં.

સેવા સદાકાળ સ્વભાવ મારો :
સેવા તણી એ સરિતા સુખો થકી
દુઃખો મહીં શાંતઅશાંતિ કાળમાં
નિંદા પ્રશંસા-રસ-હર્ષ-શોકમાં

ઉત્થાનમાં ને પતને જયશ્રી-

પરાજયે હાનિ અનંત લાભમાં,
વહ્યા કરે છે વહેતી રહેશે,
ના અંત એ સુંદર સાધનાનો.

પ્રદેશ કે કાળતણાં ન બંધનો
એના પ્રવાહે અવરોધ નાખે;
વહી રહીને અવિરામ નાદે
સંતૃપ્તિ કેરા રસ દિવ્ય ચાખે :

સાર્થક્ય એમાં દીસતું અનેરું
એનું પુરસ્કાર અમૂલ્ય એનો,
અંતે કરાવે પરમાત્મ દર્શને
પ્રશાંતિનો લાભ વિમુક્તતાનો.

કરી મનોમંથન મોહને એ
પ્રશાંત રાત્રીભર ભેટને નહીં
સ્વીકારવા નિર્ણય આકરો કર્યો
વિશ્રામ ત્યારે મનને જરા મળ્યો.

મહાજનોનાં મન શુદ્ધ એવાં
પ્રજ્ઞા પ્રકાશે દીસતાં પ્રકાશતાં,
પ્રલોભનો ભોગવિલાસ મધ્ય કે
દુર્દિનમાં સત્પથને વિચારતાં.

પુત્રો તણી સંમતિ મેળવીને
કસ્તૂરબાને પણ શાંત પાડી
મીઠા કરી તર્કવિતર્ક અંતે
વિવેક ને ધીરજ સાથ સંતે.

દીધા બધાયે ઉપહાર ત્યાગી
સમાજ કેરા હિતના વિચારથી
સેવાતણી સુંદર સાધનાના
આદર્શને અદભૂત શ્રેષ્ઠ સ્થાપી.

કહ્યું : ચહું એક જ ભેટ મોંઘી
સદભાવનાની શાશ્વત સ્નેહ કેરી;
અખંડ મીઠી મમતા બતાવી
આહ્લાદ મારા ઉરમાં જગાવ્યો

સદા રહેશે સ્મૃતિ એહની મને,
ઐશ્વર્ય એ જીવનમાં કમાયો;
સ્વામી નથી સેવક છું સદાનો,
લક્ષ્મી તણો હો વિનિયોગ ન્યારો.

સમાજમાં દીન અનેક જીવતા,
અસંખ્ય પીતા કટુ ઘૂંટ પીડના,
એ સર્વને કાજ સમસ્ત લક્ષ્મી
તણો સદા હો ઉપયોગ સારો,

સંતોષ એથી મુજને રહેશે,
સન્માન એમાં અદકું જણાશે,
સંતપ્ત મારા ઉરમાં અશાંતિના
સ્ફુલિંગ એથી સઘળા વિલાશે.

આદર્શ મીઠાં વચનો સુણીને
પ્રસંશકે વ્યક્ત કરી પ્રસંશા;
પ્રશસ્તિ પ્રેમે કરતાં અનેકના
આત્મા અનુપ્રાણિત ધન્ય શા થયા.

*

સંપત્તિ બૅન્કમાં મૂકી સેવાને કાજ ત્યાં બધી;
પ્રતિષ્ઠા એમની એથી શતવાર રહી વધી.

ધન સદાય જાહેર કાર્યમાં
સફળ વાપરી સંત એ શકે
ખરચ તેમ ટ્રસ્ટી શકે કરી
શરતને કરી માન્ય એટલી.

ત્યારે જ હૈયું હળવું બનીને

સાર્થક્ય માણી સુખ શ્રેષ્ઠને રહ્યું,
સંતપ્ત પ્રાણે કૃતકૃત્યતાનું
સંગીત સંતૃપ્તિસ્વરે ભર્યું વહ્યું.

અમોઘ પ્રસ્થાન મહાયશસ્વી
કર્તવ્યપંથે કલિકાળમાં થયું;
પ્રકાશને પાથરતાં તમિસ્રે
યુગોતણી શાશ્વત પ્રેરણા બન્યું.

*

પ્રસંગ ઉચ્ચ જો અર્પે આજ પાવન પ્રેરણા,
અવસ્થા સુધરે સૌની અનેરી થાય કેમ ના ?

આજેય એ શ્રેષ્ઠ પ્રસંગ બક્ષે
મનુષ્યને મંગલ મંત્ર શ્રેયનો;
નિઃસ્વાર્થ સેવારસત્યાગ પ્રેમના
પ્રસંગ એ અદભૂત અર્ક જેવો.

* * * * *

## ૧૭. વકીલમાંથી લોકનેતા

ફીરોજશા મહેતા ને ગોખલે-લોકમાન્યની
સહાનુભૂતિ પામેલા ગાંધીજી દીર્ઘકાળથી.
મહાસભા હતી ત્યારે કલકત્તા મહીં મળી,
સામેલ બનતાં એમાં સેવા પૂર્ણ રહ્યા કરી.

સ્વયંસેવક નોંધાઈ પૂર્વસંમતિ મેળવી
આફ્રિકાની અવસ્થાનું રેખાચિત્ર રહ્યા ધરી.
નેતાઓની લભ્યા મૈત્રી વિશેષ ગોખલે તણી,
મમતા એમને માટે ગોખલેને થઈ ઘણી.

મુંબાપુરી મહીં સ્થાયી વસવાને વિચારતા,
પરંતુ વિધિની પાસે બની લાચાર સૌ જતા:
ઓચિંતો તાર આવ્યાથી જઈ દક્ષિણ આફ્રિકા
ટ્રાન્સવાલ મહીં ભારે ધૈર્યે દાખલ એ થયા.

ત્યાંયે લડ્યા લડત ઉત્કટ શીશસાટે
લોકો તણા સુખદ શાંત નિવાસ માટે,
ના સત્યનો તનિક ત્યાગ કર્યો કદીયે
સેવાપથે અડગ હિંમતથી રહીને.

પામ્યા મહાન યશ શુદ્ધ છતાં રહીને
મિથ્યાભિમાન તજતાં ઋજુતા સજીને
સેવા થકી વિવિધ માનવકષ્ટ કાપ્યાં,
આત્મિક અભ્યુદય અસ્ત્ર આપ્યાં.

કુલી લોકેશનો માટે શુશ્રૂષાભાવના ભરી,
ફિનિક્સ નામ સંસ્થાની શુભ સંસ્થાપના કરી.
પામ્યા પોલાકની ભારે મૂલ્યવાન સહાયતા,
અભૂતપૂર્વ આરંભ્યા પ્રયોગો સાથસાથમાં.

એશિયાના નિવાસીના હકને હણનાર એ
કાયદાનો કર્યો કેવો પ્રતાપી પ્રતિકાર ને !

મહાન જોહાનિસબર્ગ માંહી
અજોડ સત્યાગ્રહ હિંમતે કર્યો,
કષ્ટો વ્યથા ભીષણ યાતનાથી
સત્તા થકી આતમ લેશ ના ડર્યો.

સ્વમાનભીના ત્રિસહસ્ત્ર જેટલા
ભેગા થયા ભારતના નિવાસી
વિરોધ એ બિલ તણો જગાવવા
કરી રહ્યા હિંમતથી પ્રતિજ્ઞા.

નક્કી કર્યું પૂર્ણ વિરોધ માટે
સૌએ અહિંસાત્મક શાંત સાધને
જો કાયદાનું રૂપ બિલને મળે,
નિર્ભીકતાથી સહકારના સ્વરે.

પ્રતાપ એ મોહનનો જ ભારે
પેદા થયો જાગૃતિના સ્વરૂપમાં,
સુષુપ્ત સામર્થ્ય મનુષ્ય કેરું
પ્રબોધ પામ્યું પ્રસર્યું દિગંતમાં.

સત્યાગ્રહી નિર્ભય શા બસોની
સાથે લભ્યા છેવટ કેદ ગાંધી,
લડી રહ્યા એ સતકાજ એથી
સજી રહ્યા સંકયમાંય શાંતિ.

અચિંત્ય અંતે પણ સ્મટ્સ સાથે
થયું સમાધાન પ્રસન્નતાભર્યું;
પાળી શક્યા સ્મટ્સ ન શબ્દ એથી
ફળ્યું નહીં સત્વર વ્યર્થ શું બન્યું.

થઈ ગયો આખર કલિષ્ટ કાયદો
એ બિલનો સૂચક રંગભેદનો
કરી રહ્યા સૌ જન કૂચ એથી;

કઠોર કાળે અણમોલ ગાંધી

નેતૃત્વ સૌનું અતિપ્રેમથી લઈ
અર્પી રહ્યા મંગલ માર્ગદર્શન
નવીન આશા બળ ચેતનાનો
પ્રવાહ પ્રાણે જનતા તણા ભરી.

મજૂરો ખાણના ત્યાંના વધારે છ સહસ્ત્રથી
હડતાળ કરી બેઠા વેદના ને વિરોધથી
અસંખ્ય અભયે પ્રેમે પુરાયા જેલમાં વળી
ટ્રાન્સવાલ મહીં લોકો મહાકૂચ રહ્યા કરી.

ગાંધીને પકડી છોડ્યા સમાધાન કરી ફરી,
થયો સ્થગિત સિદ્ધિને સત્યાગ્રહ મહા વરી.
ગાંધીના પુરુષાર્થે ને પ્રજાના બલિદાનથી
ન્યાયના યજ્ઞની અંતે સમાપ્તિ મધુરી થતાં

માગણી હિંદવાસીની સંતોષાઈ રહી બધી,
રશ્મિ પ્રસન્નતા કેરાં ફૂટ્યાં પીડિત પ્રાણમાં.
લગ્ન વૈધ ગણાયાં જે હિંદમાં લગ્ન માન્ય તે
કરાયાં આફ્રિકામાં ને વર્ષમાં ત્રણ પૌંડનો

કર ભારતવાસીનો થઈ માફ ગયો બધો,
અધિકાર મળ્યો સૌને આફ્રિકામાં પ્રવેશનો.
સંક્ષેપમાં જ મેં એની વર્ણવી સ્વલ્પશી કથા,
બેચાર બિંદુનો આપ્યો ખ્યાલ વિસ્તૃત સિંધુનાં:

ભાવિમાં કરવાની જે હતી મંગલ સાધના
આરાધના મહામોંઘી ફળદાયક દેશમાં
સ્વાતંત્ર્યની મળી તેની જાણે તાલીમ ત્યાં ગઈ,
પ્રતીતિ એહની પૂરી આજે સંસારને થઈ.

*

પધારી ભારતે પામ્યા કૈસરે હિંદ માનને;
અમદાવાદમાં સ્થાપી વસ્યા આશ્રમ શાંત એ.

સુવાસ એમની ન્યારી પ્રસરી સઘળે રહી,
જનતા એમને જોવા સ્નેહસિંધુ સમી બની

નિત્ય ઉત્સુકતા યુક્ત રહેતી સઘળે સ્થળે,
પ્રતિષ્ઠા અદકી પામ્યા પહેલેથી જ સંતની.
બની વકીલ પ્રારંભે પરદેશ મહીં ગયા
પરંતુ વિધિની દૈવી યોજના અનુસાર ત્યાં

સમાજની કરી સાચી સેવા ચારિત્ર્યને ઘડી,
લોકનેતા ફર્યા પાછા ત્યારે શ્રેષ્ઠ રહ્યા બની.
આનંદ હિંદ માતાના ત્યારે જે આત્મને થયો
સમાવિષ્ટ કરાયે ના શબ્દોમાં પરિતોષનો,

થાય સંપૂર્ણ ના તેનું કદી વર્ણન કાવ્યમાં;
ઈન્દ્રચાપ નિહાળીને ઊછળે રસ પ્રાણમાં
અંતરાત્મા રહ્યો એનો ઊછળી મધુગાનમાં
પ્રવાહિત બની એવો અનેરા અભિલાષમાં.

* * * * *

## ૧૮. સેવાપ્રસંગ

પાછા ફરી તરત દક્ષિણ આફ્રિકાથી
કોંગ્રેસના પ્રથમ વાર જઈ પહોંચ્યા
અધિવેશનમાં ગાંધી કલકત્તા શહેરમાં
જાગતી સ્મૃતિ નાનાશા ત્યાંના એક પ્રસંગની.

મહાસભાના યશપ્રાપ્ત મંત્રી
ઘોષાલ પાસે અતિઆદરે જઈ
કહ્યું મને કામ કશુંક આપો,
ત્યારે નિહાળી નખશિખ એમને

ઘોષાલ બોલ્યા સ્મિતસાથ સ્નેહે
છે ક્લાર્કનું કામ જ એકલું અહીં
સોંપી શકું જો કરવા ચહો તો,
કર્તવ્ય નાનું પણ વ્યર્થ છે નહીં.

થયા સંમત ગાંધીજી ત્યારે ઘોષાલબાબુએ
સેવાની ભાવના માટે અભિનંદન આપતાં
જણાવ્યું, ઢગલો આ છે પત્રોનો ખુરસી પરે
વિરાજી એમને વાંચી પહોંચો તેમ ઉત્તરો

યથાયોગ્ય લખી નાખો કાર્યપ્રારંભ એ કરો,
નકામા સર્વ પત્રોના પ્રત્યુત્તર લખો નહીં,
સ્વતંત્રબુદ્ધિ પત્રોમાં બને કુંઠિત તે સમે
સૂચના મેળવો મારી યથાયોગ્ય બધી વળી.

વિશ્વાસથી ગદગદ મુગ્ધ ગાંધી
આરંભ એ કાર્ય તણો કરી રહ્યા,
કરી વળી કાર્ય તણી સમાપ્તિ
મંત્રી તદા પૂર્ણ પ્રસન્ન શા બન્યા.

*

મહાસભામાં પરિપૂર્ણ આખરે
ગાંધી તણી ઓળખ મેળવીને

સંકોચ પામ્યા યશપ્રાપ્ત મંત્રી
ત્યારે વધ્યા નમ્ર અતીવ ગાંધી

મહાન અત્યંત તમે હું અલ્પ,
સોંપી મને કાર્ય ઋણી બનાવ્યો,
મહાસભાના બહુમૂલ્ય કાર્યનો
ચિતાર પ્રેમે રસપૂર્ણ આપ્યો.

ઘોષાલબાબુએ પ્રેમે જણાવ્યું આ જ વૃત્તિથી
વિકાસ જીવનો થાયે, યુવાનો સર્વ વૃત્તિ આ
સેવાની વિકસાવે તો રાષ્ટ્રના પ્રાણપ્રશ્નનો
ઉકેલ જલદી આવે અજ્ઞતા દુઃખ દૈન્યનો.

ઘોષાલબાબુને ત્યારે ક્યાંથી હોય વિચાર કે
સેવાપ્રતીક ગાંધી એ રાષ્ટ્રની ચાહના લભી
ભાવિમાં કરશે મોટાં મહામંગલ કર્મને
જિંદગીમાં ઉતારીને સેવાના શ્રેષ્ઠ મર્મને !

* * * * *

## ૧૯. કાલી મંદિરમાં

કાલીમંદિરમાં ગાંધી પ્રવેશ્યા પ્રેમભાવથી
દિવ્યદર્શનની આશે કિન્તુ નૈરાશ્ય સાંપડ્યું,
બલિદાન તણાં ભેળાં બકરાં માર્ગમાં મળ્યા
નિહાળી મંદિરે ધારા રક્તની એમની અહા,

કાળજું ક્લેશથી કંપ્યું દિલદર્દ વધી ગયું,
રોમરોમ રડી ઊઠ્યાં, ચિત્ત ઉદ્વિગ્ન શું થયું.

માંગ્લયમૂર્તિ જગની જનની જણાયે
કારુણ્યમાર્દવ તણી પ્રતિમા અનેરી
હિંસા પંસદ ન કરે કદી સ્વપ્નમાં તે
પાવિત્ર્યથી સભર પ્રેમમયી ન ચાહે

આરાધના મલિન શોણિતથી છલેલી,
માગે નહીં પશુતણું બલિદાન દેવી.
અજ્ઞાનની પિશુનતા મમતા અહંની
દેવી ઘટે ચરણમાં બલિ નિત્ય એના;

એથી અનુગ્રહ કરી કરુણા વહાવે;
દેહાત્મભાવ પશુ અર્પિત જે કરી દે
પ્રેમાર્દ્ર અંતર થકી પદપંકજોમાં
સાર્થક્ય તે પરમ જીવનનું લભી લે.

પ્રાણ પીડિત પોકારી ઊઠ્યો હિંસા વિલોકતાં:
ધર્મ કે ભક્તિના નામે હિંસા આવી ઘટે નહીં;
નથી આ ધર્મ અજ્ઞોનો અતિઘોર અધર્મ હા,
બનતાં જીવહત્યાથી દેવદેવી પ્રસન્ન ના.

તથાગત તણી આવી ઘટના યાદ એમને
પરંતુ એટલી શક્તિ સમર્પણ તણી શકી
પ્રકટી નવ આત્મામાં એટલે પ્રાર્થના મહીં
વહાવી ઊર્મિ હૈયાની ચાલ્યા મંદિરદ્વારથી.

નિર્દોષ આત્મનાં એવાં અપાતાં બલિદાન કૈં
આજેય ધર્મને નામે લૂંટશોષણ પાપનાં
તાંડવો કપરાં ચાલે અનર્થોની પરંપરા,
શમાવો જગદંબા, એ કરો શુદ્ધ વસુંધરા !

*** શાંતિનિકેતનમાં ***

પ્રખ્યાત બોલપુરમાં ગુરુદેવ નિર્મ્યાં
સૌન્દર્યધામ શુચિ શાંતિનિકેતને એ

રહ્યા સંત ભરાઈને પ્રેમભાવ થકી તદા
સૂર્યોદય તણા રંગો ગુલાબી નભ એકદા
વિલોકીને વદ્યા પ્રેમે ગુરુદેવ, ન લાગતો
તમને રસ રંગોમાં આત્મદેવ, ન જાગતો ?

*

હિમાલયસમા ગાંધી, કવિસમ્રાટ વ્યોમશા,
ગંગા સરસ્વતી કેરાં શાંત સંગમ દિવ્ય શા,
એક પંકજ ને અન્ય રસપૂર્ણ ગુલાબ શા,
વટવૃક્ષ સમા એક અન્ય શીતળ નીમ શા;

રવિન્દ્ર એક ને બીજા સુધાકર સુધાછલ્યા,
એક ગાંભીર્ય મૂર્તિ ને અન્ય સાક્ષાત સૌમ્યતા,
જ્ઞાનાર્ણવ સમા એક ક્ષીરસાગર ને મહા
અન્ય, સર્જનની શોભા વિશ્વના વરદાન શા,

પરસ્પર મળ્યા પ્રેમે થયા પૂરક; એમનાં
વ્યક્તિત્વ સભ્યતા કેરાં સુવ્યવસ્થિત અંગ શાં
ગૌરવાન્વિત ને ન્યારાં પ્રતાપી સૌરભે ભર્યાં,
સ્ફુલિંગ પરમાત્માનાં અલૌકિક મહા મળ્યાં.

*

ગાંધી વદ્યા એ ગુરુદેવ કેરા
શબ્દો સુણી કાવ્યરસે રસેલા
મને ગમે છે રસરંગ વ્યોમની

નૃત્યાંગના શી મધુરી ઉષાના

સંધ્યા તણા અદભૂત ઈન્દ્રચાપના,
વિલોકવા ભાગ્ય જ કિન્તુ છે ક્યાં ?
આ રંગ ઉલ્લાસ ન અર્પતા મને
ના પ્રેરતા કે અણમોલ આત્મને.

મુખાંબુજો ભારતની પ્રજાના
વિદીર્ણ કોઈ અતિ કો ઉદાસ,
ના રંગ ત્યાં ના રસનૃત્યલીલા
ના શાંતિ કે શાશ્વત શો ઉજાસ,

ખીલી ઉઠે એ નવરૂપરંગો-
તણો રચી અક્ષય આત્મરાસ
ત્યારે જ એને નીરખી મહારે
જાગી શકે અંતરે દિવ્યહાસ.

*

પ્રખ્યાત બોલપુરમાં ગુરુદેવ નિર્મ્યાં
સૌન્દર્યધામ શુચિ શાંતિનિકેતને એ
સંવેદનાત્મક કહ્યા મધુશબ્દ સંતે
ત્યારે વહી પવનની લહરી અસંખ્ય
અર્પી સુસૂક્ષ્મ ઉરનાં અભિનંદનોને.

વીણા વાગી કવિહૃદયની એ સુણી નવ્યરાગે;
પ્રાજ્ઞો કેરા પુનિત ઉરમાં શીઘ્ર સંગીત જાગે.

* * * * *

## ૨૦. ચંપારણ અને આગળ

તરંગો અર્ણવમહીં કેવાં રહ્યાં દોડી,
પૂર્ણરૂપમાં ગણાય નહીં એમને કોદી
એકબે પણ આંખને આનંદ રસ દેતાં,
રસિકજન કોઈ નિહાળી પ્રેમથી રે'તા.

પ્રસંગો ગાંધી તણા એવા અનંત ખરે
તોય અલ્પ તણા વિચારે રસ અખંડ મળે,
ક્ષીરસાગર એમના જીવન તણો મોટો
સુધામય એનો જડે ના જગતમાં જોટો.

ભલેને પીયૂષનાં બેચાર બિંદુ મળે
જિંદગીને અમૃતત્વ પરંતુ પૂર્ણ ધરે,
સ્વલ્પ એમ જ સ્વાદ ગાંધીજિંદગી કેરો
શાંતિ દે, પ્રાણે લગાડે રંગને ઘેરો.

મહામાનવની અનોખી જિંદગી ન્યારી
અનેરો આહ્લાદ અર્પે પ્રેરણા ભારી,
ફૂલ તો કરમાય પણ એ નિત્યવાસ ધરે,
પ્રતિપળે આત્મા મહીં ચેતન નવીન ભરે.

એટલે તિલમાત્ર એનો ખ્યાલ હું આપું,
ક્ષીરસાગર કવનપાત્રે શેં કરી માપું ?
લોભ ગુણગ્રાહી હૃદય ના સ્વાદનો છોડે,
ધરિત્રી જ્યમ સૂર્યનો સંબંધ ના તોડે.

હતાં ક્ષેત્ર ગળી તણાં ચંપારણે ભારે
તીનકઠિયાનો થયેલો કાયદો ત્યારે,
એક એકરમાં ગણાતા વીસ પૂર્ણ કઠા,
કિસાનો સૌ ત્રણ કઠામાં ગળીને કરતા.

જુલમ ઘોર જમીન કેરા મૂળ માલિકના
કિસાનોને સહન કરવા મૂકમન પડતા,

અનાચાર અનેકવિધ અન્યાયની વચ્ચે
જીવતા સૌ કિસાનો નિર્જીવ શા ફરતા.

કિસાનોને નિહાળી કરુણાર્દ્ર એ ગાંધી
દ્રવ્યા દિલથી, પ્રાણમાં સંવેદના જાગી;
કર્યો નિર્ણય શક્ય સેવા સર્વની કરવા
જ્યોતિ જડ અંધારથી ભર જીવને ભરવા.

શબ્દ આશ્વાસન તણા હિંમતભરેલ કહી
નવી કેડી પ્રેરણાની રેખયુક્ત ધરી,
એ લભીને સહસ્ત્રો ચિંતાભર્યા વદને
સુખદ છાયા નવલ આશા તણી સ્વલ્પ ઢળી.

પુનિતપ્રાણ રાજેન્દ્રબાબુનો
મધુર કૃપલાની તણો વળી
પ્રથમ વાર સંસર્ગ ત્યાં થયો,
અમર સાર્થ સંબંધ એ બન્યો.

પુરુષ કૈંક બીજા મળી ગયા
મદદ અર્પવા એમને વળી
વિપત વેઠવા જેલમાં જવા
વિષમ સૌ રહ્યા નિર્ણયો કરી.

મોતીહારી શહેરમાં ત્યાં ગાંધીજી સપ્રેમ રહ્યા,
દેશ દેખતાં કિસાન કેરી જાગી હૃદયે ઘોર વ્યથા.
મોતીહરી તજી જવાને સત્વર રાજ્યાદેશ મળ્યો
પરંતુ મક્કમતાની આગળ આદેશ બની વ્યર્થ રહ્યો.

કેસ એમની સામે ચાલ્યો સજા પરંતુ કશી ન થઈ,
કેસ ખેંચવા પાછો આજ્ઞા ગવર્નર તણી તરત મળી.
કલેક્ટરે સૂચના આપી કે સ્વેચ્છાએ સઘળે વિચરો,
ઉચિત જણાયે તપાસ કરવી થઈ વળી નિર્ભીક કરો :

અમલદાર સૌ સહાય કરશે પૂર્ણ તમારા કાર્ય મહીં,

મળવા માગો મુજને ત્યારે આવી શકશો તમે અહીં.

મિત્રમંડળને અપેક્ષા ન હતી આવી
પ્રથમ પગલે કિન્તુ ગાંધીજી ગયા ફાવી,
થઈ જાહેરાત એની રાષ્ટ્રમાં ભારે
થયો વિસ્મય અસાધારણ પ્રજાને ત્યારે.

કાયદાનો ભંગ સવિનય સમજયુક્ત થયો,
રચાઈ સત્યાગ્રહ તણો શ્રેષ્ઠ પાઠ રહ્યો;
કઠિન કાર્યો સત્યનિષ્ઠાથી સરળ બનતાં
પ્રતીતિ થતી એહની એ સમજતાં ઘટના.

માલિકો સર્વે ગળીના રોષમગ્ન બન્યા,
પ્રચારો ઝેરી કર્યા પણ સત્ય સંત તણા
પ્રયત્નો અંતે ફળ્યા, ના આંચ કૈં આવી,
સત્યને ઈશ્વર રહે છે હંમેશા તાવી.

નિવેદન ગાંધી વ્યથાતુર લોકનાં લેતા
કથા કપરી કષ્ટ કેરી કિસાનો કે'તા;
નવી જાગૃતિ લહર એ પ્રદેશે ચાલી,
અનાચાર શક્યો નહીં સવિશેષ ત્યાં ફાલી.

દીર્ઘકાળની તપાસ ચાલી ચંપારણનો ત્યાગ કરો,
શીઘ્ર સૂચવ્યું સરકારે કે અરજ આટલી ધ્યાન ધરો.
ગાંધીએ પ્રત્યુત્તર આપ્યો તપાસ હજુ ના પૂર્ણ થઈ,
કષ્ટ પ્રજાનાં કપાય ત્યારે રહું ક્યાંક અન્યત્ર જઈ.

તપાસમંડળ અંતે નીમ્યું ગવર્નરે લાચાર બની,
સભ્ય કર્યા ગાંધીને એના, કથા એહની મધુર ઘણી.

કિસાનોની સત્ય ફરિયાદો બધી લાગી,
સર્વના હૃદયે રહી સંવેદના જાગી,
કાયદો અંતે બની સત્વર પસાર થયો,
રચાયો અધ્યાય અર્ધા વર્ષમાં સઘળો.

તીન કઠિયાની પ્રથાનો મૃત્યુઘંટ બજ્યો,
ક્લેશમુક્ત કિસાન જીવન અવનવીન લભ્યો;
સુભગ પ્રકટ્યો સૂર્ય પ્રકટી નવલ શાંતિહવા
જડી લાખો દરદની અકસીર એક દવા.

*

વસી અમદાવાદ ગાંધીએ મદદ આપી
મજૂરો ને માલિકોમાં શાંતિને સ્થાપી,
એકવીસ દિવસ સુધી હડતાળ ત્યાં ચાલી
ઉભયની મૈત્રી છતાં છેવટ રહી ફાલી.

થયેલી દુષ્કાળ જેવી દશા ખેડામાં
લડત આરંભાયલી સરકાર સામે ત્યાં
મહેસૂલ જમીન કેરું માફ કરવાને
કહેતા સરકારને સૌ ધ્યાન ધરવાને.

આખરે વિજયી બની એમાં ગયા ગાંધી
શમી ચંડપ્રચંડ એ જનતા તણી આંધી,
સમાધાન સફળ થયું સરકારની સાથે,
થયો હળવો ભાર સઘળી પ્રજાને માથે.

એ લડતમાં વીરતા સરદારની દેખી,
રહ્યા ગાંધી એમને નજદીકથી પેખી;
સત્યસાથી સુહૃદ કે સન્મિત્ર શા માન્યા,
શ્રેષ્ઠ જીવનકાર્ય કેરા સમર્થક જાણ્યા.

ભયંકર રૉલેટ એક્ટ સ્વદેશમાં આવ્યો,
રાષ્ટ્ર કેરા કર્ણધારોને નહીં ફાવ્યો,
વિરોધો ભારે થયા, લોકો ઉદાસ બન્યા;
દેશને દોરી વળી ગાંધી મહાન રહ્યા.

પ્રાર્થના ઉપવાસ ને હડતાલ શાંત સભા
કરીને જાહેર કરતા સર્વ ઘોર વ્યથા;
થઈ હિંસા જુલમ ઝેરી આસુરી વર્ષા

ડગ્યાં માનવમન છતાં ના ન્યાયનાં તરસ્યાં.

અમૃતસરમાં વિરોધ કરવા જલિયાંવાલા બાગ મહીં
મળ્યા શાંતનિઃશસ્ત્ર જનો ત્યાં રક્તતણી સરિતા જ વહી.
વીસ સહસ્ત્ર નિરીહ લોક પર ડાયરની ગોળી ચાલી,
હૈયું એ હત્યારી ઘટના સ્મૃતિથી આજ રહે હાલી.

ગાંધીજીએ લડત આખરે વ્યથિત બનીને બંધ કરી
ચાંદ કૈસરે હિંદ રાજ્યનો તજ્યો તરત સપ્રેમ વળી.
કલકત્તાની કોંગ્રેસ મહીં અસહકારનો થયો ઠરાવ
લાંબી ચર્ચાને અંતે તે થયો પસાર દઈ સરપાવ.

સંક્ષેપ મહીં ઘટનાક્રમનો કર્યો કાવ્યમહીં ઉલ્લેખ,
નિષ્ઠા ભારતની જનતાની વિવેકશક્તિ અવિચલ ટેક
વ્યક્ત બની નાનાવિધ વેશે દિગંતમાં જયકાર કરી,
વ્યક્તિત્વ મહા ગાંધી કેરું રહ્યું વિરાટ સ્વરૂપ ધરી.

* * * * *

## ૨૧. સેવાનો સંકલ્પ

યુગોયુગ થકી રહી વિબુધચિત્ત આકર્ષતી
રહસ્યમય વસ્તુ શી હિમપ્રદેશની કંદરા,
હિમાલય તણી પવિત્ર ધરતી હમેશાં રહી
મનુષ્યમનને કરી પરમ પ્રેરણાકામણ.

ઉત્તુંગ પર્વત કરી નભસ્પર્શસ્પર્ધા
નેહે નિમંત્રણ ધરી જનને રહેતા,
ભાવેભર્યા અડગ નિત્યસમાધિલીન
જાણે ન હોય જગના વિભુ કે વિજેતા.

સુણીને સાદ એ સૌનો વિવેકી વિરલા જનો
પહોંચે એમની પાસે ખાય ખોરાક પ્રાણનો.
એવી રીતે સુણીને એ સાદને શાંતિ પામવા
હિમાલયે ગયા ગાંધી નવસંદેશ લાવવા.

પર્વત પંક્તિબંધ શાંત ને પ્રેમપરિપ્લાવિત ઊભા,
કેટલા બધા સુંદર દીસે સ્વાગત કરવાને ઊભા !
પુરાણ મુનિશા પેખી પર્વત કોનું અંતર ના નાચે ?
કૃતાર્થતાના ફૂટે ફુવારા રોમરોમ મહીં સાચે.

તપસ્વી સમા યુગયુગ કેરા સાક્ષી સાધક દ્રષ્ટા કોક,
પ્રેરક સૌના એમને ઉરે સ્પર્શે સ્વપ્ને પણ ના શોક.
પરમાનંદે લીન બનેલા પરમ શાંતિસંપન્ન ખરે,
દર્શનમાત્ર થકી અંતરને શાંતિ તેમ આનંદ ધરે.

હિંમત ને ધીરજના સ્વામી તિતિક્ષા તણા તાત સમા,
ટાઢતાપ વાવાઝોડાંની એમને નથી લેશ તમા.
આત્મારામ અભય વ્રતધારી, મૃત્યુ પર શાસન કરતા,
ગૌરવથી ઉન્નત મસ્તકના, ચંચળતા મનની હરતા.

ધુમ્મસ ને વાદળની વચ્ચે સોહે એ સાચે જ ઘણા,
ડગે કદી ના, રહે શાંતિથી સહસ્ત્ર ઘા વરસાદ તણા.

દેવદાર ને ચીડ તેજમલ વૃક્ષ, ફૂલ ફળથી ભરપૂર
પર્વતને પેખીને પ્રાણે કોના ના'વે રસનું પૂર ?

જુઓ વળી આ ઝરણાં કેવાં કુદરતને ખોળે દોડે,
કિલ્લોલ કરે પંખી એમાં, એકે ક્ષણ પણ ના છોડે.
કલકલ કરતાં વહી જાય છે કથા કહી કાળ તણી કોક,
કોઈ સ્નેહી સુણે એમને નથી મોહ મમતા કે શોક.

પર્વત પર પ્રકટીને આવે પૃથ્વીને દેવાને પ્રાણ,
વહી રહે ત્યાં રસને રેલે અખંડ આનંદે ગુલતાન.
જુઓ ખીણમાં દૂર દૂર ત્યાં સરિતાના દેખાય પ્રવાહ,
જતા હશે સાગરની પાસે ભરી ચિત્તમાં યોગમ ચાહ.

નાનાં સરખાં પર્વત પરનાં દૃષ્ટિગોચર ગામ થતાં,
ખેલી રહેલ શાંતિથી બેઠાં જનનીખોળે બાળ સમાં.
નાનાં અસંખ્ય ખેતર દીસે તેમ દૂર પર્વતમાળા
તુષારથી આચ્છાદિત જાણે આકાશી ગંગાધારા.

અરણ્યમાં પંખી બોલે ને ડોલે લહરી વાયુ તણી,
સૂર્યચંદ્રની શોભાયે શી આહ્લાદક અવનવી બની !
રજની સમયે ચંદ્રકિરણથી સજે સૃષ્ટિ સઘળી શૃંગાર
ત્યારે તો એમ જ લાગે તે અમરાપુરી ન આની પાર.

સરોવર તણાં સલિલ સુધાના સિંચનથી સ્વાદિષ્ટ બને,
સુંદર લાગે હૈયું હરી લે પર્વત પણ પરિપૂર્ણપણે.
નવી હવા ને નવી ધરામાં નવા વિચારે નાચે પ્રાણ,
અંતર નવું અનુભવે દેખે નયન નવું સાંભળતા કાન.

એ બધું ભાળી વળી માણી મન મહીં થાય કે
અહીં વિતાવી બધું જીવન દઈએ આપણું,
શાંતિ ને આનંદનો આસ્વાદ નિત્યનવો લઈ
અધિક મનઅંતર થશે રસથી ભર્યું રળિયામણું.

ધ્યાન તેમજ ધારણા તપ તીવ્ર તત્વવિચારણા

કરી જીવન શેષ સઘળું નિત્ય નવ્ય બનાવવું,
બંધનો તોડી બધાં આનંદ મુક્તિનો લભી;
દિવ્યદોરે પ્રેમના ઉરને અખંડ વહાવવું.

છે અસાર સકળ જગત જ્યાં વિપત્તિવર્ષા થતી,
ભેદ ક્લેશ અનર્થ વ્યાપ્યા તેમ વ્યાપી દુર્ગતિ;
શ્રેય સાધન કરી લેવું વિજન વન માંહે વસી,
પ્રવૃત્તિ ના અન્ય કરવી કે ઉપાધિ હવે કશી.

ઈશ્વરદર્શન કાજ તપસ્યા કરવી એ ઉત્તમ છે કામ,
વાળી લેવી મનની વૃત્તિ વિષયોમાંથી અન્ય તમામ.
જીવનનું સાર્થક્ય કરીને કરવો એકાંત મહીં વાસ,
એ જ કાર્ય; અંતે થાય ભલે આવા સ્થળમાં ખેલ ખલાસ.

એવા એવા રમે ભાવો માનવી મનમાં અહીં,
ગાંધીનાય ઉરે ઊઠ્યા આરંભે વનની મહીં.
કિન્તુ ઈશ્વરની ઈચ્છા કે પછી દૈવ યોજના
અનોખી ભિન્ન હોવાથી આવ્યો આત્મ-અવાજ ત્યાં :

નિર્ગમન જીવન કરી એકાંતમાં વસવા તણી
કલ્પનામાંયે જણાયે ધન્યતા સાચે ઘણી,
જિંદગીની શક્યતા પણ એ થકી અદકી રહી,
પળો મૂંગી મૂલ્યવાન જતી અચૂકપણે વહી.

એ પળોનો કરી લે ઉપયોગ જાગ્રત જે રહી,
શ્રેય સાધે સ્વાત્મ તેમ પરાત્મનું સ્વલ્પે વળી,
ધન્ય તે જનને જગતમાં જિંદગી જેની જતી
સુધા સઘળે સીંચતી સ્વાદિષ્ટ સરિતા શી સરી.

એકાંત મહીં વાસ ક્યાંથી અંતરને આનંદ મળે,
ફૂટે ફુવારા શાંતિ તણા ને પ્રાણ પરમ કિલ્લોલ કરે.
પરમાત્માનું ધ્યાન ધારણા સમાધિ કેરું સાધન થાય,
ઉપાધિ મુક્ત અનેરું જીવન નિર્મળ નેહનદીમાં ન્હાય.

વનવાસી શાં વૃક્ષવલ્લરી ફૂલ હરણ ને ઝરણાં આ,
પ્રીત થવાથી સૌની સાથે એકલવાયું લાગે ના.
પરંતુ એથી લાભ અન્યને સમાજને સૃષ્ટિને શો ?
ઊપયોગી જો થાય જગતને મંગલકારક જીવન તો.

દુઃખદર્દ સંતાપ વેદના અધર્મ ને અન્યાય તણો
અંત નથી અવનીમાં આજે અનીતિનો છે ભાર ઘણો.
અંધકારમાં અટવાયે ને ગર્તામાં ગોથાં ખાયે,
ભ્રમમાં ભમે હજારો લાખો, શોક એમનો ના માયે.

બંધનમાં બંધાયા કોટી મુક્ત થવા માટે તલસાટ
કરે નિરંતર જોયા કરતાં મુક્તિદાતા કેરી વાટ.
પીડાના પોકાર એમના પર્વત પર પણ રહ્યા ફરી,
દશા એમની એકાંતે પણ અશાંત ઉરને રહી કરી.

ત્યારે ક્યાં સાધન શાંતિ તણું કરવા બેસું મૂક થઈ,
સમાધિ કાજે કરું પરિશ્રમ કૈવલ્ય તણી ધૂન લઈ !
અશાંત જનની સાથે મારી પરમ શાંતિનો રાહ રહ્યો,
બદ્ધ જનોની મુક્તિમાં છે મુક્તિ કેરો માર્ગ મળ્યો.

સેવા કરું સકળ જીવોની, અર્પું એ સૌને આનંદ,
કૃતાર્થતા એમાં કાયાની, પામું એમાં પરમાનંદ.
દુઃખદર્દમાં ભાગ લઈને એ સૌનો સાથી બનતાં
સફળ કરાવું સફર એમની સુખ મારું એમાં ગણતાં.

માનવતાના મંગલ માટે કુરબાન કરું આ કાયા,
માનવતાની કરું માવજત મૂકીને બીજી માયા.
દબાયલાં બંધાયા શોષિત અસંખ્યમાં ઉત્સાહ ભરું,
બનું મૂકનો અવાજ તેમજ અંધજનોને જ્યોત ધરું.

એ જ સાધના અમોઘ મારી એ જ ઘટે મારે કરવી,
એ જ પૂર્ણતા કૃતાર્થતા પથ એ પથ પર પગલી ભરવી.
એ પંથ વિના પરમ શાંતિ ના સ્વપ્ને પણ મુજને મળનાર,
એ જ યોગ ને યજ્ઞતપસ્યા વિષાદ વેદનને હરનાર.

ઈશ્વરનું દર્શન કરવાને છોડું ના સૌનો સંબંધ,
વસી રહ્યા ઈશ્વર સંસારે જેમ વસે પુષ્પ મહીં ગંધ.
મારો ઈશ્વર સાકાર બની વિવિધ રૂપરંગે રમતો,
સેવું એને શાને એને કાજ રહું વનમાં ભમતો ?

દીન હીન કંગાલ કરોડો લોકોના રૂપે ભગવાન
એ જ રમે છે, પ્રાણ એમનો રમી રહ્યો એ સૌને પ્રાણ.
વંદુ સેવું સ્નેહે નિશદિન, અર્ઘ્ય એમને દિવ્ય ધરું,
આરતી અંતર થકી ઉતારું, મીઠી મમતા સાથ મળું.

જીવન ઉજ્જવળ કરવા સૌનાં કરું પરિશ્રમ પૂર્ણપણે,
અંતર્યામી તણો અનુગ્રહ સાંપડશે એથી જ મને.
એ સૌની મુક્તિ શાંતિ મહીં મારી મુક્તિ શાંતિ ગણું,
જોઉં જનતા મહીં જનાર્દન, બીજી સઘળી ભ્રાંતિ હણું.

હૃદયમાં રમે બ્રહ્મતત્વ તે
રવિશશી તથા તારકે રમે;
મધુરવી ઉષા તેમ સંધિકા
ગગનમંડળે એક એ ભમે.

સુમનમાં નદી સ્ત્રોત સિંધુમાં
વિહગવૃક્ષ ને વેલમાં કરે
સતત ખેલ એ, મિષ્ટ બંસરી
બજવતાં બધે ને સુધા ભરે.

હૃદય રેલતાં એ વસંતમાં
અવનવું કરે વિશ્વને વળી
વરસતાં કદી વ્યોમવારિમાં
મધુમયી મહીને રહે કરી.

અખિલ વિશ્વમાં વાસ એહનો,
કણ નથી ખરે રિક્ત એ વિના,
નવ મનુષ્યનાં નેત્ર દેખતાં,

તિમિર એ મહીં મોહનાં ઘણાં.

તિમિર એ ટળે તો બધેય એ
પરમ બ્રહ્મની ભાવના થતી.
સકળ વિશ્વ સ્વર્ગીય ભાસતું,
મન મહીં ભરી ભ્રાંતિ સૌ જતી.

એ પ્રમાણે વિચારીને ગાંધીએ જનતા તણો
સેવાસંકલ્પ પોતાના વધારે પ્રાણમાં વણ્યો.
સેવાની ભાવના પાછી વજ્ર જેવી દઈ કરી,
વિતાવ્યો કાળ આત્માને શાંતિ અક્ષય શી ધરી.

* * * * *

## ૨૨. મુક્તિની ભાવના

હતા હિમપ્રદેશમાં પરમસિદ્ધ યોગીવરો,
પ્રશાંત મુનિપંડિતો ઋષિ વિરક્ત જ્યોતિર્ધરો;
મંહત બહુ સંત સાધક તથા તપસ્વી થકી
સુશોભિત હતી પવિત્ર ધરતી હિમાદ્રિ તણી.

અવધૂત મહામૌની સંન્યાસી ભક્ત ને ઘણા
બ્રહ્મચારી રહેતા ત્યાં સાધુની ના હતી મણા.
ઋચાઓ વેદની ક્યાંક, ક્યાંક કીર્તનના ધ્વનિ,
પ્રાર્થના ક્યાંય ને પૂજા દેખાતી મંદિર ઘણી.

ગંગાના તીરપ્રાંતે ને પર્વતોની ગુફા મહીં
કરીને આશ્રમો સંતો રહેતા શાંતિને લહી.

પંચાગ્નિનું સેવન કરતાં તપસી પસાર કરતાં કાળ,
નખ ને જટા વધારી રે'તા કોઈ છોડીને જંજાળ.
ટાઢતાપ ને કષ્ટ સહેતાં કઠોર દેહદમન કરતા,
દિવસરાત એક જ લગનીમાં લેતા શ્વાસ અને ફરતા.

સમાધિસુખથી લોચન ભીનાં કોઈનાં આનંદભર્યાં,
ઈન્દ્રકુબેર તણા વૈભવનું આકર્ષણ એને ન જરા.
કોઈ સિદ્ધિકેરા સ્વામી નિસર્ગ પર શાસન કરતા,
અનુગ્રહ થકી ભક્તજનોને અવનવીન પરચા ધરતા.

આધિવ્યાધિ ને ઉપાધિથી પર કોઈ મસ્ત બની જીવે,
પામીને પરમાત્મા પ્રેમે પરમામૃત પ્યાલી પીવે.
ત્રિકાળમાં સંસાર નથી આ અવિદ્યા થકી પણ ભાસે,
મિથ્યા સઘળું; ઉપદેશીને કોઈ વૃક્ષ તળે વાસે.

ભૂતભાવિના જ્ઞાતા કોઈ સંકલ્પતણા બળવાળા,
રિદ્ધિસિદ્ધિ કેરા સ્વામી મનસ્વીપણે ફરનારા.

યુગોયુગ થકી એવા સંતો કેરી સુવાસથી
હિમાલય હતો ધન્ય તપસ્વીના પ્રતાપથી.

વિરલ કોક સંતોના મનમાં માતા કેરો પ્રેમ હતો,
દુઃખદર્દ દેખી માતાનાં એમના ઉરે ક્ષોભ થતો.
દેશ તેમ દુનિયાના હિતની ચિંતા કોક જ કરનારા,
સત્કર્મ તણી અંજલિ કોક જ હતા ધરાને ધરનારા.

પ્રસન્ન માતા થતી એમને અવલોકીને નિત્ય ખરે,
કામ ન કિન્તુ કદી લાગતા જનનીને એ બાળક રે !
અખંડ રસમાં મગ્ન રહેતા ખોલી લોચન કિન્તુ કદી
દશા દેખતાં જનનીની ના હમદર્દીથી એક ઘડી.

એટલે તો હતા એ સૌ પૂર્ણમુક્ત સમા છતાં
દેશ દીન રહ્યો તેમ રહ્યાં આક્રમણો થતાં.

શક ને હૂણ ફિરંગી મોગલ અંગ્રેજો આવ્યા તોયે
અટકાવ્યા ના લેશ એમને પ્રતિકાર કરીને કો'એ.
એમના મહીં અપવાદ સમા માનવપ્રેમી કોક મહાન,
બીજાની તો પડી જગતને કદી નહીં જીવ્યાની જાણ.

માતા લૂંટાઈ બંધાઈ બંધે હાલહવાલ થઈ,
રોમ રોદને હાલ્યું કિન્તુ કોઈનું તલભાર નહીં.
માનવપ્રેમ મહા વીસર્યા એ પરમાત્માના પ્રેમ મહીં,
કરુણતા એ કઠોર મોટી કવિતામાં ન કવાય કહીં.

જે સંસ્કૃતિએ માનવતાનો જયજયકાર સદાય કર્યો,
સ્વાર્થ તેમ પરમાર્થ ઉભયના સમન્વય તણો મંત્ર ધર્યો;
તેના વારસ રહસ્ય એનું વીસર્યા, સંસ્કૃતિ રક્ષાકાજ
કટિબદ્ધ બની વિરોધ કેરો આર્ત ઉઠાવ્યો નહીં અવાજ.

કરુણતા એ ઈતિહાસ તણી વિધિનું અથવા કહો વિધાન,
દીર્ઘકાળપર્યંત દેશનો પરંતુ પીડિત રહ્યો પ્રાણ.
વચ્ચે વચ્ચે બડભાગી શા મહાપુરુષ કો પ્રકટ થયા,
મંત્ર વહાવી માનવતાના તમિસ્ત્રમાં રવિ જેમ રહ્યા.

મહાપુરુષની એવી પ્રકટેલી પરંપરા,

એમાં ગાંધી હવે જનમ્યા ભિન્ન ભાવો ભરી જરા.
ફળ્યાં તપ તપસ્વીનાં, સિદ્ધોની સાધના ફળી,
ઋષિની ભાવના દૈવી દેહ જાણે રહી ધરી.

સમ્મિલિત થઈ ઈચ્છા સિદ્ધોની માનવી મહીં,
ધરી આકાર આકાંક્ષા પ્રકટી તપસી તણી.
અનંત તારલામાંથી એક તારલિયો અહીં
પ્રકાશ પૂરવા આવ્યો ગાઢ અંધારની મહીં.

પંક મહીં પંકજ પ્રકટ્યું ને
જીવન મૃત્યુને મળિયું,
અમોઘ ઔષધ જડ્યું રુગ્ણને,
ગરલ મહીં અમૃત ઢળિયું.

માતાની એક મુક્તિમાં સઘળાં દર્દની દવા
અકસીર નિહાળી એ ગાંધીએ કીમતી દવા.
કર્યો સંકલ્પ એ માટે ફરી મક્કમ એમણે,
શ્વાસ લેવા સદા કાજે દુઃખી માનવી કને.

તપવા સહવા રોવા મથવા જેલમાં જવા
કર્યો તૈયાર આત્માને દેશકાજ ફના થવા.
માનીને પ્રાણની રક્ષા, આઝાદી કાજ ઝૂઝવું,
કરવી માતની રક્ષા, માતાને નિત્ય પૂજવું.

ચિંતા વ્યથા વળી માની કરવી દૂર સત્વર,
એ જ આરાધના સાચી, થવું એ કાજ તત્પર.

ભારતમાતાને મુક્ત કરીને બતાવવો શાંતિ તણો રાહ
સમસ્ત સૃષ્ટિને એ માટે હતો એમના ચિત્તે ચાહ.
હશે ઈશની ઈચ્છા એવી ભારત આ દેવોનો દેશ
સૂત્રધાર સંસ્કૃતિનો સૌને આપે આધ્યાત્મિક સંદેશ.

એ વિરાટ નાટકનો એણે પ્રારંભેલો પ્રથમ પ્રવેશ
દીર્ઘ સમયથી; હવે મોકલ્યા અભિનેતા ગાંધીને વેશ.

* * * * *

## ૨૩. અનુગ્રહનો પ્રસંગ

સ્મૃતિપટે શુચિ એક પ્રસંગની
સુખદ સૃષ્ટિ થતી રસથી ભરી,
તનિક ચિત્રણ એનું કરી લઉં
કલમ ને મનને મધુતા ધરી.

સફળતા દીસતી કવિતાતણી
મધુરપ્રેરક સંસ્મરણો તણા
પુનિત કીર્તનમાં, અનુભૂતિની
સહજ શબ્દમયી અભિવ્યક્તિમાં.

સાબરમતી મહીં ગાંધીએ આશ્રમ સ્થાપી વાસ કર્યો,
પ્રશાંત સુંદર સરિતાતટને મહિમા એથી અધિક ધર્યો.
ભેદભાવથી વિમુક્ત વચનો કહ્યાં એમણે સાથીને
આત્મોન્નતિની આકાંક્ષાના અમૃતરસને ચાખીને

અત્યંજ પણ હોય સુયોગ્ય તો એ શકશે આશ્રમવાસ કરી,
આદર્શ હશે મંગલ મારો ભેદ રહેશે સર્વ ટળી.
સાથીજનો સહાયક સઘળા સંમત ગાંધીસાથ થયા
ત્યારે વસ્યા આશ્રમે ગાંધી ધરી દીનને કાજ દયા.

સમજ્યા ધની સહાયક સઘળા અત્યંજ મળશે યોગ્ય નહીં
આશ્રમવાસ તણા અભિલાષી અનુશાસનપ્રિય શ્રેષ્ઠ કહીં.

સ્વલ્પ કાળ મહીં કિન્તુ આવ્યું એક કુટુંબ ત્યાં,
અનુજ્ઞા લભતાં લાગ્યું રહેવા શાંત સ્થાનમાં.
સદવિચારી સુસંસ્કારી શુદ્ધ અત્યંજ સૌ હતા,
સત્કાર્યા કૈંક સભ્યોએ, અન્યે અનુભવી વ્યથા.

ભેદભાવ તણા ભાવો હતા જાગ્રત જેમને
સહાયક જનો એવા ધનવાન સમસ્ત તે
ગાંધીની કરવા લાગ્યા તીવ્ર આલોચના વળી
સહાય એમણે રોષે બંધ આશ્રમની કરી.

મિત્રમંડળના દ્રવ્યે આખો આશ્રમ ચાલતો
વટવૃક્ષસમો ન્યારો દિન ને રાત ફાલતો.
અવરોધ થયો પેદા વૃદ્ધિપોષણસ્થૈર્યમાં,
ડગી શ્રદ્ધા અનેકોની તૂટતાં તટ ધૈર્યના,

સંકેલવા પ્રવૃત્તિને પરામર્શ રહ્યા કરી,
હતોત્સાહ બન્યા સર્વે આકાંક્ષા એમની મરી.
વિરોધ વિઘ્નના ભારે વંટોળોમાંય સંત એ
ડગ્યા લેશ નહીં પ્રાર્થી પ્રેમથી ભગવંતને

સ્વસ્થ શાંત રહ્યા મીઠા સ્મિતથી નિજ આશ્રમે
નિત્યકર્મો મહીં લીન રેલતા સુપ્રકાશને.
પ્રતિકૂળ પ્રસંગોમાં ચળે અજ્ઞ રડે વળી,
પ્રાજ્ઞ કિન્તુ કરે માર્ગ ધૈર્યનિર્ભયતા ધરી.

અનુગ્રહ કરી પરમાત્માએ એક પ્રસંગ રચ્યો ત્યારે,
સુહૃદસહાયક સખા બને એ શરણાગત સંકટ ટાળે.
એક પ્રભાતે મોટર આવી આશ્રમપ્રાંગણમાં કોઈ,
ધનવાન વિરાજેલા કોઈ બોલ્યા ગાંધીને જોઈ :

સહાયતા આશ્રમને કરવા ધરી ભાવનાને ઉરમાં
પ્રભુપ્રેરિત આવ્યો આશ્રમમાં પ્રભાતની પાવન પળમાં.
સહાયતા સ્વીકારો મારી વિજ્ઞપ્તિ સપ્રેમ કરું;
સંમતિસૂચક વચન વિસ્મયે ગાંધીએ તત્કાળ કહ્યું.

છે ભીડ આશ્રમ મહીં મુજને ઘણીયે
ગાંધી તણાં વચને એ સુણતાં હસીને
બોલ્યા ધની ફિકર ના કરશો કશીયે,
કાલે પ્રભાત સમયે મળશું કરીને.

આવ્યા પ્રભાત સમયે ધનવાન પાછા
ગંભીર શાંતિ શુચિ આશ્રમઆંગણામાં,
ગાંધીપદે રકમ તેર હજાર કેરી
અર્પી પ્રસન્ન મનથી કરતા પ્રયાણ

બોલ્યા : કૃતાર્થ જીવન મુજ આજ માનું
આવ્યો શુભાવસર કે મુજ જિંદગીમાં
સેવા તણો, ધન બન્યું અતિધન્ય સારું
આથી દીસે અધિક ભાગ્ય નહીં રૂપાળું.

ગાંધી ઉરે મધુરભાવ કૃતજ્ઞતાના
જાગ્યા વહ્યા પુનિત લોચનના પ્રવાહે,
વિશ્વાસના વિજયનો વિભુની કૃપાનો
કિન્તુ બન્યો અમર એક પ્રસંગ ન્યારો.

શ્રદ્ધા રહી હૃદયમાં દૃઢતા ધરી કે
દૃષ્ટિ પવિત્ર પરમાત્મ તણી અનેરી
છાઈ રહી રસમયી દિનરાત રક્ષી
અર્પી પ્રકાશગતિ ને બળ જિંદગીને.

એ પ્રેમસિંધુ પરમાત્મ તણી કૃપાની
છાંયે સુરક્ષિત સલામત જિંદગી આ,
કોઈય ના ત્રુટિ, વિષાદવ્યથા ન કૈંયે,
ના ભીતિ બંધ પરિતાપ અનર્થ ચિંતા.

વિશ્વાસની વિમલ ગંગ પરંતુ પ્રાણે
કોઈકના જ પ્રકટે મધુ પ્રેમગાને
રેલી સુધા સકળ જીવનમાં અનોખી;
આવૃત્ત ચિત્ત જડ સંશયથી ગુમાને,

એથી મનુષ્ય નિત અંતરમાં અશાંત
ને ક્લેશયુક્ત વિચરે મમતાઅહંથી
ઉન્મત્ત ચારુ ચરણે પરમાત્મ કેરા
મીઠું સમર્પણ કરે નિજ આત્મનું ના.

એક વર્ષ તણું એથી મળી ખર્ચ ખરે ગયું;
પ્રભુપ્રેમ થકી ભીનું હૈયું ગાંધીતણું થયું.
લાગણી અત્યંજો કાજે બળવાન વળી બની,

આલોચના વિપત્તિ કે વિરોધો ના શક્યા હણી.

અતિગાઢ અહર્નિશ લાગણી બનતી ગઈ,
બીજ અંકુરમાં વ્યાપે વૃક્ષમાં તેમ વિસ્તરી.
પ્રેરાઈ એ થકી કષ્ટો ઉપવાસ તણાં સહ્યાં,
વચનો માનવી કેરા સ્નેહનાં સહુને કહ્યાં.

* * * * *

## ૨૪. સર્પની ઘટના - ૧

પ્રમત્ત કોઈ નભની પરી શી
કે સ્વર્ગ કેરી અભિસારિકા સમી
રેલી રહી પ્રેમપ્રકાશ ચંદ્રિકા,
સુધા ભરેલો ઘટ મસ્તકે મૂકી

નૃત્યાંગના શી ઉરની સિતારથી
સંગીતના સુસ્વર મૂક છોડતાં
દીસે જતી પાવન કો પ્રદેશમાં
સૌંદર્યની વિશ્વવિમોહની છબી.

ધીરે કરે પંથ પરે પ્રયાણ
તમિસ્ત્ર કેરા થર લક્ષ ગાઢ
ભેદી ભરી સોમલમાં સુધાને
સંજીવની તંદ્રિત વિશ્વપ્રાણે.

સૂતા હતા સુંદર ચાંદનીમાં
સુરમ્ય રાતે નિજ આશ્રમે ત્યાં
ગાંધી નિહાળી અટકી જરા એ
સત્સાધિકા શી અવિરામ ચંદ્રિકા

કરી રહી સાધન શાંત રાતે,
પ્રજ્ઞાપ્રસાદે શુભપુણ્યયોગે
જાણે થઈ દિવ્ય જરાક ઝાંખી
એને ધરાપે નિજ ભાવનાની.

મહાદેવ સૂતેલા ત્યાં થોડે દૂર ઊઠી ગયા,
અસાધારણ દેખીને દૃશ્ય દિગ્મૂઢ શા બન્યા.
ઉઠાડી અન્ય શિષ્યોને ગાંધીને શાંતિથી કહ્યું,
તમારી ચાદરે મોટો સર્પ નિશ્ચલતા ધરી

પડ્યો છે અમને એની ભીતિ પુષ્કળ લાગતી,
ભીતિથી હાલતા આવા સમયે ના તમે જરી.

ઓઢેલી ચાંદની રંગી ગાંધીની ચાદરે સૂતો
સ્થિતપ્રજ્ઞ સમો સર્પ શાંત લીન સમાધિમાં,
કાળ દૂત બની આવ્યો અથવા દર્શનાર્થ એ
સમજાયું ન ભક્તોને; વદ્યા ગાંધી સુધાસ્વરે :

હું તો હાલીશ ના કિન્તુ તમેયે હાલશો નહીં ?
કર્તવ્ય શું તમારું છે આ પરિસ્થિતિની મહીં ?
ચારે જણ ઉપાડીને છેડલા ચાર ચાદરે
સમાવી સર્પને છોડી આવો સરિતને તટે.

ડર્યા હલ્યા લેશ નહીં મહાત્મા,
અપૂર્વ ત્યારે નવજાત ધૈર્યથી
ચારે જણે ચાદરને ઉપાડી;
પડી રહ્યો સર્પ અસીમ સ્થૈર્યની

મૂર્તિ સમો શાંત પ્રશાંત જાણે
પ્રતીકશો પ્રસ્તર ખંડ પ્રાણે;
છોડ્યો નદીને તટ શાંત સર્પને,
રહી નિહાળી મધુચંદ્રિકા એ.

શાંતિપૂર્વક ગાંધીજી ફરી આંગણમાં સૂતા;
ભીતિ માનવને શેની વરસ્યે વિભુની કૃપા ?
સંદેશ ચંદ્રિકાએ શો ચમત્કૃતિ ભર્યો કહ્યો,
કવિના અંતરાત્માએ સુણી આહ્લાદ મેળવ્યો :

બ્રિટિશ સામ્રાજ્યરૂપી વિષાક્ત આ
સૂઈ રહ્યો સર્પ સુરમ્ય ચાદરે
સ્વદેશની સંસ્કૃતિની અનેરી;
વિદાય એને મધુ આપવાને

નિશ્ચિંત ને નિર્ભય શા બનીને
કરી રહ્યા ઉત્કટ સાધનાને :
એ સાધના સાર્થ થશે સમસ્ત,
થશે પ્રતાપે ભર સૂર્ય અસ્ત;

મહાપ્રતાપી શુચિ પ્રાણ ગાંધી
શમાવતાં દુષ્કૃત-દંભ-દર્પને,
સંયુક્ત સામર્થ્ય પ્રજા તણું લભી
હઠાવશે આખર ઘોર સર્પને.

* * * * *

## ૨૫. સર્પની ઘટના - ૨

એક વાર વિરાજેલા ગાંધી એકાંત આશ્રમે
પ્રવેશ્યો પ્રેમથી ત્યારે મદારી એક આંગણે,
સર્પને ટોપલીમાંથી છોડ્યો, દર્શક દેખતાં
બન્યા સ્તબ્ધ બધા ક્રુદ્ધ કૈંક આશ્રમના થયા:

પરંતુ શાંત ગાંધીજી વિરાજ્યા, ન ચળ્યા જરા,
વિલાઈ વદને આછા સ્મિતની મધુરેખ ના.
સ્થિતપ્રજ્ઞ સમા બેઠા સર્પને શાંત દેખતા;
મંત્રમુગ્ધ સમા સર્પે એમના અંગપે ચઢી,

વીંટીને કંઠને દૈવી ફણા ઊંચી સુખે કરી
છત્ર તાણ્યું શિરે જાણે નૈસર્ગિક વિશાળ એ
યુગશ્રેષ્ઠ તણા, આવ્યો શેષનાગ જ હોય ના
પ્રભુને મળવા પ્રેમે વિશ્વના ક્ષીરસિંધુમાં.

સુશોભિત કરી પાછો મદારી પાસ એ ગયો,
ચમત્કાર તણા ન્યારા દર્શકે રસને લહ્યો.
મૂર્તિ નિર્ભયતા કેરી વિશ્વ વાત્સલ્યની મહા
ગાંધી વિરલ શી ત્યારે દર્શાવી સ્નેહને હસ્યા.

દર્શકોએ જણાવ્યું, આ ઘટના સૂચવી રહી
સાફલ્યયશ સંસારે જય ભાવિ તણો વળી
પામશે છત્ર ગાંધીજી મુક્ત ભારતવર્ષનું
અધીશ્વર બની એના રેલશે પરિત્રાણનું.

સુધાસંગીત સૃષ્ટિમાં, એટલે પ્રકટ્યા જગે,
સર્પના રૂપમાં સર્પે અર્પી આશિષ એમને.
ગ્રસ્યો સંસૃતિના સર્પે જીવને કેદ કે કર્યો
વાસના વિષયો માંહી : અવિદ્યાસર્પ એ વળી.

અહં મમ તણી ધારી કોથળી વિષની સદા
વસે અંતરમાં સૌના પ્રકટાવે મહાવ્યથા;

થતાં એ વશ આનંદે આત્મા નિર્ભયતા ધરે,
મહોત્સવસમી મીઠી જિંદગી શાંતિને વરે.

બની નિર્ભય જે એને જીતી લે સાધના થકી
ડરાવે તેમ ના ડંખે સર્પ એ એહને નકી.

* * * * *

## ૨૬. નવાં શસ્ત્રો

કર્યો સંકલ્પ ગાંધીએ આઝાદી જંગ ખેલવા
શસ્ત્રો હિંસક ને તીક્ષ્ણ સઘળાં દૂર મેલવા.
પાશવી બળની સામે પાશવી બળ ના ટકે,
લડવું આત્મશક્તિથી શ્રદ્ધા હિંમતથી હકે.

સત્ય છે આપણે પક્ષે, અહિંસાને વધારવી,
સત્યાગ્રહ થકી તંદ્રા દેશની ઘોર ટાળવી.
પારતંત્ર્ય તણી બેડી પુરાણી કે નવી બધી
નષ્ટભ્રષ્ટ કરી દેવા હકદાર મનુષ્ય છે,

સિદ્ધિ સ્વતંત્રતા કેરી કરવા અધિકાર છે
જન્મજાત મનુષ્યોનો નિર્વિવાદ વિધાન એ.
મનુષ્ય માત્રનો ધર્મ વળી કર્તવ્ય શ્રેષ્ઠ એ,
અશક્ય ના કદી લાખો જો એને કાજ ભેખ લે.

સત્યાગ્રહ અહિંસાના નવાં બે આયુધો ધર્યાં
એમણે દેશ સામે ને ઉમંગે સહુને ભર્યાં.

પરંપરાગત નેતા લાગ્યા શસ્ત્રોનો કરવા ઉપહાસ,
યુદ્ધ વિના એકેય પ્રજાને આઝાદીનો મળ્યો પ્રકાશ ?
કહ્યું એમણે નિર્બળને ના મળી શકે મુક્તિનો લાભ,
વામન કેમ ગ્રહે તારાને, અપંગ આલિંગે શેં આભ ?

ગાંધી બોલ્યા, સત્ય અહિંસા નિર્બળ કેરો માર્ગ નથી,
હથિયાર વિના લડવું એ કૈં કલૈબ્યવાનનું કામ નથી.
આત્મશક્તિની આગળ શક્તિ શસ્ત્રોની સઘળી નમશે,
હરીફના હૈયામાં અંતે માનવતા નક્કી રમશે.

એ જ મંત્ર છે સ્વતંત્રતાનો, એ પંથે જ પ્રયાણ કરો,
માતૃભૂમિને કાજ સ્નેહથી સર્વસ્વ તણો અર્ઘ્ય ધરો.
અસહકારને અજમાવીને સવિનય કાનૂનભંગ કરી
તમન્ના કરો પેદા દેશે સ્વાતંત્ર્ય તણી હવા ભરી.

તૂટી પડશે પાયા સઘળા પરદેશી શાસન કેરા,
ભાનુ પ્રકટતાં અમર રહેતી અંધકારની ના સેના.
સ્વાતંત્ર્ય તણો મંત્ર અનોખો પામે પીડિત શો સંસાર,
શોષણ શમે ટળે દાનવતા થાય શસ્ત્રબળ કેરી હાર.

લડવું બ્રિટિશ સત્તા સામે, બ્રિટિશરોનો દ્વેષ નહીં,
ધૃણાભાવ અંતરમાં લડતાં પ્રકટ થાય લવલેશ નહીં.

નવી વાત સુણીને એ દેશમાં લહરી નવી
નવજાગૃતિની ચાલી ઉત્સાહે સર્વને ભરી.
સરદાર નહેરુ ને બાબુ રાજેન્દ્ર ને વળી
કૃપલાની સરોજિની મહાદેવ સમા કરી

કુરબાન બધું આવ્યા સૈનિકો દેશના થઈ,
જ્ઞાતઅજ્ઞાત લાખોનાં નામ કેમ શકું કહી ?
તારલાઓ ગણાયે ને તરંગો સિંધુના ઘડી
મપાય તોય એ સૌને ગણાવાય નહીં કદી.

સહકાર થકી સૌના પછી તો દેશમાં ઘણાં
થયાં આંદોલનો, કષ્ટો વ્યથાની ના રહી મણા.
સ્ત્રીઓયે દેશને કાજે જંગમાં ઉતરી પડી,
શસ્ત્રો સામે હસી ધૈર્યે પ્રેમશ્રદ્ધા થકી લડી.

જુસ્સો છવાયેલો ભારે જેલની યાતના થકી
દંડમાર થકી કોઈ સ્વપ્નેયે ડરતા નહીં.
દર્શાવી લાગણી દેશે કેટલાય પ્રસંગથી,
સરકાર ઊઠી હાલી જનતાના ઉમંગથી.

સત્યાગ્રહ ને અહિંસા તણાં અભિનવ શસ્ત્રો સફળ થયાં,
પરદેશી સત્તાના ભયનાં બની આવરણ દૂર ગયાં.
અમર્યાદ બનતાં સરકારે વધારે કર્યો અત્યાચાર,
યુક્તિપ્રયુક્તિઓ અજમાવી, રહ્યો યંત્રણાનો ના પાર.

સાધારણ ગૃહત્યાગ કરે ના સ્વેચ્છાએ માનવ કોઈ,

સમૃદ્ધ તો સામ્રાજ્ય અનેરું કઈ રહે સત્તા ખોઈ ?
જુસ્સો જનતા કેરો કેવો સમસ્ત દેશે પ્રકટ થયો,
પ્રેરણા લભીને ગાંધીની ભવ્ય રચી ઈતિહાસ રહ્યો.

* * * * *

## ૨૭. કસ્તૂરબાનો સાથ

આ વૃક્ષને વ્હાલભરેલી વેલી
વીંટી વળી કૈંક કરંત કેલિ;
મનોરથોથી મનને મઢીને
સમીર છૂટ્યો લહરી લઈને.

આ પત્ર ને પુષ્પ રસાળ રંગે
ખીલી રહ્યાં અંગ ભરી અનંગે;
જતાં નદીનિર્ઝર સિંધુ પાસે
સમાય સર્વોત્તમ રમ્ય રાસે.

રમી રહ્યાં છે શુકસારિકા આ,
ક્રીડા કરે ઢેલ મયૂર યુગ્મો;
આનંદતાં ચંદ્ર તથા ચકોરી
રાત્રીતણો રંગ સમસ્ત ચોરી.

ખીલેલ કેવાં કમળો સરોવરે,
સુવાસ લેવા ભ્રમરો મહીં ફરે,
પ્રસન્ન ને કોકિલ શા સુધાસ્વરે
પ્રેમીજનોના મનને વળી હરે !

અંગાંગ માંહી મધુમંજરી મઢી
આ આમ્રવૃક્ષે ધરતી બધી જડી
ચૈતન્ય ને રંગ સમસ્ત અંગે
સોહાય સ્નેહેભર વ્યોમસંગે.

નવા સજી સાજ સમસ્ત સૃષ્ટિ
કરી રહીને રસની જ વૃષ્ટિ
કોઈકની સોડ મહીં સમાવા
કરે પ્રતીક્ષા અભિસારિકા શી.

વસંતનો માદક રંગ વ્યાપ્યો
કેમે કરી ના જ મપાય માપ્યો;

બધે યુવાની મધુરી હવાની
છટા છવાઈ રસની ઉજાણી.

યુવાનીની એવી મધુમય વસંતે સર કર્યું
યુવા ગાંધી હૈયું અભિનવ ઉમંગે અતિભર્યું,
ઉઠ્યા એમાં રંગો વિવિધ, રસનું સિંચન થતાં
પ્રફુલ્લેલું પૂરું સરળ મૃદુ ને નિર્મળ છતાં.

નાની વયે લગ્ન થઈ ગયેલાં
ને સંગિની કસ્તૂરબા બનેલાં;
ના કામ કોદી વયવર્ણ માપે,
બ્રહ્માંડમાં એ સહુનેય વ્યાપે.

ખીલે યુવાની મદમસ્ત કેવી
અબ્ધિ તણા તાંડવનૃત્ય જેવી,
બલી તથા નિર્બળ પ્રાજ્ઞ પૂર્ણ
તણાય તેમાં તૃણ જેમ મૂઢ.

કરોડમાં કો'ક સુખે તરી શકે,
પ્રચંડ એ પૂર મહીં વળી શકે,
કોઈક પામી શકતા કિનારો
કલ્યાણનો સંયત શાંત ન્યારો.

તારાં નેત્રો મદભર વળી ચંદ્રમાથીય ચારુ,
કેવું દીસે વદનકમળે સ્વર્ગ વૈકુંઠ ન્યારું;
વાણી કેવી મધુર મધુ શી શ્રી વળી અંગ કેરી
સ્પર્શે તારો સુખમય, ધરે સંગ સંજીવની શી !

દૃષ્ટિ મીઠી મધુમય વળી હાસ્ય ને પ્રેમવૃષ્ટિ,
મીઠું કેવું ચલન, સુખદા છેક સૌન્દર્યસૃષ્ટિ;
આનંદે આ અણુ અણુ ભર્યું દેહનું દિવ્ય તારું,
શું ના તારું મધુર, મધુતામૂર્તિ તું કોક ચારું.

મીઠાં સ્વપ્નો સ્મરણ મનનો મિષ્ટ તારાં સદાયે,

સાન્નિધ્યે છે સુખદ વિરહે પ્રેમપીયૂષ પાયે;
કૈવલ્યોથી વધુ સુખ ધરે કલ્પનામાંય ન્યારું,
શું ના તારું સુખદ, સુખને છાય તારી નિહાળું.

મીઠી કેવી સુભગ ક્ષણ એ આપણા આત્મ બેના
આ યાત્રામાં સુખદ ઠરવાને પુનર્યોગ પામ્યા;
આશંકા ના, ભય નવ, નહીં વેદનાયે કશીયે,
શું ના તારું મધુર, મધુયાત્રા થશે આ બધીયે.

યુવાનીમાં એવા વિવિધ પ્રકટે ભાવ મનમાં,
થયા ગાંધીનાયે મન પ્રકટ એ ભાવ ક્ષણમાં;
છતાં બંને એથી ભ્રમિતમન મોહાંધ ન થયા,
વિવેકીનાં હૈયાં કદી પણ તમિસ્ત્રે ભર રહ્યાં ?

સુસંસ્કારી બંને પદપદ રહ્યાં જાગ્રત ઘણાં,
વિસારી આદર્શો નવ કદી શક્યાં જીવન તણા,
રહ્યાં બંને કેરાં હૃદય સુખસંવાદ ધરતાં,
ધરે વીણા જેવા સુસ્વર સઘળા તાર મળતાં.

ગાંધી બોલ્યા પુનિત દિવસે એક કે દેહ કેરી
મારી માયા મધુર મમતા વાસનાને અનેરી,
શ્વાસોશ્વાસે સુમિરન તથા લોકસેવા કરીએ,
વર્ષો વીત્યાં બહુ વિષયમાં મિત્ર સાચાં બનીએ.

કસ્તૂરબાના સહકારથી એ
પાવિત્ર્યની પૂર્ણ કરી પ્રતિજ્ઞા;
સંક્રાન્તિનો એ દિન જિંદગીનો
થઈ રહ્યો પ્રેરક ભાવભીનો.

ચહો તમે તો મુજ સાથમાં રહો,
વસો ગમે ત્યાં સુખશાંતિથી કે;
સેવાપથે સંકટ છે અસંખ્ય,
થવું પડે કોદીક તો ફનાયે.

એવું સુણી કસ્તૂરબા વદ્યાં કે
સેવા મને દેશ તણી ગમે છે,
કંગાળ કે ક્લેશભર્યા જનોની
સમીપ મારું મનડું રમે છે.

સેવાપથે સંકટ ઘોર આવે
સમર્પવું સર્વ પડે છતાંયે
રહીશ સાથે જ સદા તમારી,
મૂકે નહીં મંદિરને પૂજારી.

દિવસને તજી રાત ક્યાં રહે,
સુમનને તજીને સુવાસ ક્યાં ?
વિધુ વિના રહે ચાંદની નહીં,
સરિત ક્યાં સરે સિંધુના વિના ?

શરણ વૃક્ષનું વલ્લરી તજે ?
પરમ તાપને છાંય ના ભજે ?
કિરણ સૂર્યને ક્યાં તજી ઠરે ?
વિધુ ધરા વિના ક્યાં કહો ફરે ?

તમારા સાન્નિધ્યે સુખપ્રદ થશે કષ્ટ સઘળાં
અનેરી શી સાર્થ મધુમય ક્ષણો જીવન તણી;
રહેવું સ્વર્ગે કે નરગ જગમાં જ્યાં પણ થશે
તમારા સંસર્ગે ત્રિભુવન જશે મંગલ બની.

સમર્પ્યું મારું મેં સકળ ચરણોમાં સુખદ આ,
રહી આત્મા કેરી અભિરુચિ વિયોગે નવ જરા;
નથી કોઈ તૃષ્ણા અવર સુખ-આશા મન મહીં,
તમારી છાયામાં સુખ સહુ ગયું શાશ્વત મળી.

જીવું તોય તમારી સાથે, મરણ તમારી છાંયે હો,
વિલગ થવું ના ગમે ઘડીયે વરસે લાખ વિપત્તિ છો !
જનતા મહીં જનાર્દન જોઈ શૂશ્રૂષા સ્નેહે કરવી,
તમને સેવીને એ સાથે પગલી જીવનમાં ભરવી.

ધન્ય ધન્ય એ સેવાવ્રતનાં ગ્રહનારાં કસ્તૂરબાને,
દેશ એમનો સમસ્ત વસુધા થાય સમુન્નત ના શાને ?
સેવાવ્રતધારી નિસ્વાર્થી સન્નારી પ્રકટે દેશે
બદ્ધ દેશ તે રહી શકે ના સુદીર્ઘકાળ લગી ક્લેશે.

તજી દીધી ભાર્યા પરમસુખ કે શ્રેય લભવા
અનેકોને કિન્તુ વિરલ ઘટના આ જગતની,
રહી સાથે બંને સતત જનસેવારત બન્યાં,
મનુષ્યોને માટે અમૃતરૂપ જ્યોતિર્મય થયાં.

ન વર્ષાવે પુષ્પો અમર મુનિયોગીન્દ્ર ક્યમ એ
અનોખા આત્માપે, નવ કવિ પ્રશસ્તિ ક્યમ કરે ?
યુગો વીતે તોયે સુખદ સ્મૃતિઓ ઉચ્ચ જનની
વિલાયે શે, કાળે કૃતિ અમર ના આત્મની હરે.

સૌભાગ્ય પામી ન શકી યશોધરા
રત્નાવલી વિષ્ણુપ્રિયા વળી જે
કસ્તૂરબાને પરિપૂર્ણ સાંપડ્યું
સામીપ્ય આજીવન નાથનું એ.

પુરાણ કોઈ ઋષિસ્ત્રી સમાન,
અર્ધાંગિની ઉચ્ચ યથાર્થનામા,
સેવી રહ્યાં એ સુખદુઃખદ્વંદ્વે
પ્રશાંતિથી રાષ્ટ્રતણા પિતાને.

* * * * *

## ૨૮. સ્વદેશીનો મંત્ર

દેશ કેરી દાઝ જે નયનો મહીં ના હો
નયન એ નીરખે ન નીરખે ફેર એમાં શો ?
સ્નેહ જેમાં ના છલકતો માનવી માટે
નયન એવાં ના રહે શો શોક એનો તો ?

દેશ ગૌરવગાન ગાથા ના ગમે જેને
શ્રવણ હોય સરસ છતાં પણ શું કરે એને ?
સુભગ સુંદર નાસિકા પણ શું કહો કરવી
માતૃભૂમિસુવાસ જેને ના ગમે ગરવી !

મૂલ્ય શું જિહ્વા તણું જે દેશને સ્નેહે
સ્મરે ના તેની કરે પ્રશસ્તિ નેહે ?
હોય વિદ્વતા વરી વાચાળતા એને
અલંકાર બને નહીં એ છતાંય કેમે.

દેશની મમતા નહીં સન્માન દેશ તણું
ચિત્તમાં જે ચિત્ત તે સાચે જ શુષ્ક ગણું;
હૃદયમાં જે માતની મંગળ નહીં મૂર્તિ
એ હૃદયની પૂર્ણતાની થાય ના પૂર્તિ.

વિશ્વપ્રેમ તણા કુવારા હૃદય ના ફૂટે,
એકતા-સેવા-દયાના ભાવ ના ઊઠે,
રણ સમા એ હૃદયની શોભા કહોને શું,
રહે બંધ પડે હૃદય તો હર્ષશોકે શું ?

અંગ પણ ના કામ આવે અન્યને માટે,
હૂંફ ના આપે તપી કે સહીને જાતે,
સ્વસ્થસુંદર સરસ શાશ્વત યૌવને ભર હો
તોય સિદ્ધ થશે કહોને હેતુ એથી શો ?

યશસ્વી ઐશ્વર્યશાળી દીર્ઘ જીવન હો,
દેશ દુનિયાનો ન કિન્તુ પ્રેમ એમાં તો

દીર્ઘ એ જીવન ધરાને ભારરૂપ ખરે,
હોય કે ના હોય એનું મૂલ્ય કૈં ન મળે.

આપણી પૃથ્વી ઉપર પ્રેમી પ્રકટ થાશે,
સેવકોના સ્નેહમાં આ ધરિત્રી ન્હાશે,
હજારો લાખો કરોડો માનવી સેના
સમર્પણ સર્વસ્વ કરશે ચરણમાં એના.

જીવશે સુખશાંતિ માટે એહની જ્યારે,
વદનશ્રી એની વિલાઈ ખીલશે ત્યારે.
શાંતિ સમૃદ્ધિતણા એ યજ્ઞમાં જેની
કામ આવી જાય કાય કૃતાર્થ છે એની.

દશા દેખી દેશ કેરી વિચારી લીધું
ઘડી ગાંધીએ બધુંયે ધ્યાન હો દીધું
દેશ માટે તો જ બંધન પુરાતન તૂટે,
ફુવારા અંગાંગમાંથી શાંતિના ફૂટે.

કર્યું સૌને એમણે આહ્વાન કે આવો,
યજ્ઞ મુક્તિનો થતો હોતાજનો આવો;
સુણીને આહ્વાન સ્નેહે સેવકો આવ્યા
યજ્ઞમાં બલિદાન બનવા સમિધને લાવ્યા.

સ્વદેશીનો મંત્ર મંગલ દેશને દીધો,
સ્વાદ એ પીયૂષ કેરો પ્રજાએ લીધો;
વિદેશી વસ્ત્રો તણી હોળી થઈ કેવી,
પ્રલયના પાવક સમી જ્વાલામુખી જેવી.

સ્વદેશીની સહસ્ત્રોએ પ્રતિજ્ઞા લીધી
તિલકના મૃત્યુદિને હોળી મહા કીધી,
ઉપસ્થિત મુમ્બાપુરીમાં ત્યાં હતા ગાંધી,
પ્રજામાં આવી વતનના પ્રેમની આંધી.

એ મધુર જુસ્સો જનોનો વર્ણવાય નહીં,

શારદા કે શેષથીયે ના ગવાય કહીં;
ચેતને આબાલવૃદ્ધ મુખો બધે ચમક્યાં,
નવી દીપ્તિથી ભર્યા કો તારલા ટમક્યા.

રેંટિયા ચાલ્યા રહી ચાલી બધે તકલી,
તિરોધાન થઈ વિદેશી વસ્તુઓ નકલી;
ભેદ ભૂલી માનવો સૌ એકસાથ મળ્યા,
રહ્યાં રંગ ધરી અનેરો વ્યોમ તેમ ધરા.

દિવસ એ ઈતિહાસમાં સ્મરણીય સર્વ થયા,
પ્રેરણા પાઈ પ્રકાશી તિમિર મધ્ય રહ્યા;
નવા પ્રાણે સળવળ્યો આ અખિલ ભારત દેશ,
નવી ઊર્મિ, નવલ ભાવો, સજી નૂતન વેશ.

* * * * *

## ૨૯. વસ્ત્રોનો સંકલ્પ

જનતાનો સંપર્ક તજીને જનતાની છોડી સેવા
મહાન પુરુષોએ આજીવન આરંભ્યું એકલ રે'વા;
સૂગ સમાજ તણી સેવીને કર્મમાત્ર અજ્ઞાન ગણ્યું,
મિથ્યા માયા માન્યું સઘળું, જીવન ને જગ સ્વપ્ન કહ્યું;

સહન સમાજે કર્યું ત્યારથી દીનતા વધી દેશ મહીં,
નિષ્કર્મણ્ય તમોગુણ ડૂબી પ્રજા પછી કૈં ક્લેશ મહીં.
ભારતમાં જ્યોતિર્ધર સાચા સમય સમય પર પ્રકટ થયા,
સેવા સ્નેહ સમષ્ટિસુખનો સત્ય ધરી સંદેશ ગયા.

સર્વહિત તણી લઈ અભિપ્સા નરપુંગવ પાછા પ્રકટ્યા,
માનવતાનો મહિમા ગાઈ સેવાના મંત્રો અર્પ્યા.
એ વિધ એક શતકથી લગભગ થયાં હતાં નવયુગ મંડાણ,
જ્યોતિર્ધર એકેક જાગતા નવા પૂરવા રાષ્ટ્રે પ્રાણ.

એ પરંપરામાં પ્રકટીને ગાંધીએ પણ જગવી જ્યોત,
મહાનદી જાણે આવીને રહી સમાવી સુંદર સ્ત્રોત.

લોકસંપર્કને કાજે દેશને ને નિહાળવા
ગાંધી ફરી રહ્યા દેશે પ્રજાનો ખ્યાલ લાવવા.
અવિદ્યાભીતિ દેખાઈ સમાજે જડતા વળી
કુસંપ ક્લેશની જ્વાળા તેમ નીરસતા ઘણી.

દબાયેલી પ્રજા આખી દીનહીન ગુલામડી
વિદેશી શાસને જાણે છેક નિષ્પ્રાણ શી પડી.
ભેદભાવ નિહાળ્યા ને વહેમો પણ કેટલા,
અમીરો અલ્પ ને દીઠા રંક તારક જેટલા.

એક વાર વિરાજેલો સમૃદ્ધિશિખરે જઈ
દેશ સંસ્કૃતિનો સ્વામી સુખી સર્વપણે થઈ
કેવો આર્ત બન્યો આજે ગર્તામાં ક્યાં ગયો પડી,
અવલોકી અવસ્થાને અંતરાત્મા રહ્યો રડી.

*

આઝાદીના સહુ પ્રથમ તેં દેશ, સંદેશ આપ્યા,
બક્ષી છાયા શરણ જનનાં કારમાં કષ્ટ કાપ્યાં;
દેવોથીયે અધિક મહિમા માનવીનો કહ્યો તેં,
બંધાયો તો અગણિત અહા બંધનોથી કહે શે ?

તારી કાયાપલટ કરવા કારમો જંગ ખેલું,
આનંદું જો તુજ હૃદયમાં નવ્ય કો રંગ રેલું;
તારી મુક્તિ સુખદ સમજી સાધના શ્વાસ ધારું;
માતાસેવા-સુખ શિશુ તણો ધર્મ છે, ના વિસારું.

*

એવા ભાવ મહીં ડૂબી પ્રવેશ્યા એક ગામમાં
દીનહીન હતા લોકો દુઃખી ખૂબ તમામ જ્યાં.
અર્ધનગ્ન સમા લોકો શુભાગમનને સુણી
ભાવભીના થઈ આવ્યા સત્કારવા થઈ ઋણી.

ઉપદેશ તણા શબ્દો આશા સાંભળવા કરી,
પ્રણામ કરવા લાગ્યા સંતને ટોળલે વળી.
સંત ગાંધીતણું હૈયું હાથમાં પણ ના રહ્યું,
નિહાળી ગ્રામવાસીને અંતરે એમના કહ્યું:

ઈશ્વરનો સંદેશ સુણાવું ધર્મ તણો કે શું આદેશ,
શાસ્ત્રોપદેશ પણ શું આપું આ લોકોને આવે વેશ ?
કંપે ક્લેશે કૂણાં કાળજાં, કષ્ટ છવાયાં કૈંક અહીં,
અન્ન-વસ્ત્ર-આવાસ-સમસ્યા વ્યથાતુર કરી રોજ રહી.

ઈશ્વર કે શાસ્ત્રોની વાર્તા પાસ એમની શું કરવી,
ક્ષુધાર્ત કે કંગાળ જનોને આતમદીક્ષા શું ધરવી ?
અન્ન એ જ ઈશ્વર આ સૌનો, આવશ્યકતા અન્ન તણી;
આધ્યાત્મિક નૈતિક ઉપદેશો સાર્થક ત્યાં લગ થાય નહીં.

આવશ્યકતાઓ જીવનની પ્રાપ્ત થાય પરિપૂર્ણપણે,
જીવન સૌનાં ન્યાયનીતિ ને શાંતિ થકી સંપન્ન બને;

ક્ષુધાર્ત કોઈ રહે ન ક્યાંયે આશ્રયની ચિંતા ન રહે,
ક્લેશ કપાયે, કષ્ટ ટળે, સૌ જીવનનો ઉલ્લાસ લહે;

પ્રયત્ન કરવો એને માટે એ જ સાધના સાચી આજ,
જીવે જેથી જનતા જગમાં સુખે સાચવીને નિજ લાજ.
અનંત દાઝ ભરી અંતરમાં ધપું નિરંતર સેવા વાટ,
આજ કયે મોઢે આ સૌને ઉપદેશું ઈશ્વરની વાત ?

કહ્યું એમણે સૌ સાથીને વસ્ત્રો આ સઘળાં ત્યાગું,
વસ્ત્ર દેહ પર બે જ વીંટવા હવે પછી સાદાં માંગું.
નગ્ન જનો છે જ્યાં લગ દેશે વધુ વસ્ત્રો ત્યાં લગી હરામ,
એ સંકલ્પ કર્યો મેં તજવા પરિગ્રહો કે ભોગ તમામ.

ભોગો તજી સકળ સૌ કટિબદ્ધ થાઓ
સેવો સસ્નેહ મહિમામય દેશને આ
જેથી હસે મધુરવું મુખ માત કેરું,
દો કર્મની પરમ આહુતિ યજ્ઞમાં આ.

સમૃદ્ધ દેશ કરવા બલિદાન આપો,
લક્ષ્યાંક કો નવ અશક્ય પછી રહેશે,
ખીલ્યે પ્રભાત નવજાગૃતિથી ભરેલું
મીઠી સમીરલહરી સુખની વહેશે.

ભોજન ના પર્યાપ્ત દેશમાં વીંટવા તણાં વસ્ત્ર વળી,
પર્યાપ્ત નથી નિવાસસ્થાનો, દુઃખદર્દ ના ગયાં ટળી.
ભેદભાવની દીવાલ ભારે વાદ તેમ અપવાદ મહીં
સપડાયાં છે સહસ્ત્ર, ક્યાંયે સંપ-સ્નેહ-સહકાર નહીં.

તન ને મન બેહાલ બન્યાં, અંતર આર્ત કઠોર થયાં,
આત્માના અવશેષ રહ્યા છે, જીવનમાંથી જોમ ગયાં.
અભિમંત્રિત અનુપ્રાણિત કરતાં બેઠો કરવો એવો દેશ;
આવે વખતે ભોગવિલાસે રમી શકીએ કેમ જ લેશ ?

પરિગ્રહી ને સ્વાર્થી બનતાં શ્વાસ આજ લેવાય નહીં,

ભેખ ધરીએ જનસેવાનો, જીવન અમૂલખ જાય વહી.
જનસેવા-પ્રભુસેવા કેરો સમન્વય કરી દેવો આજ,
અશક્ય તો એકેય રહે ના માનવના મંગલનું કાજ.

રોમરોમમાં રાગ જગાવી રાષ્ટ્રપ્રેમથી પ્રાણ ભરી
માનવતાના મંગલ માટે કાયાને કુરબાન કરી,
પ્રમાદ-આળસ-ભેદભાવના દંભ-દર્પ-અજ્ઞાન તજી
વિરાજતા સર્વત્ર ઈશને ભાવના થકી રહો ભજી.

જિંદગીભર ગાંધીએ અનુકંપા ભરી ઉરે
કાયાને બે જ વસ્ત્રોથી ઢાંકી શીતોષ્ણમાં બધે.
ગોળમેજી પ્રસંગે એ પરદેશ મહીં ગયા
આમંત્રણ થકી જ્યારે રાજવીને વળી મળ્યા

તિલાંજલિ તદાયે એ આપી સંકલ્પને નહીં,
પ્રતિકૂળ પ્રસંગોમાં ટકતી ધારણા સહી.

આવ્યો આજે પ્રતિનિધિ બની કોટિ કંગાળ કેરો,
વસ્ત્રો એથી ઉચિત મુજને ધારવાં આ જ લાગે,
એમાં શેની શરમ, નૃપનો ખ્યાલ ખોટો વળી શો,
ચાલ્યા એવાં વચન વદતાં સંગ સાથી લઈને.

ગાંધી એવા અભયવ્રત ને સત્યને પાળનારા,
સેવામૂર્તિ વિમલ મનના દેશની દાઝવાળા,
ત્યાગી કેરા શિરમુકુટ શા દિવ્ય પ્રેમે ભરેલા,
દીવાંદાંડી, પરબ, રણની વીરડી શા અનેરા.

એથી જ આદર થકી કવિતા સ્વરૂપે
સદભાવની મધુર અંજલિને ધરીને
વાણી કરી સફળ સાર્થકૃતાર્થ મારી
એ રાષ્ટ્રરત્ન ગુણગાન જરી કરીને.

મર્મ ના કાવ્યનો જાણું, જ્ઞાતા પિંગળનો નથી,
ગુણાનુરાગને નાતે લીલા છે સ્વલ્પ શી કથી.

અભીપ્સા એ જ આત્માની ભાવના પ્રાણમાં વણે
ઉતારે સ્વર્ગ સૃષ્ટિમાં માનવી માનવી બને.

પ્રેરાઈ એ જ આદર્શે માળા કાવ્ય તણી કરી,
ઈતિહાસ તણી ધન્ય સ્વર્ણ કૈં કણિકા ધરી.

* * * * *

## ૩૦. ગોળમેજીનો અસ્વીકાર

થઈ સુખદ સ્થાપના અવનવીન કોંગ્રેસની
બન્યો પુનિત એ પ્રસંગ દિન પર્વ જેવો ખરે
ચિરસ્મૃતિ સમો અતીવ કૃતકૃત્ય માંગલ્યથી
મઢેલ ઈતિહાસની અમર એ અનેરી ઘડી.

ઊગ્યો સૂરજ રાષ્ટ્રમાં રસઝરંત સોહામણો
સુવર્ણમય પૂજ્ય ભવ્ય શુચિરૂપરંગે ભર્યો,
ઊઠી મનુજપ્રાણમાં પરમ ઊર્મિ સેવા તણી
મહામધુર એ દિને લગન લોકકલ્યાણની.

વ્યવસ્થિત વિશાળ દેહ ધરતાં પ્રકાશી રહી
સુનિશ્ચિત મહાન ધ્યેયરત શ્રેષ્ઠ સંસ્થા મહીં:
થઈ પ્રથમ સ્થાપના પ્રમુખ એક અંગ્રેજની
લભી મદદ એ મહત્વ ઘટનાનું થોડું નહીં.

અસંખ્ય અભિલાષ સૌરભ ભરેલ હૈયાં લઈ
મળ્યો જનસમાજ સર્વહિતના શુચિ ખ્યાલથી
પવિત્ર પણ તે મહાન અતિધન્ય સાચે ઘડી
મનુષ્ય ઈતિહાસ સંસ્કૃતિ તણી અનોખી કડી.

અતીવ રસપૂર્ણ એ પણ વહી મને લાગતી
પ્રવિષ્ટ જનતા તણા હૃદયહાર ગાંધી થયા
પ્રસન્નહૃદયે અપાર રસસાથ જ્યારે મહા
ભરી ઉમળકા ઉર નવલ કૈંક કોંગ્રેસમાં.

લઈ લગન રાષ્ટ્રની હૃદય ભક્તિ ભારે ભરી
નવીન ધરવા સ્વરૂપ રસપ્રાણ કોંગ્રેસને
પ્રયત્ન કરવા સુનિશ્ચય કર્યો બની સાર્થ એ
મહાન પળ કે ઘડી પરમમંગલા ધન્ય ને.

હશે સુસ્વરે કરી પુનિત પુષ્પવર્ષા સુખે
પ્રશસ્તિસ્વરથી, બન્યા અતિપ્રસન્ન ત્યારે હશે;

ધરા અનુભવી રહી પરમ કો હશે ધન્યતા,
ધરી સુખદ શાંતિશ્વાસ જનની વળી દેશની.

હશે મધુર આશથી ઝગમગી રહી અંતરે:
તૂટ્યે સકળ ગ્રંથિઓ જુગજૂની પરાધીનતા-
તણી વિપદ-ક્લેશ-શોષણ-અનર્થ જન્માવતી
લભીશ ફળ આખરે શુભ અસંખ્ય સ્વાતંત્ર્યનાં.

વિશાળ વટવૃક્ષ જેમ વધતી રહી રાષ્ટ્રના
પ્રતીક મનનું થઈ મધુર ફલેન્દુ કાય શી
થતી સતત પુષ્ટ નૂતન બની રહી આખરે
મહાનદ સમી ઉરે સરિતસ્રોત સંસ્થા ભરી.

બની પતિતનો અવાજ સહુની અપેક્ષા વળી
અમોઘ બળ ઐક્ય-સંગઠન-સ્નેહ-સ્વાતંત્ર્યનું,
શુભાશિષ સમાન ભારત તણી અભીપ્સા તણી
છબી પ્રકટ, ચેતના ધબકતી મહારાષ્ટ્રની.

અસંખ્ય જન તપ્તને સુખદ છાંય એની મળી,
નિરાશ્રિત સમાનને પરમ સાંપડ્યો આશ્રય;
કર્યો ભય તજી વિહાર અણમોલ શાખા તળે
અનેક પથિકે સજ્યો નવલ ચેતને પ્રાણને.

કર્યાં સુખ ફના ધર્યાં હૃદય એહને પ્રેમથી
સહી વિપદને સ્વરાષ્ટ્ર-સુખશ્રેયની નેમથી;
ગરીબ ધનવાન સાક્ષર નિરક્ષરોની બની
પવિત્ર જનની મનોરથ-પ્રદાયિકા પ્રેરણા.

બની અમર એટલે હૃદયમાં પ્રજાના વસી
અસીમ ધરતી રહી રૂપ વિરાટ શા આત્મથી,
ચતુર્દિશ સુણાવતાં સ્વર સમષ્ટિ-ઉત્કર્ષના
વસંત લહરી સમી પ્રિય પ્રશાંતિદાત્રી થઈ.

બની અખિલ રાષ્ટ્રવાણ શુભ રાષ્ટ્રનું ગૌરવ

વળી હૃદયરાષ્ટ્રનું વિશદ આત્મ કે રાષ્ટ્રનો,
પ્રકાશ શુચિ પ્રેરણા તપસ્થલી અનેકો તણી,
પ્રતીક નિજ ભૂમિનું વિરલ લોકનાડી સમી.

લડી લડતને રહી વિવિધ ક્ષેત્રમાં હોંશથી
વહેમ વિષમ-પ્રથા કુકૃત દૈન્ય અજ્ઞાનને
કુસંપ-કટુ ભેદભાવ ત્યમ આસુરી વૃતિને
વિનષ્ટ કરવા અશાંતિપ્રદ બંધનો-ક્લેશને.

સ્વાતંત્ર્યની સુખદ સુંદર ભાવનાને
પ્રાણે વણી પુનિત એક પ્રભાત એણે,
સોંપ્યું સુકાન અતિદુર્ગમ ધન્ય કાળે
ગાંધી તણા કરમહીં, પળ પાવની એ.

કોંગ્રેસના પ્રમુખ માન્ય સમસ્ત નેતા
સન્માનવા પ્રથમ દર્શનથી જ લાગ્યા,
એ માતૃમંદિર તણો નીરખી પૂજારી
પ્રેમે પ્રસન્ન હૃદયો સહુનાંય નાચ્યાં.

થયો મોતીલાલ ને માલવિયા સાથમાં
સ્નેહ ગાંધીને ઘણો પ્રથમના મેળાપમાં.
તિલક મહેતા ગોખલે અન્ય ને નેતા તણા
પ્રિય બની સહેજે ગયા મિલનસાર સ્વભાવના.

ગાંધી બન્યા વિરલ તારણહાર જેવા
દૈવી પ્રકાશ બળ સેવક પ્રાણદાતા
ચૈતન્યપ્રેરક અધીશ્વર કે વિધાતા
આત્મીય ને પથપ્રદર્શક સૌ પ્રજાના.

વિશ્વાસ ને પરમ પ્રેમ થકી પ્રજાયે
એ સંતને ચરણ સર્વ રહી સમર્પી,
આખીય પ્રકૃતિ તથા પરમાત્મ કેરી
શક્તિ અનુગ્રહસુધા દિનરાત વર્ષી.

ગાંધી તણું પથપ્રદર્શન મેળવીને
કોંગ્રેસ મૂળ રસ નૂતન પામવાથી
ફાલ્યાં બન્યાં સુદૃઢ વિસ્તરતાં વધારે,
સંભાવના સુફળની પ્રકટી લગારે.

કોંગ્રેસપ્રાણ બનતાં શુચિ એકમાત્ર
અર્પી રહ્યા નવલ જીવન રાષ્ટ્રને આ,
નૌકા સલામત બની મળતાં સુકાની
શંકા રહી પ્રલય તેમ વિનાશની ના.

*

એમણે બારડોલીમાં પોતાની દેખરેખમાં
કાનૂનભંગ-પ્રવૃતિ કરવા અતિરેકમાં
વાઈસરૉયને આપી સૂચના પત્રમાં વળી;
પ્રયોગો કરતા સર્વે પોતાના, માહિતી ધરી.

ઘટના કિન્તુ હિંસાની ચૌરીચૌરા મહીં બની,
એમણે એહને ભારે અમંગલ સમી ગણી.

પાંચમી ફેબ્રુઆરીએ એકવીસ સને વળી
ઉશ્કેરાયેલ લોકોએ જડ આવેશની મહીં
બાવીસ જેટલા ઘેરી લઈ પોલીસ સ્ટેશને
જલાવી જીવતા દીધા પોલીસો ઉચ્ચ આખરે.

ગાંધી તણું હૃદય આર્ત બન્યું વ્યથાથી
શબ્દે કરી પ્રકટ એ સઘળી વ્યથાને
સંઘર્ષને સ્થગિત શીઘ્ર કર્યો સમસ્ત
માની લઈ ત્રુટિ સ્વકીય મહાન ત્યારે.

દુષ્કર્મ દેશજનનાં નીરખી રડ્યાં એ,
હૈયું રહ્યું હચમચી અવિરામ પ્રાર્થી;
આત્મા તણી પરમ તેમ વિશુદ્ધિ માટે
સંકલ્પ પાવન કર્યો નિજ પ્રાણમાંથી.

પાંચ દિનના એમણે કર્યા ઉપવાસો વળી,

પ્રશંસક સૌ એમના સતત શોક રહ્યા કરી.
એક નાના ગ્રામના કૃત્ય કાજે અહા,
સજા આખા દેશને કરી એ સંતે મહા.

બદ્ધ કારાવાસમાં એક માસ પછી બન્યા,
શાંતિથી સ્વાર્પણ તણા દિવસ એ સર્વે ગયા.
વર્ષ બે પહેલાં વળી મુક્ત જેલ થકી થયા,
લોકસંગ્રહ કાર્યમાં રસ અમાપ લઈ રહ્યા.

પૂર્ણ કોમી એકતા સાધવા યત્નો કર્યા,
ટાળવા અસ્પૃશ્યતા સમય પર સઘળે ફર્યા.
રેંટિયાના કાર્યમાં લક્ષ વધુ અર્પી રહ્યા,
ધ્યાનને કેન્દ્રિત કર્યું અન્ય જનહિત કર્મમાં.

કોમી તોફાન ફેલાઈ રાષ્ટ્રમાં ઘોર ત્યાં રહ્યાં,
વ્યથા સહિત ગાંધીએ શાંતિનાં વચનો કહ્યાં.
એકવીસ દિનો કેરા ઉપવાસ રહ્યા કરી;
આરામ લોકનેતાને કદી કેમ શકે મળી ?

શાંતિથી અન્યને કાજે એમણે સંકટો સહ્યાં,
સહી આલોચના નિંદા વચનો સ્નેહનાં કહ્યાં.

*

અઠ્ઠાવીસ સને પાછી કલકત્તા મહીં મળી
નેતૃત્વ એમનું પામી મહાકોંગ્રેસ એકઠી
એક વર્ષ તણો આપ્યો કાળ સંપૂર્ણ એહણે
સરકાર વિવેકી કે ન્યાયી આદર્શ શી બની

જનતાહિતની ચિંતાયોજના પ્રેમથી કરે,
લાગણી રાષ્ટ્રનેતાએ પ્રસ્તાવે સઘળી વણી:
રિપોર્ટમાં નેહરુના ભલામણ કરેલ સૌ
સ્વીકારે વર્ષમાં એક સાંગોપાંગ સમસ્ત તે;

પગલાં નહિ તો લેવા કર્યો સ્પષ્ટ ઠરાવ ત્યાં;
જાગી સંવેદના ધારી તીવ્રતા સર્વ પ્રાણમાં.

સાંસ્થાનિક દરજ્જાની રિપોર્ટે માગણી કરી
પ્રજાની ભાવનાઓને અભિવ્યક્તિ જરા ધરી.

સમાધાન કરી લેવા કરાયેલો પ્રયત્ન એ;
સરકાર ગઈ જાણી ભાવનાના સ્વરૂપને.
પ્રતિધ્વનિ મહા એના એક વર્ષ મહીં પડ્યા,
ઈરવીને ફરી શબ્દો રાજ્યનીતિ તણા કહ્યાઃ

જવાબદાર સ્થાપીને સરકાર ભલે રહે
હિંદ સામ્રાજ્યના સભ્ય તરીકે રાજ્ય એ ચહે.

સામ્રાજ્યથી અલગ ભારત ના કરાશે,
સામ્રાજ્યનું જ મધુમૌક્તિક શું મનાશે,
ચાહે સ્વશાસન લભે પણ રાજ્ય કેરું
ભારે વિશાળ તન-અંગ સદા ગણાશે.

કરી પ્રકટ ભાવના તરત ગોળમેજી તણી;
સભા સકળ પક્ષની વધુ વિમર્શ માટે મળી;
રહ્યા વિવિધ પક્ષ એ સુખદ શ્રેષ્ઠ પ્રસ્તાવને
ધરી સ્વીકૃતિ સર્વસંમતિ થકી વધાવી લઈ.

ઊઠી લહર રાષ્ટ્રમાં નવલ-ચેતના આશથી
અલંકૃત, રમી રહી અવનવી અપેક્ષા વળી
નિરાશ જનતા તણા હૃદયમાં છવાયા સ્વરો
પ્રસાદ ધરતા નવીન સુખશાંતિ માધુર્યના,
પ્રકાશકિરણો ફૂટ્યાં ગગન દેશને સૂર્યનાં.

વહે સરિત જેમ જીવન મનુષ્ય ને રાષ્ટ્રનું
ઘડી સુખછલ્યા પંથે ક્ષણ ભરેલ દુઃખો થકી,
ઘડીક તપતાં ઘડીક મધુ છાંયડી પામતાં,
કદીક ગિરિગહ્વરે રણપ્રદેશમાં જંગલે,

સમુન્નત સશક્ત સુંદર સમૃદ્ધ શું રાજતું
કદી પ્રથમ પંક્તિમાં કદીક ધારતાં શુષ્કતા

બને પતિત નામશેષ, કરતાં મહા સાધના
વધે સતત સાધ્યના જલધિની દિશામાં સદા.

રાષ્ટ્રને હજુ સંકટો વેઠવાં બાકી હતાં,
રશ્મિ એથી આશનાં ક્ષણમહીં સઘળાં મટ્યાં.
પરિષદે સૂચન કર્યું ભલા વાઈસરૉયને
દરજ્જાનું દેશના, પ્રથમ બંધારણ બને.

દરજ્જો જે દેશને બક્ષવો ન્યાયી ઠર્યો
રાજ્યબંધારણ મહીં પ્રકટ તે કરવો રહ્યો.
સૂચના બીજી વળી પરિષદે થોડી ધરી;
પ્રાર્થના પણ મુખ્ય એ વિવિધ પક્ષોએ કરી.

ઈરવીન પરંતુ એ પ્રાર્થના પર ના ટક્યા,
નવા બંધારણ તણું વચન ના આપી શક્યા.

આગામી ગોળમેજીમાં જવાનો અર્થ ના રહ્યો
પરિસ્થિતિ વિલોકીને ગાંધીના મુખથી સ્વરો
પ્રકટ્યા દૃઢતાયુક્ત એવા વિશ્વાસથી ભર્યા
આત્મસન્માનની છાયા સરખા રાષ્ટ્રપ્રેમના.

પયોધર વળી પાછાં ઊમટ્યાં રિક્ત વ્યોમમાં,
અશાંતિ-ખિન્નતા-ચિંતાલહરી સઘળે વહી,
પ્રજા સાશંક શી પાછી રાજ્યનીતિ થકી ગઈ
અવિશ્વાસ તણા શબ્દો અહર્નિશ રહી કહી.

માર્ગદર્શન કાજ સૌ અધીરી જનતા બની,
આશથી કોંગ્રેસની તરફ અવલોકી રહી.
એ જ પ્રેરક સર્વની માર્ગદર્શિકા હતી,
નિત્ય જનસહયોગ ને સફળતા પામ્યે જતી.

ધરી પ્રથમ જન્મને પ્રમુખ એક અંગ્રેજના
અસીમ સહકારથી અવનવીન કોંગ્રેસ એ
અનંત મહિમાવંતી દિગદિગંતમાં વ્યાપતી

બની મધુરવી સમસ્ત જનતા તણી માત શી.

પવિત્ર પયપાનનો રસ સદા સમર્પી રહી
પ્રબુદ્ધ પરિપુષ્ટ પ્રાણ કરતી મનુષ્યો તણા
ધરી પરમ ચેતના નવલ દિવ્યદૃષ્ટિ-પ્રભા
સ્વમાનપ્રદ અસ્મિતા સુખદ મંત્ર સ્વાતંત્ર્યના.

* * * * *

## ૩૧. સંપૂર્ણ સ્વરાજની માગણી

સૂરજ આ જુઓ અભ્રનાં બધાં
પડળ ભેદતાં પૂર્ણ ખીલતો,
ગગન છે ભર્યું ગાઢ ધુમ્મસે,
શૂર સમો લડે કષ્ટ ઝીલતો.

કિરણ છે પ્રતાપી ખરેખરાં
નવ ડગે ડરે ઘોર વૃષ્ટિથી
ગગનમાં રચે ઈન્દ્રચાપને,
રસિક દેખતા સ્નેહદૃષ્ટિથી.

ભ્રમર ભાવથી પદ્મનાં દલે
રસભર્યાં રમે કિન્તુ એ મહીં
નવ થવા ચહે કેદ સંધિકા-
સમય સર્વ ઊડી જતા કહીં.

શુક ભલે પડે પિંજરે છતાં
નવ પસંદ એ જિંદગી કરે,
પકડવા ચહો ક્ષુદ્ર જીવને
ઊગરવા મથે તો બધા બળે.

જળપ્રવાહને રોકવા જતાં
ત્વરિત માર્ગ ક્યાંયે કરી જશે,
સલિલ એહનું અંતરાયને
અવગણી બધા, મુક્તિ પામશે.

સંસારમાં કદીય બંધન કોણ માગે,
ચાહે ગુલામ બનવા પણ કોણ રાગે ?
આખીય પ્રકૃતિ સ્વતંત્ર સમી સુહાય,
મુક્તિનું ગીત નવ માનવ કેમ ગાય ?

ગાતાં વિહંગ વિહરી વનમાં ઉમંગે,
નાચે નદીઝરણ પર્વતના ઉછંગે,

ક્રીડે સમીરલહરી, નવ બદ્ધ કોઈ,
બંદી બની જન રહે નિત કેમ રોઈ ?

નવ પસંદ જે બંધનો કરે
જન ન અન્યને બાંધતા ડરે,
નિત સ્વતંત્રતાયુક્ત જે ફરે
અવરને ગુલામી કદી ધરે.

સુખ ચહે છતાં અન્યનાં સુખો
નવ સહી શકે સંકટો ધરે,
અજબ ખેલ ખેલાય વિશ્વમાં
જગત એટલે આફતે મરે.

અનલ સ્વપ્નમાંયે ન ચાહતા
અનલની મહામૃત્યુજ્વાળને
જગવતા, સુધાને નિમંત્રતા
વિષ તણી વહાવે વરાળને.

સુખશાંતિ તથા મુક્તિ અન્યને અર્પવા થશે
કટિબદ્ધ જનો ત્યારે જડતા જગથી જશે,
થશે સુસંસ્કૃત સૌ સૃષ્ટિ સ્વર્ગથી રળિયામણી
કુટુંબભાવના-ભીની મધુ મંગલતામયી

સ્વપ્નસિદ્ધિ થશે ન્યારી મહામાનવ સર્વની
કૃતાર્થતા મળી રે'શે અતિપાવનપર્વની.

*

આઝાદી કાજ ગાંધીએ કર્યું આહ્વાન દેશને,
પરિસ્થિતિ હતી કિન્તુ વિપરીત જ તે સમે,
એટલે તો બુઝાવી એ દેવા સ્વાતંત્ર્યજ્વાળને
સરકારે ઘણાં વર્ષો ફલાવ્યો ઘોર ત્રાસને.

દમનનો રહ્યો અંત ક્યાંય ના,
અસુર શા બન્યા રાષ્ટ્રશાસકો;
દમનથી દબાઈ નહીં પ્રજા,

પવન પ્રાણમાં દેશદાઝનો.

જન સમસ્ત સ્વાતંત્ર્ય ઝંખતા
દમન મૃત્યુ ના દંડથી ડર્યા,
સ્મિતમુખે સહ્યાં કષ્ટવેદના,
પરમધૈર્યને ધ્યેયને વર્યા.

પ્રગતિપંથ પ્રસ્થાન આરંભી
વિજયની કરી ઝંખના સદા,
સુખદ સ્વાર્પણે માતૃઘોષને
જગવતા વધ્યા કંટકો બધા.

મૃદુલ માનતાં ચારુ પુષ્પશા
વિપદજ્વાળ વર્ષા સુધા તણી
અનલની પથારી વ્યથા તણી
સુમનસેજ જેવી સદા ગણી.

અમર એ જવાંમર્દ રાષ્ટ્રના
હૃદય રાષ્ટ્રની શાન રાખતાં
અવનવા ઉમંગે ધપી રહ્યા
શિખરપે જવા પૂર્ણમુક્તિના.

*

લાહોરમાં ભરાયેલા કોંગ્રેસે દૃઢતા ધરી
પૂર્ણ સ્વાતંત્ર્યને માટે દેશના માગણી કરી
આઝાદી દેશની પૂરી, દેશનું રાજ દેશમાં
વિદેશી રાજ્યની છાયા ચાહી ના છદ્મવેશમાં.

જવાહર બનેલ એ પ્રમુખ શ્રેષ્ઠ કોંગ્રેસના,
હતા સભર જોમથી પ્રબળ દેશની દાઝથી,
યુવાન પણ વૃદ્ધનેય પ્રિય માન્ય સૌને વળી
ભર્યા નવવિચારથી અવનવીન આહ્લાદથી.

વહી રગરગે રહ્યો પ્રખર રાષ્ટ્રનો પ્રેમ તે
રહેલ વદને રમી સ્વર મહીં અનેરા વહી;

પ્રસન્નહૃદયે હતો પરમત્યાગ કેવો કર્યો,
સ્વતંત્ર કરવા રહેલ નિજદેશને એ ચહી.

સહી સતત સંકટો વિવિધ યાતના ને વ્યથા
અમીર પણ જીવતાં જન ગરીબ જેવા બની,
જવાહર હતા જવાહર જ સત્ય સંસારના,
અલંકૃત કરી રહ્યા પુનિત રાષ્ટ્રને રશ્મિથી.

બન્યા શિશુસમાન પ્રાણ ઉરશ્વાસ ગાંધી તણા,
પ્રતીક પ્રિય દેશની પરમ ચેતના-આશના,
શુભાશિષ સમાન સંતપરમાત્મની દિવ્ય એ
નવીન રવિ જેમ ભારતનભે પ્રકાશી રહ્યા.

મહાસુભગ સ્વપ્ન શા મધુર હિંદ માતા તણા
બન્યા સકળ રાષ્ટ્રના હૃદય-પ્રાણ-આત્મા સમા;
પ્રકાશ નિજ પ્રાણનો પુનિત એમના અંગમાં
કર્યો પ્રકટ ભારતે થર ઉજાળવા કાળના.

સામ્રાજ્યની અંદરના સ્વરાજની
ના માગણી વીર જવાહરે કરી,
સ્વરાજ સંપૂર્ણ જ પામવાના
આદર્શને રાષ્ટ્રધ્વજો રહ્યા વરી.

સીમાચિહ્ન સમી સાચે બની કોંગ્રેસ એ ગઈ,
મહત્વના તબક્કામાં પ્રવેશી ત્યારથી રહી
ઉત્સાહ રાષ્ટ્રનો એથી વધી શત ગણો ગયો,
સ્વાતંત્ર્યદિનનો રાષ્ટ્રે મહોત્સવ બધે થયો.

પરંતુ રાજસત્તાને રુચ્યો આદર્શ એ નહીં,
ઉત્સાહ લોકનો દેખી બની બેચેન શી રહી.

વાઈસરૉયે અતિ સ્પષ્ટ શબ્દે
ધારાસભા ભાષણમાં કહ્યું એ
સુણી પ્રજામાનસની મટી ગઈ

વૃત્તિ જરા સંશયની રહેલ તે.

પૂર્ણ સ્વાતંત્ર્યના પંથે પ્રતિજ્ઞા વધવા કરી
સાકાર ના થશે સ્વપ્ને, જનતાને સ્વદેશની
આત્મનિર્ણયનો એવો અધિકાર હશે નહીં;
વિરોધી એમની વાણી જનતાને રહી દહી.

કાર્યવાહી સભા પાછી શીઘ્ર કોંગ્રેસની મળી,
લગામ દેશની એણે ગાંધીના હાથમાં ધરી,
કાનૂન ભંગને કાજે અનુજ્ઞા એહની લભી
સ્વાતંત્ર્ય યોજના ગાંધી રાષ્ટ્ર માટે રહ્યા કરી.

આકાંક્ષા જનતા કેરી વૃદ્ધિગત બની, નવા
પ્રસ્થાન કાજ તૈયારી કરી ઉત્સાહ ચેતના
ભરીને પ્રાણમાં કોઈ ભવ્ય આદેશની કરી
પ્રતીક્ષા જનતા ઊભી મુક્તિના મધ્યમાર્ગમાં.

સંપૂર્ણ મુક્તિ-ગિરિશૃંગ સુદૂર ભાસે,
કેડી મળી સફરની હજુ તો અનેરી;
ઊગ્યે ઉષા સુખદ થાય ભલે સવાર
સિદ્ધિ સમા સૂરજને પણ હોય વાર.

જાગી છતાંય જનતા, ન થશે વિલંબ
છો રાષ્ટ્ર કાજ પ્રકટ્યો ઉરનો ઉમંગ;
કોઈ મુમુક્ષજનને જગમાં ન બાંધે,
બાંધી શકે નહિ ભલે શતવાર સાંધે.

* * * * *

## ૩૨. ભીષ્મપ્રતિજ્ઞા

આપણી અવની મહીં જ્યારે અધર્મ વધે,
ન્યાયનીતિ વિલાય નૃત્ય કરે અનર્થ બધે,
દંભ હિંસા કપટ કેરો દોર હો છૂટો,
માનવ માનવ મટે, ઈશ્વર બને જૂઠો.

આગ ઘોર અશાંતિની વધતી વળી જાયે,
જડ જગતમાં માનવી મોહાંધશો થાયે,
કો'ક જ્યોતિર્ધર જગતમાં જાગતા ત્યારે
પ્રેરણાઆશા લઈને આવતા વા'રે.

અંધકાર તણો સદા પ્રતિકાર પૂર્ણ કરે,
અવનવીન પ્રકાશ અર્પી નવા મંત્ર ધરે,
જાય માનવતા તણા જયકારને કરતા,
મહીને મૃતપ્રાય શી જીવન નવું ધરતા.

સંતપયગંબર ફિરસ્તા માનવી માને
ઓળખે અવતારરૂપે, પધારે પ્રાણે
પ્રેમ માનવતા તણો દૈવી અખૂટ ભરી
મધુમયી કરવા મહીને દિવ્ય દેહ ધરી.

ઝઝૂમે એ ન્યાય નેકી ધર્મને માટે
સ્વાર્થ ત્યાગી વિપદ વેઠી શીશને સાટે,
માન ને અપમાન જય ને હાર ગૌણ ગણી
કરે સાધન સમર્પી સંપત્તિને સઘળી.

અવરને કાજે તજે ઐશ્વર્ય ને ભોગો,
ડગે ના સતથી ભલે હો યોગપ્રતિયોગો,
થાય પૂજા કે અવજ્ઞા પ્રેમનાં પાણી
એમને અંતર મટે ના ના કરે હાનિ.

શાંતિને માટે ફકીરી ગૌતમે લીધી,
બોધિ પામી જ્ઞાનગંગા અન્યને દીધી;

અમૃતપદ કૈવલ્યના ઐશ્વર્યને લભવા
મહાવીરે હર્મ્ય છોડી સિધાવ્યા વનમાં.

પરમ પ્રેરક ત્યાગ એ એની પ્રશસ્તિ મહીં
કવિજનોની કલ્પના કાવ્યે અનેક વહી;
રામદાસ સમર્થનો ને ત્યાગ રામ તણો
અન્ય અજ્ઞાતે હશે એવો જ ત્યાગ કર્યો.

એ સૌમાં ત્યાગ ગાંધીનો અનેરી ભાત પાડતો,
થયો ધન્ય દિને એક શંકા સર્વ મટાડતો.
અતિમંથનને અંતે આવ્યું અમૃત હાથમાં
તેમ ત્યાગ થયેલો એ હતો ના વાતવાતમાં.

સંકલ્પો દિવસો કેરા બની સુદૃઢ શા ગયા,
દેશભક્તિ તણા ભાવો વજ્રલેપ સમા થયા,
ત્યારે ગાંધીમુખે જાગી ગંગા શી ગરવી ગિરા,
માણીને મધુતા જેની ધન્ય ધન્ય વદી ધરા.

જ્યાં લગી મુક્તિ મળે ના દેશને મારા
ગુલામીનાં જુગજૂનાં તૂટે નહીં તાળાં
ત્યાં લગી આશ્રમ મહીં પાછો ન આવું હું,
બિલાડાં ને શ્વાનમોતે મરું તોયે શું ?

એ સમે સાબરમતી આશ્રમ મહીં ગાંધી
વાસ કરતા ભક્તમંડળ પ્રેમથી બાંધી
થયું મંડળ સ્તબ્ધ આખું સાંભળી વાણી;
લાગણીવશ બન્યો સૌ સેવક-સખા-દાની.

કર્યાં કૈંયે ત્યાગ મુક્તિ શાંતિને માટે
સત્ય સાક્ષાત્કાર કરવા જવા વનવાટે,
ત્યાગ આ ઈતિહાસમાં પણ અનોખો જ થયો,
દેશપ્રેમી કાજ કપરો કયો ત્યાગ કહ્યો ?

દર્દબંધન દૂર કરવા માનવી કેરાં

તજ્યો આશ્રમ એમણે પરમાત્મના પ્રેર્યા,
લાકડી કરમાં લઈને શાંતિથી ચાલ્યા,
રડ્યાં પ્રાર્થ્યાં તેમ હૈયાં હજારો હાલ્યાં.

મ્લાન ભારતમાત એ આનંદી પર્વ શી પળે,
ધરિત્રી સ્વર્ગના દેવો ઘડી ઉત્સવની ગણે.
પ્રતિજ્ઞા ભીષ્મના જેવી પ્રતાપી ભાવથી ભરી,
દેશ માટે હશે એવી વિરલા જ જને કરી.

કરીને સ્મૃતિ શબ્દોની દેશપ્રેમ પ્રતીક આ
કવિનું દિલ ડોલે છે, આનંદાશ્રુ રહે સરી.
સુવર્ણાક્ષરથી સાચે આલેખાશે પ્રસંગ આ
ચારુ ચંદ્ર સમો કૈંને પાતાં પરમ પ્રેરણા.

દાંડીકૂચ પહેલાં એ દિવ્ય વાણી વદાયલી
પ્રકાશ રેલતી રે'શે યુગોયુગ ગવાયલી.

* * * * *

## ૩૩. દાંડીકૂચ ને ગોળમેજી

ભાવનાપૂર્ણ લોકોએ આશ્રમે એકઠા થઈ
બહુમાન કર્યું ગાઈ પ્રશસ્તિ નિજ દેશની,
કરી તિલકને ભાલે માળા કંઠ ચઢાવતાં
પ્રેમઆરતી ગાંધીની ઉતારી શુભ ભાવથી.

સોહી રહ્યા તદા ગાંધી ફિરસ્તા સુરના સમા
મુક્તાત્મા ઊતર્યા દૈવી લોકથી હિંદ દેશના
કલ્યાણ કાજ અંગાંગે ભરીને પ્રેમવેદના,
ઉદ્ધારહેતુ એ ચાલ્યા કરી પ્રસ્થાન એહના.

સિદ્ધોએ સુમનો વર્ષી દૃશ્ય મંગલ દેખતાં
સમાધિમગ્ન શા ઊભા રહીને અંતરીક્ષમાં
આશીર્વાદ તણી વર્ષા વરસી અંતરાત્મથી
યાત્રાસાફલ્યને ઈચ્છ્યું શુભ એ સમયે હસી.

દાંડીકૂચ પછીથી એ સંતશ્રેષ્ઠ કરી રહ્યા,
જયકાર તણા શબ્દો પ્રજાએ પ્રેમથી કહ્યા.
સંગ આશ્રમવાસીઓ એંસી જેટલા હતા,
માર્ગના માનવીઓને પ્રેરણા મંત્ર અર્પતા.

ઉત્સાહ વીરતા ત્યાગ આકાંક્ષાઓ મનુષ્યની
પહોંચી પરિસીમાએ બલિદાન-રસે બની
પરિપુષ્ટ કરી કૂચ જાણે સાકાર શી રહી,
દેશપ્રેમ તણી દૈવી સરિતા સઘળે વહી,

પ્રજા પાવન આસ્વાદે દર્શને સ્પર્શને થઈ
આશંકાભીતિ આસુરી બળની ન રહી કહી.
પચીસ દિવસો પંથે આશરે ચાલતાં થયાં,
સંકટો પદયાત્રાનાં સઘળાં શાંતિથી સહ્યાં.

કરમાં લાકડી સોહે ભાલે કુંકુમઅક્ષત-
ગાંધી નેતૃત્વ કરતાં મંડળીનું મહાવ્રત

પ્રયાણ કરતા પંથે અભયંકર નીતિના
સ્વરૂપ મૂર્ત શા માપે મહી વામનના સમા.

સત્ય-પ્રેમ-અહિંસાના પરિપૂર્ણ પ્રતીક શા
કાલિન્દી પ્રતિ જાણે કે ચાલ્યા કાલિય નાથવા.

સ્થાપવા માનવી મૂલ્યો આત્મઘોષ જગાવવા
પ્રકટ્યો પ્રકાશ પૃથ્વીનો અંધકાર હઠાવવા
મહાપ્રકાશ એ રેલી કિરણોને દિગંતમાં
વધ્યો મક્કમતા સાથે ગાઈને ગીત મુક્તિનાં.

*

દાંડીગ્રામ મહીં સમુદ્રતટપે આવી મહાત્મા ગયા,
પામી દર્શન દેવદુર્લભ રસે ભીના મનુષ્યો થયા;
તોડ્યો નિષ્ઠુર કાયદો નિમકનો જાહેર રીતે ધરી
ભારે નિર્ભયતા પ્રશાંતિ હૃદયે સત્તા થકી ના ડરી.

એ ન્યારા દિવસો ચમત્કૃતિભર્યા ને મૂલ્યવંતા બન્યા,
આજેયે સ્મૃતિથી અનંત રસ ને આહ્લાદ અર્પી રહ્યા;
યાવચ્ચંદ્રદિવાકરૌ સહુ ભલે સોહે સુવર્ણાક્ષરે
રેલે નિર્ભયતા સુવાસ સુખદા, દૈવી પ્રકાશે ભરે !

ગિરફતાર કરી દીધા ગાંધીને શીઘ્ર એ સ્થળે
મધ્યરાત્રી સમે જ્યારે સરકારે સમસ્ત એ
સમાચાર સુણી રાષ્ટ્રે જનતા ક્ષુબ્ધ શી બની
પ્રાર્થના દેશનેતાની મુક્તિ માટે કરી રહી.

તરંગ મત્ત અબ્ધિમાં ઊછળે ભરતી સમે
અવરોધ ગણે ના કો માર્ગના ગતિરોધ કે,
રાષ્ટ્રપ્રેમ તણા તેવા તરંગો સઘળે ઊઠ્યા,
પ્રતિકૂળ પ્રસંગેયે આવી ઉત્સાહઓટ ના.

*

લંડને ગોળમેજીયે મળી કોંગ્રેસના વિના;
અનેરા દિવસો સર્વે અતિનાજુક ને ભર્યા

આશંકા વેદના ચિંતા તેમ અસ્થિરતા થકી,
ડોલતી દરિયે નૈયા ઘોર આવર્તની મહીં.

કારાવાસ થકી અંતે મુક્તિ પ્રાપ્ત થયા પછી
ઈરવીન તથા ગાંધી કરારે રચના ધરી.

ગોળમેજીમાં પછી ગાંધી પ્રસન્ન ગયા
લોક ભારતવર્ષના ઉત્સાહમગ્ન બન્યા,
સમાધાન તણી નવલ આશા રહી જાગી,
મધુરવી વીણા રહી વેદન મહીં વાગી.

ગોળમેજી ગઈ નિષ્ફળ આખરે ત્યાંની,
ગયા ગાંધી રગ બધી સામ્રાજ્યની જાણી;
ફરીથી નૈરાશ્ય સાથે હિંદમાં આવ્યા,
પ્રસંગોએ એમને ખૂબ જ હતા તાવ્યા.

હલાહલ પ્યાલી ગણી પીધી સુરા ન્યારી,
બનીને શંકર રહ્યા સંસારમાં મ્હાલી;
હસ્યા નિષ્ફળતા નિરાશા વિરોધો સામે,
મહામાનવને શકે ના ડરાવી કાળે.

રાજકીય દશા દેખી દેશની બગડ્યે જતી,
જુસ્સો પ્રજા તણો જોયો ગયેલો પૂર્વનો ઘટી.
વાઈસરૉય નવા ત્યારે વિલિંગ્ડન હતા બન્યા,
મુલાકાત નવી માગી ગાંધીજી એમની રહ્યા.

અસ્વીકૃત કરાઈ એ માગણી કિન્તુ એમની,
આદેશો યાતનાઓના ચર્ચવાને ચહ્યા નહીં;
પટેલ તેમ ગાંધીને એક પુણ્યપ્રભાતમાં
અમદાવાદમાં બંદી બનાવ્યા વાતવાતમાં.

*

અસંખ્ય નેતાગણ જેલમાં જતાં
પ્રજા મહારોષ થકી જલી રહી,
વિશાળ સત્યાગ્રહ રાષ્ટ્રમાં થયો,

ના યંત્રણાથી પણ ભાવના મરી.

ડરી પ્રજા દંડ થકી ચળી ના
આતંકથી કે દમને જરીયે,
તરંગ ત્રાસે દમને મરે ના
અબ્ધિ તણા એમ અનંતવીર્યે.

યોજનાઓ ઘડી પાછી ગાતાં સ્વાતંત્ર્યગાનને;
અધ્યાદેશ ડગાવી ના શક્યા જાગ્રતપ્રાણને.

* * * * *

## ૩૪. વીંછીની ઘટના

સ્વાતંત્ર્યજંગના યજ્ઞે ભવ્ય આહુતિ અર્પતા
બલિદાન વ્યથા ચિંતા કષ્ટ ના ગણકારતા
સ્મિતપૂર્વક નેતાઓ યંત્રણા વેઠવા ગયા
અનેક વાર ગાંધીયે કારાવાસ મહીં રહ્યા;

છતાં વિદ્વેષવૃત્તિ ના એમનાં અંતરો મહીં
પ્રકટી બ્રિટિશરો પ્રત્યે જાગ્યો ધિક્કાર કે નહીં.
પરિપ્લાવિત પ્રેમે એ ગાંધીપ્રાણ મહીં હતા
પ્રવાહો પ્રેમના સારી સૃષ્ટિ સારુ વહ્યે જતા.

એમને ના રહ્યા શત્રુ, હતા સૌ સુહૃદો સમા,
સાધતા શુભ સૌનુંયે સર્વમાંગલ્ય ચાહતા.
વિદ્વેષવૃત્તિથી જોતા એમનેય નિહાળતા
નેહની નજરે નિત્ય આત્મા સૌમાં વિલોકતા.

શત્રુ માની શકે કોને, કોને ને પારકા ગણે,
અમંગલ કરે કોનું, કોને કષ્ટ ધરે હણે ?

કારાવાસ મહીંયે એ સર્વનું શુભ ચાહતાં
કાંતતાં વાંચતા નિત્ય પ્રેમપૂર્વક પ્રાર્થતાં
પસાર કરતા દૈવી દિવસો જિંદગી તણા
અહિંસા-સત્ય-મુક્તિના ચિંતને મનને મહા.

મુસીબતોના દિન એ સમસ્ત
ચિંતા-વ્યથા- ઘોર શ્રમે ભરેલા,
અશાંતિ તોયે કદી વ્યાપતી ના
સતાવતી ના ભ્રમણાનિરાશા.

અનંત આશા રમતી ઉરે ને
શ્રદ્ધા વહેતી અણમોલ કેવી,
શરીર નાનું પણ આત્મમાં જલી
વિવેકની જ્યોતિ અખંડ એવી.

એ સમયની કથા કાવ્ય ગ્રથિત આજ કરું,
કથા સાધારણ છતાં પણ પ્રેરણાત્મક શું
અસાધારણ સત્વ એનું પરમ જ્યોતિભર્યું
સનાતન સંદેશસંયુત અમર ને મધુરું:

અતંરાત્મે એમના જે પ્રેમપૂર હતું
સ્વલ્પ દર્શન પ્રસંગે એ પ્રેમનું જ થતું;
સિંધુ શાશ્વત સ્નેહનો કરતો મધુર નર્તન
નિત્ય એના બિંદુ કેરું કરું સંકીર્તન.

દિવ્ય પ્રેમૌષધિરસે લાખો રુઝાવ્યા વ્રણ
શાંતિ સીંચી સોમલે ને મટાડ્યાં ઘર્ષણ,
એ મહાપુરુષે જગાવી દિવ્ય આકર્ષણ
કોણ જાણે કેટલાંય કર્યાં સુધાવર્ષણ !

કારાવાસ મહીં રે'તો પરિચારક એક ત્યાં
પરદેશી તણાઈને ભ્રાંત વિદ્વેષભાવમાં
અવજ્ઞા નજરે જોતો સદા એ સંતશ્રેષ્ઠને,
જડ પથ્થરના પ્રાણે પ્રકટે પ્રેમ સદ્ય શે ?

પૂર્વગ્રહે ભરાયેલું ભ્રાંતિથી ચિત્ત એહનું
થતું ના શુદ્ધ પામીને સુધાસિંચન સ્નેહનું.
ગાંધીને માનતો શત્રુ જન્મજાત સમાન એ,
સ્પર્શતો સ્નેહ કેરો ના ક્ષીરસાગર આત્મને.

અચિંત્ય બની ત્યાં જ કારાવાસમાં ઘટના
એક દિન વીંછી ફૂણા કરડ્યા કરે એના,
વેદના વ્યાપી રહી જ્વાળાસમેત તને,
તિતિક્ષાતારો સકળ તૂટ્યા હૃદય કેરા.

ગાંધીજીએ ત્વરિત તજતાં ભીતિશંકા બધીયે
ચૂમી લીધી વિષમય ફૂણી એહની આંગળીને,
થૂંકી દીધી અસર વિષની પ્રેમવર્ષા વહાવી
આત્મામાંથી અબુધજનની જિંદગીને બચાવી.

ફગાવ્યા ભાવ એ દેખી સેવકે મનના બૂરા,
પલટાઈ ગયું હૈયું વિદ્વેષે જલતું પુરા.
અશ્રુપ્રવાહ આંખોથી પશ્ચાતાપ તણો વહ્યો
ઈતિહાસ મહા એણે મૂક આભારનો કહ્યો.

દિલની દુનિયામાંથી દ્વેષભાવ જતો રહ્યો,
સ્નેહની સરિતા કેરો આવિર્ભાવ થઈ ગયો.
ક્ષમા માગી લઈ એણે પાછલા વ્યવહારની
નવજીવનને કાજે પ્રતિજ્ઞા મનમાં કરી.

કર્યા પ્રણામ ગાંધીને અશ્રુના અર્ઘ્યને ધરી,
પાષાણ પ્રકૃતિ પ્રેમે પરિવર્તનને વરી.

સાચો બન્યો યુવક સેવક એ પછી તો
કેવો પ્રસંશક થયો શિશુ સંતકેરો;
ગાંધીપદે નિજ કરી કુરબાન કાયા,
દૃષ્ટિ બની વિમલ દૂર થતાં જ માયા.

માયાના ગાઢ સંબંધે બંધાયો એ યુવાન તો
બંધાયે પશુપંખી તો માનવીનો હિસાબ શો ?
પવિત્ર પ્રેમ પૃથ્વીમાં ચમત્કૃતિ સમો ખરે
ચમત્કાર કરે ન્યારો હેતુ સિદ્ધ બધા કરે.

પ્રેમપારસના સ્પર્શે ગાંધીએ કેટકેટલા
કર્યા પાવન પ્રાણોને દિલદ્રાવક કેટલા
મટાડ્યા ડંખ પીડાઓ શમાવી માનવી તણી
કર્યા દુશ્મનને મિત્રો પોતાની જિંદગી મહીં;

સાંગોપાંગ શકાયે ના વર્ણવી ઈતિહાસ એ
પ્રેરણાત્મક તારાઓ વ્યોમ કેરા અનંત છે
છતાંય એકનો આપ્યો સાધારણ ચિતાર મેં,
કરે જાગ્રત ને પ્રેરે માનવીને પ્રસંગ એ.

* * * * *

## ૩૫. હરિજનો માટે ઉપવાસ

રામસે મેકડૉનાલ્ડે પોતાના ફૈંસલા મહીં
વ્યક્ત વાત કરી સ્વલ્પે ગાંધીજીને રુચી નહીં.
અસ્પૃશ્ય વર્ગને કાજે કર્યું જાહેર એમણે
નિર્વાચનતણાં ક્ષેત્રો અન્યથી અળગાં હશે.

કહું કેમ કરી કાવ્યે કરુણાની મહાકથા ?
જાહેરાત થકી વ્યાપી ગાંધીજીને અતિવ્યથા.
વિરોધ એમણે ભારે ગોળમેજી મહીં કર્યો
હતો એ સૂચના કેરો અર્થ તોપણ ના સર્યો.

વ્યાખ્યાન યાદ આપી એ એટલે એમણે કહ્યું:
ઘોર વેદન મારાથી જશે ના શાંતિથી સહ્યું.

મેકડૉનાલ્ડે આપી માહિતીપૂર્ણ સૂચના
ફેસલો ફેરવો ના તો ઉપવાસ તણી મહા
વ્યથા ભોગવવી મારે પડશે સરકારના
અન્યાયને સહેવાશે મારાથી મૂકપ્રાણ ના.

વડાપ્રધાન હતા એ ત્યારે અંગ્રેજ સામ્રાજ્ય તણા,
દેખેલા હિંદે આંદોલન સ્વતંત્રતાને કાજ ઘણાં.
ચહ્યું એમણે ભેદભાવની દીવાલ દેશ મહીં ચણવા
જગાવવાને કુસંપજ્વાળા સ્વરાજનો જુસ્સો હણવા.

હરિજન હિંદુ ભિન્ન ભિન્ન છે વાત વિઘાતક પૂર્ણ કરી,
પરતંત્ર પ્રજા તણા પ્રાણની મૃત્યુશૃંખલા વિષમ ધરી.

જાતિભેદ તણા ભાવો વધારી ઐક્ય તોડવા
આકાંક્ષા એમણે સેવી નવ શાસન છોડવા:
લડાવી દેશલોકોને કરવું રાજ્ય દેશનું
નીતિશાસ્ત્ર જણાયું એ વારસાગત એમનું.

અસ્પૃશ્ય દેશનેતાનો સાંપડ્યો સહયોગ તો
કઠોર એમનો માર્ગ નિષ્કંટક જરા થયો.

કિન્તુ અંતર ગાંધીનું પામી પાર બધો ગયું,
વેદનાથી વણાઈને આર્ત સંમૂઢ શું બન્યું.

વિરોધ કરવા વ્યક્ત અતિ સંવેદનાભર્યા
કારમા ઉપવાસોને શરૂ જેલ મહીં કર્યા.

સંક્ષોભ થયો રાષ્ટ્ર મહીં શો જલધિજલે જેવું તોફાન,
આરંભે વર્ષા તાંડવને જેમ ભયંકર વ્યોમવિતાન.
મૃત્યુ લગી અનશન આરંભ્યું ગાંધીએ એ સુણતાં વાત
આઘાત થયો પ્રજાજનોને ઉર પ્રસરી શોક તણી રાત.

કરવા લાગ્યા કોક પ્રાર્થના કૈંક તીવ્ર તપને સાનંદ,
હમદર્દીમાં ઉપવાસ કર્યા અનુષ્ઠાન વ્રતના આરંભ.
લોકલાગણી સમસ્ત રાષ્ટ્રે ગાંધીને ખાતર એવી
શિશુની પૂજ્ય જનેતા તેમજ હોય પિતા કાજે જેવી.

અસ્પૃશ્ય જાતિના નેતા સાથી અંગ્રેજના બન્યા,
સલાહકાર એ સૌને કેટલાય મળી ગયા;
વંટોળ દેશમાં કિન્તુ ચડ્યો ઘોર વિરોધનો
ભજવ્યો એહણે ભાગ સમાધાન મહીં ઘણો.

અસ્પૃશ્ય જનતામાંયે હાહાકાર રહ્યો થઈ
શુશ્રૂષા મહામૂલી સૌ ગાંધીની લક્ષમાં લઈ.
રાષ્ટ્રનેતા-સભા પૂના નગરે આખરે મળી,
સમાધાન સધાયું ને વિપત્તિ આકરી ટળી.

નિર્વાચન તણા ક્ષેત્રે રાષ્ટ્ર અલગ ના હશે
અસ્પૃશ્યવર્ગની સંખ્યા સુરક્ષિત જગા થશે
મંજૂર મેકડૉનાલ્ડે કર્યો પ્રસ્તાવ એ પછી
કઠોર ઉપવાસોની આવશ્યકતા રહી નહીં.

ટાગોર વિશ્વકવિ એ જ કૃતાર્થકાળે
ગાંધી તણા પ્રણયપ્રેરિત ત્યાં પધાર્યા,
ભાવાર્દ્ર અંતર થકી કવિને બધાએ

સન્માનની નજરથી હરખે વધાવ્યા.

અનશન ત્યાગ તણી ધન્ય પળે
આવ્યા કવિવર જેલ મહીં,
મુહૂર્ત મંગલ ધન્ય ઘડી એ,
ધરા રહી સાર્થક્ય લહી.

સૌએ કરી મધુરમંગલ પ્રાર્થના ત્યાં
ને ગીત વિશ્વકવિએ રસપૂર્ણ ગાયું,
અર્પી શુભાશિષ પ્રસન્ન કરી જનોને
પીયૂષ ધન્ય કરનાર પવિત્ર પાયું.

સમાપ્તિ ઉપવાસોની રસપ્રાશનથી થઈ
વિશીર્ણ વદનો ત્યારે સોહ્યાં સંતુષ્ટિ શાંતિથી.
અછૂતોદ્ધારની જાગી લહરી રાષ્ટ્રમાં પછી
ગાંધીની ભાવના દૈવી જનતાહૃદયે વસી.

આત્મા સંતોષાયો કિન્તુ સહેજમાં ના સંતતણો,
અભ્યુત્થાન ઝંખતા પ્રાણે યુગયુગથી અસ્પૃશ્યજનો.
મૂળ સમાજ મહીં પ્રસરેલાં અસ્પૃશ્યતા તણાં ભારે
વિષાક્ત અસર રહ્યાં ઉપજાવી સ્વરાષ્ટ્ર ઉપવનને ક્યારે.

મૃતપ્રાય કરી દેવા એમને રસ રેલવા
નવજીવનની જ્યોત્સના જનતામાં જગાવવા
હરિજન સેવકસંઘની સંસ્થા અલગ કરી,
હરિજન સેવાને રહ્યા ધન્ય મનુષ્ય વરી.

ઐતિહાસિક બની રહ્યા ઉપવાસ અમર એ,
દિગદિગંતમાં ગુંજતા પ્રેરે જનમનને.

* * * * *

## ૩૬. ઉપવાસ પ્રસંગ

સૂર્ય તણાં કિરણો કો દી ના ઉચ્ચનીચના કરતાં ભેદ,
ધરે મહેલ મઢૂલી સૌને આલોકિત કરનારું તેજ.
નિર્ધન તેમ જ હોય તવંગર સુવાસ સ્વાદુ સમર્પે ફૂલ,
સમજે અલ્પ મહાનને નહીં શાંત ધરિત્રી કેરી ધૂળ.

પક્ષાપક્ષી કરે પવન ના, સરે સરિત સૌને માટે,
ક્રીડે કરે ઉમંગે સર્વે અવગાહન એને ઘાટે.
છત્ર વ્યોમ મંગલમય ન્યારું ભેદભાવ જાણે ન જરી,
ધરતી ધારે જડચેતનને જતન જનેતા જેમ કરી

છાયા ઢાળી રહ્યાં નિરંતર વૃક્ષ સકળ જીવોને કાજ,
સ્વાગતસુમને વધાવતાં ના, કરે અન્યનો ના ઉપહાસ.
અબ્ધિ પણ ઔદાર્ય ધારતાં ચંદ્રચાંદની ચારુ વળી
પર્વતપંખી સર્વહિત તણા અર્ધ્ય રહ્યાં સાનંદ ધરી.

મધુર નિનાદે વહે સ્રોત આ સૃષ્ટિની સેવા સારુ;
ઊષાસંધિકા તારકને ના બદ્ધ કરે મમતાજાળું.
નિસર્ગમાં ના લેશ ભાસતો માનવમાં તો શાને ભેદ ?
ઊચ્ચનીચના ભિન્ન ભાવમાં બન્યું કેમ માનવમન કેદ ?

જાતિભેદ ને રંગભેદનાં વર્ગભેદનાં યુદ્ધ થતાં
કેમ જગતમાં સંસ્કૃતિસ્વામી માનવ શ્રેષ્ઠ મનાય છતાં ?
લડે કેમ એ કરે અવજ્ઞા રક્તપાત અવિરામ કરે,
ભેદભાવના કરાલ કૂપે મંડૂક બનતાં કેમ મરે ?

ભાસે વિભિન્ન જન વિશ્વ તણા છતાંયે
સૌમાં વિશુદ્ધ વિલસે પ્રભુનો પ્રકાશ,
આકાશ છત્ર સહુનું પૃથિવી પથારી,
ક્ષેત્રજ્ઞનો વિવિધ ક્ષેત્ર મહીં નિવાસ.

સ્ફુલિંગ એક સહુમાં મધુજ્યોતિ કેરો
ને ચેતના ઉગમસ્થાન એક અનંત એક,

એ મૂળભૂત મધુમંગલ એકતાની
સ્વપ્નેય સંસ્મૃતિ વિનષ્ટ ન થાય છેક.

અસ્પૃશ્ય કોણ ? પરમાત્મ તણા પ્રકાશે
સર્વે પ્રકાશિત સમષ્ટિ શરીર કેરાં
અગાંગ આ અલગ, કર્મ કરે વિભિન્ન
કોઈય માનવ ઘૃણાસ્પદ કિન્તુ છે ના.

ઉચ્ચનીચના પ્રબળ બન્યા છે ભેદ સમાજ મહીં ભારે,
શમાવતાં એ ભેદભાવના આલિંગો સૌને પ્યારે.
હડધૂત નથી કોઈ જગમાં સૌને સ્નેહપ્રસાદ ધરો,
હરિજનની ના કરો અવજ્ઞા દુઃખદૈન્ય ને દર્દ હરો.

વિશદ બનાવો તેમ સુધારો સત્કર્મ તણી દો દીક્ષા,
સપ્રેમ અતિક્ષુલ્લક આજે માગી સહજ રહ્યો ભિક્ષા.
અનાથ-શોષિત-અપમાનિતને દરિદ્રને સેવો સ્નેહે,
સમુન્નત કરો સૃષ્ટિ સઘળી નવડાવી નિર્મળ નેહે.

એવા વિચારધ્વનિ સંતનશ્રેષ્ઠ ગાંધી
રેલી રહ્યા સકળ રાષ્ટ્ર મહીં અનેરા,
આત્મા સુષુપ્ત તમપૂર્ણ જગાડવાને
આરંભ સત્ય ઉપદેશ તણો કર્યો ત્યાં

નિંદ્રા થકી તરત બ્રાહ્મમુહૂર્ત જાગ્યા
ને સાંભળ્યો સ્વર સનાતન સ્નેહભીનો:
ગાંધી, પવિત્ર ઉપવાસ કરો હવે તો
છે એ જ માર્ગ અનિવાર્ય કટોકટીનો.

પ્રારંભ હો પુનિત કાલ પ્રભાતથી જ
ગાંધી વદ્યા, વ્રત કરું દિન કેટલાનું ?
બોલ્યો પ્રશાંત સ્વર કે દિન એકવીસ,
અર્પું શુભાશિષ : થશે નવ કો' અનિષ્ટ.

દૈવી ચમત્કૃતિભર્યો સ્વર શાંતિ પામ્યો

ગાંધીઉરે જગવતાં દૃઢતા અમોઘ
આત્મા સમસ્ત અનુપ્રાણિત શો કરીને;
ના ભીતિ લેશ પ્રકટી પ્રકટ્યો ન શોક.

બ્રહ્માંડસર્જકપ્રકાશક શ્રેષ્ઠ શક્તિ
સંરક્ષતી પ્રતિપળે રસચેતનાથી
અર્પી રહી પ્રથપ્રદર્શન સંતને એ
દુર્વૃત્તિ સંશય તણી હરતાં કૃપાથી.

યોગીન્દ્ર ને સુરવરો મધુપુષ્પ વર્ષી
માંગલ્યમૂર્તિ શુચિ સંત પરે રહ્યા એ,
સ્નેહે કરી સતત સદગુણની પ્રશસ્તિ
અર્પી રહ્યા અભયદાન શુભાશિષોને.

જાણી વિચાર ઉપવાસ તણો અનોખો
પ્રેમાર્દ્ર મુગ્ધ જનતા અતિખેદ પામી,
ગાંધી તણા સુખદ સ્વાસ્થ્યપ્રદાન માટે
પ્રાર્થી રહી પ્રતિપળે નિજ પ્રાણમાંથી.

જેલમુક્ત બનતાં ગાંધીએ પૂના નગરે વાસ કર્યો,
અનશનવ્રતનો નિર્ણય ઉત્તમ પરિસ્થિતિવશ ના સ્વલ્પ ફર્યો.
એકવીસ ઉપવાસ કર્યા ત્યાં સમાજની શુદ્ધિને કાજ,
કહ્યું એમણે સકળ દેશની અસ્પૃશ્યતા ખરેખર લાજ.

હિંદુ જાતિનું કલંક ભારે ધોઈ કાઢો સદ્ય ખરે,
દુઃખદર્દબંધન માનવનાં ટળે પ્રાણ કિલ્લોલ કરે.
જાગ્યો સમસ્ત દેશ પછી તો, વિરોધ પણ ના અલ્પ થયા;
સરકાર તણા વ્યૂહ સહસ્ત્રો ચાતુર્યભર્યા વ્યર્થ ગયા.

દીનહીન ને પછાત પ્રત્યે પ્રેમ પ્રખર શાશ્વત હૈયે,
પ્રતીક એનું પ્રસંગ છે આ, પ્રસંગ મહિમામય કૈંયે.

* * * * *

## ૩૭. તર્પણ

દેશને કાજે લડત લાખો જને કીધી
સમર્પી સુખ શાંતિ લક્ષ્મી સાહ્યબી દીધી
સહસ્ત્રે સહયોગ અર્પી મુક્તિના જંગે
સહ્યાં સંકટ વેદના વેઠી વળી રંગે.

સહસ્ત્રો ચિંતાવિષાદ તણાં શિકાર થયાં,
યાતનાથી સમસમી ને જલી મૂક રહ્યાં,
અસંખ્યે સત્યાગ્રહે સર્વસ્વને ખોયું
ખુવાર બન્યા કિન્તુ ના પાછું વળી જોયું.

લડત સત્યાગ્રહ તથા કાનૂનભંગ તણી
નીવડેલી કસોટી કરનાર ઘોર ઘણી,
લોક હાલહવાલ એણે કેટલાય કર્યાં
તોય વીરો ત્યાગ-સંકટ-વ્યથાથી ન ડર્યા.

અર્ણવે ભરતી સમય નવચેતના આવે
તરંગો ગિરિશૃંગ સરખા મત્ત તે લાવે,
મત્ત એથી તરંગો અદકા મહા જાગ્યા;
પૂર પ્રાણે પ્રજાના પ્રકટેલ વણમાગ્યાં.

થયું તાંડવનૃત્ય જાણે રુદ્રનું ભારે
ધરા ધ્રુજી કાળજાં કંપી રહ્યા જ્વાળે
જલ્યાં કિલ્બિષ લોકનાં જાગી વિરાટ રહ્યો,
સોડ ફેરવતાં સચેતન કાળદેવ થયો.

ત્યાં જ જાગૃતિ નવલ વ્યાપી રાષ્ટ્રના પ્રાણે
ચેતના પ્રસરી રહી જ્યોતિર્મયી ધ્યાને
પ્રકટતાં ભાગીરથી રાષ્ટ્રીયતા કેરી
કરી પાવન રહી તનમન સુણાવી ભેરી.

નવલ લહરી ભારતે સ્વાતંત્ર્યની વ્યાપી
મીટમાં લેવા યુગોની સાધના માપી,

સમર્પણ કરવા થઈ જનતા બધી તૈયાર,
વિજયની વરવા ધપી આગે મધુરવી માળ.

ગહન ગિરિવર પંથના ઓળંગવા પ્રેમે,
માર્ગ કરવા સિંધુમાંથી સફરની નેમે,
યાતનાજ્વાળા શમાવી સોમલે સૃષ્ટિ
સુધાની કરવા થઈ ઉત્સાહની વૃષ્ટિ.

અશ્રુ કેરા ઓઘમાં મક્કમ અનેક રહ્યા,
માતને ખાતર સહીને તપી તુષ્ટ થયા,
ભવ્ય એ બલિદાનગાથા પ્રાણવંત બની
સહસ્ત્રો વ્યક્તિત્વને રોજે રહેલ વણી.

વિલોકી જનતા એવી સાધારણ મનુષ્યનું
હૈયું હાલી રહ્યું ત્યારે ગાંધીનું કહેવું જ શું ?

એમના કષ્ટમાં ભાગી થવા અંજલિ અર્પવા
એમને કાજ આત્માની ઊર્મિ અક્ષય તર્પવા,
અસંખ્ય સહયાત્રીમાં સમુલ્લાસ જગાવવા,
બલિદાન તણી મીઠી ભાવનાને દૃઢાવવા,

વિખેરવા કર્યું નક્કી શાંત આશ્રમ એમણે,
ત્યાગ કોઈ નહીં ના જે મહામાનવથી બને.
પથારી કંટકો કેરી પુષ્પશય્યા સમી ગણે
મનસ્વી અનલે રાચે, મિનારા ભસ્મથી ચણે,

આશ્રમ હરિજન સંઘને કર્યો સમર્પિત એ;
સનાતન બન્યું એમનું ઉત્તમ તર્પણ તે.

* * * * *

## ૩૮. વૃદ્ધાની આહુતિ

સેવાગ્રામ મહીં સ્થાપી ગાંધી એકાંત આશ્રમ
જનાર્દન તણી સેવા સમજી જનતા તણી
કરતા સ્નેહથી સેવા રાષ્ટ્રને પ્રેરણા ધરી,
તીર્થધામ બન્યું ગ્રામ, ભાગ્ય એનું ગયું ફરી.

વિખ્યાત રાષ્ટ્રના નેતા પ્રવાસી સેવકો વળી
જિજ્ઞાસુ ભાવનાભીના સમાગમ જતા કરી.
પરાગ પુષ્પનો લેવા અલિ આતુર આવતા,
પ્રવાહો સરિતા કેરા સિંધુપ્રતિ સિધાવતા,

પતંગ દીપને દેખી દોડતાં જ્યોતિએ જતાં,
જ્ઞાતઅજ્ઞાત એ રીતે જન એકત્ર ત્યાં થતા.
રાષ્ટ્રપ્રેમી જનો કોઈ નિજ સર્વસ્વ ત્યાગતાં
વસતા એમની પાસે જિંદગીને સમર્પતાં.

ભોગ આપવા ભારત માટે પ્રજા સમસ્ત હતી તૈયાર
સંકટ સહેવા વ્યથા વેઠવા હઠાવવાને મારી કાળ.
બલિદાનો કોઈયે ભારે મહાન કોઈ ત્યાગ વળી
દેશ તણા હિત આગળ ન્હોતા મૂલ્યવાન અનુરાગ જરી.

આબાલવૃદ્ધ જપતાં જપ દેશ કેરો
ને પ્રાર્થતાં ઉર ઉમંગ ભરી અનેરો
કેવી થતી નગરગ્રામ પ્રભાતફેરી,
ભક્તિ હતી હૃદયમાં જનના ઘણેરી.

*

પવન પુનિત વાતો, કોકિલે ક્યાંક બોલે,
નવલ જલદ જોઈ મોર ને ઢેલ ડોલે;
વિહગ સરસ ગીતે સ્નેહસંદેશ આપે,
મધુમય વરસીને મેહુલો કષ્ટ કાપે.

પરિમલ મધુ ધારી શી સુહાયે ધરા આ,
રસિક હૃદયે ગાયે ગીત આભારનું ના ?

જડ અજડ બધાંયે સ્નેહ ને શાંતિ માગે,
સુભગ વધુ લભીને સાર્થ સંપન્ન લાગે.

ચપલા ચમકી વ્યોમે વિહારે નીકળી પછી,
અભ્રની ગર્જના દ્વારા રહ્યા સંદેશ સાંપડી.
પ્રવેશ એક વૃદ્ધાએ ત્યારે આશ્રમમાં કર્યો,
ભીનાં વસ્ત્ર હતાં કિન્તુ આત્મા ઉષ્મા થકી ભર્યો.

ઝાંખા પડેલ નયને, કર લાકડી ને
વાંકી વળેલ કમરે પગલાં ભરીને,
ગંગા સમી વિમળ જર્જર વસ્ત્રવાળી,
ગાંધીતણું મુખ રહી રસથી નિહાળી.

તારે માટે દિવસભર છું ચાલતાં આજ આવી,
બોલી વૃદ્ધા પરિશ્રમ બધો પંથ કેરો ફગાવી,
દેખી તારૂં વદન મુજને દિવ્ય આનંદ લાગે,
જેવી રીતે રતન મળતાં દીનનું દુઃખ ભાગે.

ગાંધીએ ગ્રામમાતાનો કર્યો સત્કાર સ્નેહથી,
બોલી વૃદ્ધા પછી ધીરે કંપતી કૃશ દેહથી.

લોકો અનેક તુજને ઉપહાર આપે,
સેવા કરી સતત તું જનકષ્ટ કાપે,
સેવા તણા સુખદ સુંદર યજ્ઞમાં હું
ફાળો ધરું અસરકારક શો કહે શું ?

છું દીનહીન જગમાં નવ એક આપ્ત,
વૈધવ્યનાં વરસ સોળ કર્યાં સમાપ્ત;
હાથે દળું પરિશ્રમે દિવસો વિતાવું,
તોયે થયું નવ તને ક્યમ કામ આવું ?

રાજા યુધિષ્ઠિર તણો સુપ્રસિદ્ધ યજ્ઞ
ને વિશ્વશાંતિહિત તેમજ વિષ્ણુયાગ
આ યજ્ઞ આગળ દીસે અતિ અલ્પ ક્ષુદ્ર,

તેં માનવીહિત તણો જગવ્યો ચિરાગ.

બિરલા બજાજ જેવા લક્ષ્મીપતિ કર્યા કરે
અસંખ્ય ધનિકો તારી સેવા મેં વાત સાંભળી;
દેવતા તુજ કાર્યોમાં સહયોગ સદા ધરે,
પરમાત્મા તણા મીઠા શુભાશિષ તને મળે.

મારામાં એમની શક્તિ યોગ્યતા તલભાર ના,
તોયે આકર્ષણે સ્નેહે આવી છું છત્રછાંયમાં.

સાગરે સરિતાસ્ત્રોતો સમાતાં બિંદુ મેઘનાં
બેચાર ઢળતાં તેનું મૂલ્ય ના લેશ લાગતું
છતાંયે સ્નેહનું મારું સમર્પણ કરી રહી,
મૂલ્ય છે ભાવના કેરું, વસ્તુનું એટલું નહીં.

લોકસેવા તણા યજ્ઞે આપું આહુતિ માહરી,
ઉપયુક્ત હશે એની મને છે પૂર્ણ ખાતરી.
બાંધેલા થીંગડામાં ને એણે પંદર રૂપિયા
ગાંધીચરણમાં મૂક્યા, બન્યા ગાંધી વિમુગ્ધ શા.

પ્રાર્થું છું કે સફળ સઘળી યાતના થાય તારી,
આઝાદીનો દિવસ પ્રકટે દેશમાં તેમ ભારી,
દેવો વર્ષે સુમન વિભુની સાંપડે ને કૃપાયે;
વૃદ્ધા બોલી સજલ નયને શબ્દ પાછી વળી એ.

ભરાઈ આંખ ગાંધીની, દ્રવ્યું અંતર એમનું,
દશા દેશ તણી દેખી દૃશ્ય દુર્લભ સ્નેહનું,
વૃદ્ધાઓ દેશમાં આવી હશે કંગાળ કેટલી,
દીન ભારત માતાઓ પ્રેમી પ્રત્યક્ષ લાગતી.

એમના શી સહસ્ત્રોનાં અશ્રુઓ લૂછવાં રહ્યાં,
મટાડવી રહી પીડા ઘોર પાવક જેટલી.
આઝાદીને નથી વાર એમના મનમાં થયું,
વરસીને વળી પાછું વ્યોમ ખુલ્લું થઈ રહ્યું.

* * * * *

## ૩૯. પત્રકારની મુલાકાત

વૃષ્ટિતણા દિન સમાપ્ત થયા બધાયે
વ્યોમે રસાર્દ્ર ઊમટે જલદા છતાંયે,
ઢાંકે સુતીક્ષ્ણ રવિને ચમકે ઘડી ને
થાયે વિલીન અવકાશ મહીં ફરીને.

સોહી રહી સકળ આ વનરાજિ કેવી
કોઈ કૃતાર્થ જનના શુભ આત્મ જેવી;
શૃંગાર નૂતન સજી ધરતી હસે છે,
દ્રષ્ટાતણા તરત અંતરમાં વસે છે.

આ શાંત સ્ત્રોત, સરિતા મધુતામઢેલી
દોડી રહી પુનિત પ્રેમપ્રસન્ન કેવી;
સૌન્દર્યથી સભર વસ્ત્ર નિસર્ગ ધારી
ઊભી સમસ્ત નભ આગળ હૈયું હારી.

*

સાધકોના ચિત્તમાં સંશય ઘણા જાગે,
અશ્રદ્ધાનાં અભ્ર કો દી ઊમટતાં લાગે,
અહંતાની અસાધારણ આવતી આંધી,
દંભઆસક્તિ રહેતી પ્રાણને બાંધી.

થતી ભીતિપ્રલોભનોની ગર્જના ભારી
ચમકતી ચાંચલ્યચપલા એ મહીં ન્યારી,
ઘોર ફૂંકાતો પવન કુવિચારનો કો દી
વૃક્ષ જડથી સ્થૈર્યના સંયમસદન તોડી.

સાધનાનો સમય જ્યારે પૂર્ણ થાય બધો
શમે શંકા અશ્રદ્ધા સૌ ભય પ્રલોભનનો,
શાંતિ સુખ માગંલ્ય મધુતા અંતરે જાગે,
શરદ સરખી સુભગ નૂતન જિંદગી લાગે.

*

એવા રસાળ નવજીવનથી ભરેલા

ગાંધી હતા સરળ સ્નેહસુધા છલેલા;
લોકો વિભિન્ન મળતા નિત એમને ને
દેતા નવીન બળ જીવનપ્રેરણા એ.

જીવંત તીર્થ સરખા યશને વરેલા
તોયે વિનમ્ર શિશુ શા સ્મિતથી ભરેલા,
સૌમાં પ્રકાશ પરમાત્મ તણો જ પેખી
સત્કારતા સુહૃદ શા પ્રભુ જેમ લેખી.

બેઠેલ એ કુટિરમાં નિજ આશ્રમે ત્યાં
આવી પ્રણામ કરતાં અતિ પૂજ્યભાવે
બોલ્યા બ્રિટિશજન પંડિત પત્રકાર,
છે પૂર્વયોજિત સમાગમ આપણો આ;

તો પ્રશ્ન એક મુજ અંતરને સતાવે;
સાભાર તે કરું રજૂ સરળ સ્વભાવે;
ભારે કરો વિષમ કષ્ટ સહી ઉપાયો
કિન્તુ દીસે ક્ષિતિજમાં ન જરી ઝગારો

સાફલ્યનો, સફરની પરિપૂર્ણતાનો
આપત્તિઅર્ણવ તણો ન મળે કિનારો:
આઝાદ દેશ બનશે કદી આ તમારો ?
યત્નો થશે સફળ નિષ્ફળ કે હજારો ?

વદ્યા ગાંધી અંતરે સંપૂર્ણ છે શ્રદ્ધા,
હિંદ મુક્ત થશે મને ના લેશ આશંકા;
પત્રકારે ચકિત બનતાં ફરીથી પૂછ્યું,
પૂર પ્રાણે કેમ એ શ્રદ્ધા તણું ઊઠ્યું ?

કેમ કે ઈશ્વર દયાના સિંધુ ને ન્યાયી,
શાસ્ત્ર સંતજનો કહે છે એમને ન્યાયી:
એટલે જ મને સતાવે સ્વલ્પ સંશય ના,
અભીપ્સા સ્વાતંત્ર્ય કેરી ધર્મસંગત આ.

પત્રકારે સુણાવી વિશ્વાસવચન કહ્યું:
દિલ સમસ્ત પ્રશાંત પરમાનંદયુક્ત થયું;
પ્રકટ મોટા અક્ષરે વચનો સમસ્ત કરીશ
સ્વદેશ મહીં ભક્ત ઈશુના તમને પૂર્ણ કહીશ,

જાણશે ખ્રિસ્તી પ્રજા ત્યારે જ એ સઘળી
તમોને, આદર રહેશે અનેરો પ્રસરી
ધન્ય સેવાગ્રામની ધરતી ઉરે જેના
વિરાજે છે સંત આવા ફિરસ્તા જેવા.

પૂરી થઈ મિનિટ પાંચ પ્રસન્ન એથી
ઊભા થયા તરત પંડિત પત્રકાર,
ચાલ્યા પ્રણામ કરતાં પણ શબ્દ કર્ણે
વાગી રહ્યા હૃદયને કરતા રસાળ.

*****



## ૪૦. યુદ્ધકાળનો સંદેશ

વેદે ગાયો મધુર મહિમા આ ધરિત્રી તણો ને
આલેખાયું ઉપનિષદમાં યજ્ઞમાહાત્મ્ય દૈવી,
ગીતા-રામાયણયુગ મહીં ને મહાભારતેયે
ઉદબોધાઈ સતત ગરિમા માનવી જિંદગીની.

આ સૃષ્ટિને સુખદ કરવા ધર્મગ્રંથો બધાયે
અર્પે કેવા યુગયુગ થકી પ્રેરણા માનવીને,
તોડી પાશો સકળ કરવા સાધના શાંતિ કેરી
દીક્ષા દેતા જગતપટ પે સ્થાપવા સ્વર્ગસૃષ્ટિ.

રહ્યાં વિવિધ દર્શનો સ્મૃતિ અને અવરતા તથા
કુરાન સઘળાં પ્રદાન કરતાં મહાપ્રેરણા,
પ્રકાશ ઈશુએ વળી પરમ ગૌતમે એ ધર્યો,
યુગેયુગ અનેકનો પુનિત પંથ એણે કર્યો.

પૂર્ણાહુતિ થશે અંતે યજ્ઞની આદિકાળના,
સૃષ્ટિમાં સ્વર્ગની જ્યોત્સના ઝગશે સૌ દિંગતમાં.

*

દીર્ઘ મંથનને અંતે મુક્ત કોંગ્રેસથી થઈ
રચનાત્મક કાર્યોમાં રસ ગાંધી રહ્યા વહી.
મટ્યા કોંગ્રેસના સભ્ય છતાં સ્નેહી મટ્યા નહીં,
અંતરાત્મા મહીં ભાવો આઝાદીના રહ્યા વહી.

માર્ગદર્શક એ સર્વે નેતાઓના બની રહ્યા,
શુભેચ્છા તથા સાચા હિતેચ્છુ સર્વના થયા.
વીતી વર્ષો ગયાં ત્યાં તો અંગાર યુદ્ધના
નિહાળ્યા ક્ષિતિજે સૌએ ક્લેશ ઘોર અશાંતિના.

ગાંધી વિના અન્ય કોઈયે દર્શાવી શકશે ન પ્રકાશ,
કપરા યુદ્ધસમયમાં શકશે નૈરાશ્યે ના રેલી આશ;
સર્વે સર્વા કર્યા એમને કોંગ્રેસે એવું માની,
મધદરિયામાં કર્યા સુકાની નૌકાના તારક જાણી.

પત્ર હિટલરને એ સંતે લખ્યો એક ત્યારે જાહેર,
યુદ્ધ વિનાશક સૌને માટે; આશ્રય એનો ના લે, હેર !
સર્વનાશનું સાધન એ તો, યાતના રહી એમાં ઘોર,
કલ્પના થકી કલ્પાંત કરે, નિરીહ તેમ ચલાવે શોર.

શાંતિ તણું સોપાન એ નથી, અમંગલ તણો દુર્ગમ રાહ;
અનર્થ અત્યાચાર આંસુ ને આવે એની પાછળ આહ.

પરંતુ જલધારાથી દ્રવે પથ્થર ના જરી,
સલાહ તેમ ના સ્વલ્પે બુદ્ધિશુદ્ધિ શકી કરી.
થયું યુદ્ધ ફરી વિશ્વે, હોળી જાગી વિનાશની,
ફાટ્યો જ્વાળામુખી ભારે, નિશાની સર્વહ્રાસની.

સામ્રાજ્ય તણી લઈ લાલસા કર્યો માનવે યુદ્ધારંભ,
હિંસાઘેલાં કર્યું દાનવે તાંડવનૃત્ય વિરાટ અભંગ.
નિર્દય જડ લોકોએ લાખો કાયાને કોમળ કાપી,
ગોળીને વરસાવી, શસ્ત્રે શહેરે સ્મશાનને સ્થાપી.

કોમળ કુસુમ સમાન કિશોરો કાપતાં નહીં કંપ્યા હાથ,
અધર્મ તેમ જ અનાચારને આપ્યો પ્રત્યેક પદે સાથ.
લોહીતરસ્યા મૂર્ખ માનવો સત્તામોહે અંધ બન્યા,
લોહી પીતા દેવ યુદ્ધના નાચી ચારે પાસ રહ્યા.

સામ્રાજ્યની નવી સૃષ્ટિ થતી રંગભરી ફરી,
અલ્પ કે વધુ વર્ષોમાં જતી મૃત્યુમુખે મળી.
હતું ખાતર ના દૈવી, રક્તરંગી હતી ધરા,
ઈમારતો તણી તેથી રહેતી સ્થિર ના કળા.

વસુધા બનતી આર્ત દીન હિંસા થકી વળી,
પરંતુ અસુરો એની આહ ના સુણતા જરી.
આક્રંદ સાંભળી એનાં ફિરસ્તા પ્રકટ્યે જતા
અહિંસા શાંતિના અર્પી મધુસંદેશ સ્નેહનાં.

બુદ્ધ અશોક સમા કૈં પ્રકટ્યા જાગ્યા જ્યોતિર્ધર શા સંત,

ઉદબોધ્યું કે હિંસાનો હો હવે હમેશાં માટે અંત.
સંગ્રામ તણાં તાંડવ ત્યાગી કરો પરસ્પર સૌને પ્રેમ,
એક જ ધરતી કેરા વાસી લડો મરો દુશ્મન શા કેમ ?

વસુંધરા છે જનની સૌની, રક્ત સર્વમાં એક વહે;
હિંસા ને વિદ્વેષ તજો તો મંગલ મૃત્યુ લોક બને.
પરંતુ ના સંદેશ સાંભળ્યા સર્વશ્રેય કેરા લોકે,
કરી અવજ્ઞા, ઘર્ષણ માંડ્યા, થયો લગીરે ના શોકે.

અરણ્યરોદન સમા ઉદગારો એમના બન્યા,
તિલાંજલિ નહીં આપી અસુરે યુદ્ધને કદા.
આવિર્ભાવ થયો અંતે અહિંસા-સત્ય-સ્નેહના
અવતાર સમા જાણે ગાંધીનો ભવ્ય દેશમાં.

ધરિત્રીતાપ પેખીને થયા સંતપ્ત અંતરે,
સેવાદીક્ષા ગ્રહી આવ્યા દિવ્ય દીપક શા તમે.

સ્મિત રેલ્યું શસ્ત્રોની સામે, યાતના ઘણી સહન કરી,
સ્વયં તપ્યા સંતપ્ત ઉરોને સદાય શીતળ છાંય ધરી.
વિષપાન કરી અમૃત આપ્યું, માન ધર્યું અપમાન સહી;
કટુતા માણી ધરી મધુરતા, અશાંતિમાં પણ શાંતિ લહી.

કાયા નાની આતમ મોટો, હૃદય પવિત્ર વિશાળ વળી;
મહાન મનના સ્ત્રોત સમા એ રહ્યા સુધાથી ભૂમિ ભરી.
નાખી વિશ્વે વિહંગદૃષ્ટિ, અસંખ્ય માનવને જોયા,
પ્રેમશાંતિની ક્ષુધા પુરાતન દેખી દૈન્ય હૃદય રોયા.

મંથન મનનું મંગલ કરતાં મળ્યું મહામૂલું મૌક્તિક,
વિશ્વશાંતિના મહાયજ્ઞના પામેલા જેને યાજ્ઞિક:
શોણિત કેરા સરોવર થકી પદ્મ શાંતિનું ના પ્રકટે,
હિંસા ને પ્રતિશોધ ભાવથી વેરભાવના ના અટકે.

હિંસાપથ પરિત્યાગી પ્રેમશાંતિ તણા બનો
પ્રવાસી પ્રાણને સંપસહકાર થકી વણો.

ભ્રાતૃભાવ વધારીને શ્રેય સૌનુંય સાધતાં
અર્ઘ્ય સત્કર્મના અર્પો સ્વાર્થવૃતિ ફગાવતાં

અંધકાર તણા ઓળા વચ્ચે હિંમતશાંતિથી
આત્મજ્યોત જગાવીને જીવવા જગમાં વળી
આદેશ એમણે આપ્યો, અત્યાચાર અનર્થ ને
અન્યાયને સહેવામાં ક્લૈબ્ય છે એમ શીખવ્યું.

નથી આપણે કેવળ કાયા, અમર અલૌકિક આત્મસ્વરૂપ,
સમજીને સૌ ભ્રમણા ત્યાગી બની રહો પોતાના ભૂપ.
પશુબળથી ભયભીત થશો ના પછી પામશો પરમાનંદ,
સ્વપ્ને પણ ના સ્પર્શી શકશે વેરઝેર અનૃત પાખંડ.

પ્રતિકાર કરો પાશવતાનો શ્રદ્ધા હિંમત ધૈર્ય થકી
વિરોધ-હિંસાશસ્ત્રો સામે રહો સત્યને પંથ ટકી.
શસ્ત્રો નિષ્ફળ બનશે સઘળાં, જશે વિરોધ સમસ્ત શમી,
ન્યાયનીતિ ને સત્ય જીતશે, મળશે મુક્તિ કેરું અમી.

કિન્તુ જગતમાં જાગી જ્વાળા યુદ્ધ તણી ફરી,
શક્યા પ્રયાસ ગાંધીના પરિવર્તન ના કરી.

પ્રજા ભારતની જોકે હતી સંમત એમની
ભાવનાસાથ કિન્તુ કૈં નેતાઓ સંશયાત્મિકા
બુદ્ધિ થકી અહિંસામાં વિરોધી સ્વર કાઢતા,
આઝાદી કાજ શસ્ત્રોને અનિર્વાય જ માનતા.

સૂર સાંભળી એવા જનના બોલ્યા આર્ત બની ગાંધી,
સંઘર્ષ તણી આવી ભારે અવનીમાં આજે આંધી:
હિંદ બનીને લોહીતરસ્યું સંગ્રામે શસ્ત્રે લડશે,
ભૂલ ભયંકર કરી બેસશે સ્વપ્નું મારું એ મટશે.

શાંતિ કાજ આત્માની મારા પછી હિમાલયવાસ કરું,
શેષ રહેશે એ જ સાધના અરણ્યમાં અજ્ઞાત રહું.
પ્રજાજનો ભારતના સર્વે શ્રદ્ધાન્વિત સંપૂર્ણ થઈ

સુણી રહ્યા ગંભીર ગિરા એ સ્વતંત્રતાની આશ લઈ.

સદભાગ્ય સમા શ્રદ્ધેય અને પ્રજા તણા પ્રેરક બનતા
જ્યોતિર્ધર એ રહ્યા નિરંતર આલોકિત કેડી કરતા.

*

તોડ્યા પર્વતને પ્રચંડ, ગિરિનાં શૃંગે પહોંચી જઈ
લહેરાવ્યા વિજયધ્વજો, વન મહીં સૃષ્ટિ કરી સ્વર્ગ શી,
ખેડ્યા સાગર, સિંધુ શી સરિતને બાંધી મહાબંધમાં,
ઊડીને અવકાશઅંતર કર્યાં અન્વેષણોને વળી.

રણે ઉપવનો કર્યાં, પ્રકૃતિતત્વ નાથ્યાં બધાં,
કર્યાં પરમવિસ્મયે ભર અસંખ્ય સંશોધનો;
ઘડ્યા જગવિનાશનાં વિષમ શસ્ત્ર, રાજ્યો રચ્યાં,
પ્રભાવ પશુ જંગલી પર વળી જમાવ્યો ઘણો.

બધે પહોંચ્યું બળ માનવીનું,
ન કિન્તુ એણે નિજ જાત કેરું
કર્યું મહાશાસન, આ ધરામાં
સત્કર્મનો પાવનપંથ કાપી
પ્રશાંતિ ને માનવતા ન સ્થાપી
સામર્થ્ય એ ત્યાં લગ સૌ અધૂરું.

હજી ભમે છે ભય વિશ્વમાં આ
ભર્યા વળી ભ્રામક ભેદભાવો,
ક્રીડા કરે તત્વ અનેક આસુરી,
લડે મનુષ્ય પશુ શા હજારો.

અન્યાય તૃષ્ણા મમ ને અહંની
હોળી થઈ ના પશુલાલસા તણી,
અસત્ય ને શોષણ સ્વાર્થખોરી
રમી રહ્યાં રાસ વિરાટ શાં બની.

માનવીએ થવું સાચા માનવી શેષ છે રહ્યું,
ત્યાં લગી વિશ્વ ના સાચું સમુન્નત હશે થયું.

સમસ્ત માનવીશક્તિ જ્ઞાન સંશોધનો તણો
મહીમાંગલ્યને માટે વિનિયોગ થશે ઘણો
સૌની સ્વતંત્રતા સૌના સુખને ચાહશે બધા,
સ્વર્ગથી સુખદા સૃષ્ટિ અનેરી બનશે તદા.

એ ધ્યેયસિદ્ધિને માટે જીવવું જગમાં રહ્યું,
સાર્થક્ય જીવને એવા બલિદાન બની લહ્યું.
મોરચા માંડવાના છે સૌએ આંતરયુદ્ધના,
ફેલાવે રિપુની સેના ઘોર આતંક નિત્ય ત્યાં.

અજ્ઞાન દૈન્ય રોગો ને દૂષણોને મટાડવા
સંઘર્ષ કરવો સૌએ તેમ બાહ્ય સમાજમાં.

વિદ્રોહ વ્યક્તિ જગવે અનિષ્ટો
અનર્થ ને દોષકુકર્મ સામે
ને જંગ ખેલી નિજજાત સાથે
અશુદ્ધિનો અંત લગીર લાવે;

મારી અહંકાર-મમત્વ-દંભને
મનુષ્યતાને જગવે વધારે,
તો એ થકી શ્રેષ્ઠ થઈ સમષ્ટિ
મંદાકિની સંસ્કૃતિની ઉતારે.

આસ્વાદ કે દર્શનસ્પર્શ પામી
એ જાહ્નવીનો બનતાં કૃતાર્થ
તારે તરે માનવજાત આખી,
વસુંધરા સુંદર થાય સાર્થ.

આજે ન માગે ધરતી સિકંદરો,
ના વીર તૈમૂર વળી ન નીરો;
સામ્રાજ્યવાદી નવ વીર સીઝરો
એ માગતી માનવ રાષ્ટ્રપ્રેમી,

જ્ઞાની જગજ્જીવન કર્મયોગી.

ચહે નહીં રાક્ષસશ્રેષ્ઠ રાવણો,
માગી રહી નીતિપ્રધાન રામ.
નાદિર માગે નવ આ ધરિત્રી,

ના કંસ કે ના શિશુપાલ કોઈ
દુર્યોધનોની ન કરે અપેક્ષા;
ઝંખી રહી સ્નેહસરોદ છેડતા
ને શાંતિ દેતા મધુ કૈં કનૈયા.

વિશાળ હો અંતર જેમનાં ને
વિવેકની જ્યોત અખંડ જેવી
જ્વલંત જેના મનમંદિર હો
માગે પ્રજા આજ અનન્ય એવી.

શરીર સૌની સેવા કરતાં મન ઈચ્છે સૌનું કલ્યાણ,
હૈયે હમદર્દી સૌ માટે, પ્રાણ સર્વને માને પ્રાણ;
નેતા સુધારકો સંશોધક મજૂર માલિક વિદ્યાવાન
એવા માગી રહી ધરિત્રી સૌના શુભનું જેને ધ્યાન.

ભીતિ યુદ્ધ તણી ત્યારે જશે દાનવતા મરી;
સંજીવની રહ્યા ગાંધી આખાયે જગને ધરી.

*

જર્મનીએ મચાવ્યો શો કેર સંગ્રામમાં ફરી,
ઝેક રાજ્ય તથા બીજાં રાષ્ટ્ર કૈંક ગયું ગળી.
બોલ્યા ગાંધી પ્રજાઓએ બની નિઃશસ્ત્ર સામનો
હેરનો હોત કીધો તો થાત નિષ્ફળ ક્યારનો.

રશિયા કપરા કાળે દર્શાવી વીરતા રહ્યું,
પરાસ્ત જમર્ની અંતે સૌના શ્રમ થકી થયું.
મુસોલિની તણી શક્તિ નિરંકુશ બની રહી,
અશાંતિ આપતી સૌને પ્રકટી અસ્ત ને થઈ.

જાપાનનો નવો પાછો ભય ભારતને થયો,
અહિંસાનો જ સંદેશો ગાંધીએ દેશને કહ્યો.

હિરોશીમા થયું ધ્વસ્ત ભારે બોમ્બપ્રયોગથી,
યુદ્ધજ્વાળા શમી અંતે ભીતિ જાપાનની મટી.

સંગ્રામનો સુવિખ્યાત ઈતિહાસ સમગ્ર એ,
વિહંગનજરે એથી આપ્યો સ્વલ્પ ચિતાર મેં.

* * * * *

## ૪૧. સૉનેટત્રય

### * શાંતિસંદેશ *

વેદોએ શાંતિ કેરા ત્રિવિધ સ્વર મહીં શાંતિદીક્ષા સમર્પી
સૃષ્ટિમાં શાંતિવર્ષા મધુમય કરવા આદિઆદેશ આપ્યો,
વેદોની સંહિતાઓ ઉપનિષદ મહીં શાંતિપાઠે સુણાવી
એની એ સાધનાના સુસ્વર મનુજને માર્ગ અંધાર કાપ્યો.

બ્રહ્માંડે સભ્યતાના સુભગશુચિ ઉષઃકાળમાં એ જ ગાઈ
ગીતા જ્ઞાનીજનોએ ચિરપરિચિત શી વિશ્વમાંગલ્ય માટે,
યોગે એ યજ્ઞયાગે તપવ્રતસમયે સાધનામાં અરણ્યે
એના એ મંત્ર ગુંજ્યા મનુજહૃદયમાં શાંતિના વિશ્વવાટે.

દારિદ્રે દીનતામાં અવનતિક્ષણમાં તેમ અભ્યુદયોમાં
મુક્તિમાં બંધનોમાં પ્રતિયુગ પૃથિવીપ્રાણની એ પિપાસા,
આરાધી કૈં જનોએ યુગપુરુષ વળી ભાવના એ વહાવી
ધારીને અંતરાત્મે પ્રકટ જગ થયા શાંતિની એક આશા.

સાફલ્ય શાંતિસ્વપ્નોનું જગમાં જગતાત હો,
ત્રિવેણીસંગમે સૃષ્ટિ શાંતિના હો કૃતાર્થ છો !

### * કૃતિની વિકૃતિ *

રચીને સૃષ્ટિને સૃજનપતિએ મંગલ કહી
મનુષ્યોને વાણી : સુખદશુભ સૃષ્ટિ સુમધુરી
તમારા આત્માને અપરિમિત આસ્વાદ ધરવા
રચી છે મેં રૂપે વિવિધ રસરંગે સભર શી,

અલંકારી એને અમરસમ આનંદ લભવા;
સમર્પી ને પ્રજ્ઞા પરમ તમને તો શુભ કરો
કરો સૌનું શ્રેય સુખ વધુ ભરો જીવન મહીં,
સુધારો ના તો હો મધુર કૃતિની વિકૃતિ નહીં.

મનુષ્યો પ્રજ્ઞાના પતિ નવ રહ્યા દાસ જ થયા,

વિસારી વાણીને સૃજનપતિની સત્વર ગયા,
મથ્યા આ સૃષ્ટિને સુખદ કરવા કિન્તુ ન રહ્યા
મનુષ્યો સૌ, કીધું પરમ રસસંવર્ધન નહીં,

અહંતાઅજ્ઞાને પશુ સમ લડ્યા ગૌરવ હણી,
સુધારે પાછી એ સરસ કૃતિ આ વિકૃતિ બની !

*** પ્રદીપો ***

પ્રદીપો પૃથ્વીનાં તિમિર હરવાને પ્રકટિયા
અનેકો, આહ્લાદે સકળ ભરવા ને રસ થકી
કરી દેવા આત્મા તમમય પરિપ્લાવિત નવા
પ્રકાશે, ને રેલ્યા કિરણ મધુરાં મર્ત્ય જગમાં.

પિછાનીને કૈંયે પ્રણયભર પ્રાણે સ્તુતિ કરી
પ્રદીપોને પૂજ્યા અમર ઉરના અક્ષત ધર્યા,
વળી સન્માનીને તિમિરપથ આલોકિત કર્યો
અનેકે પોતાનો શ્રમ સફર કેરો પરહર્યો.

નવા રૂપેરંગે નવલ કિરણે નૂતન સ્થળે
પ્રદીપો જાગ્યા ને સમય પર પોઢી પણ ગયા,
ધરિત્રીનો આત્મા અભિનવ છતાંયે નવ બન્યો
સદાકાજે, એના સુખઉમળકા શાશ્વત રહ્યા.

હજી માગે દીપો ક્ષુધિત વસુધા આ તમભરી,
પ્રદીપો જાગે તો ફિકર નવ ભારે તમ તણી.

* * * * *

## ૪૨. સુધામય સ્મિત

સુધામય સ્મિત સદા વદને રમી નિર્મળ રહ્યું મધુરું
મુસીબત વ્યથાથીયે ન કરમાતું વિલીન થતું
સરળ કો સ્રોતના સરખું ઉષા જેવું અનેરું ને,
કરે વશ સર્વને આત્મીયતાથી પ્રથમ ઝાંખીએ.

પરમ તાકાત એમાં ઊમટેલી આત્મતપ કેરી
ભળી સૌજન્યસૌરભ અનાસક્તિભાવના ઘેરી.
સદા સંપન્ન ગાંધી એહના સ્વર્ગીય ગીત થકી
રહેલા વિપત્તિ-વિપરીતતામાં એ થકી જ ટકી.

કિરણ કોઈ હિમાંશુ તણું પ્રકટ જાણે થયું ન્યારું,
પરમ કવિતાકડી પરમાત્મકવિની રચાઈ ચારુ,
ફુવારો વિશ્વપ્રેમ તણો ધરી બેચાર બિંદુ રહ્યો,
અમીભીનો અનેરો રંગ ઊડ્યો ઈન્દ્રચાપતણો.

સરસ છૂટ્યો સિતારીથી સુખદ સ્વર શાંતિનો જાણે,
પરમ પાવિત્ર્યનો પરિતોષ પ્રકટ્યો પ્રસરતાં પ્રાણે,
પડ્યો પ્રતિઘોષ સતશુભ સર્વમંગલનો અલૌકિક શો
વિજયની શક્યતાનો વિશુદ્ધિ કેરો મહાયશનો.

*

જાહેરાત થઈ બીજા વિશ્વયુદ્ધ તણી ગઈ
જણાવ્યું શીઘ્ર ગાંધીએ ત્યારે ભાવાર્દ્ર શા બની
હિંદ ભાગ લઈ આવા સંગ્રામે શકશે નહીં
પ્રજા બંધનમાં એની કેમ કે સઘળી રહી.

પ્રધાનમંડળ જે કોંગ્રેસી પુરા રચાયાં રાષ્ટ્ર મહીં
મુક્ત એમને થવા પદ થકી કોંગ્રેસ રહી પછી કહી.
એકીસાથે આઠ પ્રાંતનાં પ્રધાનમંડળ મુક્ત થયાં
રાજીનામાં અર્પી સર્વે સંપ થકી સપ્રેમ રહ્યાં.

ઉત્સવ ઝીણાની લીગે એ ઊજવ્યો ત્યાગપ્રસંગ તણો,
પીડાતો કોમી વિખવાદે કુસંપથી આ દેશ ઘણો.

કૃતજ્ઞતા ને મુક્તિનો એ લીગે ધન્ય દિવસ જાણ્યો,
સ્વાર્થવૃત્તિએ કટુપ્રસંગને મધથી પણ મીઠો માન્યો.

છતાંય પ્રશાંત ગાંધીજી અચળ ને નિર્વિકાર રહ્યા,
વિરોધી વાયરા વિષમય અનોખા ધૈર્યસાથ સહ્યા.
નિરંતર લાભહાનિ મહીં અખંડ ટકી રહ્યું સ્મિત એ
મર્યું માનાપમાને ના પરમઉપહાર વિશ્વ વિશે;

ભયંકર ભય મહીં ભૂકંપદાવાનલ મહીં ભારે
પ્રલયમાં પ્રખર પીડામાં પ્રલોભનમાં પરાજય ને
વિજયમાં નિરાશા ને આશ જેવા સર્વ દ્વંદ્વ મહીં
રહ્યું સોહી શુભાશીર્વાદ સરખું સિદ્ધના કોઈ.

સુભગ સ્મિત એ વિશુદ્ધ વિશિષ્ટતા ગાંધી તણી ભારે,
પ્રકટ કોઈ પુષ્પ સમું રસીલા હૃદયને ક્યારે;
વિરોધી પ્રસંગે પણ માધુરી એની મરી ન જરી,
રહ્યું નિર્દોષ શાશ્વત પાનખરપ્રાણે વસંત ભરી.

* * * * *

## ૪૩. માનવતાના પુરસ્કર્તા

સવિશેષ નિહાળીને ગાંધીજીવનસાધના
માનવીમુક્તિ માટેની આકાંક્ષા ત્યાગ યાતના,
કોઈ ગુણાનુરાગીએ મહાત્મા એમને કહ્યા,
મહાત્મા નામથી ગાંધી સુપ્રસિદ્ધ બની રહ્યા.

પરંપરા મહાત્માની યોગીઓ ભક્ત સંતની
સાચવી એમણે દૈવી જીવને જ્યોતિથી ભર્યા,
ઉજાળી કાર્યથી એથી; વ્યાસ-શંકર-બુદ્ધ ને
વસિષ્ઠ વાલ્મિકી જેવા થઈ સંતુષ્ટ કે કહે

આહ્લાદથી અમારાં છે આનંદી અંતરો રહ્યાં,
અમને મહિમા દેતા ઋષિ એક વળી થયા.
મહાન મહત્તાને મહાન જ કળી શકે,
ઝવેરી રત્નને જાણે, માછી શું મૂલવી શકે ?

કોઈ મહાન બનતા, વિરલા જ કોઈ
જાણે મહાપુરુષને, અતિ અલ્પ એમાં
સન્માનતાં હરખતા મળતાં મહાન,
ગાતા મહાનમહિમા જન કોક તેમાં.

મહાત્માજનને તે શું રાજકારણ દેશ શું,
એણે ઉપાધિ શા માટે આઝાદીનીય રાખવી,
માયાવી વિષયો કેરી રાખે એ રતિને નહીં,
બ્રહ્મધ્યાનસુધા ચાખે નિત્ય એકાંતમાં રહી.

એવા વિચારના લોકો વસતા દેશમાં ઘણા,
આલોચના મહીં સર્વે રાખતા નવ એ મણા;
છતાંયે શાંતિથી ગાંધી સેવાનો પંથ કાપતા,
મહાત્મા અન્યના માપે પોતાને નવ માપતા.

રાજકારણથી કરાશે દેશની સેવા
બની પ્રેરિત પ્રખરતમ વિશ્વાસથી એવા,

દેશને આઝાદ ને સમૃદ્ધ શો જોવા
રાજકારણમાં રહ્યા એ મલિનતા ધોવા.

મહાત્માજનમાં રહે ના દંભ ને મમતા
અહંતા, રાખે બધા પર એ સદા સમતા;
રાગદ્વેષ વિમુક્ત ને પરમાત્મના પ્રેમી,
હોય નિર્ભય નિત્ય નિર્મળ નિરંતર નેમી.

કઠોર છતાં કુસુમકોમળ અંતરે એ તો,
અનુભવે આત્મા બધામાં એકશો રે'તો;
દુઃખ ને દર્દો બધાનાં દૂર કરવાને
ચહે પ્રાર્થે કરે યત્નો શાંતિ ધરવાને.

વસે એકાંતે છતાં જનતા થકી ન ડરે,
વિજનમાં વસ્તી મહીં નિર્લિપ્ત જેમ ફરે;
પંક પંકજને લગીરે લાગતો ના જેમ,
મુક્ત શા માલિન્યથી એ શ્વાસ લેતા એમ.

મહાત્માજન રાજકારણમાં કદીક પડે,
રાજકારણ એમને તોપણ જરી ન નડે;
મહાપુરુષો વિશ્વ કેરી શાંતિ કાજ રડે,
સહે સંકટ ખમે પીડા આત્મશક્તિ વડે.

રાષ્ટ્રસેવા મહીં ગાંધી વિશ્વસેવા નિહાળતા,
હતી સીમિત સેવાની હૈયામાં નવ ભાવના.
શાખાને પોષવા માટે દ્રુમનું મૂળ પોષવું,
મૂળ કેરી અવજ્ઞાથી રહે સૌનેય સોસવું.

સમષ્ટિ કાજ વ્યક્તિનો કર્યો આદર એમણે,
વિશ્વમાંગલ્યને પેખ્યું પ્રવાહે રાષ્ટ્રપ્રેમને.

કોટિ જનતાના પરમ ઉત્કર્ષમાં મારું
સુખ સમાયું, શાંતિ લાગે, ધન્યતા ભાળું;
એ જ મારી તપશ્ચર્યા સાધના ન્યારી,

સ્મરું મારા રામને પ્રકટ્યા બધે ભાળી.

કર્મ મારે કાજ પૂજા અનેરી મોટી,
હૃદયશુદ્ધિ સાધતાં જોઈશ હું જ્યોતિ;
પ્રભુ ચલાવે તેમ ચાલુ પ્રેમવિશ્વાસે,
ભરી મારો પ્રાણ એકલ એહની આશે.

દુઃખ દુઃખીનાં હજારો દ્રવિત પ્રાણ કરે,
બંધનો પોકાર-ક્લેશો આત્મશાંતિ હરે,
ગણી ભ્રાંતિજન્ય સૌને રહું ક્યાંથી શાંત
તજી સેવાધર્મ પેસું ગિરિગુફામાં કલાંત ?

વિશ્વમંદિરની દૈવી આવૃત્તિસમ માનવી,
સેવીપૂજી સદા એને જિંદગી ધન્ય જાણવી.
હતા સૌભાગ્ય સૃષ્ટિના, પ્રેમી માનવના વળી,
ગાંધીજી; એટલે એવા રહેતા ભાવમાં રમી.

નમ્રતા એ મહાત્મામાં બની સાકાર શી ખરે;
મહામાનવ પોતાનું વ્યક્ત વૈશિષ્ટ્ય ના કરે.

માનવીની શાંતિ અભ્યુત્થાનની આશે
સાર્થ કરતા જિંદગી સેવા તણા શ્વાસે;
માનવીસેવા સમજતા કર્મ કેરું ધ્યેય,
એ જ સાધન પામવાનું આખરે અજ્ઞેય.

કળા સઘળી ધર્મ ને સાહિત્યથી કરવા
શ્રેય માનવનું મનુજને પ્રેરણા ધરવા
એમણે આદેશ આપીને સુસ્પષ્ટ કર્યું
સાધનો એ માનવીઉત્થાનનાં જ ગણું.

લેખકોને જણાવ્યું કે હાથમાં જ્યારે
કલમ લો આલેખવાને અક્ષરો ત્યારે
માત તેમ સહોદરા શી માનજો સ્ત્રીને,
વિમળ ગાજો ગીત એનું પ્રાણના બીને.

સ્ત્રી તમારાથી થશે અંકિત પછીથી જે
હશે મધુ મંદાકિની શી પુનિત મંગલ તે
દર્શને એનાં થશે માંગલ્ય માનવનું;
અમર એ સાહિત્યને હું સર્વશ્રેષ્ઠ ગણું.

લખો ત્યારે ફેરિયા ને કોશિયાઓને
શ્રમિકોને જોજો વિસારો અજ્ઞ લાખોને,
પ્રેરણા અર્પે સરળ એવું સરસ લખજો,
અનેકોના પથપ્રદર્શક પ્રકાશક બનજો.

રાજકીય સ્વતંત્રતાને ધ્યેય ના માન્યું,
માત્ર સાધન સરસ શ્રેષ્ઠ અમોઘ શું જાણ્યું;
લભી સર્વાંગીણ ઉન્નતિ દેશની કરવી,
સ્વપ્ન સેવ્યું વિશ્વશાંતિની સમિધને ધરવી.

દીનહીન મનુષ્યોને સમૃદ્ધિસુખ આપવા,
જિંદગીનો ધરી લ્હાવો કપરાં કષ્ટ કાપવા,
અસંખ્ય આર્ત આત્માના અંધકાર વિદારવા,
બંધનો તોડવા ચિંતાભય ને ક્લેશ ટાળવા.

પ્રકટાવવા પ્રતિગ્રામે રસરંગપ્રવાહને,
માનવીને કરી દેવા માનવી પરિપૂર્ણ કે,
સ્વરાજસાધના ગાંધી આરંભી કરતા રહ્યા,
રાષ્ટ્રતારક અબ્ધિમાં દીવાદાંડી સમા બન્યા.

* * * * *

## ૪૪. વારસદારની જાહેરાત

કિરણ સૂરજ કેરાં તેજ રેલે ધરામાં,
સફર શરૂ કરે છે માર્ગ કાઢી હ્વામાં;
તિમિર સકળ ટાળે મ્લાન પૃથ્વીમુખે ને
અભિનવ રસ રેલે, શ્રી અનેરી ભરે છે.

વિપટ પર ઠરેલાં રાતનાં બાષ્પબિંદુ
કિરણ મધુ લભીને થાય સૌંદર્યસિંધુ;
અધિક કિરણ કેરા ભારથી ના ટકે એ,
મિલન મધુર પામી સૂર્ય કેરું ઢળે છે.

દિવસભર રમાડે રાસ ને આખરે એ
રવિ પણ પૃથિવીને છોડતાં અસ્ત થાયે;
તિમિર મુજ હ્વે કો ટાળશે એ વિચારે
મુખકમળ ધરાનું વ્યગ્ર થાય વિષાદે.

ત્યાં તો વ્યોમ મહીં પેલો ચંદ્ર ચારુ પ્રકાશતો,
'સેવાધર્મ બજાવું છું' કહીને તમ ટાળતો.
હ્વા ખાલી થતાં બીજી આવે એના જ સ્થાનમાં
નથી રિક્ત રહેતું કો અણુયે અવકાશમાં.

રાત પછી પ્રકટે છે દિન ને ઢળે દિવસની પાછળ રાત,
ઉષા પછી સંધ્યા ને પાછી ઉષા વ્યોમની આવે વાટ.
ભરતી ઓટ તણો ક્રમ ચાલે, ગ્રીષ્મ પાનખર વળી વસંત
જન્મ મરણ ને જન્મ ફરીથી, ક્રમ કુદરતનો નિત્ય અનંત.

મનુષ્યમાં પણ રિક્ત રહે ના કાયમ માટે કોઈ સ્થાન,
એક પછી બીજા પ્રકટીને પૂરે આ પૃથ્વીમાં પ્રાણ.
નેતા લેખક સંત પ્રતાપી સંશોધક જે થાય વિદાય,
અન્ય એમને સ્થાને આવી અભિનવ પાછાં ગીતો ગાય.

વિવિધ રૂપ ને રંગ એમના, જેમ સમાન ન સર્વ પ્રપાત;
પરંતુ રેલે પ્રકાશ પાછો રેલે જેવું રોજ પ્રભાત.

કર્યો વિચાર ગાંધીએ દેશને દોરનાર કો
કરું પસંદ નેતાને; સત્વશાળી સુવર્ણ શો
માનવી મમતામુક્ત પ્રેમી પૂર્ણ પ્રજા તણો,
ક્ષીરસાગર સેવાનો જેના અંતરમાં ભર્યો;

ઉપાસ્ય દેવ જેના આ કરોડો જન દેશના,
અર્ચના વિણ એ સૌની જેહને ચેન લેશ ના;
હેતુ શુદ્ધ સદા જેનો, નમ્ર હિંમતવાન જે,
અનુગામી બને મારો દેશનો કર્ણધાર તે.

પસંદગી કરું એવા સુકાનીશ્રેષ્ઠની, કરે
નૌકાને પાર જે લાખો તોફાનોથી તથા ધરે
સ્વાતંત્ર્યસુખનો સૌને તટ શાંત સુધાભર્યો,
ઉજાળે તેજ રેલીને અંધકાર તણા સ્તરો.

જાહેરાત કરી દીધી યોગ્ય વારસદારની;
અન્યના ગુણ જોવાની દર્શાવી યોગ્યતા ઘણી.

મારા પછી જવાહર શાશ્વત પ્રકાશ પાથરશે દેશે,
રાજકીય વારસ એ મારા સંશય ના એમાં લેશે.
પોતાની વાણીમાં દેશે મારાં વચનો કેરી યાદ,
બનશે સત્ય પ્રદર્શક પથના પરિપૂર્ણ કરી સઘળી સાધ.

વચન સુણી ગાંધીના એવાં પ્રજા સમસ્ત પ્રસન્ન બની,
ભારત માતાએ અંતરમાં અનેક અભિનવ આશ વણી.

વીત્યાં અસંખ્ય વરસો પણ શબ્દ સર્વે
ગાંધી તણા સફળ સાર્થક એ બન્યા છે,
ગાંધી પછી સકળ રાષ્ટ્ર તણા સુકાની
જાણે બધું જગ જવાહર એ થયા છે.

યોજના એ વિધાતાની બને સમૃદ્ધ દેશ આ,
સંસારની કરે સેવા, સ્થાન રિક્ત રહે જ ના.

* * * * *

## ૪૫. 'ભારત છોડો'

કોણ જાણે ક્યા કર્મે શાપથી કોના
શિલા જેમ બની રહેલો દેશ સઘળો આ
શુષ્ક કે કંગાળ ને જડતાપ્રતીક સમો,
ભૂતગૌરવનું રહેલું સ્મરણ એને ના.

પામી જેવો પુનિત પદનો સ્પર્શ શ્રીરામ કેરો
જાગી ઊઠી તરત જ શિલામાં અહલ્યા અનેરો
ધારી આત્મા, જડભરત શો એમ આ દેશ આખો
ગાંધીસ્પર્શે અભિનવ બન્યો, જાગિયા પ્રાણ લાખો.

અહલ્યા એક ત્રેતામાં રામે સંસ્પર્શથી કરી,
ગાંધીએ કૈંક આત્માને અનેરી ચેતના ધરી.
દેશપ્રેમ થકી સૌનાં ભરેલા ઉર એ સમે
આબાલવૃદ્ધને માત્ર મુક્તિ માતા તણી ગમે.

કર્યું દમન વર્ષોથી સરકારે છતાં મરી
આકાંક્ષા જનતાની ના, બળવાન બની વહી.

પછાડે કંદૂકને કોઈ દીવાલની પરે
દ્વિગુણિત બળે ફરે પાછો ઘોર બંડ કરે,
દબાવો ને બાષ્પને તોયે કદી ન દબાય,
અધિક ઓજસ સાથે કરતી પરિત્રાણ ઉપાય.

દંડદમન થકી સમસ્યા એમ ના શમતી,
સ્વલ્પ સમય સુધી ભલેને ભાસતી મરતી.
કરી પીછેહઠ જનાવર જોરથી કૂદે
ફુવારા સામર્થ્યના ત્યમ વેગથી ઊડે.

માનવીમનમાં રહેલા મુક્તિના ખ્યાલો
સહજ સ્વાભાવિક પ્રણય ને શાંતિના ભાવો
દબાવી ન શકાય શાશ્વત કાળ લગ કો'દી,
સ્વપ્નમાં પણ શકાય નહીં મૂળથી તોડી.

ભાવના સ્વતંત્રની શસ્ત્રે હણાય નહીં,
કેર વરતાવ્યે શમે ના બને જીર્ણ જરી;
આર્ત સત્ય અવાજ અભ્યુત્થાનનો ઉરનો
તોપ કે તલવાર ગોળીને નથી ગણતો.

પ્રજા જાગ્રત ઉત્સાહી કષ્ટ ના ગણકારતી
ડરતી યાતનાથી ના, પશુતા પડકારતી.

*

મનાયે માનવ સુસંસ્કૃત શ્રેષ્ઠ આ જગમાં
વહે રક્ત વિષાક્ત કિન્તુ એહની રગમાં,
એટલો તો બદ્ધ કરવા અન્યને માગે
દબાવી દે મુમુક્ષુને જલાવે આગે,

બનીને સામ્રાજ્યવાદી જુલમ કૈંક કરે,
હડપવાને દાનવી તાંડવો અનેક રમે;
વિરોધીને કષ્ટ દે પીડે હણી નાખે,
જગાવી સંઘર્ષ સંસ્કૃતિ મેળવે રાખે.

સુસંસ્કૃત શો થશે ત્યારે વિશ્વ મુક્ત થશે
માનવીનાં ગુલામીબંધન બધાં ટળશે,
પરાધીન નહીં રહે કો, સર્વ સર્વ તણા
શાંતિ ઉન્નતિ શ્રેયના કરશે પ્રયત્ન ઘણા.

શાંત સંગ્રામો થશે શસ્ત્રાસ્ત્ર સૌ મટશે,
ક્લેશચિંતા ને વિપત્તિ ભીતિયે ઘટશે,
શક્તિ સામગ્રી વિશદ ને માનવીબુદ્ધિ
મળીને સ્વર્ગીય કરશે સુભગ આ સૃષ્ટિ.

કલ્યાણનો હતો કિન્તુ સૂર્યોદય સમીપ ના
આરંભ્યો એટલે કેર સરકારે અતીવ હા !

*

સન ચાલીસને અંતે ગાંધીએ ભાવથી ભર્યો
સત્યાગ્રહ વળી પાછો વ્યક્તિગત મહા કર્યો.

ક્રિપ્સની યોજના કેરો કર્યો સ્વીકાર લેશ ના,
એમને યોજના લાગી નવ એ દેશહિતમાં.

કારોબારી તણા સભ્યો મળી વર્ધા મહીં ફરી
પ્રસ્તાવ 'હિંદ છોડો'નો જુસ્સા સાથ રહ્યા કરી.
ધની સાક્ષર ને અજ્ઞ રંક ઐશ્વર્યવાન સૌ
બન્યા અધીર કરવા શ્રેય સંપૂર્ણ રાષ્ટ્રનું.

ભેદભાવ વિસારીને ફગાવીને કુસંપને
પુરુષાર્થ કર્યો સૌએ જીતવા મુક્તિજંગને.
સ્વદેશપ્રેમના કેવા નિનાદો ગાજતા બધે,
ત્યાગ સ્વાર્પણના ભાવો જાગતા સર્વની રગે;

વિરાટકાય આખોયે દેશ પૂર્ણ પ્રબોધની
લભી સૌરભને ઊઠ્યો ઝંખતા મુક્તિની ઘડી.
રાષ્ટ્રગીત તણા ઘોષો પ્રસરી સઘળે રહ્યા,
ચરાચર નવા પ્રાણે સમન્વિત રસે થયા.

*

હોય લક્ષ્મી ભોગવૈભવ સુરસમાન વળી
પ્રખર પ્રજ્ઞા માનવીને રહે મુગ્ધ કરી,
બળ અનંત અસીમ હો ઐશ્વર્ય ને અદકું,
બંધનો સાલે નહીં તો શ્રેય એથી શું ?

હોય મધુમય વેશ કે સૌન્દર્યસૌરભ હો
પ્રતિષ્ઠાપદ સદગુણોની ગણતરી ના છો,
કિન્તુ ના દિલમાં વિકાસ તણી તમન્ના તો
એ સકળ ઉત્તમોત્તમ હેતુ સરશે શો ?

દીર્ઘજીવન હોય તપ ને વ્રત પ્રચંડ વળી
સાંપડે સિદ્ધિ કળા વિજ્ઞાનની સઘળી,
કાવ્યકૌશલ તર્કપટુતા શાસ્ત્રની મેધા
કળાપ્રિયતા મળે મધુરા સ્વર્ગના સરખા

લોકભોગોથી ભરેલા અર્થ એનો શો

પૂર્ણતા કે મુક્તિની ઈચ્છા ન જાગે તો ?
અભિપ્સા આરાધના ના સત્યતત્વ તણી,
પામવા સુપ્રકાશ જાગ્રત જો ન બુદ્ધિ બની.

સુખછલેલું યશવરેલું ભલે જીવન હો
કિન્તુ ના કર્તવ્યયજ્ઞે પુનિત પ્રાણ થયો,
ઉચ્ચતાની ના અપેક્ષા અન્યનો ના પ્રેમ,
એ સમુન્નત સાર્થ જીવન કહેવાયે કેમ ?

મરણની આવૃત્તિ સરખું વ્યર્થ એ લાગે
જલે ના જે સતત અભ્યુદય તણી આગે,
પરિપ્લવિત ના બને આત્મા તણી જેની
સિતારી સ્વાતંત્ર્ય કેરા રસભર્યા રાગે.

સાફલ્ય જિંદગી કેરું સાધવા સર્વનાં મન
સ્વરાજ ઝંખતા ઝંખે ખેડૂતો મેઘને જ્યમ.

*

બેતાલીસ સને આવી એમ ઑગષ્ટ આઠમી
મળી કોંગ્રેસ ત્યારે તે જનતાને ગઈ ગમી
મુંબાઈમાં મળેલી એ કોંગ્રેસે ભાવનાભર્યો
ઠરાવ સ્તુત્ય ઉત્સાહે 'છોડો ભારત'નો કર્યો.

કહ્યું અંગ્રેજ સત્તાને છોડી ભારતને જવા
સ્વાતંત્ર્યજંગમાં સ્નેહે સહાયક વળી થવા.
સરકારે દબાવી એ દેવાને માગણી કરી
અભૂતપૂર્વ વર્ષાવી યાતનાવૃષ્ટિ આસુરી,

ગાંધીને અન્ય નેતાને બંધ જેલ મહીં કર્યા,
સ્વદેશ કાજ કષ્ટો એ વેઠતાં લેશ ના ડર્યાં.

વ્યથિત લોચનથી વહી કૈં અશ્રુની સરિતા,
કરી કંપિત કાળજાંએ કરુણ કૈં કવિતા,
સહ્યું કૈંયે પ્રાર્થના આતુર અનંત કરી,
મનીષા માનવ તણી ના બની મંદ મરી.

કારાવાસપ્રવેશની વિગત સૌ ગાંધી તણી મેળવી
તોફાને જનતા ચઢી સરિતના વર્ષર્તુના વારિ શી
ભારે તીવ્ર પ્રતિક્રિયા અનુભવી, તૂટી પડ્યું આભ હો
એવી અસ્થિર શી બની, સુભાશિષ ધરી સંતે સુસાફલ્યની.

કષ્ટો સર્વ તણાં વરો સફળતા, ગાંધી અને અન્યના
યત્નો પૂર્ણ બનો, મટો દિવસ સૌ સંતાપ દુર્દૈન્યના;
તંદ્રા સંયુક્ત પદ્મપે રવિ ફરી સંજીવની રેલજો,
પ્યારો ભારત દેશ મુક્ત બનજો, સમૃદ્ધિશાળી થજો.

દૈવી સંસ્કૃતિના મહાશિખરપે આસીન અંતે થઈ
સેવાપ્રેમ પ્રશાંતિમંત્ર મધુરા માંગલ્ય કેરા દઈ
સૃષ્ટિતાપ શમાવનાર રસની સ્વર્ગીય વર્ષા હજો,
પ્યારો ભારત દેશ મુક્ત બનજો, સંપત્તિશાળી થજો.

સંસારના સકળ દેશ સ્વતંત્ર થાઓ
કોઈ ગુલામ નવ હો ન રહો પછાત,
સમુદ્ધિ-સંપ-સહકાર પથે કરો સૌ
યાત્રા; પ્રશાંત પ્રકટો પુનિત પ્રભાત !

* * * * *

## ૪૬. જેલમાં પ્રાર્થના

કર્યો સંયમ ચિત્તનો જેણે સજી સમતા,
દિવ્ય ભાવવિચાર જેના અંતરે રમતા,
પ્રાણ પરમાત્મા તણા પાવન ભર્યો પ્રેમે,
જેલ પણ લાગે તપોવન શી સુખદ એને.

ધર્મયુક્ત વિમલ સદા કર્તવ્યયજ્ઞ કરે,
આંતરિક મળવ્યાધિ જેના સ્વાસ્થ્યને ન હરે,
સર્વહિતના સૂર જેના જીવને જાગે,
જેલ કે ઘરમાં ન તેને ભેદ કૈં લાગે.

સ્નેહની શાશ્વત સુરસરી અંતરે ધારી,
સત્ય કેરી જ્યોત જેણે અનેરી ભાળી,
સિતારી સંવાદની વાગે ઉરે જેને
સાંપડે સઘળાં સ્થળોમાં સ્વર્ગસુખ એને.

મટી ચંચળતા, મરી જેની બધી મમતા,
તજી આસક્તિઅહંતા સર્વને નમતા,
સુમન માળી જેમ જગવે મધુરવા બાગે,
ગમે ત્યાં તે વસે તેને ભીતિ ના લાગે.

વાચન-કાંતણ-પ્રાર્થના મહીં ગાંધીજી રહેતા ગુલતાન,
ભીષણ જેલ મનોમન માની લેતા ઈશપ્રસાદ સમાન.
દેહ જેલમાં આત્મ એમનો કિન્તુ રહેતો જનતા પાસ,
ઈશ્વરની મંગલમયતાની થયેલ ના શ્રદ્ધાનો નાશ.

કરતા કાયમ કાજ પ્રાર્થના અંતરના અંતરતમથી,
સાચા મનની મૂક પ્રાર્થના વિફળ નથી કદીકાળ જતી.
પ્રાર્થના કરું કહેતા કે શી, અંતર્યામી તમે રહ્યા,
સચરાચર વ્યાપક સંતોએ શાસ્ત્રે સર્વસમર્થ કહ્યા.

મને પરમશાંતિ છે સ્મરણમાં તમારા વળી
નથી અવર લાલસા વિભવ મોક્ષ વૈંકુઠની,

નથી સુખ તણી તમા, નયન ફેરવું ત્યાં બધે
કૃપા વરસતી રહ્યો અનુભવી તમારી ઘણી.

અસીમ સુખ સાંપડ્યું શરણમાં તમારા મને
થશે નવ વિનષ્ટ મંદ પણ સ્વપ્નમાંયે કશે;
મટી ભય ગયો શમી સકળ સ્વાત્મતૃષ્ણા છતાં
રડે હૃદય મંથનો મન મહીં રહે જાગતાં.

અનેકોની આંખો હજુ પણ રહી રોજ રડતી,
અનેકોની વાણી નિશદિન વ્યથાવાણ વદતી;
કરોડો બંધાયાં સુખ નવ લહે શાંતિ પણ ના;
કરોડો યાચે છે કિરણ રવિનાં ઘોર તમમાં.

સૂના મનમંદિર જનતાનાં, તેમાં પુણ્યપ્રવેશ કરો,
આર્ત અનેક તણા અંતરમાં પ્રકટી પ્રેમપ્રકાશ ભરો.
મુક્ત કરી દો બદ્ધ પ્રજાને એ જ પ્રાર્થના મારી ખાસ,
શ્રેય સાધવું સમષ્ટિ કેરું જ્યાં લગ ચાલે શ્વાસોશ્વાસ.

પ્રાર્થતા અંતર થકી એ રહેતાં જેલે,
વ્યથા ઘોર ઉરે છતાં મજ્જન કરી ગેલે;
સર્વસુખને કાજ આશીર્વાદ જે માગે
સર્વસ્થળમાં સદા તેને શાંતિસુખ લાગે.

પ્રાર્થના પ્રત્યેક પળ કરતા રહ્યા ગાંધી,
જિંદગીને પ્રાર્થનાસૂત્રે બધી સાંધી;
કહેતા કે અન્નજળ આશ્રય વિના ચાલે,
પ્રાર્થના વિણ ના ટકે જીવન કદી કાળે.

* * * * *

## ૪૭. કસ્તૂરબાનું મૃત્યુ

પૂનામાં ગાધીજીને રાખ્યા આગાખાન મહેલ મહીં;
બીજા નેતાઓને પૂરી સરકાર જુદી જેલ રહી.
મહાદેવ દેસાઈ મંત્રી ભક્તશ્રેષ્ઠ ગાંધીના ખાસ,
એમને અને કસ્તૂરબાને સેવા માટે રાખ્યાં પાસ.

કરુણાતિકરુણ કવિતા મારે એ દિવસો કેરી કરવી,
સ્મૃતિ કોમળ નાજુક ઘટનાની સંવેદન સાથે ધરવી.
આગાખાન મહેલે પહેલાં મહાદેવનું મૃત્યુ થયું,
પછી ખોટ ગાંધીને લાગી અંગ જ જાણે છૂટું પડ્યું.

હતો સખા સેવક સુત સરખો મહાદેવનો ઉત્કટ સ્નેહ,
જ્યોત ઉભય એક જ જીવનની, એક જ દેહી કેરા દેહ.
જીવનમાં કોઈ કોઈના મૂલ્ય તણો ના આવે ખ્યાલ,
વ્યક્તિના સાચા મહિમાને પ્રકટ કરે સમજાવે કાળ.

ગાંધીજીએ મહાદેવની સમગ્ર શક્તિને જાણી,
આર્ત બન્યા અંતરમાં એથી આવ્યું લોચનમાં પાણી.
મહાનનાં મન હોય વધારે કોમળ પ્રેમળ ભાવવિભોર,
શ્રીફળ સરખાં હૃદય રસભર્યાં ભલે લાગતાં ઉપર કઠોર.

ભાવ લાગણી ઊર્મિફુવારા ફૂટે એમાં અપરંપાર,
માખણ જેવાં મધુર મુલાયમ દ્રવી જાય અડતામાં ઝાળ.
અથવા શાંત સિતારી સરખાં, સુતીક્ષ્ણ સઘળા હોયે તાર;
સહજ સ્પર્શથી વાગી ઊઠે વિવિધ રેલતાં રસની ધાર.

શીતળ ચંદન જેમ સુવાસિત કિન્તુ જડનિષ્પ્રાણ નહીં;
ધારે ભૂગર્ભ રસના રેલા ધરિત્રી સમાં શાંત રહી.
પથ્થરને પણ ઘસી નાખતાં સાગરનાં પેલાં પાણી,
મહાનનાં દિલ દ્રવે દર્દથી એમાં તો અચરજ શાની ?

પડ્યું અસહ્ય દર્દ અન્ય પણ એમને વેઠવું
પડ્યે સુભગ સંધિકા સૂરજ તેજ ચાલ્યું જતું,

થતું તિમિર ગાઢ કિન્તુ પરિપૂર્ણ રાત્રી થતાં,
વધ્યો વિરહ તેમ એ પળ વિયોગની વીતતાં.

પરમધામમાં કસ્તૂરબાએ કર્યું આખરે પુણ્યપ્રયાણ,
પંચભૂતપિંજર છોડીને ચાલ્યો મુક્ત બનીને પ્રાણ.
સંક્ષોભ મહાત્માના મનમાં અતીવ પ્રબળ થવા લાગ્યો,
વાવાઝોડાં થઈ રહ્યાં શાં દરિયો તોફાને જાગ્યો.

પડી વીજળી ઘોર વ્યથાની, કરાળ ધરતીકંપ થયો,
દિશા ડોલવા લાગી દિલની, પ્રારંભ થયો પ્રલયતણો.
થયો કુઠારાઘાત અચાનક કુણા કાળજા પર કેવો,
કુસુમકળી કાપી કો નાખે ઉલ્કાપાત હતો એવો.

શબ્દોમાં શે શકું સમાવી વિરહવેદના કેરી વાત,
કવિતા કેમ કરું કરુણાની, પકડું ક્યાંથી પ્રાણપ્રપાત !
શૂન્યમનસ્ક બનેલા ગાંધી વ્યથા મહીં પણ શાંત રહ્યા,
ભાવ એમને અંતર અગણિત તારક જેવા પ્રકટ થયા.

કસ્તૂરબાની સમીપ બેસી કરી રહ્યા એ સંત વિચાર,
કરે સુકાની શ્રમ જે રીતે નૌકા કરવા સાગરપાર.

*

જનમમૃત્યુના ગૂઢચક્રમાં
જગતના ફરે જીવ સૌ ખરે,
તન તજી પુરાણાં ધરી નવાં
સફર કો પ્રવાસી સમા કરે.

વિષમ દ્વંદ્વ સામે ઝઝૂમતાં
સફર ખેડતાં દીર્ઘકાળથી,
પ્રચુર કર્મસંસ્કાર સાથમાં
વિવિધ યોનિના થાય છે રથી.

નવ રહી શકે એક રૂપમાં
પ્રકૃતિના પદાર્થો ઘડીય તે,
કુદરતે જ એ કાયદો કર્યો,

અવનવા સજે રૂપરંગને.

પ્રકટ થાય તે વૃદ્ધિ પામતાં
વિકૃતિને લભી શાંત થાય છે,
પણ બની શકે નષ્ટ ના કદી,
નવલ નામરૂપે સુહાય છે.

અમર આત્મ આ તો અનાદિ શો
તન પરંતુ જન્મે વધે મરે,
પરમ પ્રાજ્ઞ પ્રજ્ઞા જગાવતાં
મરણનો કદી શોક ના કરે.

મરણ શોકને યોગ્ય ના છતાં
ગુણ મનુષ્યના યાદ આવતા,
પ્રણયજ્ઞાન ને વીરતાદયા-
સભર કર્મ એનાં રડાવતાં.

રુદન પ્રેમનું વ્યર્થ છે નહીં,
મધુરં ગંગ જેવું પવિત્ર એ,
સુખદ પ્રેરણાપાન શું કહ્યું
વિરહની વ્યથા ટાળનાર ને.

નવ મોહ શરીરનો મને શુચિ સ્નેહ પરંતુ આત્મનો;
દિલ ઝંકૃત એટલે થતું, વીસરું ઉપકાર શે ઘણો ?
પૃથિવી પણ પ્રેમ પામતી મધુમેઘ તણો ભલે ઘડી,
જડ તોય ન લેશ ભૂલતી મૃદુતા હૃદયે રહે જડી.

ક્ષણવાર સુવાસ છોડતાં હરખાય કૃતજ્ઞતા કહે;
ગિરિ ખૂબ કઠોર છે છતાં ઉર નિર્ઝરમાં ધરી વહે.
કિરણો મધુ સૂર્યનાં લભી કમળો કમનીય ખીલતાં,
રવિ અસ્ત થતાં વિષાદથી કરમાય તમિસ્ત્ર ઝીલતાં.

દિન થાય વિદાય તો ધરા ઋણની સ્મૃતિ એહની કરે,
વિરહી બનતાં વ્યથા થકી તન શ્યામલ વસ્ત્રને ધરે.

જડ પદાર્થયે એમ અન્યના વીસરતાં ન આભારને કદી
મનુજ તો પછી કેમ ના સ્મરે સ્વજનસ્નેહ સંબંધને ઘડી ?

સુમન અશ્રુનાં કેમ ના ધરે સરસ સ્મારકે સ્નેહથી કરે,
મરણ આપ્તનું થાય તો રસે હૃદય કાવ્યથી કેમ ના ભરે ?
પરબમાં મળ્યા જીવ આ બધા, નિજ પથે શમાવી તૃષા જતા,
સ્મરણ કિન્તુ એમના પ્રાણથી વિલગ ના જ કેમે કરી થતાં.

પુનિત પુણ્યભીના પ્રવાસમાં સુખદ સાથ જેનો મળી ગયો,
મધુર જેમણે છાંયડી ધરી સરસ સ્નેહ તે જેમનો મળ્યો;
વચન સ્પર્શ સંકલ્પ દૃષ્ટિથી સફળ જિંદગી સાર્થ શી થઈ,
શ્રમ પ્રવાસનો સ્વલ્પ શો બન્યો અમર આશિષો જેમની લહી;

જયપરાજયે હર્ષશોકમાં નિત સહાયતા સ્વર્ણ શી મળી;
તિમિરથી ભર્યા જિંદગીપથે મધુ પ્રકાશવૃષ્ટિ સદા કરી;
સતત જેમણે સંકટો સહી સુખ અનેકના પ્રાણને ધર્યાં,
વિષ પચાવતાં અર્પતાં અમી વિવિધ તાપસંતાપને હર્યાં;

શ્રમ કરી વળી વેઠતાં વ્યથા સગવડો સદા જેમણે ધરી,
રુદન-શોક-ચિંતા વિચારને ઉર ભરી સ્મિતે જે રહ્યાં ફરી;
સ્મૃતિ ઊઠે નહીં કેમ એમની ? વિસ્મૃતિની શકે કલ્પના કરી
જન કૃતજ્ઞ કો સ્વપ્નમાંય શે હૃદય હોય જો એહને જરી !

*

દિનરાત સમીપ તું રહી જ્યમ છાંય રહે શરીરની,
ભરતાં રસ જિંદગી મહીં સરિતા મધુ સિંધુની બની.
નભને મધુ જેમ ચંદ્રિકા રસજીવનચારુતા ધરે,
કુમુદે સરને ભરે રસે, તરુ સુંદર વલ્લરી કરે;

ભરતાં રસ એ થકી ઘણો વધુ સુંદરતા વળી ધરી;
મુજ જીવનમાં હસી રહી અમૃતેભર કો બની કળી.
કટુ શબ્દ કહ્યા કદીક મેં વ્યવહાર કર્યો કઠોર ને,
ધરતી સમ શાંતિથી સહ્યું કુરબાન કરી સમસ્ત તેં.

સરિતા કૃશ થાય સ્રોત ને કુસુમો કરમાય છે કદી,

રવિ-તારક-ચંદ્ર-વ્યોમને પણ સંકટ જાય છે નડી.
પરિવર્તન થાય વિશ્વમાં, ઋતુઓ બદલાય છે વળી,
નવ નિર્મળ નેહ આપણો કરમાય સુકાય કે જરી.

નવ સંકટ એહને નડ્યાં, દિનરાત અખંડ એ રહ્યો,
બગડે જળ ગંગનું કદી, બનતાં પણ શુદ્ધ એ વહ્યો.
તન શાંત થઈ ગયું છતાં સ્વર અંતરની સિતારના
ભરતા રસ રોમરોમમાં; મન ભિન્ન ખરે થનાર ના.

મુજ જીવનસાધના મહીં સ્મિત સાથ સહાય તેં કરી,
મધુ મંગલ કર્મયજ્ઞમાં નિત આહુતિ ભાવથી ધરી.
પ્રિય ભારતની સ્વતંત્રતા તુજને પણ એટલી હતી,
સહુની સુખશાંતિભાવના તુજ અંતરમાં ઊઠ્યે જતી.

મુજને સમજાય છે હવે મૃત પાછળ અજ્ઞ કાં રડે,
ઉર પ્રાણનુંયે હલાવતી મૃતની સ્મૃતિ લાગણી વડે.
સ્મૃતિ વ્યર્થ ન લેશ લાગતી, નવ નિષ્ફળ નેહ છે વળી,
રસ જો સુખ પ્રેરણા ધરે ક્ષણ અંતરતાપને હરી.

*

એવા વિભિન્ન ભાવો વચ્ચે ગાંધીજી બેઠેલાં શાંત,
ઘોર વેદના અંતરમાં પણ મન તિલમાત્ર થયું ના ભ્રાંત.
પ્રાર્થના તથા પ્રભુસ્મરણમાં બની ગયા પ્રેમે ગુલતાન;
હતો વાસના આસક્તિથી મુક્ત એમનો પ્રેમળ પ્રાણ.

કસ્તૂરબાએ વિદાય લીધી તોપણ હિંમત ના તૂટી,
એકલવાયા જીવનમાંયે શ્રદ્ધાની સરિતા ફૂટી.
પ્રવાસ કરવો પડે એકલા થાય નિરાશા તો પણ કેમ ?
ઈશ્વર છે શાશ્વત સાથી શા, એમની રહી વરસી રે'મ.

સાથ છોડશે નહીં કદી એ જતન કરીને જનની જેમ
જશે પ્રેમથી આગળ દોરી વહન કરીને યોગક્ષેમ.
વિદાય આખર સર્વ થવાનું આજ કોક કોઈ કાલે,
હમેશ માટે હસી રહેતાં ફૂલ નથી દ્રુમની ડાળે.

સુકાય છેવટ સ્ત્રોત સ્વાદુ સૌ રણ કે સરિતા મહીં મળે,
સિતારના સ્વર સુધાછલેલા પ્રકટ થઈ બ્રહ્માંડ ભળે.
પરમપ્રતાપી સૂર્ય છતાંયે આખર અસ્ત થઈ જાયે,
ચપલાઓ ચમકીને ચાલે, વિલીન તારક પણ થાયે.

એમ સમજતાં કર્તવ્ય થકી નાસીપાસ થવું ન કદી,
શ્રેય સાધવું જીવન કેરું પ્રમાદપંક જવું ન પડી.
વિચાર એમ કરી ગાંધીએ નવી પ્રેરણા પ્રાપ્ત કરી,
વરસાદ પછી વન જે રીતે નવલ બને સૌંદર્ય ભરી.

બીજે દિવસે જલી ચિતા એ સન્નારી કસ્તૂરબાની,
બળ્યું બધું પણ બચી બંગડી, થઈ ચમત્કૃતિ એ છાની.
વિસ્મયકારક કથા છતાંયે ઉલ્લેખ કરું એનો ખાસ;
કોઈ બોલ્યા એ પેખીને પામ્યાં એ વૈકુંઠે વાસ.

વૈકુંઠ તથા સ્વર્ગ એમનું સ્વામી સંગ સદાય રહ્યું,
શાશ્વત સેવા સુખના સ્વાદે જીવનનું સાર્થક્ય લહ્યું.
મહાદેવની છેક બાજુમાં અંગ એમનું ભસ્મ કર્યું;
સમાધિ કેરું સાધારણ શું સ્થાન બન્યું ત્યાં ભાવભર્યું.

ગાંધીની ના હતી લાલસા મંદિરની રચના કરવા,
મંદિર મંગલમય નિર્માયું શાશ્વત મહિમામય ઉરમાં.
ખંડિત કરે કાળ ના એને જરાજીર્ણ ના થાય જરી,
નિત્યનિરંતર ધરે પ્રેરણા, પ્રલયાંતે ના જાય મરી.

* * * * *

## ૪૮. સુધા પહેલાંનું ઝેર

'ભારત છોડો'નો કોંગ્રેસે કર્યો અમર પ્રખ્યાત ઠરાવ
થયો ત્યારથી દેશભક્તનો વિભિન્ન કારાવાસ જમાવ.
સદ્ય છોડવા ભારતને સરકાર હતી ના તૈયાર
જનતા સમક્ષ માની લેવા રાજનીતિની અંતિમ હાર.

પ્રતિકાર કર્યો પ્રખર એહણે ફાટ્યો જ્વાલામુખી કરાળ
ઉલ્કાપાત થયો રાષ્ટ્રમહીં પીડાવર્ષણ કર્યું અપાર.

સત્તા તણી મધ થકી મધુ મોહિનીમાં
દેખે છતાં જન બને અતિ અંધ સાચે,
બુદ્ધિ બને જડ, બને જડ પ્રાણ હૈયું,
આત્મા પ્રમત્ત બનતાં મન સાથ નાચે.

એકાદ બે વિરલ માનવને જ વ્યાપે
સત્તા તણો મદ નહીં, ફળપ્રાપ્ત જેવાં
નીચે નમે તરુ લભી પદ કે પ્રતિષ્ઠા
કોઈક નમ્ર બનતા છળહીન એવા.

સામ્રાજ્યની વિષવિઘાતક મોહિનીમાં
પ્રજ્ઞાતણી પરમ જ્યોત બને વિલીન,
એકાદ અક્ષય જલે શુચિ અંતરાત્મે,
દુઃખી બની જન કરે સુખથી વિહીન.

સત્તા કોને રુચે ન જગમાં કોણ કેફથી પર એના ?
સત્તા ત્યાગ કરે સ્મિતપૂર્વક મનસ્વી મળે ક્યાં એવા ?
પિપીલિકા મધમાં જ મરે છે મધનો ત્યાગ ન કિન્તુ કરે,
મંકોડો પણ અલગ થાય ના ભલે એહનો પ્રાણ હરે.

મોહમાં પડી માનવ એના કૂડકપટ અન્યાય કરે,
આશ્ચર્ય નથી સ્વલ્પ એ મહીં સત્તામદ બળવાન ખરે.

અંગ્રેજોયે છળકપટની નીતિમાં માનનારા
સત્તા કેરી વિષમ રમતો કે કળા જાણનારા,

જ્ઞાતા પૂરા મનુજમનના ને સ્વભાવો તણાયે,
છોડી દેવા ખુશ નવ થયા રાજ્યને કો ઉપાયે.

ભાગલા પડાવી દેશે કુસંપ ક્લેશ જગાવી તેમ
કરવા રાજ્ય ગમે તે રીતે હતી એમની નિશ્ચિત નેમ.
કોમવાદને થાબડવાનો કરી એમણે પૂર્વવિચાર
મુસલમાન ને હિંદુ પ્રજામાં ફૂટ પાડવા કર્યો પ્રચાર.

અસંખ્ય વરસોથી કાયમના કુસંપને જગવ્યો અંગાર,
જ્વાલા જલી રહી અંતે એ અંગાર થકી અપરંપાર.
રાષ્ટ્ર તણી અકબંધ એકતા શીઘ્ર વિલુપ્ત થવા લાગી,
વિરોધ વિદ્વેષ તણી હોળી સર્વવિનાશક શી જાગી.

સત્તાપ્રિય નેતાઓ લાગ્યા અંગ્રેજોને દેવા સાથ,
બની રહ્યા બળવાન એમના શાશ્વત ને નાનાવિધ હાથ.

કર્યો પ્રથમ એહનો નવ વિશેષ ઉલ્લેખ મેં
પરંતુ જડ કોમવાદ ભરખી રહ્યો રાષ્ટ્રને
બની અસુરશ્રેષ્ઠ વ્યર્થ કરવા પ્રયત્નો મહા
કર્યાં વિકૃત માનસો વિબુધ કૈં મનુષ્યો તણાં.

બની વિકટ શો ગયો સરળ પ્રશ્ન સ્વાતંત્ર્યનો
અતિ પ્રબળતા જતાં સમય કોમવાદે ધરી,
સમસ્ત સુત દેવદત્ત મધુરી જનેતા તણા
બન્યા અરિસમાન વિસ્મૃતિ વિવેક કેરી કરી.

કોમી નેતાઓને નામે ઘર્ષણ વારંવાર થયાં
સ્વાર્થી પુરુષો કેરી એમાં સ્વાર્થસિદ્ધિનાં બીજ રહ્યાં.
ગાંધી સરખા કર્ણધાર કૈં સુણાવવા લાગ્યા સંદેશ
પરંતુ એણે અસર કરી ના મલિન મનુષ્યોને લવલેશ.

અબુધજને પ્રસરાવ્યું રાષ્ટ્રે પ્રજાપ્રજાની સામે ઝેર
સંપ્રદાયના નામે વાવ્યું સુદૃઢમૂળ સનાતન વેર.
સરકાર તણો સાથ સાંપડ્યે અસુરવૃત્તિ ફાલીફૂલી,

માનવ માનવતાનાં મૂલ્યો કામચલાઉ ગયો ભૂલી.

એક સ્વદેશ તણાં સંતાનો હિંદુ હોય મુસ્લિમ ભલે
આત્મબંધુ કહેવાય બધાયે, જ્યોતિ અંતરે એક જલે.
એક જ સરિતા સરતી સુંદર ઘાટ અસંખ્ય બને એના
ભેદ સ્વલ્પ પણ સલિલમાં નહીં પ્રવાહ ભિન્ન ભલે તેના.

માનવતાની મંગલ સરિતા સંસાર મહીં એક વહે,
વિભિન્ન નામે માનવ એને ભલે ઓળખે તેમ કહે.
સંપ્રદાયના વિવિધ કલેવર મૂળતત્વ પણ એક જ છે,
રુચિ અનુસાર ઉપાસે માને સત્ય અનાદિ સનાતનને.

બૌદ્ધ-પારસી-ખ્રિસ્તી-જૈનો મુસલમાન ને અન્ય જનો
એક જ વસુધા કેરાં વાસી જેમ નભે નક્ષત્રગણો.
ધર્મ સર્વને પ્રેમદયા ને સંપ તણી શિક્ષા આપે
વેરક્લેશ ને ભેદભાવનાં યુગયુગનાં બંધન કાપે;

પરંતુ મંગલ સત્યધર્મની શિક્ષાને વીસરી જાયે
માનવ ત્યારે બને અધર્મી ક્રીડે પશુતાને છાંયે.

અશાંતિજ્વાળાઓ વિષમ સઘળે વ્યાપક બની,
મહાસંઘર્ષોથી સતત દીસતું સ્થૈર્ય ન કહીં;
શહેરોમાં કોમી કતલ રમખાણો વધુ થતાં,
પ્રયત્નો નેતાના સહૃદય છતાં નિષ્ફળ જતા.

થતી ગાંધીજીને અતિશય વ્યથા એ નીરખતાં
છતાં મુક્તિ કેરી લડત ન જરી મંદ કરતા,
મનાવી લેવાને સતત મથતા અન્યજનને
ભરી શ્રદ્ધા હૈયે અભિનવ કરી નિત્ય મનને.

પરંતુ જન અન્ય એ અલગ રાજ્યને માગતા
સદાસુખદ સ્વપ્નસૃષ્ટિ નિજ આગવી માણતા,
પ્રગાઢ તમનાં દળો થર વિષાદના વ્યાપતા,
અસંખ્ય બલિદાન વ્યર્થ જનતા તણાં લાગતાં.

પ્રાજ્ઞપુરુષ અવલોકતાં એમ કહેતો એ
ઈશ્વરની ઈચ્છા હશે થશે હવે તો તે.
સમુદ્રમંથનથી મળ્યું સુધા પહેલાં ઝેર
એમ અમી અંતે મળો મટી જાઓ સૌ વેર.

* * * * *

## ૪૯. નોઆખલી નજીક

*** ૧ ***

ધર્મ સંકટમાં અમારો અમે ભારતમાં
હિંદુઓના શાસન મહીં રહેવાના ના,
શાંતિ સાંપડશે અમોને અલગ રાજ્ય લઈ,
કહેતા'તા લીગનેતા એમ ભાર દઈ.

લીગનેતાશ્રેષ્ઠ ઝીણાને ગૃહે મળવા
ગયા ગાંધી સલાહ વળી શાંતિથી કરવા,
પડી ભાંગી વાતચીત પરંતુ બંનેની,
સ્વાર્થ ને સિદ્ધાંતને હો મિત્રતા શેની ?

એટલી સરકાર સત્તા પર હતી ત્યારે
ફરી કેબિનેટ મિશન મોકલ્યું ભારે,
વાત ગાંધી-અન્ય પક્ષો સાથ ગુપ્ત કરી,
રાષ્ટ્રમાં આશા તણી લહરી નવીન ફરી.

એટલી સરકારે ને સત્તા ભારતને ધરી;
કોંગ્રેસ લીગની સાથે સરકાર રહી કરી.
છેંતાલીસ સને ઊગ્યો સૂર્ય ચારુપ્રસન્ન શો,
પ્રશ્વાસ પ્રકટ્યો મીઠો એકાએક અનંતનો;

સાધના સત્ય ગાંધીની પામી સંસિદ્ધિને ખરે,
અલંકૃત કર્યા અંતે એમને વિભુએ વરે.
સંપૂર્ણ શાંતિનો કિન્તુ દિન દૂર હતો હજી,
સુષુપ્ત સંતના દૈવે દીધેલી સ્થિરતા તજી.

સાંપ્રદાયિક એકતાને કાજ કોંગ્રેસે
શ્રમ કરેલો સ્થાપવા સંવાદિતા દેશે,
કિન્તુ શ્રમ સઘળો નિરર્થક વિફળ શો કરવા
વિષમ તત્વો કાર્ય કરતાં વિજયને વરવા.

દાનવે તાંડવ તણો આરંભ ઘોર કર્યો

કતલ અત્યાચાર કેરો માર્ગ દુષ્ટ ગ્રહ્યો;
વહી કલકત્તાહૃદયથી રક્તની સરિતા,
સ્મશાન બન્યું નગર, લૂંટી રાક્ષસે વનિતા.

ભ્રષ્ટ કીધાં માનવીને, મહાપાપ કર્યાં,
નીતિના મૂલ્યો જરાયે ધ્યાનમાં ન ધર્યાં;
માનવીએ માનવીને યાતના આપી
કથા અતિશય પાશવી છે કરુણ એ આખી.

છેંતાલીસ સને ત્યારે શાંતિ સંસ્થાપવા વળી
દેવદૂત સમા ગાંધી રહ્યા બંગાળમાં ફરી
લીગયોજિત તોફાનો શરૂ કૈંક સ્થળે થયાં,
પ્રતિશોધ તણા ભાવો હિંદુઓમાં વધી રહ્યા.

ઈતિહાસ તણી સર્વે ઘટનાઓ કરાળ એ,
સંક્ષેપમાં ધર્યો માત્ર આવશ્યક ચિતાર મેં,

*

અમદાવાદથી ભક્તે સંદેશો મોકલ્યો ફરી
ગાંધી, આશ્રમમાં આવો, પ્રતિજ્ઞા આપની ફળી.
સોનેરી સ્વપ્ન સંસિદ્ધિ ધન્ય પર્વદિને થઈ,
વિતાવો આશ્રમે શેષ દિન જીવનના અહીં.

ગાંધીજીએ કહ્યું પ્રેમે વ્યથા અંતરની વણી
દૂર સાબરમતી મારે પાસે નોઆખલી વળી.

અશાંતિની મહાજ્વાળા ભભૂકી માનવી મને,
અત્યાચાર કરે ભારે પિશાચો આસુરી બધે;
પ્રાણ પીડિત પોકારે પ્રાર્થે ને યંત્રણા સહે,
કરે ક્રંદન કલ્પાંતો સ્નેહ સાંત્વનને ચહે,

કઠોર કરતાં હૈયું ત્યારે ક્યાં આશ્રમે રહું,
ઘેર ઘેર જઈ મંત્રો ભ્રાતૃભાવ તણા કહું.
સ્નેહશાંતિ તણા શબ્દો સર્વને સંભળાવવા,
જખમી જનનાં હૈયાં સ્વસ્થશાંત કરાવવાં,

લૂછવાં અશ્રુ પીડાઓ પ્રાણની ઘોર ઠારવી,
સ્મશાનમાં સુધા સીંચી સ્વર્ગસૃષ્ટિ બનાવવી,
વીણા સંવાદની સાચી વિસંવાદે બજાવવી,
માનવી સુખને માટે જિંદગી મધુ હારવી.

ગાંધી વિના કહો કોના પ્રાણમાં પ્રેમના વહે
પ્રવાહો મધુરા આવા, કોણ આવી વ્યથા સહે,
માનવીહિતને માટે કોણ યજ્ઞ કરે તપે,
ફિરસ્તા એમને શાને પ્રભુના પ્રાજ્ઞ ના કહે ?

*

શાંતિનો સંદેશ દેતાં ફર્યા એ ત્યારે
જેમ માળી કરે સિંચન વારિનું ક્યારે;
કરી નિર્ભય નવી હિંમત ત્રસ્તને આપી
પધાર્યા પાછા પ્રજાનાં કષ્ટને કાપી.

માનવીનો પ્રેમ એવો એમના પ્રાણે
પ્રગાઢ બની વહેતો જીવન ભરી જાને;
અનેરા અણમોલ સેવક માનવીના એ,
કરે કેમ નહીં પ્રશસ્તિ કવિજનો કાવ્યે ?

## * ૨. નોઆખલીમાં *

નોઆખલી મહીં જ્યારે ઉપદ્રવ મહા થયા
હિંદુઓને પડી ભારે સહવી ઘોર યાતના
પ્રવેશી એમણે ત્યારે પીડાગ્રસ્ત પ્રદેશમાં
સુણાવ્યા શાંતિના શબ્દો સંપ-ભ્રાતૃત્વ-સ્નેહના;

વહાવ્યા મધુરા મંત્રો પદયાત્રા બધે કરી
પરવા ન કરી વૃદ્ધાવસ્થા-કષ્ટ-અશક્તિની.
પ્રકટેલી ચતુર્દિશે પ્રતિકૂળ પરિસ્થતિ
અંધકાર તણી સેના રહી સર્વત્ર ઉમટી

શ્રદ્ધા માનવતામાં ને આત્મામાં પરમાત્મમાં

મૂળભૂત મનુષ્યોના શુભમંગલ પ્રાણમાં
ધારીને ઠારવા ઝેરી અનલો એ બધે ફર્યા,
દેવદૂત મહામોંઘા પ્રેરણાના પિતા થયા.

સોળ વર્ષ પહેલાં એ એવી રીતે જ માનવી-
માંગલ્ય કાજ દાંડીની ઐતિહાસિક કૂચનો
પ્રારંભ કરતાં ચાલ્યા ફિરસ્તા સરખા મહા
પ્રશંસકો તદા ભક્તો સાથે એ કૂચમાં થયા;

દિવ્ય દેહ ઘસાયો એ તપથી ઉપવાસથી
સ્વાતંત્ર્ય સાધના કેરા અવિશ્રાંત પ્રયત્નથી,
જ્યોતિ આત્મ તણી કિન્તુ સવિશેષ પ્રકાશથી
બની પ્રકટી એકાકી ઘેરા અંધારની મહીં.

ઈચ્છ્યો સાથ નહીં કોઈ એમણે સર્વને કહ્યું,
કરીશ પૂર્ણ એકાકી મારો પુણ્યપ્રવાસ હું.
પોલીસની સુરક્ષાયે મહાવીરે ચહી નહીં,
કહ્યું પોલીસને મારે સુરક્ષા પરમાત્મની

પ્રત્યેક પગલે શ્વાસોશ્વાસે દિવ્ય અમોઘ શી,
સતાવે ભીતિઆશંકા મને સ્વપ્નેય ના કશી.
માનવી અંતરાત્મામાં રહેલી દિવ્યતા તણી
અભિવ્યક્તિ થશે કોઈ કાળે કે સ્થળમાં નહીં.

આસુરી સંપદાથી તો વીંટાઈ વસુધા જશે
મનુષ્યજાતિનો ત્યારે મૃત્યુઘંટ જ વાગશે
પ્રદર્શન કરાયે જે આત્માની શ્રેષ્ઠ શક્તિનું
મહિમા એહનો મોટો શ્રેયસ્કર સદા ગણું.

*

યત્ન કેબિનેટ મિશને શાંતિ કાજ કર્યા
વેવલે સિમલા મહીં રાષ્ટ્રીય મુક્તિ તણા,
કિન્તુ નિષ્ફળ જતાં સર્વે લીગનેતાએ
શરૂ કરેલી ઘોર હિંસા રાષ્ટ્રમાં ત્યારે.

*

ઝેરી જ્વાળા બધે જાગી મકાનો ભરખી જતી
વ્યભિચાર તણી લૂંટ ખૂન કેરી વટાળની
વિભીષિકા વધી જ્યારે માનવી દાનવી થકી
નપાવટ બન્યો, હોળી સળગી અતિરાક્ષસી.

સમસ્ત દેશ આ ત્યારે સ્તબ્ધ જેવો બની ગયો,
આત્મા ગાંધી તણો આર્ત કરુણાક્રંદને થયો.
ઠારવા એહને પ્રેમે પદયાત્રા કરી રહ્યા
આતંક યાતનાગ્રસ્ત ભયભીત પ્રદેશમાં.

## * ૩. સંવેદના *

નોઆખલીનો કરતાં પ્રવાસ એ
વિક્ષુબ્ધ ચાંદીપુરમાં પ્રવેશ્યા
આત્મામહીં આર્ત અતીવ ત્યારે
અવાજ ઊઠ્યો કરુણાર્દ્ર સ્પષ્ટ આ:

આ ભૂમિ આતંક અનંત યંત્રણા-
પોકાર પીડા અતિ વેદનાભરી
રંગાયલી રક્તથકી પદેપદે,
નદી જતી અશ્રુતણી બધે વહી.

નિર્દોષનાં અંતર ક્રંદનોના
પડી રહ્યા છે પ્રતિઘોષ સૌ સ્થળે,
અસહ્ય એ અંતરમાં વ્યથા ભરે
અને રડાવે પળવાર પ્રાણને:

આ ભૂમિપે ચંપલને પહેરી
ચાલી શકું ના વધુ વાર કેમે;
સંવેદના ગાઢ સહાનુભૂતિથી
સન્માનની ઉત્કટ ઊર્મિ સાથે

ખુલ્લાં જ રાખી ચરણો ફરીશ હું

યાત્રીરૂપે શેષ બધા પ્રવાસે
ત્યારે થશે અંતર શાંત મારું
જલી રહેલું અનલે વ્યથાભર્યું.

પુષ્પો સમા કોમળ પાદપદ્મને
ખુલ્લાં જ રાખી ધરતી પરે એ
સંવેદના વ્યક્ત કરી ફર્યા બધે
સિદ્ધેશ્વરે મગંલદેવતાએ

ત્યારે કર્યો કોમળ પંથ એમનો
ને પુષ્પ જાણે પથમાં જગાવ્યાં :
સંસ્પર્શ પામી મધુરો ધરિત્રી
પ્રસન્ન સંતૃપ્ત બની કૃતાર્થ શી.

સ્વાતંત્ર્યની સુંદર જાનકીને
શોધી રહેલા અભિરામ રામ શા
વિદારતા વિહ્વળ વ્યથાને
સોહી રહ્યા મંગલ એ મહાત્મા.

કર્તવ્યપંથે અવિરામ એકલા
ધપી રહ્યા નિર્ભયતા ધરીને
વ્યથા શમાવી મધુતા વહાવી
સંતપ્તના શોક વળી હરીને.

અસત્ય-અંધાર-અનર્થ કેરી
અશાંતિની દાનવતા તણી વળી
વિભીષિકા ઘોર બધેય વ્યાપી,
પ્રકાશની ઉજ્જવળ ચારુ રેખા

પ્રશાંતિની શીતળ છાંય ના કહીં;
એથી કરી મંગલમાર્ગ દૂત એ
આગે બઢ્યા માનવતા તણા ત્યાં
શ્રદ્ધા ભરી જર્જર-ક્લાન્ત પ્રાણમાં,

સંબોધતા પીડિત માનવીને
સંહારની ભસ્મકણી થકી કે
નવી રચાતાં મધુ ભાવિ સૃષ્ટિ
થઈ રહેશે સુખશાંતિવૃષ્ટિ;

વિશ્વાસથી મંગલ આશથી એ
કરી સદાયે પ્રતિકાર પાપનો
એકત્વનું અદભૂત ગીત ગાતાં
જીવી રહો સૌ મધુરી ધરામાં.

સંવેદના ભરી પ્રાણે શાંતિવર્ષણને કરી
પરિભ્રમણથી પ્રેમે વ્યથાઓ વ્યગ્રની હરી.

### * ૪. સેવાની સાધના *

યાત્રામાં એક ઠેકાણે માર્ગ સંકીર્ણ આવતાં
નીચા નમી લઈ પર્ણો વૃક્ષનાં મળ માર્ગનો
કરી સાફ પછી આગે વધ્યા માનવશ્રેષ્ઠ એ,
મનુબેને નિહાળીને કહ્યું દર્દભર્યા સ્વરે,

તમને ન ઘટે આવું કરવું કર્મ શુશ્રૂષા
કરવા સેવકો કૈંયે તમારી સાથ ચાલતા :
પ્રસન્ન સ્મિતની સાથે વદ્યા ગાંધી : સદા કરી
સેવા એ ઉત્તરાવસ્થા મહીંયે વીસરાય ના.

માનવીની મહાયાત્રા કેરા મંગલ માર્ગમાં
અસંખ્ય કંટકો દેખ્યા સ્ફુલિંગો ગંદકી તણા
જામેલા થર વર્ષોના આસુરી પાપતાપના
અનાચાર તણા, પ્રેમે કરવા દૂર એમને

આજીવન કર્યા યત્નો એમણે મમતાભર્યા;
સ્વાભાવિક તજે આત્મા સેવાની કેમ સાધના ?

### * ૫. પથ્થરનો પ્રસંગ *

શીતકાળ મહીં શાંત વનમાં વધતાં જતાં
અસહ્ય ઘોર ઠંડીને લેશ ના ગણકારતાં
નારાયણપુરે ગાંધી પહોંચ્યા નિજમાર્ગમાં
ત્યારે કોઈક મુસ્લિમે કરી સત્કાર સ્નેહથી

આપ્યો આશ્રય પોતાના આવાસે શીઘ્ર એમને,
હાલ્યું સંતતણું હૈયું વિલોકી શુદ્ધ સ્નેહને.

પ્રારંભમાં પથ્થર-ટુકડાથી
પખાળતા'તા ચરણો ઘસીને
અભ્યાસ એવો વરસો થકી પડ્યો
પ્રવાસમાંયે કદીકાળ ના મટ્યો.

પ્રવેશી આશ્રયસ્થાને કલાન્તિમુક્ત થવા તથા
અભ્યાસને અનુસરી ચરણોને પખાળવા
થયા તૈયાર એ કિન્તુ પ્રિય પથ્થર-ટુકડો
સામગ્રીમાં જણાયો ના કરી ખોજ છતાંય ત્યાં.

મઢૂલી વણકર તણી મળી માર્ગ મહીં હતી,
પાદપ્રક્ષાલન કર્યું ઉષ્ણ ત્યાં શુચિ વારિથી;
પડી ત્યાં જ રહ્યો હશે ભૂલથી પથ્થર ખરે;
સ્વલ્પ પણ કર્તવ્યની ઘોર ક્ષતિ લાગે અરે !

મનુબેન હતા સાથે ગાંધીની સુશ્રૂષા મહીં
પંથે પથ્થરનું ધ્યાન રાખેલું એમણે નહીં;
આદેશ એમને આપ્યો શીઘ્ર પથ્થર લાવવા,
નાની શી ક્ષતિ સેવાની ભયંકર પ્રમાણવા.

આદેશ પ્રિય લાગ્યો ના સંતનો મનુબે'નને
નિહાળતાં રહ્યાં ઊભાં વિષાદે દગ્ધ અંતરે.
ઘોર જંગલ વીંધીને એકાકી માર્ગ એ જતો
પહેલવાન દેખાતા પુરુષોને ડરાવતો

ભર્યો ભીષણતાથી ને મહા વિસ્તબ્ધતા થકી,

કેડીને ભૂલવા કેરી હતી સંભાવના વળી
ભીતિ ગુંડા તણી ભારે વ્યાપેલી એ પ્રદેશમાં,
જવાય હિંમતે ક્યાંથી બાળાથી અંધકારમાં ?

મૃત્યુના મુખમાં કોઈ સ્વેચ્છાએ પડવા ચહે ?
ઝંપલાવે નિહાળીને કોણ ભીતિ તજી દવે ?
ધ્રૂજી રહી ભયે કાયા વિચારી મનુબેનની,
આજ્ઞા શકાય ઉલ્લંઘી કિન્તુ કેમ જ શ્રેષ્ઠની ?

સ્વયંસેવકને સાથે સુરક્ષાહેતુ આપવા
અનુજ્ઞા એમણે માગી આખરે વ્યગ્રચિત્તથી,
સ્વીકારી કિન્તુ ગાંધીએ પ્રાર્થના નવ એમની,
એકાકી જ જવા કીધી આજ્ઞા એ માર્ગની મહીં.

*

અમૂલ્ય એ પથ્થર સાથ જ્યારે
પાછાં ફર્યાં આખર એ કુમારી
યાત્રા કરી પૂર્ણ કરાળ એકલી
પામી પુનર્જીવન મૃત્યુમાંથી,

આનંદ પામ્યા કૃતકૃત્યતાને
લહી અનેરી અતિતૃપ્ત ગાંધી
હસી રહ્યા અભર્ક જેમ પ્રેમથી
વિસારતાં વ્યાપ્ત અનંત આંધી.

પરંતુ બંધો ઉરની વ્યથાના
તૂટી જતાં સંયમશાંતિ ત્યાગી
રડી પડ્યાં આર્ત બની કુમારી
રોષે ભરાઈ નિજ પ્રાણમાંથી.

ગાંધી વદ્યાં સ્નેહછલેલ સુસ્વરે
કર્તવ્યનો પંથ કરાળ છે ખરે,
એ યજ્ઞમાં આહુતિ અર્પવાનું
નથી સહેલું, સુખ ના પળેપળે

નોઆખલીમાં મુજ પાસ આવી
ત્યારે જ મેં એ સૂચના ધરેલી.
ખોવાયલા પથ્થરની કૃપાથી
અગ્નિપરીક્ષા જલદી અનેરી

કર્તવ્યની જીવનમાં અમોઘ આ
આવી ગઈ મર્મભરેલ તારા :
પાછી વળી જા પથ ના રુચે તો,
પદેપદે પ્રાપ્ત થનાર કંટકો.

ગુંડા તણા હાથ મહીં પડીને
જો હોત ભેટી કદીકાળ મૃત્યુને
નિર્ભીકતા ત્યાગ પ્રશાંતિ હિંમતે
તો આત્મ ઉલ્લાસભરેલ નર્તને

ડૂબી જઈ માનવ ધન્યતાને:
પરંતુ કોઈ ભયયંત્રણાથી
ડરી બની ક્ષુબ્ધ કદી નાસી
જો જાત એમાં અપમાન મારું

માની ભરાઈ અતિવેદનાથી
દુઃખી બની જાત ખરે જ તો હું.

લુહાર આગમાં નાખે લોહને ઘણના કરી
કઠોર ઘા કરે શુદ્ધ ને આકાર અર્પતો
તેમ સંકટ આત્માને નવો આકાર અર્પતાં
લુહાર શો બન્યો તોય કાળજે કરુણા ધરી.

કર્તવ્યપાવકે સંતે તપાવી મનુબેનનાં
જાજ્વલ્યમાન આત્માને કરી અર્પી સુચારુતા.

*** ૬. રામનામની દવા ***

શ્રદ્ધા ધરી મંગલ રામનામમાં
કરાવતાં નિત્ય સમૂહપ્રાર્થના

સામર્થ્ય પામી સુપ્રકાશપ્રેરણા
વધી રહ્યા સંત સુખે પ્રવાસમાં

બની ફિરસ્તા પરમાત્મ કેરા
પ્રશાંતિના પાર્ષદ દૂત પ્રેમના;
કાયા વયોવૃદ્ધ પરંતુ પ્રાણે
પ્રાકટ્ય પામી અણમોલ ચેતના.

દુર્ગંધમાં માનવતાસુગંધને
પ્રસરતા પ્રેમ થકી પદેપદે
કર્તવ્યનો અક્ષય યજ્ઞ માંડી
ફરી રહ્યા ભીતિ હરી સ્થળેસ્થળે.

રામનામ મહીં શ્રદ્ધા જાગી અંતરમાં જતાં
ઘોર લૌકિક તોફાનો વ્યથા ના પહોંચાડતાં
અસ્વસ્થ કરતાં કે ના અશાંતિ પ્રકટાવતાં,
તરંગ પ્રેમના ઊઠ્યે પ્રાણમાં પરમાત્મના.

બાલ્યકાળ મહીં જ્યારે ભૂતનો ભય લાગતો
રંભા ત્યારે કહેતી'તી એમની પરિચારિકા
નથી ભૂત છતાં લાગે ભીતિ તો રામનામ લે,
સમસ્ત દુઃખદર્દોનું દિવ્ય ઔષધ એક એ.

રામનામ તણી પ્રીતિ ત્યારથી પ્રકટી ગઈ,
શેષ જીવનને માટે આશીર્વાદ બની રહી,
ચિંતા વ્યથા ભયસ્થાનો પ્રલોભન પ્રસંગમાં
સુરક્ષા કરતી કોઈ સંગિની સુખદા થઈ.

*

આમકી ગામમાં જ્યારે અજાનું દૂધ ના મળ્યું
નાળિયેર તણું પાણી ગાંધીએ પ્રેમથી ગ્રહ્યું,
પરંતુ મરડો એના પરિણામે થઈ ગયો,
સંધ્યાકાળ સુધીમાં તો ભય છેક વધી રહ્યો.

પ્રસ્વેદપૂર્ણ કાયાએ અશક્તિ વધવા થકી

બેશુદ્ધ શા બન્યા અંતે અંગ જાણે ગયું ઠરી.
મનુબેન તથા બોઝે પરસ્પર સહાયથી
સુવાડ્યા શીઘ્ર શય્યામાં એમને શીઘ્ર શુશ્રૂષા

યથાશક્ય કરી કિન્તુ બેહોશી દૂર ના થઈ
ત્યારે ડૉક્ટરની સેવાદવાના અભિલાષથી
સુશીલાને લખ્યો પત્ર દોડી સત્વર આવવા
પરંતુ આખરે આવ્યા ગાંધીજી ત્યાં જ ભાનમાં.

માહિતી મેળવી સર્વે જણાવ્યું એમણે મને
વ્યવહાર અધીરાઈભર્યો તારો રુચ્યો નહીં,
નાદાન છે હજી તો તું ક્ષમા એથી કરી દઉં
પ્રસન્નતા કરું કિન્તુ તિલમાત્ર ન વ્યક્ત હું.

પ્રતિકૂળ પ્રસંગોથી જ્યારે ઘેરાય જિંદગી
મહાસંકટથી ચિંતા વેદના પરિતાપથી,
દિશા જડે નહીં એકે દેખાય કિરણો નહીં,
આશા સાફલ્ય જયનાં, મળે ચૈતન્ય ના કહીં,

અંધાર ઊમટે ભારે આત્માને ગૂંગળાવતો,
ઉલ્કાપાત મચે ચારે કોર ઉત્કટ ડારતો,
મૃત્યુના મુખમાંયે ના ત્યારે હિંમત હારવી,
પરમાત્મતત્વમાં સાચી શ્રદ્ધા અક્ષય હારવી.

સંબંધ એહની સાથે પ્રસ્થાપી આત્મતત્વનો
ચાખવો રસ આનંદે હંમેશા રામનામનો:
શાંતિ એ જ શકે અર્પી પાર પૂર્ણ કરી શકે
આધિવ્યાધિ તથા ભારે ઉપાધિ ભયસ્થાનથી.

એ જ જીવનને બક્ષે સુરક્ષા સ્નેહથી કરી
પ્રેરે પ્રકાશમાં મુક્તિ અર્પતાં અંધકારથી
બંધ દ્વાર બધાં ખોલે વાતાયન વિભિન્ન ને
છોડી સમીરલહરી ધરે નૂતન તાજગી.

રામનામ રટીને તેં પ્રાર્થના હોત જો કરી
આહ્લાદ તો મને થાત, આશા ડૉક્ટરની તજી.
મધુમંગલ એ નામ પળેપળ રટી રહ્યો,
આરામ એ થકી ન્યારો મારા અંતરને મળ્યો.

ભવતારક મારા એ વિઘ્નનાશક ડૉક્ટર
રામ આધાર એકાકી સુખધામ સનાતન
સેવા લેવી હશે કાયા ત્યાં લગી સ્વસ્થ રાખશે
સંકેલશે પછી મારું શાંત સુંદર જીવન.

રટી સદા સુંદર રામનામને
વહાવતાં નૂતન પ્રેમની હવા
યાત્રા કેરી શાંતિ થકી બધે રહ્યા
સૌ દર્દની એક બતાવતાં દવા.

*

પ્રસાદપુરથી ચાલી પધાર્યા નંદિગ્રામમાં
ઊમટી જનતા ત્યારે સ્વાગતે પ્રેમભાવમાં;
પૂછ્યું કોઈક મુસ્લિમે કહો આતિથ્ય શું ધરું
શુભાવસરમાં આવા સ્નેહે સન્માન શું કરું ?

આપ્યો ઉત્તર ગાંધીએ અર્પો આતિથ્ય પ્રેમનું
સ્વલ્પ સ્થાન ચહું હૈયે તમારા શુદ્ધભાવનું.

### * ૭. અસાધારણ પ્રયોગ *

માછીમાર તણી નાની સરખી મઢૂલી મહીં
અતિથિ બનતાં ગાંધી સૂતેલાં શાંતચિત્તથી
મધરાત સમે જાગ્યા ઠંડી ઘોર અમાસની
શરીરને થિજાવીને શૂન્ય જેવું કરી રહી.

ઓઢાડ્યાં ઉષ્ણવસ્ત્રોને મનુબેને છતાં મળી
ઉષ્મા ના અંગને લેશ ત્યારે પ્રેમે દબાવતાં
પગ ને પીઠ ગાંધીની શુશ્રૂષાને રહ્યાં કરી
આખરે સંતને આવી નિદ્રા ને મનુબેનયે

એકાએક થયાં થાકી નિદ્રાધીન પ્રશાંત શા
સંતની સોડમાં; જાગ્યા પ્રાર્થનાસમયે અહા !
લોકોપવાદ એમાંથી જાગ્યો તેને નિવારવા
બ્રહ્મચર્ય તણી ન્યારી શક્યતાને બતાવવા

એક શય્યા પરે સૂતા ગાંધી માતાસમાન એ
કુમારીસાથ યાત્રામાં શ્રદ્ધાને પ્રકટાવવા.
નિર્દોષ અંતરાત્માથી પ્રેરાઈને દિવસો સુધી
કર્યો પ્રયોગ એ ન્યારો અસાધારણ શુદ્ધિથી.

જગદંબા સ્વરૂપે એ જોતા સ્ત્રીમાત્રને સદા
સંયમી પૂર્ણ ને જ્ઞાની મૂર્તિ પાવિત્ર્યની હતા,
છતાં પ્રયોગ એ ભારે કર્યો શક્તિ જગાવવા,
આલેખી કવિતામાં એ સંક્ષેપે કરુણાકથા.

*

જીતી ક્ષુધાતૃષા જેણે બન્યા શાસક ભૂત ને
વર્તમાન તણા સર્વે ભાવિના પંચપ્રાણના
અધીશ્વર બની સિદ્ધિ પ્રાપ્ત પૂર્ણ કરી લઈ
થયા પ્રકૃતિના નાથ ઊડતાં અવકાશમાં

ઐશ્વર્ય મેળવ્યું ન્યારું અલૌકિક બની ગયા
મૃત્યુંજય સમા વિશ્વે સાધના શ્રેષ્ઠ સાધતાં,
કામક્રોધ તણી મીઠી અહંતામમતામયી
ઝેરજ્વાળા મહીં તેવા જલતા સિદ્ધમાનવો

જણાય જગમાં કૈંયે; મુક્ત જે ક્રોધકામથી
અશક્ય એહને વિશ્વે શાંતિમુક્તિ કશું નથી.
સંસિદ્ધિશિખરે એવા હતા આરૂઢ સંત એ,
સામાન્ય માનવી ક્યાંથી સમજે પૂર્ણ એમને ?

### * ૮. ચાર આનાનો ફાળો *

જ્વાળા શમી પૂર્ણપણે બધે ના

વિશ્વાસ કિન્તુ જનતા તણો વધ્યો,
તમિસ્ત્રમાં દીપક કૈં પ્રકાશ્યા,
વિદ્વેષ ભારેખમ અંતરે મટ્યો,

બિહારમાં ત્યાં પ્રકટી હુતાશની
હિંસાતણી ઘોર અનર્થ કેરી,
પ્રકાશ પામી પ્રતિશોધભાવના
કરી રહી તાંડવ માનવીની,

સંતપ્ત એથી બનતાં વ્યથાથી
સંહારજ્વાળા સઘળી શમાવવા
અનર્થ આતંક તથા મટાડવા
વિદાય લીધી શુભ એ પ્રદેશની.

*

બિહારમાં પુણ્યપ્રવેશ સાથે
વિરાજતાં એ પટણા શહેરમાં
અસંખ્યને સાંત્વન સત્ય આપતાં
ને સંકટો ક્લેશ અનંત કાપતાં.

સોહી રહ્યા મંગલ દેવદૂત શા
ભાગીરથી પ્રેમતણી વહાવી
પીયૂષ છાંટી દિનરાત સોમલે
પ્રશાંતનિર્વૈર કરી વસુંધરા.

ત્યાં એકદા પુણ્યભર્યા પ્રભાતે
પધારતાં પ્રેમલ અંધ હિંદુએ
પ્રણામ એ સંતપદે કરીને
સંકોચથી શાંતસ્વરે કહ્યું કે

મેં ભીખ માગી ધનને બચાવ્યું
તે અર્પવા આજ ચહું તમોને,
સ્વીકારતાં ધન્ય કરી મને દો
સેવા તણો માનવની લહાવો.

મુસ્લિમ પીડિતો માટે તમારા ફંડમાં ધરું
ચાર આના, કહી એવું દાન દ્રવ્ય તણું કર્યું.
પ્રસન્ન બનતાં ગાંધી બોલ્યા ભાવાર્દ્ર અંતરે,
મૂલ્ય ના ધનનું કિન્તુ સાત્વિકી ભાવના તણું,

અંધના ચાર આના આ રૂપિયા ચાર કોટિ શા
મૂલ્યવાન મને લાગે, દાન સર્વસ્વનું ગણું.

અભિનંદન અર્પીને પ્રજ્ઞાચક્ષુ ગરીબને
આદેશ એમણે આપ્યો તજી યાચકવૃત્તિને
તકલી કાંતવા પ્રેમે કે સદાકત આશ્રમે
સુયોગ્ય કરવા કામ સેવાનું શેષ જીવને.

તમિસ્ત્રમાં સુંદર તેજરેખશા
પ્રસંગ એવા બનતા રહ્યા ત્યાં
શ્રદ્ધા તણા માનવપ્રેમ કેરા
સદભાવના સ્વાર્પણ-ભ્રાતૃભાવના.

આશા દીસે મંગલ માનવીની
એમાં જ કે ઘર્ષણયુદ્ધહિંસા
ને શોષણે બંધન યાતનામાં
આત્મા નથી માનવનો મરાતો,

દબાય કો'દી મૃતપ્રાય શો બને
કરાળ કે દાનવવેશને ધરે
પરંતુ ભૂગર્ભ મહીં રહેતાં
સુસૂક્ષ્મ બીજો શુભ અંકુરો સદા;

રાત્રી મહીંયે રજનીશતારલા
માધુર્ય રેલી મધુરા પ્રકાશતા,
પંકે હસે પંકજ કંટકે ગુલો
ભવિષ્યની ત્યાં લગ ના નિરાશા.

* * * * *

## ૫૦. સ્વતંત્રતાની સિદ્ધિ

માનવી ચાહતો કાંઈ બને કાંઈક અન્યથા
આહ્લાદની અપેક્ષામાં પડે ભોગવવી વ્યથા
તાપને બદલે છાયા, છાયા તાપ સ્થળે અહા,
વિધિ કે ઈશ્વરેચ્છા એ માને પ્રજ્ઞાજનો મહા.

અનિચ્છાએ ફળોધ્યેયો પદાર્થો સાંપડી રહે
ઈચ્છે મથે છતાં લાગે કદી દૂરસુદૂર એ
લીલા જીવનની એવી મહીં ગૂઢ રહસ્યથી,
નથી કર્મવિપાકોની કૂંચી પંડિતને મળી.

સ્થિરતા સમતા જેણે પ્રાપ્ત જીવનમાં કરી
કર્યું શાસન પોતાનું શાંતિ તે જ રહે લભી.
તટસ્થ જિંદગી કેરો નટપ્રેક્ષક તે બને,
શુભાશુભ પ્રસંગો કે સ્થિતિ ના એહને હણે.

ભક્તજ્ઞાની મહાયોગી ને તપસ્વી ગણાય તે
ઈશ્વરેચ્છા મહીં ઈચ્છા જેની સર્વે સમાય છે.
કટુકાળ કસોટીનો શરૂ ગાંધી તણો થયો,
ઈતિહાસ વ્યથાભીનો તોય આલેખવો રહ્યો.

*

સુણી મૂક પૃથ્વી તણી આહ લાવ્યો
જુઓ મેહુલો સ્નેહ ને શાંતિ લાવ્યો
જતી વ્યર્થ ના પ્રાર્થના ને પ્રતીક્ષા
ફળે છેવટે સાધના કે તિતિક્ષા.

નભે અભ્ર ટોળે વળ્યાં કૈંક કેવાં
મળે સદગુણો સંતને ચિત્ત જેવા,
કરે ગર્જના વીજળીસંગ ખેલી,
કરી પર્વને ઊજવે હર્ષહેલી.

નદીઓ મદોન્મત્ત પૂરે ભરાઈ
છકે જેમ ઐશ્વર્યને રંક ભાળી;

તળાવે સરે સાચવ્યું વારિ કેવું,
ગુણી સાચવે શીલ ને જ્ઞાન એવું.

ધરિત્રી પુરા વેદનાથી ધવાઈ,
ગઈ ચારુ લીલોતરીથી છવાઈ,
નવી ચેતનાને લભીને હસે છે
બની રોમરોમે રસીલી રસે ને.

પ્રતાપી ઘણા સૂર્ય ને ચંદ્ર તોયે
પ્રકાશ સ્વરૂપે નહીં પૂર્ણ કોયે,
ઘડી વાર ઢંકાય દેખાય પાછા,
કદી શૂરને સ્પર્શતી ના નિરાશા.

ઘડી વ્યોમને વાદળાંથી ભરી દે
ઘડી મેઘ ને મુક્ત પાછું કરી દે;
વહે વાયુ સંગીત રેલી વને આ,
વિવેકી જનોને અજાણ્યું કશે ના.

મળી રાહત લોકોને, જડચેતન સૌ રહ્યાં
પ્રસન્નતા મહીં ડૂબી રસમાં મગ્ન શાં બન્યાં.
વર્ષર્તુ અપ્સરા જેવી રસથી રમતી હતી
વર્ણવું ટુંકમાં ત્યારે અનોખી ઘટના ઘટી.

કોંગ્રેસ લીગ સાથે સરકાર રચી રહી
પરંતુ એકતા બંને વચ્ચે ખાસ થઈ નહીં.

સહકાર તથા સંપભાવના વિણ ના રહે
સુરક્ષિત નદે નૌકા, સુકાનીને લઈ વહે
સૈનિકોમાં મળે ના જો શિસ્ત સદભાવના વળી
સેના કેમ કરીને તો શકે વિજયને વરી ?

રહ્યા કૈં કોંગ્રેસના નેતા વિચાર કરી
લીગ કેરો હૃદયનો ના રહ્યો સાથ મળી
તો પછી અળગા થવાનો માત્ર માર્ગ રહ્યો,

રસાતાળમાં દેશ નહિ તો જશે છેક વહ્યો.

કર્યો નિર્ણય એટલે અળગા થવા માટે;
લડેલી કોંગ્રેસ વરસો શીશને સાટે
એકતાને કાજ : એ સ્વપ્ન વિલુપ્ત થયું,
દૈવ આગળ માનવીમન બની પંગુ ગયું.

માઉન્ટબેટન તણી નવયોજનાથી
આઝાદ ભારત તણી જનતા બની સૌ
કિન્તુ વિભાજન થયું મધુ દેશ કેરું,
સ્વપ્નું ફળ્યું પણ અપૂર્ણ રહ્યું અનેરું.

ગાંધીજીનો થયો આત્મા આર્ત એ ભાગલા થકી,
વિભાજન તણી એને રુચી ના યોજના નકી.
આવા સ્વરાજને માટે આકાંક્ષા અંતરે નહીં
વદ્યા સ્વદેશપ્રેમી એ મનમાં પ્રજળી રહી.

પરમાત્મ તણી ઈચ્છા વિજયી બનતી સદા
જાણી સ્વસ્થ રહ્યા જેવા રહેતા સંત સર્વદા.

પંદરમી ઓગષ્ટ અનોખી ઓગણીસસો સુડતાલીસ,
સ્વાતંત્ર્ય મળ્યું ભારતને ને અનુકૂળ બન્યા જાણે ઈશ.
અસ્ત થઈ પરદેશી સત્તા ચમત્કાર અણમોલ થયો,
યુગો પછી દેવોના દેશે પ્રકટી મુક્તિસૂર્ય રહ્યો.

ઉલ્લાસે ભર જનતા સઘળી ઉત્સવ કરવાને લાગી,
અભિનવ અભિલાષાસ્વર છોડી સિતાર જનમનની વાગી.
યુગોયુગ લગી અમર રહો એ પંદરમી ઓગષ્ટ મહા,
સ્વાતંત્ર્ય રહો શાશ્વત તારું ભારત, પ્રકટો પૂર્ણ પ્રભા !

રહ્યો વસવસો કોઈ જનને સ્વતંત્રતા ના પૂર્ણ મળી,
અસ્તાચળ પર સૂર્ય પહોંચ્યો ધરતીને વિષછાંય ધરી.
ખંડિત કાયા થઈ દેશની ભેદભરી વીણા વાગી,
પ્રજાજનોએ સ્વપ્ને પણ ના આવી આઝાદી માગી.

ભૂલ ભારે, વદ્યા કોઈ સ્વીકારી ભાગલા કરી
દેશનેતા તણાં ચિત્ત અંતકાળ ગયાં ફરી.
સ્વતંત્રતા તણી સીતા વિદેશી પાસથી મળી
કિન્તુ અગ્નિપરીક્ષાને શકી ના જીરવી જરી.

અથવા વિધિનિર્ધાર્યું જે હશે તે બની ગયું
એવા મનનમાં મગ્ન મન કોઈકનું થયું.

ભાગલા થયા ભારતના પણ સંસ્કૃતિ અખંડ એક જ છે,
આત્મા કેમ શકે ભંગાઈ ? અવિભાજ્ય અવિનાશી એ.
એક જ રક્ત વહે છે સૌમાં એક જ જનનીનાં સૌ બાળ,
અલગ થવાથી જુદાં થાય ના પાણી જેમ કર્યાથી પાળ.

છત્ર હિમાલય સૌ પર ઢાળે ગાય જલધિ સંગીત રસાળ,
ભૌગોલિકતા મટે નહીં એ કર્યે વિભાજન બાહ્ય હજાર.
અમર રહો પંદરમી રેલો સંપ સ્નેહ સહકાર હવા,
પ્રેરિત કરો સદા માનવને રાષ્ટ્રકાજ કુરબાન થવા.

ભેદભાવની દીવાલ તૂટો મટો વેર મમતા જડતા;
પ્રાણ ધરો સૌરભ સર્વતણા દર્દ દૈન્યપંકે સડતા.

ત્યારથી ઊજવાતો એ દિન સ્વાતંત્ર્યસિદ્ધિનો
આહ્લાદ પર્વશો અર્પે સાધે ઉત્કર્ષ ને ઘણો.
વિભાજન થવાથી ના શાંતિ સંપૂર્ણ સાંપડી
તપસ્યા તીવ્ર ગાંધીની ધૃતિશ્રદ્ધા છતાં ફળી,

અભિલાષા ફળી સાચી દીર્ઘકાલીન પ્રાર્થના,
દેહધારણા દૈવી સિદ્ધિ ઉદ્દેશને વરી.

*

કટોકટી વધી છેલ્લા દિનોમાં દેશમાં ઘણી,
કવિતામાં પ્રસંગો કૈં લઉં સંક્ષેપમાં વણી.
આઝાદી કાજ નેતાજી પરદેશપ્રવાસમાં
આઝાદ હિંદ સેનાના પુરસ્કર્તા મહા થઈ

દેશદાઝ ભરી હૈયે સાચી વીર સુભાષ એ
અનુકંપા થકી ભારે રહેલા યત્ન આદરી.
વિવિક્ત વાસમાંથી એ તિરોધાન હતા થયા,
સંકલ્પપૂર્તિને માટે પરદેશ જઈ રહ્યા.

ચિંતામાં સરકાર પડેલી એમના પ્રયત્નો પેખી,
સૈનિક સેનાના શ્રદ્ધાથી એમને રહેલા દેખી.
સ્વાતંત્ર્ય તણી તીવ્ર ભાવના ફેલાઈ સેનામાંયે,
રાષ્ટ્રપ્રેમના ભાવો મિથ્યા કોના અંતરથી થાયે ?

અમેરિકાની અભિવૃદ્ધ બની હમદર્દી ભારત માટે,
વિશ્વમત હતો ભારત સાથે મુક્તિજંગ તણી વાટે.

અનંત આત્મની અંતે ફળી સ્વાતંત્ર્ય પ્રાર્થના,
બલિદાન ફળ્યાં કૈંના, ફળ્યા પોકાર આર્તના
ચમત્કાર અનેરો આ દેશમાં આખરે થયો,
સંગ્રામના વિના લ્હાવો સાંપડી મુક્તિનો ગયો.

જ્ઞાત તેમ અજ્ઞાત સહસ્ત્રે સ્વતંત્રતા સંકલ્પ કર્યા,
લક્ષકોટિ લોકે જીવનને સમિધા સરખાં યજ્ઞ ધર્યાં :
સહ્યાં સંકટો સ્મિત સાચવતાં વેઠ્યાં વેદન વળી અપાર,
થયા વિનષ્ટ છતાંય જેમના મનોબળે ના માની હાર.

સ્વરાષ્ટ્રની સેવાને કાજે ધર્યા જેમણે શ્વાસોશ્વાસ
સર્વ સમુન્નતિ સ્વતંત્રતાની સેવી સ્વર્ગપ્રદાયક આશ.
કરી અન્યને કાજે ચિંતા સંતાપ સહી છાંય ધરી,
એ સૌને સ્વાતંત્ર્ય સાંપડ્યે શાંતિ સનાતન હશે મળી.

સ્વરાજમાં એ સૌનો ફાળો અમોઘ ને અણમોલ રહ્યો,
કેટલાય ખાતર બીમાંથી જેમ ચારુ મધુબાગ બન્યો.

યશ એ દેશભક્તોને દેવો સ્વાતંત્ર્યનો ઘટે,
અજોડ યશ ગાંધીનો પણ કેમ કરી મટે ?
દેશકાજે જ જીવ્યા ને તપ્યા ચિંતિત એ બન્યા,

અજરામર ગાંધી તો યુગોયુગ લગી થયા.

આભાર માનવો પૂર્ણ પરમાત્મ તણો રહ્યો,
એના અનુગ્રહે જંગ શ્રેયસાફલ્યને વર્યો.

વરસો કરુણાવૃષ્ટિ નિત્યનૂતન દિવ્ય એ
દૈન્યદર્દ ગુલામીના અવશેષ સમસ્ત કે
વિલુપ્ત થાય, સંસારે માનવી માનવી બની
શુશ્રૂષા કરતાં જીવે સરિતાસમ સર્વની.

ભગીરથ કરી મહાપ્રખર દીર્ઘ આરાધના
લભી પતિતપાવની ફળસ્વરૂપ મંદાકિની
બન્યા અતિકૃતાર્થ શંકર અનુગ્રહે આખરે
વહી મધુર ગંગ એ મનુજલોક આહ્લાદતાં

અનંત રસ રેલતાં પરમ ચેતના અર્પતાં
ધરી સુખદ સ્વર્ગગૌરવ પદે પદે ભૂમિને
ભગીરથ તણા વિમુક્ત સહુ પૂર્વજોને કરી,
સવિસ્તર કથા રસે સભર એ પુરાણે કહી.

ભગીરથ નવીનશા પુનિતપ્રાણ ગાંધી થયા,
કરી સતત સાધના મધુર દિવ્ય મંદાકિની
લભી પ્રિય સ્વતંત્રતા સુખદ મુક્ત સર્વે કર્યા
મહાન નિજ પૂર્વજો પરમ રાષ્ટ્રના ઋણથી;

કૃતાર્થ ધરતી બનો અવનવીન આહ્લાદથી
ભરો સુખદ ને ઠરો જગતકાજ એ જાહ્નવી !

* * * * *

## ૫૧. પ્રશસ્તિ

શિલાસમી ચેતનહીન હિંદની
ધરા લભી પારસસ્પર્શ સંતનો
પામી રહી નૂતન ચેતનાને
પાવિત્ર્ય સ્વાતંત્ર્યતણી સુધાને.

કરી રહી પ્રાણ થકી પ્રશસ્તિ
માધુર્યથી મંડિત સુસ્વરોમાં,
ભલે પધાર્યા નિજલોકમાંથી
તમે સુણી ક્રંદન ઘોર મારાં.

આ મૃત્યુલોકે શુચિ હિંદદેશે
યોગીતપસ્વી જનનાં ઉજાળ્યાં
સુદીર્ઘ તીખાં તપ, સાધનાના
સુમેરુ શૃંગે સ્મિતથી વિરાજ્યા.

અશાંતિ છે અંતરની શમી બધી
પ્રશાંતિ કિન્તુ હજુ શેષ મારી,
પામીશ એને પણ આખરે તો
ઉષા હસે સુંદર શાંત ન્યારી

આદિત્યની અદભૂત આશ અર્પતી
કૃતજ્ઞતા કેમ કરી જણાવું
સાર્થક્યના સુસ્વરને સુણાવી,
પ્રસન્નતાથી શિરને નમાવું.

જય ભાગ્યવિધાતા ભારતના વસુધાના જીવનપ્રાણ ખરે,
જય સંકટનાશક સુખદાયક દારિદ્રયવિદારક શાંત હરે !
રસજ્યોત જગતના તિમિર મહીં, સુરસરિતા મધુ મરુભૂમિ તણી;
જીવન મૃતના જડ ચેતનધન સાર અસાર સમષ્ટિ મહીં.

વર્ષા રસની ગ્રીષ્મે મધુરી, પાવનતારક જય વિશ્વપિતા,
અદભૂતકર્મી અવિચલધર્મી અવિકારી કરુણાની કવિતા.

સત્યવ્રતી પ્રેમઅહિંસાત્મક માંગલ્યભુવન ત્રિભુવનપાલક,
ઉદ્ધારક જનના સેવક હે જયજય ચિંતાક્લેશ વિનાશક !

જય પુણ્યશ્લોક જય પરમલોકજન પ્રબુદ્ધ પ્રાણ મનુષ્ય તણા,
જય દીનબંધુ પાવિત્ર્યસિંધુ વિશ્રામપ્રેરણા પીડિતના !
સંતપ્તશાંતિ અણમોલકાન્તિ, અમૃતયાત્રી અમૃતમય હે,
જયજય વિરાટ ચેતનપ્રપાત, યુગયુગ જીવો આ વિશ્વ વિષે !

*

સિદ્ધેશ્વરો સૌરભથી ભરેલાં
વર્ષાવતાં કૈં સુમનો વદી રહ્યા
સમર્પતાં અંજલિ શાંત શબ્દે:
સ્વાતંત્ર્ય જોઈ કૃતકૃત્ય શા થયા

વિરાટ આ રાષ્ટ્રતણું અમે સૌ
આ સભ્યતાની જનની જગે મહા
વિકાસ સાધે અવિરામ ન્યારો
છે એટલી અંતરમાં અભીપ્સા.

સાફલ્ય સાધ્યું અવતાર ધારી
તમે ધરિત્રી પર ધન્ય સાચે
પીડા શમાવી પૃથિવી તણી એ
નિહાળતાં પ્રાણ પ્રસન્ન નાચે.

રાજે જગે ભારતભૂમિ ન્યારી
જેવી નભોમંડળ ચારુચંદ્રિકા
તારાગણો શાં સહુ રાષ્ટ્રમધ્યે,
પ્રશાંતિદાત્રી રસની પ્રદાયિકા:

આત્માતણો એ અભિલાષ ભારે
થઈ જશે સાર્થક ધન્યકાળે
વસંત શું સ્નાન કરી રહેશે
અંગાંગ ધારી નવરંગ ત્યારે.

*

કિરણ મધુર રેલીને કોટી હણ્યા તિમિરથરને જગના,
નવચેતનાની કેડી કીધી મંગલ માનવના પથમાં;
પરબ પ્રેરણા કેરી માંડી શાશ્વત સીંચી સ્નેહસુધા,
વંદન શતશત સ્નેહે તમને ભારતભાસ્કર વિશ્વપ્રભા !

અનાથને આધારો અર્પ્યા ચેતન તેમ અચેતનને,
પ્રેરકપથપ્રદર્શક પાંથતણા બન્યા જટિલ આ વિશ્વ વિષે;
જ્યોત બનીને ઝળક્યા પાવન આલોકિત અંતર કરતાં,
વંદન શત શત સ્નેહે તમને ભારતભાસ્કર વિશ્વપ્રભા !

અશ્રુ લૂછ્યાં આર્તજનોનાં કરુણાક્રંદન શાંત કર્યાં,
શીતળછાંય ધરી અમૃતમય અંતરના સંતાપ હર્યાં;
વડવાનલને ઠાર્યા દ્વેષે વરસ્યા રસવાદળ બનતાં,
વંદન શતશત સ્નેહે તમને ભારતભાસ્કર પુણ્યપ્રભા !

અમર રહો સત્કર્મ અનેરાં, અમર રહો ભારતમાતા,
સંસ્કૃતિ અમર રહો રાષ્ટ્રતણી વિજયી ત્રિભુવનવિખ્યાતા;
મટો ગુલામી માનવ કેરી શમો અશાંતિકરાળવ્યથા,
વંદન શતશત સ્નેહે તમને ભારતભાસ્કર વિશ્વપ્રભા !

નિષ્ઠા અખંડ અવિરામ અનન્ય ભક્તિ
પ્રેમાર્દ્ર ચાતક તણી અણમોલ મસ્તી
આરાધના લગન આતુરતા તપસ્યા
સંવેદના-પરમપ્રાણ તણી પિપાસા:

દેખી કૃતાર્થ કરવા ગગને પધાર્યા
અભ્રો અને અમૃતદાન અમોઘ અર્પ્યાં,
સંતુષ્ટ ચાતક બન્યું કવિને યુગોથી
કાવ્યો ધર્યાં પ્રણયમંગલનાં અનેરાં.

ને મીનને જલધિમધ્ય મહાતપસ્યા
કેવી ઉદાત્ત રસપૂર્ણ અનન્યતાની,
સિદ્ધિ વરી જલદવર્ષણ સ્વાતિ કેરું
એકાદ બિંદુ લભતાં કૃતકૃત્યતાની.

પામ્યું લાંબા પરિશ્રમ થકી રાષ્ટ્ર સ્વાતંત્ર્યબિંદુ
બાકી તેનું ઉદર બનવું માત્ર મૌક્તિક મીઠું.

*

પ્રતાપ ને વીર મહા શિવાજી
સ્વાતંત્ર્ય માટે હસતાં ઝઝૂમ્યા,
સત્તાવને માનવના મનોરથો
રહી ગયા યત્ન છતાં અધૂરા;

કષ્ટો સહ્યાં કૈંક થયા શહીદો,
મર્યો નહીં આતમ માનવીનો,
ઉત્સાહ સામર્થ્ય નવું લભીને
જાગ્યો ફરી નૂતન ગીત ગાતાં

આનંદતા નૂતન સાધનામાં:
સંતોષ પામ્યો લભતાં સ્વતંત્રતા
મુખે છવાતાં મધુહાસ માતના,
યોગીન્દ્રશો પ્રાપ્ત કરેલ પૂર્ણતા.

* * * * *

## પર. સોનેટ અષ્ટક

### * ૧. કૃષ્ણ *

પૂરા ભારતમાં કનૈયો કદીકાળ થયો :
બંસરી બજવી રસીલી રંગભર એણે
કર્યાં મોહિત માનવીનાં મન, વળી જેણે
ચરાચરમાં શાંતિનો સંચાર દિવ્ય કર્યો;

અનાચાર અનીતિનાં નર્તન સમાજ મહીં
કરીને પ્રતિકાર શમવ્યાં કષ્ટ ઘોર સહી
મહાભારતમાં સનાતન ગીતને ગાયું,
કૃતાર્થ કર્યાં કોટિને પીયૂષને પાયું.

ધરિત્રી પાવન કરી મોહન ફરી આવ્યો,
અનાચાર અનર્થના પ્રતિકારમાં ફાવ્યો;
બજાવીને આત્મબંસી અલૌકિક એણે
મુગ્ધ ધરતીને કરી જીવન વહાવીને,

સનાતન સંગીત ઝીલી જીવને લીધું,
સમર્પણ સઘળું કરી સંસારને દીધું.

### * ૨. રામ *

યુગો પહેલાં પધારેલાં દાશરથ દેશે,
ફરેલા વરસો વનોમાં તપસ્વી વેશે;
ગયેલો રાવણ હરીને જાનકી પ્યારી,
અંતરે એની અનેરી વેદના ધારી

ભમ્યા, વેઠી વિપત્તિઓ, યોજના ઘડતાં
સાથ સ્નેહીનો લભીને આખરે પામ્યા
જાનકીને; દંડકારણ્યે સુધાસ્પર્શે
શિલાની કીધી અહલ્યા એમણે હર્ષે.

પ્રકટિયાં શ્રીરામપ્રેમી ફરીથી દેશે;

સાંપડ્યા સુખ એમને લૌકિક નહીં લેશે;
હરાયેલ સ્વતંત્રતાને પામવા પાછી
એમણે યત્નો કર્યા વેઠી વ્યથા હાસી;

કેટલીયે શિલાઓની અહલ્યા કીધી,
શિલાસરખા દેશને સંજીવની દીધી.

*** 3. બુદ્ધ ***

બુદ્ધ પ્રકટ્યા : એમણે નિર્વાણની ગાઈ
નવી ગીતા : દુન્યવી દુઃખો બધાં ભાળી
અલૌકિક અકસીર ઔષધિ આપવા એની
વિશ્વને એકાંત સેવ્યાં તપસ્યા કીધી;

બોધિવૃક્ષ તણે પલાંઠી મારતાં છેલ્લે
સદાકાજ પ્રબોધ પામ્યા, નેત્રને ખોલી
વહાવી સંસારમાં કરુણાતણી ધારા
બન્યા જ્યોતિર્ધર દઈ પયગામને ન્યારા.

દુઃખ દેખી દેશનાં દુઃખી બન્યા ગાંધી,
એમને અંતર અશાંતિ તણી ઊઠી આંધી;
તપ્યા, એ કષ્ટો સહ્યાં, નિર્વાણની વાંછા
એમણે રાખી નહીં, હડધૂત ને દુઃખી

બદ્ધની મુક્તિ મહીં માની લઈ મુક્તિ
કર્યા યત્નો સુધામય કરવા બધી સૃષ્ટિ.

*** ૪. ઈશુ ***

યુગો પહેલાં ઈશુ અવતર્યા નવ્ય વેશ લઈ
વા'લની વાણી સુણાવી માનવીમનની
ચેતનાને ગૂઢ કરુણાથી જગવવાને
મથ્યા ભ્રાતૃભાવરેખે પ્રાણ વણવાને.

સાધના સંપૂર્ણ થાયે એ પહેલાં તો

ઘોર અપમાનિત કરીને વધસ્તંભ પરે
ચડાવી દીધા અસુર શા એમને લોકે,
આજ એના સ્મરણથી અશ્રુ સરે શોકે.

યુગો વીત્યા પછી આવિર્ભાવ એ પામ્યા
સંત ગાંધી એ જ રશ્મિ પ્રેમનાં લાવ્યા,
પાથર્યાં પૃથ્વી મહીં, પણ કાળને જાણે
ભીતિ લાગી ઘોર કલિના અંતની, એણે

આસુરી વૃત્તિ પુનઃ પેદા કરી દીધી,
માનવે માનવતણી બલિ કારમી લીધી.

**⁎ ૫. પયગંબરો ⁎**

પુષ્પ શા પરિમલભર્યા પૃથ્વી પરે પ્રકટ્યા
પાર્ષદો પરમાત્મના પયગંબરો ઝળક્યા;
ચારુ ચંદ્ર સમાં સુખદ રશ્મિ વળી રેલી
સિધાવ્યા નિજ ધામ કરતાં અમીની હેલી.

તારલામાંથી જગતને રોજ એ ભાળે;
વધે સંવેદન હૃદયમાં એમના ત્યારે
પધારે પૃથ્વી ઉપર રશ્મિ વળી રેલે,
ચેતના દે માનવીને નેન ને વેણે.

અલંકૃત અવની કરી આ અમીમય આખી
પધારી પયગંબરે, એની સુધા ચાખી
નવી લહરી પવનની સઘળે રહી પ્રસરી,
નવાં કિરણો લભી ચેતન ધરિત્રી સઘળી;

નેન બોલ્યાં વેણ તેમ જ કર્મ પણ બોલ્યાં
એમણે અર્પ્યાં અમી ને ગરલને ઘોળ્યાં.

**⁎ ૬. સુદામા ⁎**

સુદામાએ ધરી કાયા પોરબંદરમાં

કૃષ્ણ સાથે કરી મૈત્રી તીર્થ ઉજ્જનમાં
રહી સાંદીપનિ-આશ્રમમાં યુગો પહેલાં :
જીવશિવના સખ્ય શું એ સખ્ય બંનેનું

મૂળભૂત અતૂટ નૈસર્ગિક મહામધુરું
વિયોગે પણ ના મટ્યું પ્રતિદિન રહ્યું વધતું
સુદામા દુઃખી બની સંસારમાં ડૂબ્યા,
દ્વારકાપતિ પાસ પહોંચ્યા મદદના ભૂખ્યા.

પોરબંદરમાં પ્રકટ મોહન થઈ પાછા
સખ્ય સ્વાભાવિક સનાતન સત્યનું લાવ્યા,
ધન અને ઐશ્વર્યની તૃષ્ણા બધી ત્યાગી
વિશ્વપતિ પાસે અનુગ્રહને રહ્યા માગી :

માનવી માનવ બને માનવ તણો રાગી,
દેશદુનિયામાં સનાતન શાંતિ હો વ્યાપી.

**∗ ૭. અનુકંપા ∗**

અયાચકવૃત્તિ સખાએ ના તજી તોયે
અનુગ્રહવર્ષા સુદામા પર કરી કૃષ્ણે
મઢૂલીનો કરી દેતાં સુભગ શ્રેષ્ઠ મહેલ
ધન વિભવ ઐશ્વર્ય કેરી કરી રેલમછેલ;

સ્વર્ગપતિના સુખથકી વધુ સુખ તણી વૃષ્ટિ
કરી પલટાવી બધી દુર્દિનની સૃષ્ટિ
ધર્યું રૂપ નવીન પ્રાણ નવીન ને કાયા;
સુદામાએ અનુભવી ઈશ્વર તણી માયા.

ફરી અનુકંપા કરી ગાંધી ઉપર ઈશે
ધરી નૂતન ચેતના શ્રદ્ધાસુધા પ્રીતે
મૂલ્યવાન સ્વતંત્રતા ભારત તણી અર્પી,
વિભવ ને સુખશાંતિ માનવએકતાસિદ્ધિ.

રહી શેષ પરંતુ ના વરસી સકળવૃષ્ટિ;

વરસશે, છે આશ, બનશે સ્વર્ગ શી સૃષ્ટિ.

### * ૮. નરસૈયો *

મધુર વૈષ્ણવજન તણી કવિતાસુધા સીંચી
ભક્તજનને પરમમંગલ સાધના ચીંધી
પ્રકટ નરસૈંયે થઈ સૌરાષ્ટ્રની ભોમે
પ્રેમરસ પરમાત્મ કેરો ભરીને રોમે

મધુર લીધા કરી પ્રભુની અનુગ્રહવર્ષા
મેળવી, ને હરિજનોને સ્વજનશા સમજી
કર્યાં કીર્તન પ્રેમથી અપનાવતાં સૌને
ભેદભાવ તણી શમાવી વરાળો કેમે.

નવા વાતાવરણથી આવૃત કરવા દેશ
ધર્યો નરસૈંયે ફરીથી સંત ગાંધીવેશ
જિંદગી સઘળીય સંકીર્તન સમાન બની,
ઈશની નિષ્ઠા મધુરવી રોમરોમ વણી

શમાવી કૈંયે વરાળો મોહિની જગવી,
શૃંખલા દીધી વ્યથાઓ અન્યની ફગવી.

* * * * *

## પ૩. સંન્યાસની સમસ્યા

સુખ સ્વતંત્રતાના સમાન ના
અખિલ વિશ્વમાં અન્ય કો રહ્યું,
પરમ શ્રેય છે માત્ર મોક્ષમાં
વચન શાસ્ત્ર ને પંડિતે કહ્યું.

પ્રચુર ભોગઐશ્વર્ય હો ભલે
યશ અનંત મેધા વળી ઘણી
તદપિ મુક્ત ના હોય માનવી
સફળતા ન તો જિંદગી તણી.

શયન કાજ પર્યંક શ્રેષ્ઠ હો
સરસ હોય શૃંગારસાધનો,
ભવન ઈન્દ્રપ્રાસાદ શાં મળે
પણ ધરે ન આનંદ આત્મનો.

સુખ ન પ્રાણને બંધનો મળે
ઉર લભે રસાસ્વાદ ના જરા,
ઉપરથી હસે ને રમે છતાં
સતત ત્યાં પડે ક્લેશના કરા.

વિહગ લોહના પિંજરે પડ્યું
સુખ સમર્પતાં શાંતિ ના લહે,
નવ ફરી શકે પંખ છે છતાં
હૃદયવેદના શે કરી કહે ?

મધુર જિંદગી સર્વ લાગતી
પણ પડેલ હો પ્રાણ બંધને
સુખ અસીમ તો કેમ સાંપડે
ટળવળે સદા ઘોર ક્રંદને.

વચનનું ન સ્વાતંત્ર્ય જ્યાં દીસે
હૃદય જ્યા વિહારે ચઢે નહીં,

મન દબાવતાં જીવવું પડે
રુદનભીતિ ને ધાકની મહીં;

કલમ જ્યાં લખી સત્ય ના શકે
નિજ વિચારપ્રાકટ્ય ના બને
સુખદ શ્વાસ ત્યાં કેમ સાંપડે
અતુલ તાપ જ્યાં હો ભર્યા તને !

અછતપૂર્ણ એ જિંદગી ભલી
મધુર વાસ ને ઝૂંપડી તણો
શ્રમ ભલો ભલાં ઘોર જંગલો
પવન મિષ્ટ જ્યાં મુક્તિનો ઘણો.

સ્વાતંત્ર્યમાં જ સુખ ઉત્તમ જિંદગીનું
તેથી વિમુક્ત બનવા નિત પ્રાણ માગે,
બંધો-વ્યથા-વિરહભેદ મહીં વસીને
કોઈ પ્રશાંતિ લભવા જન પ્રાજ્ઞ જાગે.

*

ઠક્કરબાપા સેવા કરતા દીનજનોની દેશમહીં
કર્યો એમણે વિચાર કે આ જીવન અમૂલખ જાય વહી.
જીવન પરમાત્માને માટે જીવી મુક્ત થવું મારે,
સેવા છોડી સંન્યાસ ગ્રહી વિજન મહીં વસવું પ્યારે.

સલાહ માગી ગાંધી કેરી, પરિપૂર્ણ હતાં શ્રદ્ધાપ્રેમ,
કાષાય ધરું મુમુક્ષુ બનું લૌકિક કર્મ તજું તો કેમ ?
સત્ય સેવકો મહીં કરાતી ઠક્કરબાપાની ગણના,
અમૃતાત્મ એ ઉદાર ઉરના વટવૃક્ષ હતા કો રણના.

બંધનમાં ના બદ્ધ હતા એ તો પણ કરવા બાહ્ય ત્યાગ
ઉત્સુક બન્યા હૃદયમાં જગવી જીવનમુક્તિ માટે રાગ.

ગાંધીજીએ વચન મધુરાં એમને જે કહ્યાં તે
તેજેભીની તિમિરપથની દીપમાળ સમાં છે,
સંક્ષેપે ને સુખમય સ્વરે એમનો અર્ક આપું,

મીઠી મારી વિહગનજરે સિંધુને માત્ર માપું.

જણાવ્યું ગાંધીએ અનુચિત દીસે ત્યાગ મુજને,
કર્યું સંકલ્પોએ અતિશય વિવેકાંધ મનને;
બને જેવી રીતે સુભગ સરિતા લીલ હઠતાં
થશે એવો આત્મા વિશદ મધુરો મોહ મટતાં.

અલગ વેશને ધારવા થકી
અનુભવાય સંન્યાસસ્વાદ ના,
નવ મળી શકે મુક્તિની મજા
વનમહીં વસ્યે કર્મ ત્યાગતાં.

પથ પવિત્ર સેવા તણો તજી
વિવિધ તીર્થયાત્રા કર્યા થકી
પરમ શાંતિ સ્વાનંદલાભની
પ્રભુપ્રસન્નતાની નથી વકી.

વિભુ વિરાજતા સ્વાત્મમાં સદા
સુખ અસીમ ને શાંતિ ત્યાં રહે,
વિમલ સાધકો એહને કરી
પરમ ધન્યતા શ્રેયને લહે.

હ્દય જેમણે શુદ્ધિથી ભર્યું
શમ તણી કરી સાધના વળી
વિપિનમાં વસે ગ્રામમાં પુરે,
મધુર મુક્તિ છે એમને મળી.

સુખદ શ્રેષ્ઠ સંન્યાસ એમનો
નિરભિમાન જેઓ થઈ ગયા,
સૂરજ જેમ નિર્લિપ્ત અંતરે
વિલગ રાગવિદ્વેષથી બન્યા.

વિવિધ કર્મયજ્ઞો કરે બને
તદપિ લિપ્ત ના વાસના થકી,

પુનિત ગંગ પાવિત્ર્યપ્રેમની
પ્રકટતી ઉરે રોમરોમથી:

શુભ કરે ચહે શ્રેય સર્વનું
ગ્રહ મમત્વના કિન્તુ ના નડે,
પરમ શાંતિ પ્રજ્ઞાપ્રદીપિકા
નિત જલ્યા કરે મંદ ના પડે:

અનુભવી મહાવ્યક્ત ચેતના
મધુરવી સિતારી સુણે બધે;
પરમ શાંતિ-આહ્લાદ જેમને
ઉર વસે શશી જેમ ને વધે:

એવા મહાપુરુષ જીવનમુક્ત જેવા
સંન્યાસના અનુભવે સુખને સદાયે,
દેહાભિમાન તજતાં જગમાં વસે છે
દેખાય છો વિવિધ વેશ વળી પ્રદેશે.

સંન્યાસ વાસ ન કરે પ્રગટે અરણ્યે
મંદાકિનીતટ સરે ગિરિગહ્વરોમાં;
ના ત્યાગથી તપવ્રતે પણ પ્રાપ્ત થાય,
એ તો વસે વિમલ શા મનની મહીં આ.

એની સમુન્નતિ થતાં જડતા તણા સૌ
અંશો વિલુપ્ત બનતાં રસચેતનાના
અંગાગથી પ્રકટતા મધુરા ફુવારા
તોડી દઈ કઠિન ક્લેશ તણા કિનારા.

સ્વર્ગીય આ જગત સર્વ થતું પછી તો
રે'તો વળી વસવસો મનમાં નહીં કો;
નિઃસ્વાર્થ કર્મ હિતકાજ થતાં રહેતાં,
એ જિંદગી પરમ ધન્ય જનો કહેતા.

જગત ત્યાગતાં ક્યાં જવા ચહો

જગતનો જ વિસ્તાર છે બધે,
મન કરો મહાતીર્થ જેવું તો
શુચિ સુગંધ સંતૃપ્તિની વધે.

જગત ના તજવું, ભરવું રસે,
મધુરતા ધરતાં સજવું સુખે,
સુખદ કર્મ તણાં કુસુમો થકી
ઉપવનો મઢવાં મધુસૌરભે.

*

પરામર્શ મળવાથી મંગલ ઠક્કરબાપા શાંતિ લભ્યા,
આજીવન સત્કર્મમાર્ગમાં સ્વપ્ને પણ ના કલાન્ત બન્યા.
અનુભવના આધારે આપ્યો ગાંધીએ અમૂલખ ઉપદેશ,
ચિંતનમનન થકી અન્ય તણી ભ્રાંતિ રહેશે ના લવલેશ.

* * * * *

## ૫૪. અશાંતિના દિવસે

પાંખ કો પંખી તણી હોય કાપી મૃદુલ બે
વિભાજન ભારત તણું થયેલું એવું જ એ.
હસ્તદ્વય માનવ તણા છિન્નભિન્ન ન હો બન્યા
અંશ બે ઉપખંડના અલગ એ રીતે પડ્યા.

એકતા ઉપહારમાં નિસર્ગે બક્ષેલ જે
મનુષ્યે તોડી દઈ કર્યું નૃત્ય અખંડ એ.
ભિન્નતામાં એકતા સ્થાપતા કોઈ જનો,
એકતાના અંતરમાં રંગ કોઈનો ઘણો.

પરિશ્રમ પ્રેમે કરી વૃક્ષ કોક ઉછેરતા,
વિનષ્ટ કરી એમને ઉખેડી બીજા જતા.
કો'ક રણ વનમાં રણે બને અન્ય વનસ્થલી,
સમર્પે કોઈક છાયા કો ત્રિતાપ રહે બની.

માનવી હૃદયે રમે દૈવઆસુર તત્વ બે,
દેવતા જીતે કદી કદી દાનવ જંગ એ.

મહાન પુરુષો બધે વિજય દેવતાનો કરે
સહે વિજય એમનો સુખપ્રસાદ સૌને ધરે,
કરે શ્રમ અનંત દિવ્ય કરવા ધરાને છતાં
કદીક બળ દાનવી સતત વિઘ્ન નાખ્યે જતાં.

થયો સફળ એટલે શ્રમ ન પૂર્ણ ગાંધી તણો
છતાં ઉર મહીં ઉમંગ ઊછળી રહેલો ઘણો
હતી પુનિત પ્રીતિ ને વિમળ ઊર્મિ સેવા તણી,
રહ્યા પરમ શાંતસદૃશ ઉરે વ્યથાને વણી.

શાંતિ કિન્તુ એમની દીર્ઘકાળ ટકી નહીં,
ઘોર તોફાનો થયાં ફરી કલકત્તા મહીં.
માનવી દાનવ બની કુકર્મો કરતો થયો;
સૂર્ય પ્રકટી મુક્તિનો છુપાઈ અભ્રે ગયો.

ત્યાં પહોંચી એમણે કૈંક ઉપવાસો કર્યા
વાદળાં ત્યારે જ એ ઘોર આફતનાં ટળ્યાં.
અશાંતિ વળી ટાળવા રહ્યા દિલ્હીમાં વસી
વ્યથા નિંદા સંકટો વ્યંગની સામે હસી.

પાકિસ્તાન થતાં નિરાશ્રિત
જનો બેહાલ જેવા બની
આવ્યા ભારતમાં, અસંખ્ય
અસુરે ક્રીડા કરી પાશવી

લૂટ્યાં ભ્રષ્ટ કર્યાં કરી કતલ
ને પીડ્યાં જલાવ્યાં જનો,
સ્ત્રીઓ તેમ નિરીહ અર્ભક
રહ્યાં ચિત્કાર ઘેરા કરી.

મનુષ્ય રિપુ માનવા મનુજને જ માંડ્યો મહા,
અખંડ નિજભ્રાતૃભાવ દફનાવતાં અંતરે
બન્યો પશુ થકીય હીન જડશો વિવેકાંધ ને
રહ્યો નરક સર્જતો પરમ ઘોર સંસારમાં;

અનર્થ કરતાં અનીતિમય નૃત્યલીલા મહીં
પ્રમત્ત બનતાં રહ્યો હૃદયહીન આનંદતો,
અનંત અપરાધ પાપરત પ્રેત જેવો બન્યો;
કઠોર મનનો પ્રતિધ્વનિ જરા અહીંયે પડ્યો.

વ્યથા મનુજયાતના નીરખતાં વધી સંતની,
ઊઠ્યાં કરુણ ક્રંદનો ઉર મહીં, શિરાઓ બધી
ઠરી કટુ વિષાદના વિષભર્યા તુષારે રહી,
વિલીન મધુકલ્પના સુખદ સ્વર્ગ કેરી થઈ.

શતાયુ બનવા તણી રુચિ મને હવે ના રહી,
રુચે અધિક જિંદગી તિમિરથી ભરેલી નહીં,
વદ્યા હૃદયમાં ભરી પરમ સંત સંવેદના
રહ્યો અનલ આકરો સતત આત્મ મારો દહી.

અરણ્યરુદન સમાન વચનો વહાવું સદા
પ્રશાંતિ સમભાવ સંપ સહયોગ સૌહાર્દનાં,
સુણે જન નહીં કરે અમલ એમનો લેશ ના,
થકી હૃદય રોમ રોમ વસમી વિચારી વ્યથા.

જનો મુજ મટ્યાં સલાહ સુણતા મહારી નહીં;
બની મનુજ આસુરી દનુજ ખેલ ખેલી રહ્યો
વિઘાતક, નિહાળવાં નવ ગમે મને દૃશ્ય એ,
સહાય અસહાય જીવન અશાંત લાચાર શે ?

એ થકી તો લે લઈ સદ્ય આ જગથી મને
એ જ ઉત્તમ ભાસતું પરમાત્મ પોતાની કને.
કામ ના આવી શકું દેશદુનિયાને હવે,
ના તિમિર ટાળી શકું રવિ જેમ અજવાળે નભે:

તો ભલે આ જિંદગી થઈ જાય સમાપ્ત હા !
પર્ણ જેમ ખરી પડે અંગ, એનો મોહ ના.

વ્યથાતુર અશાંત એ સતત મંથનો ઊર્મિથી
બન્યા કરુણ શા કર્યા પ્રકટ કૈંક ઉદગાર એ,
છતાં કિરણ રેલતા પથ પરે અનેરાં રહ્યા;
મુલાયમ મહાનનાં મન કઠોર કાવ્યે કહ્યાં.

પરિશ્રમ કર્યો અપાર રસપ્રેમશ્રદ્ધા થકી
સજી અડગતા હિમાદ્રિસમ વૃષ્ટિ સામે ટકી,
થયા ચલિત ના ડરી વિષમ ઘોર તોફાનથી,
વધ્યા પથ પ્રવાસને કુશળ શા થઈને રથી.

સહ્યાં શબદનાં શરો વિવિધ માર શસ્ત્રાસ્ત્રના
સહ્યા પ્રખર તાપ તોપણ સદૈવ છાયા બન્યા;
મહોદધિ ઉરે રહ્યો મનુજપ્રેમનો ઊછળી
મટ્યો નવ ઘટ્યો સમસ્ત વસુધા સુધાથી ભરી.

સ્થાપવાને શાંતિ એ ફરી ઉપવાસી થયા;

શાંતિ માટે સર્વનું લભી આશ્વાસન રહ્યા.
ઘોર પાકિસ્તાનમાં ત્રાસ લોકોને હતો
વેર એનું વાળવા યત્ન ભારતમાં થતો.

એટલે વ્યાકુળ થયા વ્યથાથી ગાંધી ઘણા;
જલે શિશુસંતાપથી રોમ જેમ પિતા તણાં.
હિંદ વેરી થાય તો વેરભાવ નહીં મટે,
આગ અંગારે નહીં બને શાંત નહીં ઘટે.

બને હિંસક હિંદ તો સૃષ્ટિને સંદેશ શો
ધરે, પ્રેમ પ્રશાંતિને પ્રદર્શાવે પંથ કો ?
શાંતિ હિંદે થાય તો જઈ પાકિસ્તાનમાં
સંપ ને સહકારની વાત લાવું ધ્યાનમાં.

એવા અનેક સુવિચાર ધરી રહ્યા એ
સૌના શુભેચ્છક નિરંતર પ્રાર્થનામાં
દિલ્હી મહીં, નવ પ્રશાંતિ છતાં છવાઈ;
ભસ્માસુરો નિત નવી કરતાં ભવાઈ.

આતંકવર્ષણ થકી સઘળા સમાજે
વિદ્વેષની અનલજ્વાળ રહ્યા જગાવી:
જનમ્યો જરીય તિમિરે ન પ્રકાશ ન્યારો,
ઠંડો બને હિમસમાન નહીં ઉનાળો.

*

પાકિસ્તાન મહીં કઠોર સહવાં કષ્ટો પડ્યાં હિંદુને
એ બેહાલ બની પ્રવેશ કરવા લાગ્યા બધા ભારતે;
ગાંધીના ઉપદેશની પ્રતિક્રિયા સંક્રાન્તિકાળે મટી,
ઉષ્મા અસ્ત થતા જતા રવિ તણી જેવી રહેતી ઘટી.

તાયફાવાળા તણા સહકારથી ભારે
આક્રમણ કાશ્મીરમાં સહસા કરી ત્યારે
રહ્યું પાકિસ્તાન, શે વિધ શાંતિ થાય જરી
યુદ્ધમાં માનવ નિરીહ રહ્યાં અસંખ્ય મરી.

તે સમે સરદારની બુદ્ધિ કામ કરી ગઈ,
ફોજ પાકિસ્તાનની સફળ ના કેમે થઈ.
શૂરતા સરદારની ભારતી સેના તણી
અનેરી અદકી ઠરી વિજયશ્રી અંતે વરી.

તદા વચનગંગ શાશ્વતસુચારુ ગાંધી તણી
વહી : અડગતા થકી પ્રખર શત્રુનો સામનો
અવશ્ય કરવો ઘટે, પથ સુયોગ્ય આદર્શ એ,
સશસ્ત્ર પ્રતિકાર શ્રેષ્ઠ અનુકૂળ લાગે મને.

અહિંસક બની ભજી પરમક્લૈબ્ય બેસી રહો
ડરી રિપુ થકી નથી પથ પ્રશસ્ય આદર્શ એ;
લડી મરણ પામવું અધિક શ્રેષ્ઠ એથી દીસે,
સ્વધર્મ તજનાર શાંતિસુખ પામતા ના કશે.

અનંત પુરુષાર્થથી પ્રકટ પૂર્ણસ્વાતંત્ર્યની
શિખા નવ વિલાય મંદ કદીકાળ જોજો પડે,
કરો જતન એહનું સતત તેમ સંવર્ધન,
નથી મધુર મૃત્યુથી સુખદ કે પરાધીનતા.

વ્યથા પરમ વ્યગ્રતા અછત તીવ્ર સંઘર્ષના
અશાંતિ દિવસો અનિશ્ચિત ઊગ્યા બધા દેશમાં;
ઊગ્યો સૂરજ ત્યાં જ અભ્ર અતિઘોર ટોળે વળ્યાં,
જતાં સમય કિન્તુ એ પણ મહાપ્રયત્ને ટળ્યાં.

* * * * *

## ૫૫. વાર્તાલાપ

સંસારમાં ખડક સરખા જનો તો
કોઈક હોય વિરલા પણ મૃત્તિકાના
જેવા અસંખ્ય મળતા ક્ષણવારમાં જે
પીડા થકી પલળતા ડગતા જરામાં.

ભેટે પ્રવાહ પછડાય તરંગ તોયે
હાલે નહીં ખડક અર્ણવમાં રહેલા;
દર્દે મુસીબત થકી ત્યમ ના ડગે જે
તેવા જગે જન નથી જડવા સહેલા.

એવા હતા અડગ શૈલ સમાન ગાંધી,
એથી રહ્યા અચળ ને હસતા સદાયે;
છેલ્લા સમસ્ત દિન ભીષણ વેદનાના
હારી ગયા તદપિ હિંમત ના કદાયે.

શરદ સુભગ આવી અપ્સરા શી રૂપાળી
અભિનવ રસવર્ષા શી રહી દિવ્ય ઢાળી !
પ્રકૃતિ હૃદય કાયાને સુધાથી ભરે છે,
અણુઅણુ પરિતૃપ્તિથી ઉજાણી કરે છે.

વિમલ ગગન સોહે મુક્તના ચિત્ત જેવું,
વિહગ મધુર બોલે, ગાય ને વાયુ કેવું;
સરિત નવલ પામી ચેતનાથી વહે છે,
ભ્રમર કમલકર્ણે વાત પ્રેમે કહે છે.

મધુમય મુનિ જેવો ચંદ્ર જ્યારે પ્રકાશે
તનમન ધરતી ને વ્યોમનું છેક હાસે,
રસિક હૃદય ડોલે, સિંધુ નાચે નિહાળી
અનુભવ સુખ કેરો થાય સૌન્દર્ય ભાળી.

એવા હતા શરદના દિવસો રસીલા,
રે'તા પ્રશાંત પણ ચિંતનમગ્ન ગાંધી;

આવી ગઈ શરદ તોય મટી ન વૃષ્ટિ,
દેશે દીસે મલિન માનસ અભ્રઆંધી.

મળવા એમને આવ્યા ત્યારે જિજ્ઞાસુ માનવી,
ભાવના એમની સૌને હતી આંતર જાણવી.
પ્રશ્નોત્તર થયા ત્યારે એનો અર્ક ધરું અહીં,
ઉદાત્ત ઉરની એમાં ઊર્મિ ગૂઢ રહી વહી.

કોઈ કાર્યકરે પૂછ્યું, કહો ઈશ્વર કોણ છે ?
કેવો ઈશ્વરને માટે તમારો દૃષ્ટિકોણ છે ?
વદ્યા ગાંધી જણાવ્યું મેં મારો ઈશ્વર સત્યના
સ્વરૂપમાં રહ્યો સારા વિશ્વથી છે વિભક્ત ના:

વ્યક્ત બ્રહ્માડલીલામાં સર્વમાં વિલસી રહ્યો,
ચેતનાજ્યોતિ ને પ્રાણ પ્રાજ્ઞજીવનમાં થયો.
'શેમાં ને સુખ છે શ્રેષ્ઠ ?' પૂછ્યું બીજા જને વળી;
'સાક્ષાત્કાર મહીં એના' જણાવ્યું એમણે ફરી.

'માનો સમસ્ત જગમાં પ્રિય સર્વથી શું'
'આ માનુષી તન તથા ધરતી રૂપાળી;
એના સુસંગમ થકી સુખ સાંપડે સૌ
સેવા તથા પ્રગતિ થાય અનંત ન્યારી.

સાકેત સુંદર હશે મધુ અન્ય લોક
પૃથ્વી પરંતુ મધુ સર્વ થકી જણાય,
માહાત્મ્ય મંગલ વળી અતિમૂલ્યવાન
જ્યાં બંધનો નિજ સમષ્ટિ તણાં હણાય:

પ્રાણે પડેલ વિષગ્રંથિ બધી અવિદ્યા
ને વાસના વિકૃત કર્મવિકાર કેરી
ભેદાય જ્યાં પદપદે પ્રકટાવવાને
થાયે પ્રયત્ન મધુમંગલ રામરાજ્ય.'

*

ક્યારે મનાય મધુ સત્ય મળ્યું સ્વરાજ

એ પ્રશ્નના પુનિત ઉત્તરમાં વદ્યા એ
સૌજન્યમૂર્તિ સ્મિત સાથ વિનમ્રતાથી,
અર્પ્યો ચિતાર કલમે વચને વળી મેં.

હો ભિન્નતા રુચિ તણી સુવિચારભેદો
સિદ્ધાંતની પૃથકતા બહુ ભિન્નભાષી
ને ભિન્ન વેશ જનતા સહુ રાષ્ટ્ર કેરી
કિન્તુ જણાય કટુતા નવ સ્વાર્થખોરી.

ધિક્કાર શોષણ જડે નવ ત્યાં જરાય,
ગૂંથે સમસ્ત ઉરને શુચિ સ્નેહદોરી;
વિદ્વેષના પવન જ્યાં પ્રસરે કદી ના,
હૈયે કરાય મમતા મદ ભીતિ હોળી:

વિભિન્ન વાદ્યથી મીઠા સૂર સંયુક્ત નીકળે
એમ ભેદ મહીંયે જ્યાં સ્વર સંવાદના સરે;
અનેક ધર્મપંથોની વચ્ચે એકત્વ ના મટે,
દેશગૌરવ ને દાઝ પ્રજાનો પ્રેમ ના ઘટે:

શાંતિથી સરિતાસ્રોત સમાતાં સાગરે વહે
પ્રજા તેમ બધી જેમાં સુખ ને શાંતિ લહે:

સ્વમાન હોય જ્યાં કિન્તુ મદમિથ્યાગુમાન ના
દયા હોય, નહીં દંભ, યાતના અપમાન ના
પીડવામાં નહીં પીડા ટાળવામાં સદાય જ્યાં
સાર્થક્ય સમજે લોકો ત્યાગ કે બલિદાનમાં:

સોહે સ્વતંત્રતા જેમાં કિન્તુ સ્વચ્છંદતા નહીં,
જતાં જીવનનાં નેહભર્યા નિર્ઝર જ્યાં વહી;
શ્રમનો મહિમા જાણે માનવી વ્યસનો તજી,
લેવાને બદલે માણે દેવામાં સુખશાંતિને:

કાનૂન જ્યાં વધુ ન હો વધુ કોર્ટ તેમ
પોલીસ-દાક્તર-વકીલ દવા તણીયે

ઓછી અગત્ય ઠરતી, તન ને મને જ્યાં
આરોગ્ય-શાંતિ-સુખની મધુરી પ્રભા હો:

પાળે પ્રશાસન પ્રજા નિજ આત્મ કેરું,
હિંસા-અસત્ય-છળ-શોષણ ના જણાય,
ચોરી કરાય નિત જ્યાં નિજ દુર્ગુણોની,
સાફલ્ય જીવનતણું ગુણથી ગણાય:

જેમાં ન હોય ધન ને બળની પ્રતિષ્ઠા
આરાધના ન અધિકાર પદ પ્રતિષ્ઠા
ને રાજ્યનીય, મહિમા શુભકર્મ કેરો
ચારિત્ર્યનો વિમળ જ્ઞાન પ્રકાશનો હો:

ભયત્રાસ તથા સત્તાબળથી સત્યને વળી
દબાવાતું છુપાવાતું હોય ના છળથી જરી:

રાજકર્તા બધા જ્યાં હો સંરક્ષક પ્રજા તણા,
પ્રજાપાલક સ્નેહી ને હિતેચ્છુ સર્વના ઘણા;
સેવાભાવી સદા ચિંતા પ્રજાની કરતા વળી
સૂર્ય જેમ જરી લેતા રહેતા વધુ ને ધરી:

ગામડાં હો સુખી જેમાં કિસાનો શ્રમિકો રહે
શાંતિસમૃદ્ધિને પામી શુશ્રૂષા કરવા ચહે;
નિરક્ષર નહીં કોઈ અવિવેકી ન અજ્ઞ હો
સુરક્ષા સભ્યતા કેરી સમુન્નતિ સદૈવ હો:

ખેડૂતનોય શિશુ શ્રેષ્ઠ બની શકે છે
જ્યાં રાષ્ટ્રનો પતિ, સુખે સઘળાં વસે છે;
પર્યાપ્ત પ્રાપ્ત તક થાય વિકાસ કેરી,
પ્રાણો પ્રસન્ન બનતા, નયનો હસે છે:

એવા સ્વરાજને માન્યું સાચું પૂર્ણ સ્વરાજ મેં,
પામું પ્રસન્નતા પ્રાણે પ્રકટ્યે કદીકાળ એ.

*

ગાંધીવાદ વિષે ચાલી ચર્ચા ત્યારે વળી કહ્યું,
ગાંધીવાદ સમું કાંઈ નથી નૂતન મેં ધર્યું,
નવો ધર્મ નથી સ્થાપ્યો પંથ કે સંપ્રદાય ના,
ધર્યાં મૂલ્યો પુરાણાં મેં ઘડી નૂતન ઘાટમાં.

અતીત કાળથી અર્પ્યો શાસ્ત્રોએ ઉપદેશ જે
મહાન પુરુષોએ ને પ્રકટાવ્યો પ્રકાશને
રોજિંદા જીવને તેને પ્રયત્નો વણવા કરું
ઝીલતાં નમ્રતાથી એ સત્ય શાશ્વતને ધરું.

અભિનવ મનુ જેવા ના થવાની અપેક્ષા,
કદી નવ ઉપમા એ અર્પતા ઘેલછામાં;
પરમ વિમલતા ને નમ્રતાયુક્ત એવાં
વચન મધુર બોલે સંત આશ્ચર્ય એમાં ?

બોલ્યા : અનિત્ય પરિવર્તનશીલ વિશ્વે
મારું પ્રશાંત તન થાય સમાપ્ત ત્યારે
કોઈય સ્મારક નહીં કરતા કહીં કે
એકેય મંદિર નહીં રચતા વધારે.

કર્તવ્ય શ્રેષ્ઠ મુજ સ્મારક લોકસેવા
સિદ્ધાંતપાલન; કર્યો ઉપદેશ જે મેં
તેનો સમન્વય કરો નિજ જિંદગીમાં,
સ્વપ્ને ન હો વિસ્મૃતિ લેશ કદા ઉપેક્ષા.

લાખો તણાં હ્રદય સ્મારક સત્ય મારાં
સદભાવના જન તણી શુચિ સ્નેહ સૌનો
સૌની સમુન્નતિ, ચહું સવિશેષ કૈં ના,
રેલું પ્રકાશ નિત માનવનાં મનોમાં.

*

સત્યાગ્રહી સફળ દક્ષિણ આફ્રિકામાં
નેતા બની લડત ભવ્ય તમે લડેલા,
શેમાં રહ્યું વિજય કેરું રહસ્ય એના,

એ પ્રશ્નના પુનિત ઉત્તરમાં વદ્યા કે

સંસારમાં અભય એ જ રહસ્ય ભારે,
એથી મળે વિજય જીવનમાં અનેરો.
લાધ્યો ન અન્ય અણમોલ અમોઘ મંત્ર
એથી પ્રકાશપથ સાંપડતો મને તો.

*

ને કર્મયોગ પર વ્યક્ત કરી વિચારો
ગાંધી વદ્યા : સરિતને નીરખી કદા કો
પૂછે સવાલ ક્યમ કે સરિતા વહે છે ?
તો આપશે તરત ઉત્તર એ અનેરો

ના જો વહી રહું કરું મુજને કહો શું ?
આ કર્મથી જ સરિતા જગમાં કહાવું.
સીમિત શાંત સર તેમ તડાગ ના હું,
સ્વૈચ્છિક આ વહન ધર્મ સ્વભાવ મારો.

પૂછે કદી કુસુમને ક્યમ ગંધ રેલે
ને સૂર્યને કિરણ કેમ વહાવતો આ ?
તો એ કહે કિરણ મૂળ સ્વભાવ મારો,
સંયુક્ત સૌરભ થકી મુજ પ્રાણ ન્યારો.

નિષ્કામ કર્મ કરવા નિજધર્મ માની
મીઠો સ્વભાવ નિજ જીવનઅંગ જાણી,
સંસારમાં સતત સુંદર સાધનાની
ધૂની સદા જગવવી શુભ ભાવનાની.

છે કર્મ પાછળ નહીં મુજ કામના કો
ના મોહપાશ ક્ષણભંગુર વાસનાનો,
સત્તા ચહું નહિ ચહું પદ ના પ્રતિષ્ઠા
સન્માનમાળ સુખની ન મને મનીષા;

તેથી પ્રસન્નવદને શુભ કર્મ કેરી
કલ્યાણ-આહુતિ ધરું મુજ જિંદગીની

કર્તવ્ય માત્ર સમજી સુખ ને દુઃખોમાં
નિંદા તથા સ્તુતિ મહીં જયહારમાં કે

લાભો મહીં વિષમ ઘાતક હાનિમધ્ય
સામાન્ય માધ્યમ બની પ્રભુનું ઉદાત્ત.

*

ઉપાસનાની મધુ કામધેનુ
સત્કર્મનું સુંદર ખાદ્ય ખાતી,
વિશ્વાસનો મંગલ વત્સ એનો
ને દુગ્ધ અર્પે અણમોલ શુદ્ધિનું;

પ્રજ્ઞા તણા પાવન પુણ્યપાવકે
એને તપાવી સુખથી જમાવ્યે
પ્રશાંતિ કેરું દધિ સાંપડી જતું:
ને સાધનામંથનથી અનેરું

મળી રહે માખણ મુક્તિ કેરું,
સ્વરૂપના દર્શનના પ્રસાદથી
બને અનોખું ઘૃત પૂર્ણતાનું:
રહસ્ય એ શાશ્વત સાધનાનું.

ગાંધી તણા જીવનમાં રહસ્ય એ
જાણે રહેલું પ્રકટી પળેપળે.

*

કરી પ્રાર્થના કોઈ પુરુષે પ્રદાન કરવા શ્રેષ્ઠ
પ્રેરક કો સંદેશ, જણાવ્યું ગાંધીએ લવલેશ
સંકોચ વિના સત્વર ત્યારે : સ્પષ્ટ કર્યું હંમેશ
જીવન મારું - મુજ સંદેશ !

* * * * *

## ૫૬. ભવિષ્યનો સંકેત

વીત્યાં વર્ષો છતાંયે વધુ નવ દીસતા વૃદ્ધ ગાંધી થયેલા,
પ્રાણે વ્યાપી વ્યથાઓ પણ નવ હિતનાં સ્વપ્ન ભાંગી ગયેલાં;
રોમે રોમે યુવાની અભિનવ રમતી શાંતિશ્રદ્ધા વહેતી,
તેજસ્વી આંખ દીપ્તિ વિમળ વદનની વાત એની કહેતી.

માન્યું મંદાકિનીએ સ્વરગસુખ વહી મર્ત્યલોકે મહીમાં;
સેવાની તેમ ગંગા મધુર રસભરી એમના આત્મની આ
સૃષ્ટિને દિવ્ય શોભા અમૃતરસ ધરે શાંતિસંવાદિતાને,
અંતે સાર્થક્ય સાથે પુનિત પ્રભુ તણા સિંધુ માંહી સમાયે.

વ્યાપી વાર્ધક્ય કેરી અધિક અસર ના કિન્તુ સંજોગ જોઈ
દેખી સંતાપ ચારે તરફ હૃદયમાં એ રહ્યા સંત રોઈ;
ચિંતા નેત્રે વ્યથા ને વદન વચનમાં દર્દ ઘેરું જણાયે,
ફાટે જ્વાલામુખી તો અનલસમ બને ઉષ્ણ ઠંડી ધરાયે.

ભારે ભૂકંપ કેવા પ્રતિદિવસ થતા એમના અંતરાત્મે,
દાવાગ્નિ જાગતા ને અસહ કદીક તો દુઃખના શાંત ગાત્રે;
શ્રદ્ધાધૈર્યે ભરેલા તદપિ વચન કૈં વેદનાનાં કહેતા,
દેખાયે તેજરેખા પથ નવ મુજને; વ્યગ્રચિત્તે રહેતા.

સ્નેહ સૌના પર હતો એ મહાત્માને તોય
પારખી કે પ્રમાણી સંપૂર્ણ ન શક્યું કોય;
મુસલમાનો દોષ દેતા એમને કોઈ,
હિંદુઓ કોઈ રહેતા દ્વેષથી જોઈ.

થતા ટીકાના પ્રહારો તીરના જેવા,
સહેતા સૌ શાંતિ સાથે શૂર શા કેવા !
અસંતોષ અનેકવિધ વધતો જતો દેશે
થતા ના વિચલિત છતાંયે સત્યથી લેશે.

શુદ્ધ સેવાપંથને કપરો કહેલો છે,
શૂરને માટે જ છે સાચે સહેલો એ;

જંગ ભારે જીતવામાં સફળ જે બનતા
પરાજય સેવાપથે તે પણ કદી લભતા.

ઊછળે શુચિસ્નેહસાગર જેમના પ્રાણે,
નિરર્થક લોકાપવાદ ધરે નહીં ધ્યાને,
આત્મવિશ્વાસે અહોનિશ કૂચ જે કરતા,
લભી લે લક્ષ્યાંકને તે વિજયને વરતા.

પ્રશસ્તિનિંદા થકી ના પ્રભાવિત બનતા,
માન ને અપમાનને સરખાં સદા ગણતા,
પર હતા દ્વંદ્વો થકી સંસારથી એ તો;
હોય ભય નિઃસ્વાર્થ જનને લોક કેરો શો ?

વહાવી શ્રદ્ધા-અભયથી છલકતી વાણી
પ્રાર્થનામાં નિત્ય પાતા પ્રેરણાપાણી;
પ્રદીપ સમા તમિસ્ત્ર મહીં રેલતા સુપ્રકાશ
રાહ દાખવતા અલૌકિક મધુર હસતાં હાસ.

એ વખતની વેદનાની કલ્પના ક્યાંથી
કવિ શકે કોઈ કરી, ઊઠી રહી આંધી
એમના અંતર મહીં જે પ્રતિપળે ભારે
મૂર્ત કરતાં કળાકારે એહને દ્વારે.

બિરલા હાઉસના વિસ્તારે
વિરાજતા પયગંબર શા એ
ત્યારે મળવા નેતા કોઈ
એક દિવસ આવ્યા.
સન્માનીને સ્મિતની સાથે,
વળગ્યા માનવહિતની વાતે,
કૈંક પ્રશ્નના ઉત્તર આપ્યા
શાંતિ થકી ત્યારે.
નેતા વદ્યા વિદાય થતાં એ
ઉત્તેજિત મુસલમાનો છે,

એમાંથી જ તમારું કઈ
ખૂન કદી કરશે.

કહ્યાં ગાંધીએ વચન ત્યારે વિચાર કરી,
છે રહી સંભાવના સંસારમાં સઘળી,
ખૂન મારું કરાશે તો મુસલમાન નહીં
નિમિત્ત થશે હિંદુ એમાં, રહ્યો આત્મ કહી.

ખૂન શાને કરે કોઈ સંતનું એવા
દેશદુનિયા કાજ જે કરતા સદા સેવા,
કિન્તુ વધતો જતો ઘોર વિરોધ દેશ મહીં,
વિચારીને એમણે એ હશે વાત કહી.

ધરિત્રી ધ્રૂજી ઊઠી એ શબ્દને સુણતાં,
અંગ ને નેતા તણાં કંપી રહ્યાં સઘળાં.
સમીરે નિઃશ્વાસ નાખી દોડવા લાગ્યો,
અશુભ આશંકા થવાથી શોક શો જાગ્યો !

ધ્યાને ડૂબી દીવાલો કુરૂપસમ બની સ્તબ્ધ ઊભી રહી ને
દેખાઈ લાગણીથી ચળ અચળ છતાં; ખિન્ન નેતા થયા એ;
ઢંકાયો સૂર્ય અભ્રે, સુખદ શુચિ છતાં કિલષ્ટ લાગ્યું પ્રભાત,
કો જાણે દૈવ કેવો અભિનય કરશે આજ કે કાલ રાત ?

જાણે કોઈ નહીં કે પ્રતિપળ ધરશે રૂપ ને રંગ કેવા,
લીલા પ્રાકટ્ય કેરી અકલિત કરશે કાળ સંહારની વા;
એવો કોઈ પડ્યો છે મન પર પડદો ભાવિ કે ના જણાય,
કોઈ યોગીન્દ્ર વિશ્વે વિરલ નીરખતા, અન્યથી ના કળાય.

* * * * *

## ૫૭. મહાપ્રયાણ

સિદ્ધપુરુષો અંગ ધારી અલૌકિક આવ્યા
શાંત ગાંધીસ્વપ્નમાં પુષ્પો પુનિત લાવ્યા,
વદ્યા : હેતુ થયો સમાપ્ત શરીરધારણનો,
પધારો ધામે પરમ ફેરો ફળ્યો સઘળો.

સમયમર્યાદા થઈ સંપૂર્ણ જીવનની,
કરો તૈયારી હવે સ્વસ્થાનની મધુરી;
સ્વપ્નથી કૃતકૃત્ય જ્યોતિર્ધર રહ્યા જાગી,
સિતારી સ્વર્ગીય અંતર એમને વાગી.

સ્વપ્નદૃશ્ય યથાર્થતાને શકે કોણ કહી ?
વાસના મમતા જગત-તૃષ્ણા જરા ન રહી,
ગમે ત્યારે ચાલવા તૈયાર સંત હતા,
જન્મમરણ થકી અતીત પ્રદેશમાં રમતા.

થયા યોગારૂઢ પૂર્ણ અનંત જીવનસ્રોત
લભી એમાં વિહરતા, પ્રજ્ઞા તણી જે જ્યોત
પ્રાણમાં પ્રકટેલ તે શાશ્વતી હતી જલતી,
દુર્દશા પણ દેશની દિલમાં વ્યથા ભરતી.

છતાંયે લેશ ગાંધીને ચિંતા એથી થઈ નહીં,
ઈશ્વરેચ્છા મહીં માની શ્રેય શાંતિ રહ્યા લહી.

*

કરાળ ઘટના બને પ્રતિપળે જગે કેટલી,
પરંતુ ઘટના કરાળ નવ કો હશે એટલી
ઘટી સુભગ સાંજને સમય તે દિને જે ગઈ,
વ્યથાતુર દિલે રહ્યો કરુણ કાવ્ય એનું કરી.

*

ઉત્તેજિત બનેલા લોકો ગાંધી સામે દેશ મહીં,
ફેલાવી ધિક્કાર રહેલા, વિચારતા લવલેશ નહીં.
વેરભાવનું વિષ રેડીને અનેકના અંતર ભરતા,

આલોચના અનેક પ્રકારે સાચા સંત તણી કરતા.

કટ્ટર નાના મનના લોકે ધર્મભ્રષ્ટ જેવા જાણ્યા,
મુસ્લિમોના સુહૃદશ્રેષ્ઠ શા સ્વદેશના દુશ્મન માન્યા.
એક વર્ગ કટ્ટર ભારતમાં થઈ રહ્યો એવો તૈયાર
કોમવાદના નામે કરતો પ્રચાર દિન ને રાત અસાર.

હિંદુ જાતિની કરે કુસેવા અમંગલ વળી દેશ તણું,
ગાંધીનું એવા કુપ્રચારે એ કરતો અપમાન ઘણું.
યોજના ઘડી વેરભાવથી એકત્ર થઈ એ લોકે
ખતમ કરી દેવા ગાંધીને પ્રાણાર્પણ કરતાં કોકે.

ગૂઢ લીલા વિધિ તણી કેવી રહસ્યમયી;
સહસ્ત્રોના હૃદયમાં જે રહ્યા દેવ થઈ.
સહસ્ત્રો પૂજેસ્તવે જેને સ્મરી પામે
પ્રેરણા આરાધ્ય માની નેહથી નામે.

જેમને કાજે સહસ્ત્રો માગતા મરવા
અજ્ઞ ચાહે તેમને હણવા, ખતમ કરવા !

પૂજતા એકને કોઈ અન્ય ધિક્કારતા વળી,
વિરોધાભાસ સંસારે રહ્યા શાસન કૈં કરી.
શાંત રાત્રીસમે ગાંધી પૂનાની રેલમાં થયા,
નિદ્રાધીન થઈ ત્યારે એકાએક મહાવ્યથા.

અકસ્માત-અપેક્ષાએ રાખેલ રેલમાર્ગમાં
અનેક અંતરાયોને લોકોએ દ્વેષભાવમાં.
વિશેષ કિન્તુ ના કોઈ હાનિ એ રેલને થઈ,
પ્રવાસી ઊગર્યા સર્વે યશ ઈશ્વરને દઈ.

નિદ્રાભંગ થતાં જાણી કારમા ક્લેશની કથા
કરુણાર્દ્ર મહાત્માના પ્રકટી પ્રાણમાં વ્યથા.
વીસમી જાન્યુઆરીએ એમની પ્રાર્થના મહીં
બોમ્બ ફાટ્યો કરી પીડા શ્રોતા કોઈકને કહીં.

બીજે દિવસે પ્રાર્થના પછી ગાંધીજીએ અરજ કરી,
આરોપી એ યુવાનને ના લેશ રહેશો કષ્ટ ધરી.
કોઈના હથિયાર બનીને કર્યું અમંગલ એણે કામ,
થઈ વિપથગામી અજ્ઞાને ભરી હશે હિંસાની હામ.

સમજાવીને યુવાનને એ જીતી લો દર્શાવી પ્રેમ,
યંત્રણા તથા દંડ ન દેશો, કરવી અજ્ઞજનો પર રે'મ.
હિંસા ના હિંસાથી કિન્તુ અહિંસા થકી શાંત બને,
ધિક્કાર નહીં પ્રેમ જ જનના અંતરના અંધાર હણે.

યંત્રણા નહીં શાંતિ અર્પવા જીવન આ જગમાં મારું,
બંધનમુક્ત કરી વરસાવું અમૃત અવની પર ન્યારું.

એ પ્રસંગ પછી છતાં પણ ઘોર આશંકા
દેશનેતાએ અનુભવી અશુભની ચિંતા,
વિરોધ તણાં વાદળાંઓ રાષ્ટ્રમાં ભારે
કોણ કલ્પે પડે તૂટી સર્વ એ ક્યારે.

મહામૂલી જિંદગી ગાંધી તણી આજે
નિધિ બનીને વિશ્વ કેરી રાષ્ટ્રમાં રાજે,
સુરક્ષિત સૌએ સદાયે રાખવી એને,
થાય લુપ્ત નહીં ઘવાય લગાર ના કેમે.

ફોરમભેર ફૂલ કોઈ જાય ના તોડી,
સુધાપ્યાલીને શકે કોઈ નહીં ફોડી,
રસમયી વીણા તણા હો તારનો ના ભંગ,
ગીત ગૌરવથી ભર્યું હો હો સનાતન રંગ.

ભીતિ શંકા સુહૃદની ચિંતાવ્યથા જાણી
વદ્યા ગાંધી સ્નેહ ને વિશ્વાસની વાણી,
વ્યવસ્થા રક્ષા અનાવશ્યક બધી મારે,
રામ સંરક્ષક સખા શાશ્વત ગણું ભારે.

સૂર્ય તપતો ચંદ્ર ખીલે પવન ને દોડે,

સ્થૈર્ય ધારે ધરિત્રી ન વહેતી સરિતા,
એ જ પ્રેરક સર્વ કેરા પ્રકાશક સાચા
શરીરે બ્રહ્માંડ કેરા પ્રાણ શા ફરતા.

એહની ઈચ્છા વિના ના પર્ણ પણ હાલે,
એ જ જગજીવન જગતને જન્મ દે પાળે,
અનુસરી આદેશ એનો અંગ આ ટકશે,
પર્ણની પેઠે કૃતાર્થ થઈ પછી પડશે.

આશંકા ભાવિની ચિંતા અશ્રદ્ધા ભીતિભાવના
સતાવે ના મને કો દી, રામના અનુરાગમાં
વ્યતીત દિવસો સૌયે પર્વ શા શાંતિથી કરું,
થશે મંગલને માટે જે થશે તે સદા ગણું.

સેવો ચિંતા નહીં મારી સુરક્ષાની જરી તમે,
ભીતિભાવ ભજે તે તો ભારે ભ્રાંતિ મહીં રમે,
મને બ્રહ્માંડમાં ક્યાંયે કોઈનો ભય છે નહીં,
રાગ દ્વેષ નથી હૈયે, વાત સત્ય રહ્યો કહી.

તોપણ સરદારે ચેતીને મહાન એ જ્યોતિર્ધરની
સુરક્ષા તણી કરી વ્યવસ્થા અજ્ઞાતરૂપે ત્યાં સઘળી.
પોલીસો ત્યાં પ્રાર્થના સ્થળે સાદા પોશાકે ફરતા
શેષ સમય દરમ્યાન એમના નિવાસની ચોકી કરતા.

પરંતુ કાળ કરે છે મારગ મહૂલી તેમજ મહેલ મહીં,
રક્ષક હો કે ના હો કોઈ પરાજિત ના થાય કહીં.
નિર્ધારિત પળ પાકે ત્યારે કામ કરી પોતાનું જાય,
અંતરાય એને ના એકે, વિલંબ વિપળ તણો ના થાય.

જાન્યુઆરી તણી ત્રીસમી ઓગણીસસો અડતાલીસ,
અસ્તાચળ પ્રતિ સૂર્ય જતો'તો મળવાને જાણે જગદીશ.
પ્રકાશવાને અન્ય પ્રદેશે વિદાય ધરતીની લેતો,
પ્રાજ્ઞજનોને પુણ્યવાન શો સેવાસંદેશો દેતો.

વાટ મહીં ત્યાં વાદળ કોઈ એકાએક ધસી આવ્યું,
રહ્યું સમાવી હૈયે એને, માર્ગ રૂંધવામાં ફાવ્યું.
ક્રંદન કરવા લાગી ધરતી શોકનિમગ્ના શ્યામ બની,
વ્યોમ વિષાદવિલાપ કરીને રહ્યું નિહાળી ભ્રાંત થઈ.

વાત કરતાં વખત વીત્યો વધારે આજે
એટલે ચાલ્યા ત્વરાથી પ્રાર્થના કાજે
શાંતિમૂર્તિ પ્રસન્ન ગાંધી સેવિકા સાથે
એમનો ટેકો લઈને હેતથી હાથે.

એટલામાં કો'ક આવી કાળદૂત સમો
નમી બોલ્યો બાપુ, મોડા આજ કૈંક તમો;
રહ્યા ગાંધી નમન ઝીલી એહનું ત્યારે
ત્યાં યુવાને કરી દીધો કેર શો ભારે !

ગુપ્ત રાખી કર મહીં પિસ્તોલને એણે
ચલાવી માંગલ્યમૂર્તિ સંતના પર એ,
અંગમાં ત્રણ એમના વાગી ગઈ ગોળી,
ઢળી ધરતી પર પડ્યા 'હે રામ' ને બોલી.

વજ્રપાત થકી વધારે વ્યથિત સર્વ થયા,
બની આકસ્મિક શૂન્યમનસ્ક જેમ રહ્યા;
યુવકને નાસી જતો પકડી તરત લીધો,
રોષ એના પર ઉતારી આકરો દીધો.


રક્તસ્ત્રોત થકી સમસ્ત શરીર રંગાયું,
અસુર હાથે દિવ્ય જીવનપાત્ર નંદાયું;
શર્વરી શી શોકની પ્રસરી રહી સઘળે,
પદ્મ શરથી અલગ કીધું કારમી લહરે.

અશ્રુમાળા સમર્પી એ માનવે સંતશ્રેષ્ઠને
પ્રાર્થી પોકારતાં પૂજ્યા, વિરોધી પણ એમને
અનેરી અર્પવા લાગ્યા મૂક અંજલિ પ્રેમની,
કરી કોણ શકે સાચી કદી કિંમત એમની ?

વિશેષ શુશ્રૂષાથીયે ઊગરી એ શક્યા નહીં
વિહંગ જેમ માળાને મૂકી ઊડી ગયા કહીં.
બીજે ક્યાં જાય ? પ્રેમે એ પરમાત્મ મહીં મળ્યા;
હિંદુને હાથ મૃત્યુના વચનો એમનાં ફળ્યાં.

યુવાન ગોડસેએ એ હત્યા નિર્દય શી કરી,
વસુધાની મહામૂલી યુગોની નિધિને હરી.
સમસ્ત વસુધામાં એ સમાચાર ફરી વળ્યા,
રાષ્ટ્ર આખું રહ્યું રોઈ, પિતાજી જેમ હો મર્યા.

કરાળ ઘટના બને પ્રતિપળે જગે કેટલી
પરંતુ ઘટના કરાળ નવ કો હશે એટલી
ઘટી સુભગ સાંજને સમય તે દિને જે ગઈ,
વ્યથાતુર દિલે કર્યું કરુણ કાવ્ય એનું જરી.



* * * * *

## ૫૮. અંજલિ

કવિએ પણ સાંભળી કથા ક્ષણમાં વિપરીત મૃત્યુની,
દિલ દર્દ થકી દ્રવી રહ્યાં ઘટમાળ થકી કુકૃત્યની.
ન હતી લવલેશ કલ્પના નવ જાગૃતિસ્વપ્ન ખ્યાલ કે
જગજીવન દિવ્ય જ્યોતનો કદી અંત કઠોર આવશે.

અતિસૂક્ષ્મ રહસ્યથી ભરી ખલુ કાળકળા કહેલ છે,
નયનો સઘળું નિહાળતાં પણ ગૂઢ ઘણું રહેલ છે.
નવ ભૂતભવિષ્યને જુએ સમજે નવ કર્મને વળી,
જડ યંત્રસમાન માનવી નિજ જીવનમાં રહે ફરી.

રુચિથી વિપરીત તો કદી વિપળો અનુકૂળ આવતી
મુનિ પંડિત ધીર વીરને નવ માહિતી એ વિપાકની.

*

શિશિરના દિવસો મધુરા હતા
પણ થઈ ઋતુ વૃષ્ટિતણી શરૂ,
વિપતવાદળ અંતરમાં મળ્યાં,
તિમિર વ્યાપ્ત થયું સઘળે નરું.

હૃદય ઘોર થયા ગગડાટ શા,
ચપલ કૈં ચપલા ચમકી રહી;
નયનથી જલબિંદુ ઢળી પડ્યાં
પરમવેદનની કવિતા કહી.

જન અનેક રહ્યા રડતા બધે,
ગડગડાટ થયા હૃદયે ઘણા;
સકળ રાષ્ટ્ર બની રહ્યું સ્તબ્ધ હા !
જડ બન્યાં મન સૌ જનતાં તણાં.

પરમ કો પ્રિય દ્રવ્ય હરાય ને
ઉર મહીં અતિઘોર થતી વ્યથા
મનુજ વ્યાકુળ તેમ થઈ ગયા,
વિરહની કહું કેમ કરી કથા ?

મધુર મસ્તકનો મણિ જાય તો
સતત નાગ વિલાપ કર્યા કરે,
સ્વજન કોક વિદાય થતાં વળી
હૃદય અશ્રુ થકી પ્રણયી ભરે;

જલવિમુક્ત બની જ્યમ મીન કો
વિરહવેદનના વિષથી મરે
મનુજ એમ અશાંત થઈ રહ્યા
તરફડાટ વિલાપ કરી ખરે.

પથપ્રદર્શક સર્વ તણા પિતા
સુખપ્રદાયક તારક ને થયા,
પરિશ્રમે શતબંધન તોડતાં
નિજ વિમુક્ત કરી જનને ગયા.

નિધનથી અતિદારુણ એમના
સકળ રાષ્ટ્ર કહો ક્યમ ના રડે ?
જડ છતાં પૃથિવી પણ દાઝતી
ગગનથી કદી જો ચપલા પડે.

*

વિકળ પ્રાણ શોકાર્ત શો થયો
નિધનના સમાચાર સાંભળી,
કવિઉરે બજી બંસરી રહી
વિરહવેદના લોચને ભરી.

પ્રકૃતિયે રહી દર્દથી દ્રવી
અચળ સૌ રડ્યા પથ્થરો વળી,
વસન ધારતા શ્યામ શર્વરી
સતત અશ્રુમાળા રહી ધરી.

પવન શૂન્ય ને સ્તબ્ધ શો બન્યો
વિરહમાં બની મ્લાન ને ધરા;
કમળ કૈં વિષાદે ઢળી પડ્યાં,

રસ ન રેલતી ચંદ્રની કળા.

સરિત મંદ શોકે વહ્યા કરે;
વ્યથિત ઊછળે અર્ણવે નહીં,
વિહગ ગાય ના મંજુગીતને,
પશુ ન આર્ત આરોગતાં કહીં.

દિવસ દર્દભીનો ઢળી પડ્યો,
રસ ન લાગતો લેશ વ્યોમમાં,
વિષમથી વરાળો વિયોગની
પ્રસરતી વ્યથાતપ્ત ભોમમાં.

કવિ દ્રવે ન તો કેમ દર્દથી,
મૃદુલ ફૂલથી હૈયું એહનું.
મધુર લાગણીભાવથી ભર્યું
સદન શુદ્ધ સંપૂર્ણ સ્નેહનું.

વિધિવિધાન કિન્તુ ગણી લઈ
હૃદય શાંત સંતપ્તને કર્યું,
અતિકઠોર આઘાતની વ્યથા
પણ શમે વિવેકે કહ્યું ખરું.

*

ઉર અંજલિ સૂક્ષ્મ અર્પતાં મધુભાવ ભરી વહી રહ્યું;
વીસરી કવિરૂપને ઘડી પ્રણયી બનતાં કહી રહ્યું :
જગના મધુ રંગમંચપે નિત નાટક કાળ કૈં કરે;
ધરતાં રસ નવ્ય પાત્ર કૈં નટ અન્ય વિદાય લે ખરે.

રસ એમ અનંતકાળથી જગનાટકનો ટકી રહ્યો,
નટ કૈંક વિદાય છે થયા પણ અંક સમાપ્ત ના થયો.
જગ જીવ અસંખ્ય જન્મતા ગણના મૃતનીય ના થતી,
કુસુમો કરમાય ત્યાં વળી કલિકા સ્મિતસાથ ખીલતી.

ક્રમ એ જ કહ્યો નિસર્ગનો નવ એક સ્વરૂપ કો ટકે,
બજવી નિજ બીન પ્રાણનું નવ શાશ્વતકાળ કો શકે.

વણજાર અખંડ ચાલતી પથમાં કરતી પડાવ છો,
વધવું પણ આખરે પડે નવ પૂર્ણ બને પ્રવાસ તો.

મનને શુચિશાંત જે કરી પ્રભુદર્શનસ્વાદ મેળવે.
તજતાં મળદોષવાસના, નવ તે ભમતા ફરી ભવે.
મળતા પરમાત્મતત્વમાં લવલીન વિમુક્ત તે થતા,
જનમે કદી કોક હેતુથી બનતા નવ લિપ્ત શા છતાં.

જન શેષ હસે રડે ભમે મરતા તન ધારતા ફરી,
પરિવર્તન કાળ એમ આ જગનાટકમાં રહ્યો કરી.
ઉર શોકિત આર્ત થાય છે પણ મૃત્યુ મહાનનું થતાં,
જડ નીરસ જિંદગી બને નીરખી સ્વજનો વળી જતાં.

મર્મભેદક થાય છે મૃત્યુ સ્નેહીનું ખરે;
સ્મશાને દેખી ચિતા મોહ ને મમતા મરે.
ગુરુ બની મૃત્યુ કદી અંધને લોચન ધરે,
બધિરને દે કર્ણ ને પંગુની જડતા હરે.

સહસ્ત્રો સદગ્રંથથી નિત્ય-ઉપદેશો થકી
જ્ઞાન જે ના સાંપડે તે અર્પતું મૃત્યુ નકી.
કરે જાગ્રત જીવને વાસનાસંમોહથી,
શ્રેયપથ પ્રેરે બની સુખદ કો સંજીવની

વિઘાતકતાથી ભર્યો અમંગલ અભિશાપ ના;
વિવેક થકી સાંપડે પ્રાજ્ઞને શુભ સર્વમાં.

*

મરણનો ભય ક્યાં તમને હતો,
જનમની મમતા પણ ક્યાં જરી
પર હતા જગના સહુ બંધથી,
પરમ નિર્મળતા મનમાં ભરી.

મરણ સ્પર્શ કરી ન શકે કદી,
અમર આત્મસ્વરૂપ તમે હતા,
સફળ કર્મ કરી પરમાત્મને

પરમધામ રહ્યા સ્મિતથી જતા.

તન ધરેલ તમે જડતા હણી
પરમજ્યોતિ થકી ભરવા સ્તરો
નિબિડ ભિન્ન અનેક તમિસ્ત્રના,
દિવસરાત પરિશ્રમ શો કર્યો !

સુખ અકલ્પ્ય અસીમ સમર્પતાં
સરિત જેમ મહોદધિમાં મળ્યા,
ટમકતા પથને અજવાળતા
મધુરમંગલ તારક શા ખર્યા.

વિમલ વારિ વહી હજુયે રહ્યું,
પરમજ્યોતિ ગઈ નવ એ મટી;
યુગયુગો લગ એ ભરશે બધે
નવલ જીવન વિશ્વમહીં ટકી.

*

ભય દક્ષિણ આફ્રિકા મહીં
પણ ના તમને જરી હતો,
સ્મૃતિ એક પ્રસંગની થતાં
દૃઢ નિશ્ચય એહનો થતો.

પ્રખર પૂર્ણ સત્યાગ્રહી બની
લડત ત્યાં ચલાવી તમે રહ્યા,
નવ સહી શક્યા ગૌર લોક એ,
કુપિત વૈમનસ્ય ઘણા થયા.

અમલદાર એકે કહ્યું મને
કદીક જાય ગાંધી કહીં મળી
નવ જવા દઉં જીવતો જ તો
ખતમ નાખું ગોળી થકી કરી.

તરત વાત વ્યાપી ગઈ બધે;
સુહૃદ સર્વ અજ્ઞાત રાખતાં

અમલદાર પાસે ગયા તમે
અભયમૂર્તિ જેવા પ્રભાતમાં.

વચન નમ્રતાયુક્ત ને વદ્યા
મરણ મારું ચાહી તમે રહ્યા
સફળ ચાહના તો કરો હવે,
ખબર કાલ સાંજે મને મળ્યા.

અમલદાર સાશ્ચર્ય મૂઢ શા
નીરખતા રહ્યા મૂક એ બની,
વચન સંભળાવ્યાં ફરી તમે
અભય શાંતિ ને સ્નેહને વણી.

અમલદારના અંતરે થઈ
અસર, ગાઢ આશ્લેષ આપતાં
પરમભક્ત અંતે બની રહ્યા,
સતત સંગ સસ્નેહ રાખતાં.

સ્મૃતિ અન્ય પ્રસંગની કરે મન ભારતમાં બનેલ તે;
ન ગણાય તરંગ સિંધુના નજરે રમતા પરંતુ બે.
બહુ વાર બિહારમાં રહ્યા ભયમુક્ત પ્રશાંત સા બની
અતિશોષિત ત્યાં કિસાનને સહયોગ અમોઘ શો દઈ.

કર ક્ષેત્ર થકી ગળી તણાં વસમો ઉઘરાવતા બધા
ભય ગૌર જમીનદારના મનમાં પ્રકટી રહ્યો મહા.
અતિઘોર વિરોધવેરથી ભરપૂર જમીનદાર ત્યાં
કટુ કંટક માનતાં પથે ઘડતો નિત ઘાટ મારવા.

મળતાં કટુ બાતમી બધી શિશુ જેમ તમે રહ્યા હસી;
વસતો ઉર વિશ્વપ્રેમ તો સ્વપ્ને પણ ભીતિ ના કશી.
સ્મિત સાથ જમીનદારને રજની સમયે કહ્યું મળી,
મુજને યમલોક મોકલી પંથ કંટકહીન લો કરી.

સુણતાં વચનો ઠરી ગયો રિપુ-શ્રેષ્ઠ જમીનદાર એ,

નીરખ્યો કદી માનવી નહીં ચહતો સ્મિત સાથ મૃત્યુને.
ભય મૃત્યુ તણો હતો નહીં તમને કદી, પ્રાજ્ઞ જાણતા;
મમતા રસવૃત્તિથી ભર્યા જન અજ્ઞ જ કો'ક માનતા.

*

તોય પારધી શી બની દંભ ને ભારે કરી
હણી તમને માનવે નીચતા કેવી કરી ?
વીરતા ક્યાં ખૂનમાં તમારા ક્યાંયે રહી ?
કથા દુર્ઘટના રહી શરમની સઘળી કહી.

નીચતા જડતા તણો દુષ્ટ કર્મ તણો કશે
વિશેષ નહીં આ થકી પુરાવો કોઈ હશે.
કેમ ગોળી મારતાં કર કપાઈ ના ગયા ?
વિચાર જ હિંસા તણા પ્રકટ રે, શાને થયા ?

હણી તમને વિશ્વની કુસેવા કેવી કરી ?
જ્યોતિ જીવનદાયિની જન હજારોની હરી.
સહસ્રોને સાંપડી શાંતિ મંગલ પ્રેરણા;
મૂકની વિરમી કથા મટી જડની ચેતના.

રણે શુષ્ક વનસ્થલી મિષ્ટ નષ્ટ થઈ ગઈ,
છાંય શીતળ તાપની શાંતિદા છેવટ શમી.
વ્યથા ભારત માતને સકળ સૃષ્ટિને થઈ,
ક્ષતિ તણી પૂર્તિ થશે કરોડો યત્ને નહીં.

ટમકશે તારક છતાં ચંદ્ર અધુના તો નથી,
પ્રકટશે સ્ફુલ્લિંગ પણ ચંડ અગ્નિશિખા મટી.

મરણ મંગલ ધન્ય બની ગયું
નીરખતાં તમને નિજમંદિરે,
મધુ મહોત્સવમસ્ત હશે થયું
સુખસ્વરે સ્તવતાં કિરતારને.

નવ હણી તમને કદી એ શકે
અક્ષય અમૃતરૂપ તમે થયા,

તન તજ્યું પણ સૂક્ષ્મ સ્વરૂપમાં
વિહરતાં વિભુમાં જ મળી ગયા.

સ્વર શમે રસપૂર્ણ સિતારનો
મધુરતા રસ કે સુખને દઈ,
મધુમયી પરમાત્મસિતારમાં
ત્યમ વિલીન પ્રશાંત રહ્યા થઈ.

તન ધરી કૃતકૃત્ય થયા તમે,
મરણ દિવ્ય મહોત્સવ શું કર્યું,
મરણનો નવ શોક ઘટે છતાં
પ્રણયથી ઉર અશ્રુ થકી ભર્યું.

ભ્રમર સૌરભ પુષ્પતણી ગ્રહી
ગમન પુષ્પ પરે કરતો કહીં,
પણ વિષાદ કરે કદી પુષ્પ તો
નવ નિરર્થક કો શકશે કહી.

ફરજ મૃત્યુ, તેં તો અદા કરી
કરુણ કિન્તુ દેખાવ શો કર્યો,
કુસુમકોમળ દિવ્યદેહને
અતિ કઠોર ગોળી થકી હણ્યો !

નવ વિચાર આવેગમાં કર્યો
ક્ષણ કરું સુખી શાંત આખરી,
નવ દીસે છતાં દોષ એ મહીં,
અવરની કહે તુંય ચાકરી.

નિયમ વ્યાપ્ત સર્વત્ર કર્મનો
વિભુતણી ફળે યોજના વળી;
અનુસરે સદા સંત એહને
જન વિશિષ્ટ સૌ શાંતિને વરી.

સહુ અમૂલ્ય કર્મો કહ્યાં છતાં

અતિ અમૂલ્ય છે કર્મભાવના,
વિવિધ કર્મની મૂલ્યવાન સૌ
પ્રતિક્રિયા સ્પૃહા તેમ વાસના.

શર કૃતાંતશું કૃષ્ણને થયું
ઈશુ ચઢ્યા વધસ્તંભપે વળી
મનુજશ્રેષ્ઠ કૈં વ્યાધિથી મર્યાં
વિષ ગયું દયાનંદને હરી.

તદપિ ભાવના ઉચ્ચ ના મરી
પ્રતિક્રિયા વિરોધી થઈ નહીં,
મન રહ્યું પરબ્રહ્મમાં રમી,
સરિત શા રહ્યા સાગરે વહી.

ચલિતચિત્ત સ્વલ્પે થયા નહીં
નવ તમેય ગોળી થકી ડર્યાં,
મધુર માત્ર 'હે રામ' ઉચ્ચરી
પરમ શ્રેષ્ઠ શ્રીરામમાં મળ્યા.

*

કરતા નિત કર્મ કૈં તમે રમતા નિજ રામમાં રહી,
મુખના મધુ શબ્દ આખરી શુભ એ જ કથા રહ્યા કહી.
પ્રભુમાં મનડું મળી જતાં સુધરે ક્ષણ અંતકાળની,
સુધર્યું મધુ મૃત્યુ કે બન્યું, ક્ષણ એ જયની, ન હારની.

પણ ઊર્મિતરંગ તીવ્ર ના વિરમે, વિરહાર્દ્ર શા વહે;
કરતા સ્મૃતિ ને પ્રશસ્તિ તે જનની જન જેમને ચહે.
પળવાર પ્રશસ્તિ એટલે કવિતા કરતાં કરી રહ્યો,
સુમનાંજલિ ભાવની ભરી કવિધર્મ અખંડ શો વહ્યો.

તનત્યાગ કરી તમે ગયા પણ માનવઅંતરે વસી
ચિરકાળ લગી વળી જગે રમશો મધુરું સદા હસી.
સ્મૃતિથી શુભ પ્રેરણા ધરી ભરશો અવની મહીં અમી;
નવ આહુતિ શ્રેષ્ઠ કર્મની યુગ જાય છતાં જતી શમી.

પ્રકટે નિત વ્યોમમાં ઉષા ભરતી રસ સંધિકા વળી,
રવિ રોજ પ્રકાશ પાથરે, રજનીશ રહે સુધા ધરી.
દિનરાત નવીનતા ધરી રસરાસ અખંડ શાં રમે;
સરિતા ઝરણાં વહ્યા કરે નવ સાગર શબ્દ ને શમે.

શમશે સ્વર તેમ લેશ ના શુચિ કર્મતણા તમે ધર્યા,
રસરંગ કદી ન ખૂટશે અવનીઅણુમાં મહા ભર્યા.
રસ નૂતન રેલતી રહે અવિરામ નિસર્ગ સર્વદા,
ધરશો રસરંગપ્રેરણા ત્યમ જીવનથી તમે નવાં.

નવ સંસૃતિચક્ર તૂટશે સ્મૃતિ ત્યાંલગ ખૂટશે ખરે,
નવતાં ધરતાં પ્રકાશથી ભરશે વસુધા પળેપળે.
સુમનો તજશે સુવાસને ધરણી પણ ગંધ છોડશે,
શુચિ સૌરભ તોય કર્મની ઘટશે ન વિલુપ્ત કે થશે.

કદી મંદિરમાં પ્રસાદ ને ક્રમ આરતીનોય તૂટશે
પણ આરતી કર્મની કરી જગમંદિરમાં ન ખૂટશે.
ધરતી મધુબીજથી ભરી નવ બીજ વિનષ્ટ તે થશે,
અમૃતભર અંકુરો મહીં પ્રકટી સહુ ભાવિમાં જશે.

જગતમાં મરશે જન કૈંક ને
પ્રકટશેય અસંખ્ય ક્ષણેક્ષણે,
વિસ્મૃતિઅર્ણવમાં મળશે બધા,
પ્રલય કાળ કદી કરશે બધે;

અમર કિન્તુ સુધાકરશા રહી
રસસુધા વસુધા પર ઢાળશો,
પથ પ્રકાશિત માનવનો કરી
નવલજીવન જ્યોત જગાવશો.

ભરજો રસ આ ધરા મહીં ધરજો સુખશાંતિને વળી,
તમબંધન ભેદવેદના હરજો મધુપ્રેરણા ધરી.
કરુણાર્દ્ર પવિત્ર જાહ્નવી કવિપ્રાણ થકી રહી વહી;
ક્ષણ નાજુક વેદનાભરી સઘળી પણ શાંતિથી સહી.

પ્રણયેભર પ્રાર્થના ઉરે જલ લોચનમાં ભરી કરી,
નીરખી નિત વિશ્વરૂપને મધુ વિશ્વ મહીં રહું ફરી.
વરસે વિધુ વહ્નિને કદી રવિ તેમ તુષારને ધરે,
નવ તોપણ પ્રેમ વિશ્વનો મુજ અંતરમાં ઘટે મરે.

સરિતા સઘળી સુકાય ને જલ અબ્ધિ તણાં બધે જલે,
નવ તોપણ પ્રેમ વિશ્વનો મુજ અંતરમાં ઘટે મરે.
નભ ને ધરતી અનાદિ શાં પરિત્યાગ સ્વભાવનો કરે,
નવ તોપણ પ્રેમ વિશ્વનો મુજ અંતરમાં ઘટે મરે.

હૃદયે નયને મને ભરી ધરતીરસ રોમરોમમાં
હૃદયે શ્વાસ લઉં યશસ્વિની ભરતાં રસ દિવ્ય ભોમમાં.

*

મંદિરો નૂતન હવે વધારે શાને રચું ?
આટલાં માંગલ્યમય મહિમાસભર મોટાં બધાં
મંદિરો અવની મહીં ઓછાં પડે છે ના મને,
નવા મંદિરની કરું રચના પછી શાને હવે ?

નથી આરસ શિલ્પ કે પ્રતિમા પરમ પૂજા તણી,
નથી સામગ્રી તથા ધૃતદીપ માળા પુષ્પની,
નથી પૂજારી નજર નાખું ચતુર્દિશ તે છતાં,
નથી ઘંટાનાદ તેમ સુસ્વર સુરીલા વાદ્યના.

આ અખિલ અવની દીસે મંદિર સમી મંગલ મહા,
માનવો એમાં પ્રતિષ્ઠિત દેવતાની મૂર્તિ શા,
એમના પદમાં ધરું પૂજા ઉપાસું એમને,
અર્ધ્ય અર્પું નેહથી નૈવેદ્ય માળા પુષ્પની

સૌરભભેર એમના કંઠે ચડાવું પ્રેમથી;
એમની સુખશાંતિ ને સંતૃપ્તિના અભિલાષથી
ધરું શ્વાસોશ્વાસ મંગલમય કરું આરાધના:
એ જ મંદિર, દેવતા એ, એમને સેવી રહું.

નવાં મંદિર સ્થાપનાની વાસના શાને ગ્રહું ?
લાભ અમૂલખ ઉપાસીને એમને જીવન લહું.

*

વિશ્વાકાશે ખીલ્યો દૈવી પૂર્ણચંદ્ર રસઝરતો,
અમી અર્પતા ત્રિભુવનમંગલ કિરણો કોટિ પ્રસારતો
સમર્પતો'તો સંજીવનને શાંતિપ્રસાદી ત્યાં તો
એકાએક વિલાયો વ્યોમે અસ્ત થયો સુખ હરતો.

સર્જનના શાશ્વત સરવરનું પદ્મ પ્રફુલ્લિત મીઠું
પરાગદાન દઈને કરતું સર્જન સૌરભભીનું,
માહાત્મ્ય તણી ગાથા એની દિગંતમાંહી વ્યાપી,
અલિમંડળને આમંત્રીને બિડાયું અણદીઠું.

ભાસ્કર ભારતનો યુગયુગનાં તમિસ્ત્ર ભેદી ખીલ્યો,
અર્ઘ્ય દાન તપર્ણ સ્તોત્રસ્વરે મહાજનોએ ઝીલ્યો
પ્રકાશ એનો નવજીવનના દ્વારપાળ શો ન્યારો
આલોકિત કરવા લોકાન્તર ત્યાં તો બન્યો અધીરો.

ભારતમાને મુકુટ શોભતો ચિંતામણી મજાનો
ગૌરવ ધરતો નિજ જનનીને ઝળક્યો સંસ્કૃતિભાલે
સુંદરતમ સૌભાગ્યચિહ્ન શો, શાશ્વતકાળ ન રાજ્યો,
લુબ્ધ કાળ હાથ કરી એને અજ્ઞાત સ્થળે રાચ્યો.

સિદ્ધ સાધના કેરી સિદ્ધિ મંદિર મુક્તિકેરું,
પૂર્ણતા તણું પ્રભાત ઉજ્જવલ ફળ સુકૃતોનું અનેરું,
પ્રકટ્યું સઘળું સંગમ સાધી જંગમ તીર્થ કરીને,
પુનિત થવાને કોઈ એને સહસા હર્યું હરીને.

કોણ અર્પશે જીવન જગને કોણ એકતાસૃષ્ટિ
સ્થાપિત કરશે અવનીપટ પર કોણ સ્નેહની વૃષ્ટિ
વરસાવીને તનમનઅંતર કરશે મધુમય મંગલ,
અંધાર મહીં અટવાતાંની દિવ્ય કો થશે દૃષ્ટિ ?


કળા કલાપી સરખી કોમળ કરતાં કોણ ફરીથી

અવનીને આહ્લાદિત કરશે અમૃતમયી અમીથી ?
આધાર મળ્યો નિરાધારને તૃષાર્થ પામ્યા પાણી
ત્યાં તો ભક્ષક બનતાં કાળે બંધ કરી મધુવાણી.

અમરો રહો ભારતના ભાસ્કર સૌરભ સર્જન કેરા,
સૂક્ષ્મ જગતથી રેલો રશ્મિ ચેતનવંત અનેરાં
શમે સકળ સંતાપસંઘર્ષો પદ્મ પ્રાણમાં ખીલે,
જીવતાં નહીં જાણ્યુંમાણ્યું મૃત્યુ બાદ તે ઝીલે.

સરવાણી શોષિતની પ્રકટી પુણ્યલોકથી મંગલ,
સ્મિત સંજીવનદાયક જાગ્યું હરતું અંતરક્રંદન,
પ્રકટી અવનીની અભિલાષા વ્યથા ધરીને કાયા,
એકાએક સમાપ્ત થયું સૌ મહા લગાડી માયા.

*** ગાંધીય ના ***



પૂર્વે ઉષા તિમિરથી કટુ જંગ ખેલી
ઉલ્લાસ ધીરજભર્યો અતિદીર્ઘ અંતે
પામે પ્રકાશકિરણો મધુસૂર્ય તેમ;
ઉદ્યાનમાં શ્રમ કરી દિનરાત માળી

સર્જે સુચારુ સુમનભેર સ્વાદુ સૃષ્ટિ;
ક્ષેત્રે કિસાન શ્રમના ફળને લણે ને
ધારા રસાળ વરસે વરસાદની તે
છે સાધના ફળશ્રુતિ પ્રકૃતિ તણી સૌ.

ના કાર્ય કારણ વિના કદી કાળ થાય,
એ વિશ્વનો નિયમ શાશ્વત શો પ્રવર્તી
પ્રાકટ્ય સત્પુરુષશ્રેષ્ઠ તણું કરીને
આશ્ચર્યથી ચકિત દર્શકને કરી દે.

કે મૂઢમુગ્ધ, સહસા પણ કૈં બને ના,
ગાંધીય ના વિરલ કો અપવાદ એમાં.

*** દધીચિ ***

સમાધિરત શાંત એ ઋષિ દધીચિ પાસે જઈ
પ્રધાન સુર સ્વર્ગના મધુરવી પ્રશસ્તિ કરી
વદ્યા : જગતમાં કર્યો પ્રખર કેર વૃત્રાસુરે
અનંત નિજશક્તિથી, જરૂર વિશ્વકલ્યાણની

તમે સમજતાં ધરો તન તમારું તો એ થકી
ઘડી પ્રખર વજ્રને અસુરનાશ તત્કાળ હો.
અમોઘ ઋષિહાડનું પ્રખર વજ્ર અંતે થયું,
થયો અસુરનો વિનાશ જગ શાંત આખું બન્યું.

પુરાણ ઋષિ એ દધીચિ પ્રકટી ફરી ભારતે
શરીરમનપ્રાણને સ્મિત થકી સમર્પી રહ્યા
અશાંત નિજ દેશકાજ પ્રિય જિંદગીયે કરી
ફના, નવલ તેજથી ત્રિભુવનો ઉજાળી ગયા;

સમાજસુખ શત્રુશા પ્રખર કૈંક વૃત્રાસુરો
હણ્યાં, યુગયુગો તણા પરમશાંતિદાતા થયા.

* * * * *

## ૫૯. આહુતિ

તમે જે અમૂલખ આહુતિ આપી
અનેરી અક્ષય આહુતિ આપી,
અંગારો ઉત્પન્ન થયો હો એકે પણ એમાંથી
અંધકારમય અવની માંહી
પ્રકાશની નાની રેખા હો પ્રકટ થઈ પથરાઈ,
નિષ્ફળ આહુતિ નથી તો પછી સફળ સાર્થ છે ન્યારી
મધુમય જનની કૃતાર્થતાની.

*

અમીમય અમૂલખ આપી
અનેરી અક્ષય આહુતિ આપી,
જડત્વપૂર્ણ જલેલ જગતમાં
જ્યોત થઈ હો નવજીવનની જાગ્રત એકે ઉરમાં,
નિષ્ફળ આહુતિ નથી તો પછી સફળ સાર્થ છે સારી
મધુમય જનની કૃતાર્થતાની.

*

સ્મરીએ અમે પૂજને સ્તવને
અર્પતા અંજલિ તમને પ્રણયે,
પદચિહ્નો પર કિન્તુ તમારાં
સાંપડતી હો લેશ પ્રેરણા પ્રયાણ કેરી ન્યારાં,
દાનવતામાં માનવતાની.

*

મઘમઘી ઊઠે મધુર મહેંકે મનડાં મ્લાન અમારાં
નિષ્ફળ આહુતિ નથી તો પછી સફળ સાર્થ છે સારી :
વરસો અનુગ્રહ મનુકુળ કે આ પુનિત પ્રેરણા પામે
શમે સંકટો સંસૃતિજૂની મહાવેદના વામે !

* * * * *

## ૬૦. મરણોત્તર સ્થિતિ

શાંત એકાંત દિલ્હીમાં વસેલા રાજઘાટમાં
મૃતદેહ લઈ આવ્યા નેતા ગાઢ વિષાદમાં.
પુષ્પ નાખ્યાં પ્રજાએ એ દેહે અંજલિ આપતાં,
નમસ્કાર કર્યા છેલ્લા કારમો ક્લેશ કાપતાં.

અનેક એકઠા લોકો સ્મશાને માર્ગમાં થયા,
પ્રવાહો પ્રેમના મીઠા જતા લોચનથી વહ્યા.
ફરી એ મુખ ના દૈવી મળશે અવલોકવા,
તેજસ્વી નેત્ર ને કાયા કરી રે'શે કૃતાર્થ ના.

માધુરી સ્મિતની વાણી અનેરી મળશે નહીં,
સ્વપ્ન જેમ બની સર્વે સમાયું સ્મૃતિની મહીં.
કઠોર કાળ કોઈને છોડે ના નિજપાશથી,
જન્મ દે શુભતત્વોને આનંદે ને વિનાશથી.

દિવસો મહિના વર્ષો પછી નિર્મિત જે થયો
ચિતાભસ્મ મહીં દેહ ક્ષણમાં તે ભળી ગયો.
ખરે નશ્વરતા આખી સૃષ્ટિની આમ છે કહી,
આજ દેખાય તે કાલે એ સ્વરૂપે રહે નહીં.

અવશેષ વહાવતાં પછી સરિતાસરતીર્થસાગરે
મધુ માનસરે વળી વિચર્યા જન કૈંક આદરે.
સ્મૃતિચિહ્ન કરી શુચિ સ્થળે બહુ અંજલિ એમને ધરી;
તન એમ બધી દિશા મહીં અતિ સૂક્ષ્મરૂપે રહ્યું મળી.

શુભ સુંદર રાજઘાટમાં રમણીય સમાધિ છે કરી
નીરખી સ્મૃતિ સંતની થતાં ક્ષણ કૈં મનડું રહે ઠરી.
સુમનો મધુસૌરભે ભર્યાં નિત અર્પિત ત્યાં થયા કરે,
જન કૈંક પવિત્ર પ્રેરણા રસથી ઉરતાપને હરે.

'હરે રામ' શબ્દ શુભ અંકિત ત્યાં થયા છે
કેવા અમૂલ્ય ઉપદેશ થકી ભર્યા છે;

એ વાંચતા કરુણ કાળપ્રસંગ કેરી
સાકાર થાય સ્મૃતિ ઊર્મિ ઊઠે અનેરી.

પ્રખ્યાત ભક્ત વર જ્યાં પ્રકટ્યા સુદામા
તે પોરબંદરપુરે ગૃહને સુધારી
ગાંધી તણી સ્મૃતિ કરી પરમાદરે એ
છે કીર્તિ મંદિર તણી રચના રૂપાળી.

અર્પી અનેકવિધ અંજલિ અક્ષરોની
એ આત્મલીન યુગમાનવને પ્રજાએ
હૈયે અસંખ્ય જનના અવશિષ્ટ કિન્તુ
ભાવોર્મિ ગૂઢતમ શાશ્વત શી સુહાયે.

અભિનવ રસ રેલી સંત અંતે સિધાવ્યા,
પ્રભુભુવન હશે ત્યાં પૂર્ણ પ્રેમે વધાવ્યાં;
પરિસ્થિતિ શુભ કિન્તુ રાષ્ટ્ર કેરી હતી ના,
વિકટ વિપતવર્ષા શાંત કેમે થતી ના.

દેશી રાજ્યોને અંગ્રેજે સ્વતંત્રતા બક્ષી સઘળી,
સમસ્યા બની નાજુક એથી કઠિન ભયાનક કિલષ્ટ વળી.
જૂનાગઢ તણી વધી સમસ્યા વળી હૈદરાબાદ મહીં
રઝાકારનો ત્રાસ ભયંકર થયો સહેજે શાંત નહીં.

પ્રાકટ્ય થયું શિશુનું ત્યાં તો પ્રસવવેદના ઘોર થઈ,
કુસુમ કળી ખીલે તે પહેલાં પવન રહ્યો આઘાત દઈ.
સરદાર પટેલને ઘટે ધરવો યશ કિન્તુ પ્રેમથી,
મમતા નિજ દેશની ભરી હ્રદયે વધુ શુદ્ધ હેમથી.

બુદ્ધિબળે અખિલ ભારતમાં સમાવી
યત્નો કરી વધુ રિયાસત પાંચસોથી,
એ કાર્ય અદભૂત અજોડ બની રહ્યું છે
કીર્તિપ્રદાયક યુગોયુગ વારસોથી.

લોખંડી મનના નેતાએ

જૂનાગઢ મહીં શાંતિ કરી,
રઝાકારનો ત્રાસ મટાડ્યો
કર્યો દેશને એક વળી.

જવાહરે વળી નીતિ અખત્યાર કરી ખરી,
એથી ઉપદ્રવો ક્લેશો સ્વાભાવિક ગયા ટળી.
સહયોગ મળી સાચો અન્ય નેતા તણો ગયો,
સ્વર્ણકાળ મહા રાષ્ટ્રે શરૂ જાગૃતિનો થયો.

પરદેશ મહીં કીર્તિ વધી ભારતની રહી,
લેશ શેહ મહીં કોની તણાયો દેશ આ નહીં.
સ્વતંત્ર નીતિથી ચાલ્યો સત્તાજૂથે પડ્યા વિના,
સંભળાવ્યા સદા શબ્દો ડર્યા તેમ ડગ્યા વિના.

ઊગતા સૂર્યના જેવો મંદમુગ્ધ પ્રકાશથી
મહીને ભરવા માંડ્યો નવનિર્માણ આશથી.
આરંભી કૂચ સમૃદ્ધિ સર્વોદયપથે વળી
વધવા શાંતિથી લાગ્યો નદીનાળાં ઘણાં તરી.

ઋષિઓની અભીપ્સાને આકાંક્ષા પરમાત્મની
સુખી ભારત આનંદે પૃથ્વીની પ્રેરણા બની.
અધ્યાયારંભ એ ન્યારો આઝાદી મળતાં થયો
ધરુ પ્રાપ્ત થતાં જેવો જાગે વિશ્વાસ પાકનો.

ગોડસેને મળી ફાંસી હત્યા દંડ સ્વરૂપમાં
ડુબાડ્યો દેશ આખોયે જે હણે ક્લેશકૂપમાં.

* * * * *

## ૬૧. કોણ અપરાધી ?

કોણ અપરાધી ? જરૂર એ જેમણે વધસ્તંભપે
ચડાવ્યા ઈશુને કરી ને ઘોર હત્યા તે દિને,
અશ્રુ એકે એમના અંતર મહીં ઉઠ્યું નહીં
જાહ્નવી ના વેદનાની જેમને જીવન વહી.

ઘોર અપરાધી ધર્યું સોમલ મહા શુકરાતને
દયાનંદ મહાનને ને નિર્વિવાદ અનન્ય એ
મહાઅપરાધી જગતની જ્યોતિને જેણે હણી
આતતાયી ગોડસે; એ કરુણતા ઈતિહાસની.

કહે છે કે ગોડસેને દંડમાં ફાંસી મળી,
સમસ્યા એથી છતાંયે માનવી કેરી ટળી ?

ન્યાય-નેકી-ધર્મ માર્ગે ચાલતા ગાંધી
ભિન્ન વેશે ને પ્રદેશે ખ્રિસ્ત સુકરાતો
દયાનંદોના વિરોધી જગવતા આંધી,
નિરીહોની વિશ્વમાં હત્યા શમી સઘળી ?

નિત્ય વધસ્તંભે ચડાવે સહસ્ત્રો ઈશુને
હણે નિંદે કષ્ટ અનુયાયી ધરે પજવે,
કરે કૈં અવહેલના જ્યોતિર્ધરો કેરી,
એમના આદર્શની હોળી કરે મેલી.

ગોડસેએ એક વાર શરીરને ગોળી
અને તે ત્રણ માત્ર મારી કિન્તુ જે હોળી
એમના સિદ્ધાંતની પ્રતિપળ કરે સૌ તે
મારતા ગોળી અનેકો એમના આત્મે

પ્રતિપદે; સત્તાધનપદોના પ્રલોભનના
મુગ્ધ જે ખદ્યોત પાછળ સૂર્યને તજતાં
ભોંકતા ખંજર બધા એ એમના પ્રાણે,
ભયંકર અપરાધ આવે કિન્તુ ના ધ્યાને.

એ બધાયે ગોડસે જીવે સમાજ મહીં
માહિતી પણ એમની જનને જરાય નહીં
રક્તરંગ્યા હૃદય સૌનાં ઊજળા તન છો,
દંડપાત્ર ભલે વિરાજ્યા ઊર્ધ્વ આસન હો.

કોણ અપરાધી વધારે વિઘાતક જગમાં ?
કોણ હત્યા ખરેખર ? ભરીને રગમાં
કોણ સોમલને ફરે ને સ્વર્ગ નષ્ટ કરે ?
ડંખતા ના એમના દિલ જડકઠોર ખરે ?

* * * * *

## ૬૨. ભૂદાનની ભાગીરથી

### * પ્રેરણા ને પ્રાદુર્ભાવ *

મૃત્યુ ગાંધીનું થતાં વિનોબા શોકિત થયા,
ગાઢ ચિંતનમંથને તરત ને ડૂબી ગયા.
વજ્રપાત થયો હતો એમના મનમાં મહા,
તપસ્વી ભારે છતાં મૃદુલચિત્ત હતા ઘણા.

પથપ્રદર્શન પામવા પ્રજા આતુરતા ભરી
વિનોબા પ્રત્યે રહી નીરખતી સંક્ષુબ્ધ શી.
અહિંસા ને સત્યના હતા પૂર્ણ પ્રતીક શા;
દુર્દશા દેખી રહે મનુજ કેરી સંત ના.

મળ્યા સેવાગ્રામમાં કાર્યકર નેતા વળી,
લોકહિતના પ્રશ્નની અવનવી ચર્ચા કરી.
સ્થાપના ત્યાં કરી સર્વોદય સમાજ તણી
વિનોબાની સૂચનાને શિરોધાર્ય ગણી,

સર્વહિતની સાધનાને પ્રેમથી કરવા
કર્યો નિર્ણય સેવકોએ જીવવા મરવા.

વિનોબા દિલ્હી મહીં કાર્ય કરવાને રહ્યા,
ભાવ અંતરના ઘણા પ્રવચનો કરતાં ધર્યા.
પ્રવચનો એ એમનાં રાજઘાટ મહીં થયાં
શાંતિઆશ અસંખ્યને નવલ તેજ ધરી રહ્યાં.

મહાત્મા ગાંધી તણા પુણ્યપંથ ચાલવા
માનવીને સંપ ને પ્રણયપંથ બતાવવા.
એમણે નિશ્ચય કર્યો તીવ્ર મંથન દર્દથી,
માર્ગ અંતે એમને પરમ દિવ્ય ગયો મળી.

*

ભગીરથે તીવ્ર કરી તપસ્યા
ગંગા વહાવી ધરતી પરે આ

ઉદ્ધાર કાજે નિજ પિતૃ કેરા,
આખ્યાયિકા પ્રાપ્ત થતી પુરાણમાં.

વીતી ગયાં વર્ષ સહસ્ત્ર ત્યારે
જનમ્યા વિનોબા જગમાં ફરીને,
ભૂદાનની મંગલ ગંગ લાવ્યા
ઉદ્ધાર કેરી અણમોલ આશે.

મંદાકિની એ અવની મહીં આ
વહી રહી નૂતન પ્રાણ દેતી
કરી રહી પાવન પ્રાણ લાખો
પ્રશાંતિના મંગલ મંત્ર કે'તી.

અમીઆચમને એના દર્શને તેમ સ્નાનથી
કૃતાર્થ બનતા લાખો પ્રાણ પીયૂષપાનથી.
નવજીવનની જાગી જ્યોત ગાઢ તમે રહી,
સુધાસૌરભ દુર્ગંધે શુચિ સર્વ સ્થળે વહી.

કૃપાળુએ વામનવેશ ધારી
ત્રિલોક માપ્યાં પગલાં ભરીને
માપી રહ્યા તેમ ધરા વિનોબા
ઉમંગશ્રદ્ધા હૃદયે ભરીને.

સંદેશ સંક્ષેપ મહીં જ અર્પતા
સેવા તણી મિષ્ટ કથા કહેતા,
પ્રયાસ સર્વોદયના કરીને
કૃતાર્થતા કાયમની લહેતા.

ધરી રહ્યા વામન દેહ તોયે
વિશાળ આત્મા અતિ એ મહીં વસે,
નાનાં ફળો જેમ કઠોર લાગતાં
છતાં ભરેલાં મધુ હોય છે રસે.

સ્વલ્પ શી સરિતા કેરું નીર સ્વર્ગીય લાગતું,

ગીત નાની સિતારીમાં કર્ણમંગલ જાગતું,
સામાન્ય સુમનો દૈવી ખીલે સૌરભને ભરી,
કેવી કોકિલના કંઠે કરોડો કવિતા કરી !

મીઠા સ્વરે માનવને જણાવે,
જમીન છે ઈશ્વરની સમસ્ત આ,
ના માલિકી એ પર માનવીની
ને માનવીનો અધિકારયે ના.

પ્રકાશ ના સૂર્ય તણો વળી હવા
ને વ્યોમ છે જેમ બધાય માટે
જમીન સૌના હિત કાજ તેવી
રહી શકે કેવળ ઈશખાતે :

છે માનવી તો રખવાળ એનો,
એની સુરક્ષા કરવી સદા ઘટે,
એનો કરાયે વિનિયોગ શ્રેષ્ઠ તો
સમાજનાં દૂષણદર્દ સૌ મટે.

ભૂમિહીન જનો માટે માગતો ભૂમિદાન હું,
અર્પો આહુતિ સેવાની એથી ઉત્તમ ના કશું.
મહાયજ્ઞ રહ્યા રાષ્ટ્રે સંત એ શાંતિથી કરી,
સહસ્ત્રોએ મહામૂલી મીઠી આહુતિને ધરી.

દયાર્દ્ર ને નમ્ર સ્વરે જણાવ્યું,
દરિદ્ર છે દીન અસંખ્ય રાષ્ટ્રે
એ સર્વનાં સંકટ ટાળવાને
પ્રેમાળ આત્મા રડતો વ્યથાએ.

કુટુંબમાં બાંધવ ચાર હોય તો
હિસ્સો બધાનો સરખો ગણાયે
થોડી વધારે સુખસાહ્યબીના
જમીનના વારસ સૌ મનાયે,

દરિદ્રનારાયણ બંધુ બીજો
સમાજમાં તેમ જ સર્વ માનો,
એનોય હિસ્સો ગૃહમાં સુખોમાં
જમીનની અંદર પૂર્ણ જાણો.

એના વતી પધાર્યો છું તમારી પાસ આજ હું,
હિસ્સો એનો રહ્યો માગી, સમર્પો ધન એહનું.
પાંચમો બંધુ માની લો તમારો મુજને ખરે,
શંકા ટળે તમારી તો મને સંતૃપ્તિ સાંપડે.

પવિત્ર વાણી રસપૂર્ણ એમની
ઉત્સાહ સાથે જનતા સુણી રહે,
સમર્પતાં કો'ક સપ્રેમ ભૂમિને
કૃતજ્ઞતા શબ્દ પગે પડી કહે.

કઠોર હૈયાં પલટાય પ્રેમે,
તૂટી પડે સ્વાર્થ તણા કિનારા,
નવો લઈને અવતાર માનવી
રચે નવા જીવનના મિનારા.

મળી જતાં પારસસ્પર્શ લોહની
સુવર્ણકાયા મધુરી બની રહે
જડત્વવાળાં ઉર એમ એમનો
સંસ્પર્શ પામી ગતિ શ્રેષ્ઠ મેળવે.

ભોગમાં ત્યાગના મંત્રો સુણાવે સંતશ્રેષ્ઠ એ
કાયાપલટ આત્માની થઈ જાય અનન્ય કે
વેદ દર્શનશાસ્ત્રોના રહ્યા નિષ્કર્ષને ધરી
નવી માનવસૃષ્ટિના પુણ્યપ્રસ્થાનને કરી.

વિજ્ઞાન કેરા યુગમાં રહ્યા એ
મનુષ્યને મંગલ મંત્ર આપી,
આત્મીયતાથી અવની મહીં રહો
કરાળ કે કર્કશ કષ્ટ કાપી:

વિવેકની જ્યોત ઉરે જગાવી
સેવા તથા સંપપ્રકાશ રેલો
કુટુંબના સભ્ય બની બધાંયે
સ્નેહેછલ્યાં માનવબાળ ખેલો.

વહાવતાં પ્રેમળવાણ એવી
પ્રવાસ એ દેશ તણો કર્યા કરે;
સંતપ્તને શીતળ હૂંફ અર્પતાં
ભંડારને નિર્ધનના ધને ભરે.

લોકસંપર્કને કાજે સાધનો ત્યાગતાં કરી
પદયાત્રા વિનોબાએ અતિઉત્કટ પ્રેમથી
દેવદૂત સમા કોઈ વિશ્વના વરદાન શા
આશીર્વાદ સમા લાગ્યા અનેરા પરમાત્મના.

*** વિનોબાની વાણી ***

મધુમંગલ વાણ એમની જનતા રસથી સુણી રહી,
ઉરની અતિ સ્પષ્ટ શબ્દમાં કથની શુભ એમણે કહી.
વચનો શુચિપ્રેરણા થકી જનને નવપંથ ચીંધતાં
કટુ શુષ્ક કઠોર પ્રાણને પણ સદ્ય અચૂક વીંધતાં.

શુભ રશ્મિ ધરે પ્રકાશનાં હરતાં તમ આત્મનાં વળી
નવસર્જનના ઉમંગથી ઉર દે ક્ષણ વારમાં ભરી.
કુસુમો મધુગંધ અર્પતાં અણમોલ ન એક શી કદી
લહરી પણ નિત્ય ના રહે મૃતપ્રાય બને રમી ઘડી,

પણ મંગલ મંત્ર એમના સહુને સુખશાંતિ આપતા
ફરતા ફરશે વળી જગે નિત જ્યોત નવી જગવતાં.

'મારા મહીં બળ હશે પ્રભુની કૃપાથી'
સાનંદ ત્યાં લગ પ્રવાસ કર્યા કરીશ,
માગીશ ભૂમિ રસપૂર્વક રાષ્ટ્ર પાસે
ને ભૂમિહીન જનને ચરણે ધરીશ.'

સામાન્ય મિલકત જમીન મનુષ્યની છે
સૌનો સમાન હક એ પર છે રહેલો
એથી કરાય શુભ સર્વ સમાજ કેરું
એ સર્વમંગલ તણો પથ છે સહેલો.

આરાધના પરમમંગલ કાર્ય આ તો
સેવા ગરીબજન તેમ અમીર કેરી
સૌનાંય જાગ્રત કરી હૃદયો રહેશે
સૃષ્ટિ મહાન રચશે રસની અનેરી.

છે પેટ અલ્પ મુજ કિન્તુ દરિદ્ર કેરુ
ભારે વિશાળ નવ તૃપ્ત થનાર એવું,
એથી જમીન અવિરામ અપાર માંગુ
સેવાપથે સુખ મળે અણમોલ કેવું ?

ફાળો પવિત્ર ધરતાં કૃતકૃત્ય થાઓ
ને ક્રાન્તિના પરમદૂત બનો બધાય,
સંતુષ્ટિ થાય મુજ અંતરને અનોખી
સંતાપ માનવ તણા મૃતપ્રાય થાય.

ગાંધીજીનો વિમળ વિહરે સંગમાં આત્મ મારી
એનો થાયે અનુભવ મને અર્પતાં શાંતિ ન્યારી
દર્શાવે છે પથ પરમ એ દોષમાંથી ઉગારી
શંકાચિંતા મધુરરસથી ઘોર દે દર્દ ટાળી.

જનની શિશુને સુધાછલ્યાં પ્રણયી નયને નિહાળતી
શિશુ હોય ક્ષુધાર્ત લેશ તો મનમાં નવ શાંતિ ધારતી.
જમતાં પહેલાં જમાડતી શિશુકાજ ક્ષુધાર્તયે રહે,
સ્મિત સાચવતાં સદૈવ ને શ્રમસંકટવેદના સહે.

શિશુના શુભ શ્રેય સારુ એ નિજ જીવનને ફના કરે,
હિતયજ્ઞ મહીં અમીભર્યા ઉરથી બલિ ધૈર્યથી ધરે :
બળ-વૈભવ-જ્ઞાનવાનયે ત્યમ શ્રેય સમાજનું કરે,

નિજ જીવનને સમર્પતાં સહુના હૃદયો રસે ભરે.

સહુનાં ઉર સ્નેહભાવથી ભરપૂર દયાર્દ્ર થાય જો,
મધુમંગલ હો વસુંધરા મુજને પણ શાંતિ થાય તો.

*** ફળશ્રુતિ ***

સંપત્તિદાન શુભ જીવનગ્રામદાન
ને પાત્ર સર્વહિત ખાતર શાંતિસેના
ભૂદાનની મધુર મંગલ ગંગમાંથી
ચાલ્યા પ્રવાહ અણમોલ અનંત એવા.

સેવાતણા પરમ અદભૂત યજ્ઞમાં એ
સામેલ સેવક થતા હરખે હજારો,
ચાલી નવીન લહરી નવપ્રેરણાની
ઉત્સાહહિંમત મહીં કરતા વધારો.

ક્ષેત્ર સેવકને મળી લોકસેવાનું ગયું,
દેવના વરદાનનું શું અમૂલ એ સૌને થયું.
ગરીબોની મુક્તિનું ઊઘડ્યું મંદિર વળી,
બધે આત્મિક ભાવના વિમલદિવ્ય રહી ફરી.

પરમશ્રદ્ધા આશની હસી શી સૃષ્ટિ રહી,
બની શાંત વનસ્થલી સુખમયી રણની મહીં.
કીર્તિ એ આચાર્યની દિગંતે પ્રસરી રહી;
ગયો ટીકાખોરને વિષય ટીકાનો મળી.

શાંતિપૂર્વક સંત એ સહન સૌ કરતા રહ્યા,
વિરોધીને વેરનાં વચન ના કો'દી કહ્યાં.
ઘોર ચંબલ ખીણમાં ચમત્કાર કર્યો મહા,
પ્રેમપૂર્વક ડાકુનાં હૃદય પલટાવ્યાં અહા !

તથાગત શા ધર્મનું મહાચક્ર ચલાવતા
અજ્ઞતાનાં દૈન્યનાં કફન કૈંક કરાવતા.
રહ્યા પદયાત્રા કરી ચતુર્દિશ દેશે રસે

રાગઆસક્તિ સજી તનિક ના મમતા કશે.

ત્યાગી દઈ વિભવ ને સુખસાહ્યબી સૌ
સેવાપથે નિત પ્રાણ કરી રહ્યા એ;
જેના ઉરે અપરના સુખની અભીપ્સા
આસક્ત થાય વિષયે પથભ્રાંત શે તે ?

એવા મહાન જનના શુચિ સ્પર્શથી આ
પૃથ્વી પવિત્ર વધુ મંગલમિષ્ટ લાગે,
સંઘર્ષ વિપ્લવ મહીં પણ આત્મ એનો
ના મ્લાન કે મૃત બને, ચિરકાળ જાગે.

* * * * *

## ૬૩. શ્રદ્ધાવાણી

પ્રવાસપથ ક્લિષ્ટ કંટકભરેલ લાંબો ઘણો
મહાગહન એ મહીં ગિરિવરો અનેકો રહ્યા,
પ્રલોભન અસંખ્ય ઘોર ભયસ્થાનથી છે ભર્યો,
નથી સફરશ્રેયધ્યેય પરિપૂર્ણ સાન્નિધ્યમાં.

પરિશ્રમ છતાં પ્રચંડ કરવો રહે હિંમતે
વળી ચૂકવવી રહે પ્રતિપદે પળે કિંમતે;
કર્યાં વિવિધ શૃંગ ના સર સુચારુ સાફલ્યનાં,
નથી સફરને કરી સફળ, અર્ધરસ્તે રહ્યા.

મુસીબત પ્રવાસને પથ અનંત આવે છતાં
નથી સફર છોડવી ભય થકી અનુત્સાહથી,
સમુદ્ર પર નાવને ચપલ મસ્ત મોજાં મળે
પરંતુ ચળતી નહીં અભયથી રહેતી ટકી.

હતાશ નવ થાય જે વિપદવહ્નિથી ના ડરે
પ્રચંડ પ્રતિકૂળતા નીરખતાં રડે ના ચળે,
રહે સતત કાપતા પથ અસીમ ધૈર્યે સદા,
વરે વિજયને બને સફળ એ પ્રવાસી કદા.

નવ નિરાશ થયે સુખ સાંપડે
સફર પૂર્ણ બધી કરવી રહી,
પથ ભલે કટુ કંટકથી ભર્યો,
પરમ હેતુ ભયે સરશે નહીં.

ધૈર્ય હિંમત ઉત્સાહે શ્રદ્ધાથી ચાલવું રહ્યું,
પુરુષાર્થ થકી કૈંયે અશક્ય ના જગે કહ્યું.
સ્વતંત્રતા તણી સાચી ભાવના અધૂરી રહી,
ગાંધીની કલ્પના રાષ્ટ્રે મૂર્તિમંત બની નહીં.

બેકારી દર્દ છે દેશે ભૂખ ને દુઃખબંધનો,
અનર્થસ્વાર્થ ખેલે છે, કરાતાં કૈંક ક્રંદનો.

સર્વમાંગલ્યના ભારે પ્રયાસો કરવા રહ્યા,
સુખસમૃદ્ધિના યજ્ઞે ભોગોને ધરવા રહ્યા.

પ્રવાસ સૌનો સહકાર માગે;
સેવા તથા સ્વાર્પણસંપ જાગે
પ્રજાજનોમાં નવ તો પ્રવાસની
સંપૂર્ણતાને વધુ વાર લાગે.

સોહી રહે સૌ શુચિ દેશપ્રેમે
સાર્થક્ય તો દૂર રહે ન કેમે;
ડરે નહીં જે બલિદાન દેતાં
તે શ્રેય પામી સુખશાંતિ લેતાં.

અભ્રો અનેક ક્ષિતિજે ભયથી ભરેલાં
કષ્ટો તણી ચમકતી ચપલા તથા કૈં
સંઘર્ષ ઘર્ષણ તણા ગગડાટ જાગે,
ધારા અસીમ વરસે કદી તો વ્યથાની.

સૌયે પરિશ્રમ કરે અભિલાષ સાથે
સંપે પવિત્ર સહકારબળે મળીને,
સાકાર સ્વપ્ન સુખનાં સઘળાં બને તો
રેલે સુહ્રાસ વસુધા મધુને ધરીને.

ચિંતા કરો કેમ નિગૂઢ ભાવિની ?
કરી રહો સુંદર વર્તમાન;
નાખો જરી બીજ જમીનમાં તો
હસી રહે અંકુર સાથ પ્રાણ.

કુસંપ ને શોષણ ભેદભાવના
પ્રલોભનો સ્વાર્થ સદા ફગાવતાં
ક્રીડા કરો સ્નેહવિશાળતામાં
સ્વરાજનો પૂર્ણ લહાવ માણતાં.

સંક્રાન્તિકાળ યાત્રાનો જતો સત્વર આ વહી

પ્રવેશશે રસે ભીની સ્વર્ણકાળ મહી મહીં;
ભેદીને અભ્રને ઘોર સૂર્ય પૂર્ણ પ્રકાશતો
વિખેરી તેમ વિઘ્નોને સુખી દેશ દીસે થતો.

લેશ સંશય ના એમાં, ઈશ્વરી ક્રમ એ જ છે,
વિધાન વિધિનું એવું, ફળશે સ્વયમેવ એ.
એ જ ધ્યેયદિશામાં આ ક્રમથી દેશ જાય છે,
અહર્નિશ વળી ટૂંકુ દીર્ઘ અંતર થાય છે.

વિશ્વમાં પણ અંતે તો શાંતિનાં જ બળો થશે
વિજયી, સંપમુક્તિની સિતારી વાગતી હશે.
શાંતિની ઝંખના સૌની સ્વપ્નાં માનવનાં વળી
બલિદાન પ્રયાસો રહેશે આખરે ફળી.

જયકાર થશે અંતે વિશ્વે માનવતા તણો,
ધરિત્રીઅંતરે મીઠાં વહેશે હર્ષનિર્ઝરો.
ઊષા ઉગી ગઈ એની, નિરાશા ના હવે કશી,
તમિસ્રથર તોડીને રહેશે સવિતા હસી.

ગાંધી ગયા પણ વિશિષ્ટ વળી પધારી
બીજા મહાપુરુષ વિશ્વ મહીં રહેશે,
રેલી પ્રકાશ પથ મંગલનો બતાવી
મંત્રો મહાન જનને સુખના કહેશે.

અંધારના થર ચતુર્દિશ સ્વાર્થસ્પર્ધા
સંઘર્ષનાં કટુ નિશાન ભલે જણાય,
એકાદ વિપ્લવ વિનાશક થાય તોયે
આત્મા નહીં મધુર માનવનો હણાય.

નહીં મનુજ કાળની સતત કૂચને રોકી શકે,
બધે મનુજજાતિના પુનિત પ્રાણપ્રાકટ્યથી
વિમુક્ત બનવા પ્રશાંતિ સુખશ્રેયને પામવા
સમૃદ્ધ કરવા સમગ્ર જગને પ્રયત્નો થશે.

મહામહિમા વિશ્વમંગલ તણા મહાયજ્ઞમાં
સહાયક બને ધરે સમિધને અનેરી જનો
મહાપુરુષના પ્રયાસ અભિલાષ તો સૌ ફળે,
નથી પરમ એ થકી પુનિત શ્રાદ્ધ કોઈ ખરે.

* * * * *

## ૬૪. અમર આશા

* ૧ *

પ્રાર્થે પ્રકાશ પૃથિવી નવચેતનાના
માંગલ્યમંત્ર કરુણાભર કૈંક ઝંખે,
વ્યાપે અશાંતિથર ક્રંદન કાળજાને
કોરી રહે, પથપ્રદર્શન કાજ ત્યારે

એકાદ દૂત પરમાત્મ તણા પધારી
રેલે પ્રકાશકિરણો જડમાં સુધાને
સીચીં સજીવન કરે અવની બધીયે;
એ દિવ્યદૂત પ્રકટી સ્વગૃહે સિધાવ્યા.

ગાંધી ગયા નવ પરંતુ મટી સમસ્યા
સંઘર્ષ-શોષણ-કુંસપ-અનીતિ કેરી,
ના સ્વાર્થતાંડવ શમ્યાં, કટુ અટ્ટહાસ્યો
વિશ્વે કરે અસુર માનવમાં રહેલો.

નૌકા જતી જલધિમધ્ય અનેક આગે
ભાસે ન કિન્તુ નજદીક મહાકિનારો

* ૨ *

સંગ્રામની વિષભરેલ વિભીષિકામાં
સંત્રસ્ત નીરસ સમી અવની સમસ્ત
ઝંખે પ્રકાશ પથદર્શન ચેતનાને,
રેલાવવા મધુરહાસ હમેશ પ્રાર્થે.

એકાદ લોકગુરુ જ્યોતિ જગાવનારા
અંગાંગમાં, કુશળ નાવિક શા બની જે
તોફાનથી સુખદ શાંતિ સુધાકિનારે
નૌકા મહા લથડતી જલમધ્ય દોરે.

ક્યાં એ મહાગુરુ સમસ્ત વસુંધરાના,

પોકારતી કરુણ ક્રંદન સાથ પૃથ્વી;
પાછા બને પ્રકટ અક્ષય કો પ્રકાશે
સૌને પ્રકાશિત કરી મધુરી સમર્પી

સંજીવની નવલ જીવનને જગાવે,
ઘેરાં તમિસ્ત્ર અવનીઉરનાં ફગાવે.

* 3 *

આવે નહીં રવિ સમસ્ત વસુંધરાના
બેસે પ્રમાદભર ત્યાં લગ લોક સર્વે ?
ઘેરા અશાંતિથરને નવ ભેદવા ને
સ્વલ્પે પ્રકાશ ધરવો જગમાં અનેરો ?

ક્લેશો કુસંપ વડવાનલ વેદનાના
પીડી રહ્યા મનુજને નવ ઠારવાને
સ્નેહાર્દ્ર સિંચન કરી રસનું રહેવું,
ના માધુરી ગરલમાં ભરવા જરાયે ?

એ જ્યોતિના પતિ ભલે પ્રકટે છતાંયે
અંધારના પડળ ત્યાં લગ ટાળવાને
સ્વલ્પે પ્રયત્ન કરવા નિજ દીપિકાથી;
ના યોગ્યતા અનિલ જોમભર્યા થવાની.

કિન્તુ પવિત્ર બનતાં લહરી હવાની
પૃથ્વી પ્રસન્ન કરવી મધુતા વહાવી.

* ૪ *

લક્ષ્યાંક બધા સિદ્ધ થયા ના, માનવની મંગલમય
મહાસફર સર્વોદય કેરી પરિપૂર્ણ બની છે ક્યાં ?
અંધકારના ઓળા ઊતર્યા અવનીપટ પર આજે
તોપણ નૈરાશ્યવદન બનવું વિષાદગ્રસ્ત ન છાજે.

ગાંધીસરખા સત્પુરુષોને દાન સિદ્ધિનાં દીધાં

દેશે દાન એ જ આપણને વિષમાં દિવ્ય અમીનાં,
પ્રકાશ રેલ્યો જીવનપથ પર અનુકંપાથી જેણે
એ જ રેલશે પ્રકાશ પાવન સૌના પથ પર પ્રેમે.

ગાંધીજીવન કેરી પ્રેરક બની પળપળ ન્યારી
શાશ્વત શક્તિ માતૃહૃદયની મમતાથી પણ ભારી
મમત્વ ધારી, પ્રેરક બનશે આપણીય સફરે આ,
ચિંતા શાને પછી વેદના વિષાદ સ્વલ્પ નિરાશા ?

આધાર બન્યા કોણ એમના ? કોણે બક્ષી દૃષ્ટિ ?
જ્યોતિ જગાવી કોણે ? જીવન કોણ રહેલું રક્ષી ?
કોણે સોમલ પચાવવાની સુયોગ્યતાને અર્પી ?
કોણ વિષાદવ્યથામાં નિશદિન અનુગ્રહવર્ષા વર્ષી

રહ્યું રક્ષતું જીવનનું ધન સુણી પ્રાર્થના પ્રેમે
સંવેદન શાંત કર્યાં કોણે સંતાપ હર્યા રે'મે ?
એ જ પરમશક્તિ સર્જનની પરમસ્વામિની ધાત્રી
મહાવિધાત્રી અહર્નિશ રહી જીવન સૌનું રક્ષી,

શરણ એહનું સ્નેહે લેતાં પુરુષાર્થ થકી પ્રેમે
ધપશું આગળ સાફલ્યતણા રસાસ્વાદની નેમે,
કૃતાર્થતાનો મહોત્સવ તણો મળશે તો ઉલ્લાસ,
નથી હતાશ થવું સ્વપ્નેયે, અમર રાખવી આશ.

### * ૫. કલિયુગનો માર્ગ *

સત્યયુગમાં ધ્યાનયોગે માનવીમનને
શાંતિ સાંપડતી સહેજે, યજ્ઞ ત્રેતામાં
કરી સાધક પ્રાણમાં પરબ્રહ્મની પેખી
પ્રભા જીવનના પરમ સાર્થક્યને લભતા;

દાન દ્વાપરમાં કરીને તપસ્યા કોઈ
શ્રેષ્ઠ જીવનશ્રેયરસમાં નિમજ્જન કરતા;
સાધનો કલિકાળમાં સૌ બની વ્યર્થ ગયાં

નામસંકીર્તન મહીં છે સમાવિષ્ટ બન્યાં.

ક્લેશયુક્ત અશાંતિકારક ઘોર કલિયુગને
સુદુસ્તર શાસ્ત્રે કહ્યો પલટાવતો લોહે
હેમને એ સત્ય કિન્તુ માર્ગ એક અમોઘ
એહને તરવા તણો દેખાય છે અણમોલ :

માનવી સત્કર્મ કરતાં કરે અભ્યુત્થાન,
અન્યના હિતનું હંમેશાં ધરે મંગલ ધ્યાન.

## * ૬. હિરોશીમાનો મંત્ર *

હિરોશીમા ગર્વે પુલકિત વિકાસોન્મુખ કરી
અનેકો વર્ષોથી શિર સુખછલ્યું ઉન્નત રહ્યું,
નવા ઘેને ગાત્રો સકળ ભરનારા યુવકશું
પ્રતાપી ઐશ્વર્યે અભિનવ બની સંસ્કૃતિ થકી.

સમૃદ્ધિશાળી ને સુખપ્રદ વળી શક્ત શું થયું,
વિલાઈ એ શક્તિ તરત જ મટી ગૌરવ ગયું
બળ્યું ભસ્મે આખું નગર રિપુનો બોમ્બ પડતાં,
બળી કાયા, એનું હૃદય પણ લેશે નવ બળ્યું.

હિરોશીમા અર્પે મનુજકુળને મંત્ર મધુરો,
હણાયે હિંસાથી નવ મનુજની સર્જન તણી
અભીપ્સા, આત્માનું સહજશુચિ ચૈતન્ય પણ ના,
મહત્વાકાંક્ષીઓ અભિનવ રચે વિશ્વ રજથી

સ્મશાનોની; હિંસા વિજય નવ આત્યંતિક લભે;
સદા શક્તિ જીતે વિગઠન નહીં સંગઠનની.

## * ૭. આશા *

અંધારેલા ગગનપટપે અભ્ર ગાજે અનેકો,
આરંભે ને મધુર ચપલા નૃત્ય નૃત્યાંગના શી,
ના દેખાતા ગિરિવર બધા ધુમ્મસે આવરેલા;

વર્ષા મૂકી મન ગગનની અપ્સરા જેમ આવી

આલિંગે આ જગતતલને મુગ્ધ જેવી બનીને;
ત્યાં તો ક્યાંથી થર તિમિરના ભેદતાં સૂર્ય કેરાં
રશ્મિ આવ્યાં ચપલ ચપલા તેમ વર્ષા સિધાવ્યાં
સ્વસ્થાને, આ કિરણરથમાં સૂર્ય પોતે પધાર્યા.

આંધી આવે ઘન ગડગડે ઘોર વર્ષર્તુ જેવાં,
રાસક્રીડા મનભર કરે વિદ્યુતો વેદનાની,
વાતા તીખા પવન દિલને ડારનારા ભમે ને
અંધારાના પડળ સઘળે તોય આશા મટે ના;

રશ્મિ રેલી નવલ રસને ચેતનાને રહેશે,
સમૃદ્ધિનો પરમ સુખનો જાગશે સૂર્ય દેશે.



* * * * *

## ૬૫. પૂર્ણાહુતિ

માંગલ્યમૂર્તિ ગાંધીનો અર્પ્યો લેશ ચિતાર મેં,
અનંત આભ આલેખી માપી પૂર્ણ શકાય શે ?
ઈન્દ્રચાપ તણા રંગો સઘળાય ગણી શકે
મહામાનવ-લીલા ના કિન્તુ કોઈ કળી શકે.

તાગ કાઢે ધરા કેરો, પહોંચે સિંધુના ઉરે,
મહાન જનના કિન્તુ જાણે ના શું દિલે સ્ફુરે.
માપે પર્વત ના તોયે મપાયે મન એમનાં
અતિગૂઢ કહ્યાં જેને મધુરાં શુદ્ધ હેમ શાં.

છતાં સાદર સસ્નેહ અર્પ્યો અત્યલ્પ ખ્યાલ આ;
પ્રેમપ્રવાહ પૃથ્વીનો પ્રકટ્યો પૂર્ણ પ્રાણમાં.

અસંખ્ય વરસે યુગે પ્રગટ થાય પૃથ્વી મહીં,
મહાપુરુષ સંત કે જગહિતેચ્છુ આવા ખરે,
સમસ્ત ઈતિહાસમાં મનુજ જાતિના માનવી
બધે નજર નાખતાં વિરલ એમના શા મળે.

લોકહિતયમુના મહીં ઈશની આરાધના-
ગંગ ગાંધીમાં ભળી, વિરલ એ અન્યત્ર હા !
દિવ્ય સંગમ એ હતો એમના ઉરમાં થયો,
અંતકાળ લગી ટકી મધુર ને અક્ષય રહ્યો.

વસી દક્ષિણ આફ્રિકા દેશવાસી લાભમાં
ઉમંગ થકી હિંમતે પ્રખર પ્રતિકારો કર્યા;
ત્યારથી મુક્તિ મળી અલગ ને કાયા થઈ
વિલુપ્ત થયો ત્યાં લગી લેશ એ સંગમ નહીં.

એ મહાન વિશિષ્ટતા મહાત્મા ગાંધી તણી,
પ્રાણ પરમાત્મા મહીં પૂર્ણ લીધેલો વણી.

*

કદાચ કવિતા સમસ્ત કવિ વિશ્વ કેરા કરે

સુયોગ્ય મહિમા અખૂટ નવ પૂર્ણ તોયે ધરે,
પરંતુ યશગાન સ્વલ્પ પણ લાભકારી ઠરે,
અસીમ સુખ સાંપડે અમૃતબિંદુ એકે મળ્યે.

નથી કવિ કુશાગ્રબુદ્ધિ પટુ લેશ વાગર્થમાં,
પડે ગમ ન અર્થગૌરવ કવિત્વ લાલિત્યની,
છતાંય કવિતા કરી સુમન સ્નેહ કેરાં ભરી,
ગુણો નીરખશે ગુણી સ્તવન સાર્થ દેશે કરી.

જનો પરમહંસ શા ગુણ જુએ બધામાં વળી
રહે અબુધ અલ્પનેય મહિમા અનેરો ધરી;
થશે વિબુધ તે પ્રસન્ન કવિતાસુધાસ્વાદથી
ભરી અવનવીન અંતર અખૂટ આહ્લાદથી.

સ્વાતંત્ર્યના મહામોંઘા આજ પર્વદિને મને
અર્ઘ્ય રાષ્ટ્રપિતાને આ અર્પવા ભાગ્ય સાંપડે.
વીસ વર્ષો તણી વીતી ઉષા ને સંધિકા ગઈ
ત્યારે હિમપ્રદેશે આ પ્રકટી પ્રેમજાહ્નવી.

ઋણમુક્ત થઈ એથી અંતરાત્મા કૃતાર્થ શો
સંતુષ્ટિ દિવ્ય સંતૃપ્તિ લભે ઉલ્લાસને ઘણો.
સ્વાતંત્ર્ય જંગના સર્વે સૈનિકો યાદ આવતા,
નવનિર્માણમાં લાગ્યા લક્ષ ને મનભાવતા,

એ સૌને ભાવથી ભીની અર્પું અંજલિ આજ હું;
દેશ ને દુનિયા કેરી સમૃદ્ધિશાંતિને ચહું.

*

સૂર્યચંદ્ર તપે હાસે પૃથ્વી ને વ્યોમ જ્યાં લગી
સ્વતંત્રતા મળેલી આ રહો અમર ત્યાં લગી.
નદીનિર્ઝર આલાપે ગાય અર્ણવ જ્યાં લગી
સ્વતંત્રતા મળેલી આ રહો અમર ત્યાં લગી.

પુષ્પ ખીલે પડે વર્ષા, વાયુની લહરી વહે,
સ્વાતંત્ર્ય સાંપડેલું આ ત્યાં લગી કાયમી રહે.

રહે પર્વતશૃંગો સૌ વૃક્ષઔષધિ જ્યાં લગી
સ્વાતંત્ર્ય સાંપડેલું આ રહો અક્ષય ત્યાં લગી.

ચક્ર સંસૃતિનું ચાલે જીવે માનવ જ્યાં લગી
સ્વતંત્રતા મળેલી આ રહો અમર ત્યાં લગી.
તૂટો બંધ ગુલામીના શેષ સૌ વસુધા મહીં;
પ્રયાસો શાંતિસિદ્ધિના થાઓ નિષ્ફળ ના કહીં.

વિજ્ઞાનબળ ને બુદ્ધિ સંપત્તિ સૃષ્ટિની સદા
શ્રેયસ્કર બનો સૌને કરો ઘર્ષણ ના કદા.
કુટુંબ શી બનો પૃથ્વી સંપસ્નેહ થકી ભરી
પૂર્ણાહુતિ કરું એવી ભાવના પ્રાર્થના કરી.

*

મટો દ્વેષના દાવાનલ સૌ અહંકાર ને સ્વાર્થ ટળો;
મોહ તેમ મદમમત્વ મારી માનવ સૌનું શ્રેય કરો :
હો અજ્ઞાનતિમિર અવનીમાં ભૂલેચૂકે ક્યાંય નહીં,
પ્રકટો એવું પ્રભાત મંગલ હે પ્રભુ, આ સંસાર મહીં.

ક્ષુલ્લક ભાવો ક્ષુદ્ર વિચારો સીમિત વળી વફાદારી
છોડી યાત્રા કરો માનવી વિશાળતા હૈયે ધારી :
વિશ્વમાનવી બનો બધાંયે કરો સ્વાર્થના કાર્ય નહીં,
પુનિત પ્રભાત પ્રકટ હો એવું પરમાત્મા, સંસાર મહીં.

ભેદભાવમાં અભેદપ્રેરક વિવેકની વીણા વાગો,
દીન હીન ને પછાત તેમ જ બદ્ધ તણો આત્મા જાગો :
દુઃદદર્દ શોષણ યુદ્ધ તણી છાયા ના દેખાય કહીં
પ્રકટો એવું પ્રભાત મંગલ હે પ્રભુ, આ સંસાર મહીં.

વિચાર વાણી વર્તન કેરી સરિતા શુદ્ધ સ્વતંત્ર વહો,
સુખકારક શ્રેયસ્કર બનતાં સંવાદ તણી કથા કહો :
સમૃદ્ધ માનવ સમાજ માટે સરિતા સદૃશ રહે વહી
પુનિત પ્રભાત પ્રકટ હો એવું પરમાત્મા, સંસાર મહીં.

દંભદર્પ છળની હો હોળી સંશય કેરો અંત વળી,

અત્યાચાર અનર્થ શાંત હો ભીતિરહિત સૌ રહો ફરી :
અભ્યુદયનો અમર અનેરો સત્ય રહો ઉલ્લાસ લહી,
પ્રકટો એવું પ્રભાત મંગલ હે પ્રભુ, આ સંસાર મહીં.

શાંત શસ્ત્રસ્પર્ધાને કરતાં સેવાપથ વિજ્ઞાન વળો,
સંઘ લશ્કરી લોલુપતાઓ સત્તાની સર્વત્ર ટળો :
શમો સર્વ સામ્રાજ્ય લાલસા વૃતિ આસુરી હૃદય રહી,
પુનિત પ્રભાત પ્રકટ હો એવું પરમાત્મા, સંસાર મહીં.

એક જ ગૃહ કે માળા સરખો બની જાય સંસાર ખરે,
આત્મભાવના વ્યાપે, સૌના સુખના સર્વ પ્રયાસ કરે :
બને દિવ્ય ભાવે ને કર્મે સુંદર સ્વર્ગ સમાન મહી
પ્રકટો એવું પ્રભાત મંગલ હે પ્રભુ, આ સંસાર મહીં.

સ્વર્ગ તેમ અપવર્ગથી અધિક વસુધાને માનવ માણે,
મધુર નિનાદે મહિમા નિશદિન માનવનો ગાયે જાણે :
આરતી ઉચ્ચ ઉતારે અંતર જીવનનું સાર્થક્ય લહી
પુનિત પ્રભાત પ્રકટ હો એવું પરમાત્મા, સંસાર મહીં.

* * * * *

## ૬૬. ઉપસંહાર

નથી અખિલ વિશ્વમાં અમર જીવ કોઈ ખરે,
કદીક પણ કોળિયો કુપિત કાળ સૌનો કરે,
પરંતુ મરતો નથી અમર આત્મ, સત્કર્મની
સુવાસ યશમંડિતા પણ ન મ્લાન થાયે મરે.

સુગંધ મટતી નથી મધુરવી મહાત્મા તણી,
શરીર પડતું છતાં મરણ એમનું ના થતું;
પ્રદીપ્ત રસજ્યોત સંસૃતિ મહીં બધે વ્યાપતી
અસંખ્ય પથભ્રાંતની પરમ પ્રેરણા શી બની.

બન્યા અમર સંત એ અમૃતલોકમાં જીવશે
યુગોયુગ મનુષ્યને પરમ શાંતિ અર્પી રહી,
સનાતન સુખેભરી સ્મૃતિ અનંત બ્રહ્માંડમાં
અહર્નિશ વધ્યે જશે કરુણ કો કથાને કહી.

જ્યોતિર્ધરોની મધુમાળમાં એ
સોહી રહેશે શુભપુષ્પ શા બની,
યુગો લગી નિત્યનવીન જેવા
ફેલાવશે ફોરમ સ્વાદુ આત્મથી.

કલ્પો લગી એ કવિપ્રેરણા થશે
ને માનવીના મનમાં વિરાજી
મંદાકિની જેમ વહી રહેશે
વસુંધરામાં વરદાન શા બની.

નમસ્કાર કરે આજે એમને પ્રાણ પ્રેમથી
અલ્પ અંજલિ અર્પીને શ્રેયની માત્ર નેમથી.

*

ગઈ વિલાઈ મધુજ્યોતિ કિન્તુ
સામાન્ય કો જ્યોતિ હતી નહીં એ,
નથી વિલાઈ, જગમાં પ્રકાશતી,

પ્રકાશશે શાશ્વત રશ્મિ રેલતી:

અર્પી રહેશે અણમોલ પ્રેરણા
સ્વદેશને સર્વ મનુષ્યજાતને
અસંખ્ય વર્ષો લગ નવ્ય તેજથી
સમર્પશે શાંતિ અનંત સાંત્વના.

એ સત્યની માનવતા તણી ને
સત્કર્મની જ્યોતિ સ્વતંત્રતાની
યુગો લગી જીવનદાન દેતી
જલી રહેશે સવિશેષ શક્તિથી.

* * * * *

## ૬૭. શતાબ્દી પ્રસંગે

*** ૧. ***

અનંતકાળે વરસ એક શું શતાબ્દી શું ?
દીસે અલ્પ અત્યંત કાળ એ વીચિમાળ અર્ણવની જેમ,
તારક વ્યોમ મહીં વિસ્તરતા અનંત લાગે ક્ષુલ્લક તેમ.
શાશ્વત કાળે વરસ એક શું શતાબ્દી શું ?

સમીપ આવી તોય શતાબ્દી, થાય મને શું ધરૂં,
કયા પુષ્પથી પૂજું અક્ષયઆરતીએ આરાધું,
અર્ઘ્ય સમર્પું ન્યારો કેવો પ્રશસ્તિ શી આલાપું ?
ઉત્સવ ઉજવાશે ઉર્વીમાં માનવ ગુણને ગાશે,

અજરામર યશકાય તમારી નવી પ્રેરણા પાશે.
પ્રકાશનો ને સમારોહ કૈં થશે કાર્યક્રમ ન્યારા;
અક્ષરની અક્ષર શી અંજલિ અંતરમાંથી મારા
અર્પું અનુરાગે આરાધી સુમનોની મધુમાળા.

સંકલ્પ કરી ઉજવું ઉત્સવ
સેવાશુદ્ધિસંયમ સજવા બનવા પ્રકાશમય નરપુંગવ.
શતાબ્દીઓ કૈં જશે આવશે સ્મૃતિ લોપાશે પણ ના,
પુરુષાર્થ તણી જ્યોતિ સનાતન નહીં વિલાશે જગમાં.

સેવાની શાશ્વત કાયાને શતાબ્દી ના કદીકાળ,
સહસ્ત્રાબ્દીયે હોય ન, તોપણ સ્વીકારી લો માળ.

*** ૨. મહાભારત ***

મહાભારત -
હજારો વરસો પહેલાં એ
રક્તરંગી સમરમાં લાખો મર્યા તોયે
શમ્યો ના સંગ્રામ શાશ્વત શો મનુજમનનો
કુદ્ધ કૌરવપાંડવોનો : શુભાશુભ એની

ચેતના આશા અપેક્ષા યુયુત્સુ બનતાં
આજ પણ અંતર કરે અત્યંત એનું અશાંત.

મહાભારત -
સત્ય તેમ અસત્યનાં મૂલ્યો
શુભાશુભ અન્યાયન્યાય અનિત્યનિત્ય તણાં
થાય તાંડવનૃત્ય નિશદિન ઘોર આજ ઘણાં.
અમી માટે કરે મંથન કો'ક સોમલને
હાથ કરવા વિશ્વ ભરવા ઉલેચે અર્ણવ.
કો'કને સોમલ મળે ને સુધા કોઈને
કો'ક વિશ્વે ભરે અમૃત કો'ક ને વિષને.

મહાભારત -
શમી ના સંહારની લીલા
માનવીના મન મહીં ને અંતરાત્મામાં
જગતમાં એના પડે છે પ્રતિધ્વનિ સઘળે
ને અશાંતિ વ્યથા અનિદ્રા અનલ શાં પ્રસરે,
મહાભારતને મિટાવો એ અનાદિ હવે,
શાંતિ પામે શ્રેય વસુધા દગ્ધપ્રાણ દવે.
સત્ય સારથિ થાઓ સ્નેહી રથી અર્જુનના
તો જ જયને પામતાં એ પરહરે પીડા.

## * 3. ભાવના ને પ્રાર્થના *

(૧)

સ્વર્ગ વળી અપવર્ગ અર્પતો ચેતનનો ચમકારો
દીસે અહીં સર્વત્ર સર્વક્ષણ અમૃતરસની ધારો
ઢળી પડી સર્જનપ્રારંભે શાશ્વત હશે હજારો;
આ પૃથ્વીની સાથે મારો પ્રેમ પુરાતન ન્યારો.

ભારતની સંસ્કૃતિનો ગૌરવપ્રવાહ જે મદમાતો
વેદકાળથી મંગલ સ્વરમાં પરંપરાગત ગાતો
વહી રહ્યો કૈં અતીત યુગથી કૃતાર્થતા કરનારો

શમાવતો સંતાપ વેદનાવહ્નિને હરનારો.

ગૌરવ છે મુજને એ માટે, જનમ્યો એની ગોદે
દર્શન મળ્યું સુખદ સ્પર્શન ને ફળ્યા કેટલા કોડે,
સમજું છું સૌભાગ્ય એહને સુરદુર્લભશું મારું,
એમ થાય કે એને ખાતર સર્વસ્વ ભલે વારું.

નથી ક્યાંય આવી ધરતી ને નિસર્ગ માનવ આવાં,
શાસ્ત્ર સુખદ ઈતિહાસ અનેરા અન્યત્ર નહીં ગાવા;
સ્પંદન-ક્રંદન-મંગલ-નંદન-અભિનંદનની વૃષ્ટિ
ક્યાંય નથી આવી અદભૂત શી સૃષ્ટિ તેમ જ પુષ્ટિ.

મહિમા રાખું મંગલ એનો અકબંધ સદા કર્મે
અભિવૃદ્ધિ કરતાં શ્વાસ લઉં નિશદિન મંગલ મર્મે;
ગૌરવ એનું અક્ષય રાખો પૂર્ણ જગાવો પાછું,
પુનિત પ્રભાતે આજ મહારસરાજ, અન્ય ના યાચું.

(૨)

અનંત તારક તંદ્રા કેરા, વાદળ ઘોર વ્યથાનાં,
ચપલાઓ ચમકે ચિંતાની, ગર્જે આભ અશાંત.
વીંટી વળી બધેથી રજની જડતા કેરી કલાંત
નવલ સમસ્યાસમીર છૂટે, દેવાસુરસંગ્રામ
દારુણ મટે દિશાપ્રદિશામાં દીસે નહીં વિશ્રામ
યાવચ્ચંદ્રદિવાકરો નથી ઠરવા કેરું ઠામ ?

આટલા જ માટે છે જીવન અશાંતિગ્રસ્ત થવાને
શાશ્વત સંસ્કૃતિજનક દેશનું દુઃખયંત્રણા માટે ?
લડશે માનવજાત આમ આ અનંતકાળ લગી શું ?
અશાંતિ ભોગવશે રત બનશે પશુભાવે કાયમ શું ?
મારું જીવનધારણ પણ શું દ્રષ્ટા બનવા માટે
કૂટસ્થ થઈ સફળ ખેડવા એ જ પુરાતન વાટે ?

માન્યામાં આવે ન થશે કે માનવમન ના મંગલ,
ક્લેશકાલિમા નહીં મટે કે અટકે આર્ત ન ક્રંદન;

રજની પછી પ્રભાત પ્રકટતું આકાંક્ષાને જગવે,
નૈરાશ્ય તણી નિદ્રા માનવ કાળદૂતિકા ફગવે.

વિભાવરી વિદીર્ણ હો યુગો તણી જરી
સમાપ્ત નીંદ ગાઢ થાઓ તામસે ભરી,
પ્રભાકર પ્રકાશથી પ્રસન્ન હો મહી :
અભિનવયુગની ઉષા ઊગો ને સંવાદ સજો સૃષ્ટિ,
કરુણામય, લોચન ખોલીને વરસો કરુણાવૃષ્ટિ
વિશ્વના સર્જનની હો તૃપ્તિ !

## * ૪. ગાંધીને *

તમે આ ધરતી પર ફરતા
હોત સાંભળ્યા ત્યારે તમને જીવનનું ધન ધરતા,
દશા થાત ધરતીની કેવી સુખદ સ્વર્ગના કરતાં ...
તમે આ ધરતી પર ફરતા

પ્રકાશ પહોંચાડ્યો, પણ ઝીલ્યો માનવે નહીં એને,
પથ દર્શાવ્યો, પ્રયાણ કીધું એના પર ના એણે;
બંધનમુક્ત કરી દેવામાં પાછું વળી ન જોયું,
અજ્ઞ માનવે કિન્તુ અંતર કેરું અશ્રુ ન લોયું;
ઓળખવામાં અવગણવામાં અજવાળાને ખોયું.
નહિ તો અવની હોત અનેરી સહેજ હોત જો જોયું !

ક્યાં છો ? હશો; જ્યાં હશો ત્યાં આ ભારતને નવ ભૂલ્યા,
સમસ્ત અવનીની અનુકંપા થકી હશો અતિમૂલા;
કરુણાસ્ત્રોત વહાવો તો ને માનવમનને પ્રેરો,
પીયૂષમાં પલટાયે સોમલ નંદનવનમાં નરકો,
કાદવ હો ત્યાં થાય કમળ, જો કૃપા એટલી વરસો !
અસીમ શક્તિ તમારી છે તો કરી એટલું શકશો.

તમે આ વસુધામાં વસતા,
હોત ઓળખ્યા સૌ કોઈએ જીવનમંગલ કરતા,
દશા થાત વસુધાની કેવી મધુર મોક્ષના કરતાં,

તમે આ વસુધામાં વસતા.

### * ૫. પ્રકટીને શું કીધું ? *

તમે પ્રકટીને શું કીધું ?

અક્ષરમાં આલેખું કેમે કરું ચિત્રઅંકિત,
મંદિરમાં પધરાવું મંગલ સ્વર્ણમૂર્તિમંડિત,
સાંગોપાંગ વર્ણવું ક્યાંથી કોને જીવન દીધું,
આ પૃથ્વી પર પુણ્યલોકથી પ્રકટીને શું કીધું.

રણમાં રસમય કરી અનેરી વનસ્થલીની સૃષ્ટિ,
જેના આશ્રયથી આહ્લાદે પ્રાણ પામતાં તૃપ્તિ;
કેડી કીધી કરાળ વનમાં પોતે વિષને પીધું
પ્રદાન કરતાં સુધા સર્વને, સુખકર સ્મિતને દીધું.

વરસ્યા વિરલ વાદળી બનતાં આત્માને ઢંઢાળ્યો,
ધરી સૃષ્ટિને શુચિતા સ્નેહે માનવતામલ ધોયો;
મૃત્યુને પણ મધુમય મર્મે અમર બનાવી દીધું,
તમે પ્રકટીને શું કીધું, પ્રકટીને શું ના કીધું ?

### * ૬. ક્યારે મળશે ? *

અધર્મ વ્યાપે હ્રાસ ધર્મનો થતાં જગતમાં આવું,
ધર્મસ્થાપના કરવા માટે મંગલ મંત્રો લાવું,
યુગેયુગે પ્રકટું છું પ્રેમે કાઢ્યા એ ઉદગારો
એને અનુસરતાં અવનીનાં અંધકારને ટાળો.
તોપણ તંદ્રા માનવમનની પૂર્ણ છે નહીં તૂટી,
આ અવનીને ક્યારે મળશે પરમ શાંતિની બૂટી ?

નવી નવી કાયામાં પ્રકટ્યો પ્રકાશ એક તમારો,
વિવિધ સ્વરૂપે શક્યા પિછાની જ્ઞાની એ જ ઝગારો;
કર્યો પરિશ્રમ રસમય કરવા આ સૃષ્ટિને સારી
મધુર વાટિકા જેવી મંગલ વિશદ નેહભર ન્યારી;
એટલે જ આશાશ્રદ્ધાની જ્યોત ગઈ ના ખૂટી.

આ અવનીને ક્યારે મળશે પરમ શાંતિની બૂટી ?

તમે પ્રેમ પ્રસરાવ્યો, માનવ વેરને નથી ભૂલ્યો,
શાંતિ તણો સંદેશ સુણાવ્યો, અશાંતિમદથી ફૂલ્યો;
પથે પાથર્યો પ્રકાશ, એણે અંધકારને ઢાળ્યો,
એકતા તમે શીખવી તોપણ ભેદભાવને પાળ્યો.
તમે વહાવી કરુણા, એ ના કઠોરતાથી હાર્યો;
મિલકત મોંઘી રહ્યો તમારી અજ્ઞ નિરંતર લૂંટી,
આ અવનીને ક્યારે મળશે પરમ શાંતિની બૂટી ?

સંપત્તિના સુમેરુશૃંગે માનવને ના શાંતિ
એના અંતરમાં અંગાગે નથી કાયમી કાંતિ;
ભસ્મસાત્ કરવાને દુનિયાને કરે પ્રયોગો ભારે,
સુધા તમે સીચીં પણ નિશદિન શયન કરે અંગારે.
છતાં તમારો છે, પૃથ્વી છે તમારી જ આ ત્યારે
અકાળે જ સૌભાગ્ય એહનું જશે કદી ના ફૂટી.
આ અવનીને ક્યારે મળશે પરમ શાંતિની બૂટી ?

### * ૭. પાછા ક્યારે ફરશો ? *

તમે પાછા ક્યારે ફરશો ?
મુરઝાયેલી માનવતાના માળી બનતાં વ્હારે
રેલવવા રસક્યારે રસને ફરી આવશો ક્યારે,
તમે પાછા ફરશો ક્યારે ?

પીડા પૃથ્વીપ્રાણે પાછી, એના એ ઉકળાટ,
ઘોર તમિસ્ત્ર છવાયાં સઘળે વ્યાપી જડતા-રાત;
પુણ્યપ્રભા પ્રકટાવી પ્રેમળ પવિત્ર ને રળિયાત
માનવને કહેવા વીસરાઈ એ જ ઐક્યની વાત,
પ્રકટ થશો પૃથ્વી પર પાછા પ્રાણ રેલવા ક્યારે,
તમે પાછા ફરશો ક્યારે ?

શમી સમસ્યાઓ ના સઘળી નવી સમસ્યા જાગે,
અશાંત અટવાયેલી અવની આર્ત અધિકતર લાગે;

શસ્ત્રોના સંચય વધતાં ને ભેદભીતિ ના ભાગે,
વસતો સુંદર વસુંધરામાં માનવ ના રસરાગે.
પ્રકટ થશો પૃથ્વી પર પાછા પ્રાણ રેલવા ક્યારે,
તમે પાછા ફરશો ક્યારે ?

અપૂર્ણ મૂકી ગયા કાર્યને પૂરણ કરવા પ્રેમે
પાછા ફરો કરીશું સ્વાગત નેહનીતરતાં નેને;
જરી જુઓ તો તમે ચાહતા શું ને આજ થયું શું,
ભારત ને મનુકુળના ભાગે આજે રિક્ત રહ્યું શું ?
પુષ્પો પાથરશું પંથમહીં વધાવતાં મધુમાળે.
તમે પાછા ફરશો ક્યારે ?

એક મહામાનવને માગે મ્લાન મહીમંડળ આ
યુગોતણો ઈતિહાસ સર્જવા ઝંખે છે અંતરમાં;
પ્રકટો કે આશીર્વાદ ધરો વિભૂતિ કોઈ જાગે
રંગી દે અંતરને એના અભિનવ શાશ્વત રાગે,
ત્રુટિત સિતારી સાંધી છોડે દિવ્ય સુરાવલિ તારે,
તમે પાછા ફરશો ક્યારે ?

*** ૮. સુખ ***

જે સુખ થાય માતૃગુણ ગાયે.
માતૃભૂમિસેવા કરતાં ને મર્યે માતૃભૂમિછાંયે
એ સુખની તુલના ન કરાયે, વર્ણન પૂર્ણ ન થાયે,
જે સુખ થાય માતૃગુણ ગાયે.

તપવ્રત તીરથ નીરસ લાગે એની આગળ સાચે,
યજ્ઞયાગ સ્વાધ્યાય નિયમમાં રસજ્ઞ કોણ જ રાચે ?
આસન પ્રાણાયામ ધારણા ગૌણ બની સૌ જાયે.
જે સુખ થાય માતૃગુણ ગાયે.

લૌકિક સુખવૈભવ આકાંક્ષા એનાથી ન વધારે,
સ્વર્ગ લાભ સિદ્ધિ કૈવલ્ય ન એથી મધુર લગારે;
જન્મોજન્મ સાંપડ્યે સુખ એ સાર્થકતા ના માયે.

જે સુખ થાયે માતૃગુણ ગાયે.

*** ૯. અર્ઘ્ય ***

શતાબ્દીનો આવ્યો અવસર અનેરો રસભર્યો
મહામૂલો મીઠો અતિવિરલ કો પર્વસરખો
તમારાં કાર્યોની સ્મૃતિ સુખદ ત્યારે અવનવી
ઉરે સ્ફુરી ઊઠે મધુર પણ સંવેદનભરી.

નહેરુ રાજેન્દ્રે પરમ સરદારે સ્મિત થકી
કર્યું લાલે અંતે પરમપથ પ્રસ્થાન જગથી;
પ્રજાની પીડાઓ વિષમ નવ સર્વે હજુ શમી,
વિલાઈ શક્તિ કે સ્મૃતિ નવ તમારી મધુમયી.

થયા સંગ્રામોયે, અભિનવ છતાંયે બળ લભી
કરે ધૈર્યસ્થૈર્યે પ્રગતિપથપે કૂચ જનતા,
અનોખા લક્ષ્યાંકો ગિરિશિખર શાં સિદ્ધ કરવા
જગાવીને આશાઅભય ધપતી આગળ સદા.

અભિલાષા ઉરો સેવે : શુભાશીર્વાદની સુધા
વિશ્વમાં વરસાવીને લુપ્તપ્રાય કરો વ્યથા.

*

દિવ્યલોક તણા વાસી, આર્ષદૃષ્ટા અનન્ય હે,
સૃષ્ટિસ્વાતંત્ર્યસિદ્ધિના સેનાની અભયંકર,
આશા અમરશ્રદ્ધાની જ્યોતિ સ્નેહ સનાતન,
કરુણાનિધાન પ્રજ્ઞાના પતિ ઓજસઅર્ણવ !

અપરાજિત વર્ષોથી અહર્નિશ અજેય શા
આત્મા ભારતના ન્યારા શાશ્વતી સભ્યતા તણા,
વિજેતા પૂર્ણ આત્માના, સત્ય સાકાર સૃષ્ટિના;
સ્વાતંત્ર્યસરના પદ્મ મધુરી વેદની ઋચા !

પયગંબર પૃથ્વીના દેવદૂત અજોડ હે,
તમારા વેશમાં પીડા પોકારો પ્રાર્થના તથા

મનોરથ અપેક્ષાઓ વેદના અવની તણી
સાકાર બનતાં આવી સુવ્યવસ્થિત શી જગે :

તમારાં લોચનો કેવાં દિવાસ્વપ્ન થકી ભર્યાં,
પ્રકટી પ્રાણમાં કેવી પરિતાપ પ્રશાંતિની
લગની, હૃદયે ન્યારી સરિતા શુચિતા તણી;
વદને કાન્તિ ને દીપ્ત ભાલે ચૈતન્ય ચાલમાં,

અધરે રમતી પ્રજ્ઞા ચેતના મધુવાણમાં,
અને આકૃતિ આખીયે સત્યસંયમશુદ્ધિની
સાધનાપ્રાપ્ત સિદ્ધિની અવલોકન માત્રથી
કથા માનવ આત્માને કહેતી પ્રેરણામયી.

સહસ્રયુગસાધના પ્રખર આર્ત પૃથ્વી તણી
ફળી યુગયુગો તણાં તપ લભી મહાસિદ્ધિને
યતીન્દ્રમુનિનાં થયાં પ્રકટ રશ્મિને રેલવા
તમિસ્રભર માનવી હૃદયમાં તમારા રૂપે.

પ્રતિકૂળ પ્રસંગોમાં સ્થૈર્યને ધારનાર હે,
પીયૂષપાન કરતા સોમલે પણ શંભુ શા,
નમ્રાતિનમ્ર વિજયે આશાવાદી પરાજયે,
વૃદ્ધ તોય યુવા પ્રાણે અજરામર સર્વદા;

પ્રતીક સત્યના સર્વે શિવ સુંદર તત્વના
સંઘર્ષરત સંત્રસ્ત બદ્ધ માનવજાતિના
સુકાની, મૃત્યુના સ્વામી જ્યોતિર્ધર મહાન હે,
સ્વીકારો અંતરાત્માના પ્રેમપૂર્ણ પ્રણામને,

આપ્લાવિત અને રાગે મારા અક્ષરઅર્ધ્યને;
સમસ્ત વસુધા ઝંખે સુપ્રકાશ શતાબ્દીએ.
પીડાઓ પ્રકટી પીધી પૃથ્વીમાં સંકટો સહ્યાં
વ્યથા વેઠી, સુધા માન્યાં સોમલો, તાપમાં તપ્યા;

પરિશ્રમ કર્યો ભારે શ્વાસોશ્વાસે, ગણી લઈ

પર્યંક પાવકો કેરા સૂતા સુમનસેજ શા;
પાણી રક્ત તણાં કીધાં, ગાળ્યાં સપ્રેમ હાડને
અન્યના હિતને કાજે તજી આખર કાયને.

સ્વાનુભવ નથી સારો તમારો પૃથિવી તણો
છતાંય કરુણા વેરે વહાવો અનલે અમી,
અનુગ્રહ થકી તંદ્રા મટાડો અજ્ઞતા વળી
સુરાવલિ વહાવી દો જ્યાં હો ત્યાંથી સુધાભરી,

અનુપ્રાણિત કે આત્મા બને માનવતા તણો
તમારાં સુખસ્વપ્નોને મૂર્તિમંત કરે મહી.
મર્ત્યલોક તણા માળી, અધૂરી વાટિકા બધી
સજાવવા કરી દેવા મધુસૌરભથી ભરી.

પરિપૂર્ણ ભલે આવો પૃથ્વી કેરા પ્રવાસમાં,
લભે સાફલ્યને આત્મા પોતાના પુરુષાર્થના !

*

સ્વીકાર્યો અર્ઘ્ય આ એથી અત્યાનંદ થયો મને,
પ્રત્યુત્તર પમાયે ના પ્રેમનો કેમ એ બને ?
પ્રશંસા પ્રેમ દર્શાવી ગાંધીગૌરવની કરી
દુર્દશા દેશની દેખી વ્યથા વ્યક્ત કરી વળી

સ્વર્ણસંદેશ નાનો શો અર્પ્યો ઉજ્જવળ ભાવિનો,
સંતોષ ભાવથી ભીના આત્માને એ થકી મળ્યો.
કરું પ્રણામ આનંદે પયગંબરશ્રેષ્ઠ હે,
વસુંધરા ભલે પામે પ્રેરણાને શતાબ્દીએ !

જેમ જેમ વધારે ને વધારે પ્રેમભાવથી
કરશે સ્મૃતિ આત્માથી તમારી પ્રજ્ઞ માનવી
પ્રકાશ તેમ પૃથ્વીમાં પથરાશે પવિત્ર આ
અંધકાર તણા ઓળા વિલાશે સ્થૂલસૂક્ષ્મના

શ્રેયસ્કરી સદા સર્વ સ્થળે સર્વ દિશા મહીં
થશે એ સ્મૃતિ કલ્યાણી મઢશે મધુથી મહી.

જેમ જેમ વધારે ને વધારે પ્રેમભાવથી
રટશે સ્તવશે ભાવે ભજશે ધ્યાનને ધરી

પ્રેરણા તેમ પૃથ્વીમાં પ્રકટીને પ્રવર્તશે
પ્રશાંતિ મળશે મીઠી મહાઅમૃત મર્ત્યને.
આશ નૈરાશ્યમાં તાપે છાયા તેમ વનસ્થલી
મરુભૂમિ મહીં મોંઘી મૂર્તિમંત જશે બની;

આવિર્ભાવ થશે વિશ્વે મહામાનવતા તણો,
પરિપુષ્ટ થશે દૈવી સંપત્તિના મહાબળો;
વ્યક્તાવ્યક્તરૂપે પ્રાણે તમે પ્રકટ જ્યાં થશો
આશીર્વાદ અનેરા કે વર શાશ્વત શા હશો,

પગલે પગલે સૃષ્ટિ સ્વર્ગની કરતા જશો,
ચેતના જડને દેશો પંકને ચારુ પંકજો.




* * * * *

**સમાપ્ત**

* * * * *

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*